Vol. 40, No.11
March 2020
ISSN 2455 - 4162

નવનીત સમર્પણ

Rs: 30

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક




BHAVAN'S BOOK UNIVERSITY

Just Released

MOHANDAS KARAMCHAND GANDHI

150th Birth Anniversary Edition

MRINALINI SARABHAI



an inspiring book for children!!!

any child who picks up this marvellous book to read will be impelled to work for peace

₹ 150/-


Postage Extra

ISBN 978-81-7276-403-6

9 788172 764036 >

For copies, please contact:
BHARATIYA VIDYA BHAVAN Publication Division
505, Sane Guruji Marg, Gora Gandhi Compound, Tardeo, Mumbai 400 034
Ph.: 23530916/23514466/23519808 (Direct) Fax: 23520385
E-mail: pvsankarankutty@gmail.com or pvsankarankutty@bhavans.info
Website: www.bhavans.info
*Postage Extra

અનહદ બાની



❑ સુભાષ ભટ્ટ

આપણે અઢળક ક્ષમતા અને સંભાવના લઈને આ બ્રહ્માંડની પૂર્વ અને પશ્ચિમની પૂછપરછ કરવા, ઉત્તર અને દક્ષિણની વિગતો મેળવવા નથી આવ્યા. આપણે તો સીમ અને અસીમની પાર જવા, અગાધ અને અફાટને જીવવા આવ્યા છીએ. કમનસીબે સ્થાનિક ધૂળમાં આપણે મૂંઝાયા છીએ.

એક વખત આવી તત્કાલીન પીડા અને પડકારો, વિચારો અને વિષાદો, અભાવો અને અવાજોથી ઘેરાયલી એક વ્યક્તિ એક મરમી સાધુ પાસે ઉકેલની આશાએ જઈ ચડે છે. અલબત્ત અગાઉથી જ સાધુની આસપાસ આવી મનથી થાકેલી, બુદ્ધિથી હાંફેલી અને જગતથી હારેલી અનેક વ્યક્તિઓ બેઠી હતી.

વ્યક્તિ સીધી જ સાધુ પાસે ગઈ અને જીવનની અંતહીન સમસ્યાઓનો ઉકેલ પૂછ્યો. સાધુએ કહ્યું,

'બોલ, હું તને નકશો આપું કે નાવ?'

વિકલ્પોનાં જંગલોમાં જ ખોવાયેલ વ્યક્તિ કહે,

'મને નાવ આપી દો!'

ત્યારે સાધુએ તેના ખભા પર સધિયારાનો હાથ મૂકીને કહ્યું,

'અત્યારે જ નીકળી પડ. તું જ તો નાવ છે. આ જગત અને જીવન એક મહાસાગર છે.'

આપણે ભૂલી ગયા છીએ કે આપણી પાસે માત્ર હાથ નથી, હામ પણ છે. પણ આપણાં આયોજનો અડચણ છે, વિચારો વળગણ છે અને નકશાઓ મોકૂફી છે. આપણાથી વધુ સારાં પંખી-પતંગિયાં છે જેમને માટે, આકાશ આમંત્રણ છે.

પાંખોનો ફડફડાટ નકશો છે. ઊડવું અવતારકૃત્ય છે...

❑❑❑

૧૦૩

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।
દરેક દિશાએથી અમને શુભ અને સુંદર
વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૦ અંકઃ ૧૧, માર્ચ ૨૦૨૦

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક
અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan@yahoo.com
website : www.bhavans.info
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

આવરણ : ગણેશ : સુજાતા બજાજ

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.

ભા. વિ. ભ અમૃતમહોત્સવ

ક. મા. મુનશી ૧૨૫ વર્ષ



મુનશીવાણી

ભારતનું રાજ્યબંધારણ અને રાષ્ટ્રપતિ

મારા નવયુવાન મિત્ર,

માર્ચ 1, 1963

ભારતના બંધારણ નીચે રાષ્ટ્રપતિનો દરજ્જો, તેમની સત્તાઓ અને તેમનાં કર્તવ્યો વિશેનાં કેવળ ધારાકીય અને બંધારણીય દૃષ્ટિબિંદુઓ હું રજૂ કરવા ધારું છું. છેલ્લા દાયકા દરમિયાન જે અંગત પ્રશ્નો અથવા રાજકારણી રમતોને અંગે આ વિષયો પરત્વે જે કલુષિતતા આવી છે તેને નજર સામે લાવ્યા વિના જ આ વિષયનો અભ્યાસ કરી લેવો હિતાવહ છે.

આ જોગવાઈઓ, કોન્સ્ટિટ્યુઅન્ટ એસેમ્બલી (બંધારણસભા)ના સભ્યોનાં મતમતાંતરોના સુમેળરૂપ છે અને તેમાંની કોઈ જ બીજા કોઈ દેશના બંધારણમાંથી સીધેસીધી લેવામાં આવી નથી.

અમેરિકન ઢબની પ્રમુખ-સરકાર કોન્સ્ટિટ્યુઅન્ટ એસેમ્બલીએ નાપસંદ કરી. 1875ના ફ્રેન્ચ પ્રજાસત્તાકમાં હતા એવા નામના જ પ્રમુખની સૂચના પણ નકારી કાઢવામાં આવી. જે પક્ષ સત્તા ઉપર હોય તેનો જ નીમેલો માણસ પ્રમુખ બને એ સૂચનને પણ નકારી કાઢવામાં આવ્યું.

આ સાથે જ, બ્રિટિશ નમૂનાના પ્રધાનમંડળની રચના પસંદ કરવામાં આવી હતી. આમાં લાભ એ હતો કે પાર્લામેન્ટ સતતપણે સરકારી પ્રવૃત્તિઓ તપાસી શકે તેમ હતું અને સાથે સાથે એ પ્રવૃત્તિઓ ઉપર પાર્લામેન્ટનો દાબ પણ રહી શકે તેમ હતું. આ ગોઠવણ વહીવટી અને ધારાકીય તંત્રો વચ્ચે એકરૂપતા સાધતી હતી.

આમ છતાં એ સુવિદિત હતું કે જે પ્રમુખ પાસે જાહેરમાં આપેલી સત્તાઓ નથી અને જે સત્તાઓનો ઉપયોગ તે કરી શકે તેમ નથી, તેવો પ્રમુખ બ્રિટિશ શહેનશાહ સમો માનમતરબો ભોગવી શકે નહીં. બ્રિટનમાં આ શક્ય હતું, કારણ કે ત્યાં સૈકાઓ જૂની પ્રણાલિકા અને રાષ્ટ્રીય ચેતનાએ આ પરિસ્થિતિ ઊભી કરી હતી.

[ક્રમશઃ]

॥ શબ્દમૂળની શોધ ॥

ડગળી, ડાગળી

❑ હેમન્ત દવે

ગુજરાતીમાં આ બન્ને શબ્દોને વૈકલ્પિક રૂપે પ્રયોજાય છે. *સાર્થ ગુજરાતી જોડણીકોશ* અને *કે. કા. શાસ્ત્રી*ના બૃહદ્ ગુજરાતી કોશમાં એ રીતે એમની સમજૂતી આપી છે. ડગળી અથવા ડાગળી એટલે ડગળુંનું સ્ત્રીલિંગી રૂપ. *સાર્થ*માં 'ડગળું' એટલે 'જાડો', મોટો કકડો અથવા ફાડિયું કે ભાગ'. *બૃ. ગુ. કોશ*માં 'ફળ લાકડા દીવાલ વગેરેમાંથી છૂટું પડેલું કે પાડેલું ફળદું' એમ આપી છે. એનો બીજો અર્થ મગજ, સમજશક્તિ એવો છે જેની ઉપરથી ડાગળી ચસકવી, ખસવી, જેવા શબ્દપ્રયોગો છે. *સાર્થ.* એની વ્યુત્પત્તિ દેશ્ય ડગલ એટલે કે ફળનો કકડો એમ સૂચવે છે, જ્યારે કે. કા. શાસ્ત્રી એની કોઈ વ્યુત્પત્તિ સૂચવતા નથી. *દેશીશબ્દસંગ્રહ*માં 'ડગલ' શબ્દ નથી. પણ અર્ધમાગધી કોશમાં ડગલગ શબ્દ નોંધાયો છે જેનો અર્થ 'નાના નાના પથરા, કાંકરા' એમ અપાયો છે. આ શબ્દ કકડો, ફળદું, એવા અર્થના આપણા ગુજરાતી શબ્દ સાથે જોડાયેલો જણાય છે.

❑❑❑

એક વાર પોતાનાથી દૂર દૂર નીકળી જવાનો જ નશો ચડ્યો હતો, એવું કરવા જતાં જ સમજાયું કે એ પણ આત્મઘાતનો જ એક પ્રકાર હતો. પછી કોઈક કલ્પનામાં, વિચારમાં કે કાર્યમાં જાતને ખોઈ નાખવાનું પર્વ આવ્યું. એમાંય જોયું કે એ પણ પોતાનો જ સવિશેષ પરિચય કરવાનાં જ નિમિત્તો હતાં. સુખ છીછરાં હતાં. એમાંય જાત ઓગાળી શકાઈ નહીં. દુઃખ પણ ઊણાં હતાં, એથીય આત્મસંવિત્તિની તીવ્રતાનો અનુભવ થયો નહિ. હવે કોઈક વાર હું પોતાને કોઈક બીજું બોલતું હોય તેમ સાંભળું છું તો સુખ થાય છે. ચાલતી વેળાએ હું પોતે જ મારી પાછળ પાછળ ચાલતો મારા રંગઢંગ જોયા કરું છું.

- સુરેશ જોષી ('સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ-૨' સં.: શિરીષ પંચાલમાંથી સાદર)

BOMBAY • 400007 • B.V. BHAVAN

પ્રમુખના પત્રો

નિઃસ્વાર્થ સેવા આનંદનો સ્રોત



આત્માને સંતોષ થાય એને આપણે આનંદ કહીએ છીએ. આવા નરવા આનંદ માટે વ્યક્તિએ વ્યક્તિ કે વસ્તુના મોહથી અલિપ્ત રહેતા શીખવું પડે છે. કુટુંબ, ધન કે માન માટેની આસક્તિ હોય ત્યાં નિરપવાદ આનંદ શક્ય નથી બનતો. પોતાની સંપત્તિનું તન અને મનથી જ્યારે મૂલ્ય સમાપ્ત થઈ જાય ત્યારે આનંદનો આવિષ્કાર થાય છે. એને માટે વ્યક્તિએ અનાસક્ત હોવું પણ જરૂરી છે. આવી અનાસક્તિમાં 'ગમા' કે 'અણગમા'ને કોઈ સ્થાન નથી રહેતું. એટલે અનાસક્ત માટે ઇચ્છા કે અનિચ્છાનું પણ કોઈ અસ્તિત્વ રહેતું નથી. આવી આત્મનિષ્ઠ વ્યક્તિ ગરીબ અને તવંગર કે નીચા કે ઊંચાને સમાન દૃષ્ટિએ જુએ છે.


આવા આત્મસંયમ વગર મન અને તન બન્નેની શુચિતા પ્રાપ્ત થતી નથી.

સાચો આનંદ માનવ અને સમાજની નિઃસ્વાર્થ સેવાથી પ્રાપ્ત થાય છે. આપણાં શાસ્ત્રો કહે છે કે અન્યોની સેવા દ્વારા વ્યક્તિ કૌશલ્ય પ્રાપ્ત કરે છે.

મન અને બુદ્ધિ જ્યારે 'ગમા'થી મુક્ત થાય છે અને વ્યક્તિ કોઈ પણ જિવંત અસ્તિત્વમાં કોઈ પણ પ્રકારનો ભેદ નથી કરતી ત્યારે મુક્ત-મનનો અવિર્ભાવ થાય છે. આવી મુક્ત વ્યક્તિ પોતાની સર્વ ઇન્દ્રિયોનો સર્વશ્રેષ્ઠ ઉપયોગ કરી શકે છે. આવી વ્યક્તિ મહદ્ અંશે વસ્તુને સમજે, પૃથક્કરણ કરે અને અનુસરે. પોતે એનું પાલન કરે અને અન્યોમાં એનું પ્રસરણ કરે. જેથી લોકહિત પોષાય

અને એકંદરે વૈશ્વિક પરમાર્થ શક્ય બને.

સૌહાર્દ માટેનું કોઈ પણ નિઃસ્વાર્થ કાર્ય 'વસુધૈવ કુટુંબકમ'ના આદર્શ તરફ દોરી જનારું પ્રથમ પગલું છે.



સુરેન્દ્રલાલ ગિ. મહેતા

ભારતવર્ષે જે આ માંસાહારનો ત્યાગ કર્યો છે તે કઠોરવ્રત પાળવા માટે નહિ, પોતાના શરીરને પીડીને કોઈ શાસ્ત્રમાં કહેલું પુણ્ય મેળવવા માટે નહિ. તેનો એકમાત્ર ઉદ્દેશ જીવો પ્રત્યેની હિંસાનો ત્યાગ કરવાનો છે.

એ હિંસાનો ત્યાગ ન કરવામાં આવે તો જીવની સાથે જીવના સંબંધનું સામંજસ્ય નાશ પામે. પ્રાણીઓને જો આપણે મારી નાખવાની-પેટ ભરવાની વસ્તુ તરીકે જોઈએ, તો તો કદી તેને સત્યરૂપે જોઈ ન શકીએ. તો તો પ્રાણને એટલા બધા તુચ્છ ગણવાને આપણે ટેવાઈ જઈએ કે કેવળ આહારને માટે જ નહિ, પણ ખાલી પ્રાણીહત્યા કરવી એ આપણી પ્રકૃતિનું અંગ બની જાય, એને નિદારુણ અહૈતુકી હિંસાને માણસ જલ, સ્થલ, આકાશ, ગુફા ગહ્વર અને દેશવિદેશમાં ફેલાવતો રહે. આ યોગભ્રષ્ટતા, આ લાગણીની જડતામાંથી માણસને ઉગારી લેવાનો ભારતવર્ષે પ્રયત્ન કર્યો છે.

- રવીન્દ્રનાથ ટાગોર

'નવનીત સમર્પણ' લવાજમના દર

છૂટક અંક	-	રૂ. 30	વિશેષ અંક	-	રૂ. 40
એક વર્ષ	-	રૂ. 300	વિદેશમાં દરિયાઈ માર્ગે	-	રૂ. 1500
બે વર્ષ	-	રૂ. 580	હવાઈ માર્ગે	-	રૂ. 2600
ત્રણ વર્ષ	-	રૂ. 850			
પાંચ વર્ષ	-	રૂ. 1400			
દસ વર્ષ	-	રૂ. 2800			

ઓનલાઈન લવાજમ ભરવાની એકદમ આસાન સેવાનો લાભ લેવા...
http://www.bhavans.info/periodical/pay_online.asp



બે ગીત

☐ હરીશ મીનાશ્રુ

॥ ૧ ॥

મંદિર કનેની વેલ માલતીની ફૂલભરી લચી પડી નમણી નમાજમાં
આવી નમાજને કબૂલવી કે કેમ? ઊભા હાજી હજીય ગડભાંજમાં

રામજીની ખિસકોલી લસરે તો ધરતીથી
આભ લગી ગલગલિયાં ઝાડને
ટચલી તે આંગળીએ તોળ્યો છે તરણાએ
ઝાકળના કોહેતૂર પ્હાડને

વૃંદાનું પાંદ નવી વહુવારુ જેમ ખીલે લળીલળી હરિયાળી લાજમાં
સોનેરી સૂરજ પરોવી દીધો શ્રીહરિએ જરકસી જામાના ગાજમાં

પાંખડીએ પાંખડીએ બુઢ્ઢો પવન પઢે
આયત કુરાનેશરીફની
કક્કાના ક જેવી કોયલને આંબાની
ડાળે સગાઈ અલિફની

સીમ આખી ટહુકે તરન્નુમમાં તરહી મુશાયરાના જૂના રિવાજમાં
રોજ અખાતીજ અહીં લીલા ઉમંગના અઢારે વરણના સમાજમાં

॥ ૨ ॥

ત્રિપદી

ગ-ને દીર્ઘઈ ગી અને આ ત-ને કૈં નહીં ત રે
એમ કહીને કવિ આભને વિહંગ-રંગે ચીતરે

વાય શિયાળે શીતળ વા ને
ઇયળ થરથરે ટાઢે
ખર્યા પાનની કરી કામળી
હરિ ગુપચુપ ઓઢાડે

જુએ ચાડિયો પોંક પાડવા મીઠાશનું મહુરત રે
ઘઉંવર્ણા દહાડા સુખદુ:ખના દાખે જો દલપત રે

ગુલમહોરનો ભડકો રાતો,
અમલતાશનો પીળો
પલાશનો પ્રસ્વેદ સાંજરે
લૂછે સમીરણ શીળો

અંબડાળને આખો ચૈતર કુહૂકુહૂનું વ્રત રે
પડી ગઈ મારી ભાષાને કોયલ જેવી લત રે

અંબર ઘન અચરજ દીઠું
જાનીવાલીપીનારા
સાત લસરકે એક ચિતારો
કરે ધનુષ્ ટંકારા

મેઘબહાવરો બૈજુ શીખે દાદુરનો ધૈવત રે
રહે યમાતારાજભાનસલગા રિમઝિમમાં રત રે

ગઝલ

☐ જયેન્દ્ર શેખડીવાળા

વાંચું હથેળી આપની કાગળની જેમ હું
વંચાય છે સવારમાં ઝાકળની જેમ તું

તારા અજાણ્યા સ્પર્શથી હું મ્હેકમ્હેક છું
ફૂલોમાં તારા નામનો અજવાસ પાથરું

તારી સમીપ હોઉં તો હું ઘાસ હોઉં છું
જો શ્વાસમાં વસું તો કહેવાય એને શું?

આજે સમયના મૌનના કૈં બંધ તૂટશે-
તારા અવાજનું વરસશે એક વાદળું

વરદાન ક્યાં ફળ્યાં છે દશ્ય થાવાનાં મને
અટકળ જીવંત થાય તો આંખોમાં જઈ વસું

તું ફરફરે છે લોહીમાં જ્યારે ગુલાબ થઈ
ત્યારે સ્મરણમાં થરથરે છે હોઠ ચૂમવું

પથ્થર થઈ ગયો છું હું તારા અભાવમાં
કંડારવાને શિલ્પ તું ઉપાડ ટાંકણું

આંખોમાં ઓગળી જતા ઉજાગરાના સમ,
તું આવ કે આ ચાંદની છે સ્વપ્ન આપણું

મળશે કદી તું માર્ગમાં તો સૂર્ય ઊગશે
અંધારું મારી આંખનું છે મારું આયખું

GRETA THUNBERG*ની જોડાજોડ ભારતની અવધી ઔરતો

□ દિલીપ ઝવેરી

'ટાઢ માટે ધાબળો આલજો
ડોઝરા સાટુ અડધો રોટલો સાયેબ'

થરથરતી આંગળીઓને વાળી
મુઠ્ઠી મુઠ્ઠી માટી પોલકામાં ભરતી

'આ ધરતી જ અમારી મા છે સાયેબ
તમારીય જણેતા હશેને!
અમે ધરતીનાં છોરું
આ ખેતર મેદાન વગડા વાવ કૂવા પરવત
સમદર
કે કાંટાળા બાવળની જેમ
સાયેબ આ પરથવી અમને સૌને હૈયે વળગાડી
કયુંની ફર્યા કરે છે અને ફરતી રે'શે
જંયે અમારાં હાડનું વજ્જર બનશે
તંયે અમે પહાડથીય ઊંચાં થાશું
પણ આ અમારી મા એવી ને એવી
સૂરજ ચંદર બદલાય તોય
અમારી છાતીમાં ધડકતી રે'શે
અને અમારા ગરભમાંથી વળી વળી જનમતી
રે'શે'

* ૧૭ વર્ષીય સ્વીડનનાં પર્યાવરણ કર્મશીલ જેઓ રાજકીય નેતાઓને પર્યાવરણીય બદલાવ માટે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપવા માટે જાણીતાં છે.

બે રચના

□ ભરત ગોહેલ

બહુ ફરિયાદ હો જો જગ વિશે તો પૂછ કાજીને;
નહીં કોઈ જવાબો પામશે પૂછી નમાજીને.

અમે પૂછ્યું હતું કે ફાવશે બોલો તમોને ક્યાં?
હસેલાં સામટાં ફૂલો મને કાંટા બતાવીને.

પ્રલય વખતેય પળભર જો ચળે તો ફટ્ મને કે'જે;
સળગતી જ્યોત રાખે છે સ્વયંની જાત બાળીને.

જરા બુદ્ધિ મળી કે માનવી વેઠે અજબ બોજો;
અરે ! કેવું લળે છે તૃણ જો ઝાકળ ઉપાડીને.

ભલો થઈ એમને મા પૂછજે પ્રશ્નો ધરા પરના;
ગગનથી માંડ પૂર્યા પિંજરે જેને મનાવીને.

શબદ મારો મને તો સાધનાના પથ સરીખો છે;
જપું છું ઈશને અક્ષર તણી તસ્બી બનાવીને.

ખરેખર તો હવે ધારું કલમ ના તોય અટકે છે;
ખબર ના ચૂપ કરશે એ મને શું શું લખાવીને.

કન્ટિન્યુઅસ ક્રુસિફિકેશન (સતત શૂળી)

એ ક્ષણે,
હું સૂતો હોઉં છું કે જાગતો હોઉં છું...???
ખબર નથી.
ગાઢ અંધકારના ગઢમાં
ભૂતાવળોનો ઓળો,
હળવેથી કંપતા હોઠે
ચૂમી ગયાનો આભાસ થતાં,
ઝબકી જવાય છે.

બસ આટલી જ વાર...!!
અને ધડાધડ... ધડાધડ...
ઊતરી આવે ધાડાં...
બનેલી, બની રહેલી અને બનવાકાળ ઘટનાઓનાં!
નામ ત્રણ, પણ એકબીજાથી ભિન્ન નહીં.
બધાના હાથમાં આયુધો....
તીક્ષ્ણ, ધારદાર, લોહી તરસ્યાં...
બધાનાં મુખોટાં ઉપર હાસ્ય...
નાગું, ઉપહાસ ભરેલું, તુચ્છકાર ભરેલું...
અને હું સૂઈ શકતો નથી.
મારે સૂવાપણું રહેતું નથી.
ધાડાંઓના વેશમાં સમય મારી સમક્ષ
જેરુસલેમથી ગોલગોથા સુધી લંબાતી
લાંબી સડક બનીને ઊભો રહી જાય છે.
અને મારે ચાલી નીકળવાનું હોય છે!
હું ચાલવા માંડું છું.
આ ''હું'' સાથે મને મળેલા
મારા બધા જ ક્રોસ ઉપાડીને,
ક્ષણોનો તાજ ચડાવીને.

આ સડક પર કોઈએ ફૂલ ફેંક્યાનું સ્મરણ નથી.
કંટશૂળ અને ભાલાની અણીએ અણીએ,
ટપકતા રક્તની બુંદોમાંથી
કાંઈક મહેક જેવું આવ્યા કરે છે.
કોઈ રક્તમાં ફૂલો વાવ્યા કરે છે.

પણ હું આ શૂળ અને ફૂલ
કે એ વચ્ચેની કોઈ પણ ઊર્મિ પર
ઊભી શકતો નથી.
કોઈ એક તરફ ઢળી શકું એવો મને હક્ક નથી.
મારે હક્ક છે તો છે લોહી નીંગળતા રહેવાનો,
અને ચાલ્યા કરવું એ મારી ફરજ છે.

હું જેમ તેમ ગોલગોથા પહોંચું છું.
મને ઇતિહાસ ખબર છે,
હું ફરિયાદ નથી કરતો કે, 'વ્હાય મી?'
કે નથી તો કોઈની રાહ જોતો.
મારી જાતને ફરગિવ કરવા,
મારો જ ક્રોસ ખોડી,
ચડી જાઉં છું એના ઉપર.
જાતે જ માંડું છું ખીલા ધ્રોબવા...
એક પછી એક... એક પછી એક...
ખૂટે નહિ ત્યાં સુધી.
કોઈ તક જોઈ પોતાનો ખીલો ખોડવા આવે,
તો એનેય રોકવાનો નથી.
લોહી નીંગળતો હું પડી રહું છું.
'લેટ ધાય બી ડન' રટ્યા કરું છું.
એ રટણા મને સમજાણી છે? હું એમાં ગોઠવાણો
છું?
એવા વાંઝિયા કોયડા જણ્યા વગર,
'હી હેઝ નોટ ફોરસેકન મી.'
એ વાત ઉપર અનશેકેબલ રહેવા કરું છું.

વેળા થતાં...
હું જાતે જ મારી અધમૂઈ જાતને ઉપાડી,
ગોઠવી દઉં છું,
નજીકમાં જ આવેલી કબરના પથ્થર પર.
પછી કણસ્યા કરું છું,
ચૂપચાપ...
રોજે રોજ...
રિસરેક્શનની રાહમાં...

ગઝલ

☐ દીપક મહિડા

રસ્તા ઉપર ઊભા રહીને ક્યાં જવું? ક્યાં ના જવું? એ પણ નિયત કરવું પડે,
એવો સમય આવી અને થંભી ગયો છે.
દોડું સતત તો સૌ નસો દુઃખ્યા કરે, બેસી રહે હાથે-પગે ખાલી ચડે,
એવો સમય આવી અને થંભી ગયો છે.

કાયમ હવે પ્હોંચી જઉં છું છેક મારા ઘર લગી જાણે મને કો' ડર નથી,
સંચય નથી કે રંજ જેવું કંઈ નથી ને-
છું એટલો ખુશ કે હવે તો આંસુઓ પણ આંખથી બ્હારે નીકળવાને રડે,
એવો સમય આવી અને થંભી ગયો છે.

ધોળી શરમ, કાળી હવસ, પીળો અહમ, લીલા જખમ ને લાલ ગુસ્સો,
સોનેરી લાલચ બધું જોયા પછીથી જિંદગીમાં,
રંગો ભરેલાં સાવ નિર્મળ મોરનાં પીંછાં વડે પણ શ્વાસને ચીતરી ચડે,
એવો સમય આવી અને થંભી ગયો છે.

મેં સાચવી રાખ્યા હતા જેને હૃદયના ચાર ખંડોમાં અલગ બહુ પ્રેમથી,
તેઓ બધા ભેળા મળી એવા હળ્યા છે,
મારું હૃદય એ તોડશે, એને હવે ખંડો વચાળેની દીવાલો પણ નડે,
એવો સમય આવી અને થંભી ગયો છે.

'ભારે કરી' બસ એટલું બોલ્યા અને આ આભને પણ બાળપણની યાદ આવી,
ભૂસકો મારી પડ્યું દરિયા મહીં એ,
ને વાંઝણી કો' ખારવણને કોઈ વેળા માછલીના પેટમાંથી એ જડે,
એવો સમય આવી અને થંભી ગયો છે.

પુત્ર પ્રતીક્ષારત વૃદ્ધ માતા

☐ અનિલ ચાવડા

તું જલદી આવે તો સારું...
શ્વાસો મારા સતત ઓઢવા મથ્યા કરે અંધારું.
તું જલદી આવે તો સારું...

બ્રેઈલ વાંચતા નથી હાથ આ, કાન સુણે નહીં ખબરો,
વળી આંખની ડાળી પરથી ખરી પડી છે નજરો,
જવું જવું કરતો ઉપરથી જીવ ક્યાંક પરબારું...
તું જલદી આવે તો સારું...

ચીમળાયેલા ચ્હેરા વિશે રોજ પૂછે આ ગલીઓ,
હું કહું સમયે ભરત ભર્યું છે, સહુ કહેતાં કરચલીઓ,
ક્યાં સુધી વીણું સઘળે વેરાયું બચપણ તારું?
તું જલદી આવે તો સારું...

ક્યાંય નહીં ભૈ

☐ મહેન્દ્ર જોશી

કાગળ જેવું વ્હાણ લઈને
ક્યાં પહોંચ્યા'તા, ક્યાંય નહીં ભૈ!
મોજાંઓનો પ્હાડ લઈને
ક્યાં પહોંચ્યા'તા, ક્યાંય નહીં ભૈ!
લોહીની શું શાહી કરી'તી
લેખ ત્વચા પર ક્યાં આલેખ્યા?
અક્ષરની વણજાર લઈને
ક્યાં પહોંચ્યા'તા, ક્યાંય નહીં ભૈ!
સાવ અજાણ્યા ઝાડ ઉપરના
કોઈ રતુંબલ ફળ ચાખીને
તીખા તૂર સ્વાદ લઈને
ક્યાં પહોંચ્યા'તા, ક્યાંય નહીં ભૈ!
સૂરજમાં નાનકડો દીવો
કીડીમાં પણ હાથી દીઠો
ઝીણા જાડા કાચ લઈને
ક્યાં પહોંચ્યા'તા, ક્યાંય નહીં ભૈ!
ઘોંઘાટ હતો અંદર અંદર
ધોમ ધડાકા આગળ પાછળ
તંબૂરના બે તાર લઈને
ક્યાં પહોંચ્યા'તા, ક્યાંય નહીં ભૈ!
આ છેડેથી ઓલા છેડે
પૃથ્વી આખી ઘૂમતી રાખી
મનમાં કંઈ રમખાણ લઈને
ક્યાં પહોંચ્યા'તા, ક્યાંય નહીં ભૈ!

બે ગઝલો

□ સાહિલ

ના જળનો દઈ શકો તો દ્યો જામ ઝાંઝવાનો
અભિનય તૃષા છીપ્યાનો કરશું અમે મજાનો

કદ કરતાં પણ વધારે વિસ્તાર હોય તો શું
પંખીને ભાર લાગે ક્યારેય ના પીછાંનો

સમજો ન ઉન્નતિ સહુ ઊંચે જતી સ્થિતિને
અફસોસ મનમાં ચચરે-પલ્લુ ઊંચે ગયાનો

થોડીક મ્હેરબાની મૌલાની જોઈએ બસ
વીંધે વમળને પળમાં અવતાર બુદબુદાનો

આચાર પાળવાના કાં કાટલાં જુદાં છે
બંદો છો તું ખુદાનો, બંદો છું હું ખુદાનો

આ રેતિયા નગરમાં છે કારભાર મારો
પાણી ઉપર પડેલા તડકાઓ વેચવાનો

હર જન્મમાં પ્રભુનું ઘર દૂર બે'ક ડગલાં
હર જન્મમાં હું સાહિલ વંશજ છું કાચબાનો.

□

કુરાનનો વિષય છે એ ગીતાનો વિષય છે
શંકાનો વિષય ક્યાં છે આ શ્રદ્ધાનો વિષય છે

છો ફૂલ સમા તોય તમે ડંખ કાં મારો
મેં સાંભળ્યું છે - ડંખવું કાંટાનો વિષય છે

સંયોગ ને વિયોગ તો છે ધારણા મનની
મળવું અને ના મળવું તો ઇચ્છાનો વિષય છે

વર્ષોથી ભલે નામ નથી લીધું તમારું
પણ ભૂલી ગયો તમને એ અફવાનો વિષય છે

નૌકાની સફર પર નથી નૌકાનો ઇજારો
તળિયે જવું કે કાંઠે - હલેસાનો વિષય છે

મનને કહો એ લઈ જશે મંઝિલ સુધી તમને
મારગ ભુલાવી દેવો તો નકશાનો વિષય છે

'સાહિલ' નહીં રાહતની ફળે આશ કદાપિ
જુદાઈ નરી શાશ્વતી પીડાનો વિષય છે.

બે રચના

☐ **દક્ષા સંઘવી**

રહસ્યો હવેલીને ઘેરી વળે છે!
હવડ આ હવા પોપડાં ખેરવે છે!

મેં ભેજલ દીવાલોને સ્પર્શીને જોયું,
વીતેલો સમય લીલ થઈ સળવળે છે!

ક્ષુધિત આર્તનાદોથી પાષાણ કંપે,
અને ભવ્યતા ખર ખરર..ખર ખરે છે!

હજી રેશમી સ્પર્શનાં સ્વપ્ન જોતાં,
છબીનાં નયન રોજ ભડકે બળે છે!

ને જ્વાળા દમનની હતી એવી દાહક,
અહીં પુષ્પશૈયા હજી ભડભડે છે!

રતિ-કામનાં રમ્ય શિલ્પોની વચ્ચે,
તૃષાતુર અધર ને નયન આથડે છે!

રુદન - ચીસ - ડૂમા - દમિત એષણાઓ,
તરસ અંતઃપુરે હજી તરફડે છે

અને કોઈ ખૂણે ધધકતી અબળખા,
કુંવારી જીવી ને કુંવારી મરે છે!

અરે હાથથી ગઢ થશે ભોંયભેળો,
રે... નખ્ખોદ જોવા ઉદાસી જીવે છે.

☐

છે દરજી મસ્ત ફકીરો રે... મનમોજીલા!
એ વેતરશે એમ સીવો રે... મનમોજીલા!

વેતરતાં વધશે ચીંદરડી, એની વાટ કરો,
પ્રગટાવો ભીતર દીવો રે... મનમોજીલા!

છે સાવ કઢંગી ઝૂલ સમું આ જીવતર રે,
પણ પેર્યું તે હોંશીલો રે... મનમોજીલા!

વસ્તરથી લાંબું અસ્તર તો કયમ ફાવે રે,
એ કોટ ઉતારી જીવો રે... મનમોજીલા!

વસ્તર ફાટ્યાનું ચોઘડિયું ઓચ્છવનું રે,
ઈમ ભાખે જોષી ઝીણો રે... મનમોજીલા!



સ્વાસ્થ્ય અને અધ્યાત્મ – ૫

☐ ડો. સેજલ સંઘવી

આગલા અંકમાં આપણે વૃત્તિઓ વિષે સમજણ કેળવી. હવે આ વૃત્તિના મૂળમાં બે મુખ્ય વસ્તુ છે. સ્વભાવ એટલે કે સ્વનો ભાવ અને પ્રભાવ પરિસ્થિતિઓનો. મનુષ્યની મૂંઝવણ, પીડા અને રોગોનું મુખ્ય કારણ આ જ પ્રભાવને કારણે ઉત્પન્ન થાય છે. આ પ્રભાવ જ મનુષ્યને પોતાના મૂળ સ્વભાવથી અલિપ્ત રાખે છે. આ પ્રભાવોમાં માની બેસાડાયેલા સંસ્કારો, માન્યતાઓ, પ્રથાઓ, સામાજિક અને શૈક્ષણિક વિચારસરણીઓ અને જીવન

પ્રત્યેનું એટલે કે સ્વ પ્રત્યેનું અલ્પ અથવા નહિવત્ જ્ઞાન એ બધું જ આવી જાય છે.

મનુષ્ય શરીરમાં આ પ્રભાવોની સામે અંતઃસ્રાવી ગ્રંથિઓ ઉશ્કેરાય છે અથવા તો મંદ પડી જાય છે અને મનુષ્ય રોગનો ભોગ બને છે. આ પ્રભાવોના કારણે ગ્રંથિઓનું પોતાનું સંચાલન અને નિયામક શક્તિ વેરવિખેર થઈ જવાની પરિસ્થિતિ સર્જાય છે. મનુષ્યના અંતઃકરણમાં જે તે પરિસ્થિતિ અનુસાર, જે તે પ્રમાણમાં પડઘાઓ પડે છે અને એ પ્રમાણે એ વ્યવહાર કરે છે.

આ ગ્રંથિઓનું એના પ્રાકૃતિક સ્વરૂપમાં આવી જવાથી, આ ગ્રંથિઓની જે નિયામક પિનિયલ ગ્લેન્ડ છે તે ગ્રંથિ પોતાના સ્રાવ (ઊર્જા)ને દિવ્યતા પ્રદાન કરવામાં લાગી જાય છે. ચેતના જાગૃત હોય ત્યારે મૂળાધારમાં, એટલે કે જેમ સમુદ્ર તળિયેથી શાંત હોવા છતાં ઉપર સપાટી પર મોજાં આવજા કરે છે, તેવી રીતે ચૈતસિક જાગૃતિવાળી વ્યક્તિ પોતાના મૂળ સ્થાનમાં સ્થિર રહીને અંતઃકરણમાં ઊભા થતા અને ઉત્પન્ન કરી શકાતા તરંગોને શુભ અને કલ્યાણ માટે વાપરી શકે છે.

આગળ જણાવ્યું એ પ્રમાણે આહાર-વિહાર, આચાર-વિચાર આની ઉપર બહારની પરિસ્થિતિઓ અને મનુષ્યની પોતાની વૃત્તિઓ કઈ પ્રકારે તરંગો ઊભા કરીને મનુષ્યને રોગમાં, સ્વથી ચલિત અવસ્થામાં અને મૃત્યુ તરફ ધકેલે છે. અંતઃકરણના આવેગોને (તરંગો) જોતાં શીખી જવું એ સાક્ષીભાવ અને એ તરંગોને પોતાના કલ્યાણ તરફી કેન્દ્ર તરફ વાળવા એ કેળવણીની ઘટના ધ્યાનથી શક્ય છે. આ જ ધ્યાન છે, પળે પળે જાગૃત રહી અંતઃકરણમાં ઊઠતા તરંગોને શ્રેયસ તરફ, કલ્યાણ તરફ, અમૃત તરફ વાળતા જવું અને અભિમાનને સ્વમાં વિલીન કરતાં રહેવું.

આપણે સહુ એ તો જાણીએ છીએ કે અંતઃકરણની નિર્મળ અવસ્થા દરમિયાન આત્મામાં પરમાત્માનું સ્વરૂપ પ્રગટ થાય છે પણ આ નિર્મળ અવસ્થા પ્રાપ્ત કરવા મનુષ્યની શારીરિક, માનસિક અને ચૈતસિક અશુદ્ધિઓ કેમ દૂર કરવી એ પ્રાણપ્રશ્ન છે. આ એક શોધન પ્રક્રિયા છે. શોધન એટલે કે મૂળમાંથી અશુદ્ધિ દૂર કરવી. મનુષ્ય શુદ્ધિનો એક સામાન્ય પ્રકાર જાણે છે એ છે બહારથી સ્નાન કરવું. સ્નાન કરો એટલે શુદ્ધ થઈ ગયા પણ અંદરના અવયવોની શુદ્ધિનું શું? આપણને સહુને ખબર છે કે ૨૪ કલાકમાં સ્નાન ન કરીએ તો કેવી વિહ્વળતા પેદા થાય છે. દાંતમાં એક નાનકડો કચરો ફસાયો હોય તો કેટલો અજંપો રહ્યા કરે છે તો એવી જ રીતે શરીરના આંતરિક અવયવોમાં પડેલી કેટલીય અશુદ્ધિઓ હશે એને જાગૃત રહીને દૂર કરવી એ અધ્યાત્મનો પાયાનો સિદ્ધાંત છે. સ્વસ્થ શરીર એ અધ્યાત્મનું, પરમાત્મ પ્રાપ્તિનું મૂળભૂત લક્ષણ છે. આ જે આંતરિક

મળશોધનની પ્રક્રિયાઓ છે એનું આયુર્વેદમાં સુંદર રીતે વર્ણન કરવામાં આવ્યું છે. એટલે હવે આપણે જોવા જઈએ તો શરીરનું, સ્થૂળ શરીરના અવયવોમાં પડેલી અશુદ્ધિઓનું શોધન, સૂક્ષ્મ શરીરમાં એટલે કે મનના સ્તર પર થતી અશુદ્ધિઓનું શોધન અને ચિત્તમાં પડેલી વૃત્તિઓના શોધન વડે અમૃત ઝિલાય છે, એનો ક્ષર (વ્યય) અટકી જાય છે. મનુષ્ય દેહમાં પળે પળે ઉત્પન્ન થતું અમૃત જે તે મનુષ્ય દેહમાં ઊર્જાનું સ્વરૂપ બદલીને શક્તિ અને સામર્થ્યનું સ્વરૂપ પ્રગટાવે છે. આમ જુઓ તો જીવન બહુ સરળ છે. ઉદ્દેશ્યની અજ્ઞાનતાને કારણે મૂંઝવણો અને તકલીફો ઊભી થાય છે. હવે ક્રમાંકથી આપણે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરના શોધન પર આવીએ.

અધ્યાત્મ એક અને એકમાત્ર વાસ્તવિકતા છે. સ્થૂળને પામ્યા વિના, સ્થૂળને સાધ્યા વિના (વ્યવહાર) અધ્યાત્મ પમાતું નથી. મનુષ્ય પોતે જ છે તે મૂળ સ્વરૂપ (પરમાત્મ સ્વરૂપ) બની જવાની અદમ્ય ઇચ્છા એના પાયામાં હોવી જરૂરી છે. એટલે કે જે અજરામર છે તે અ-મૃત, એ અમૃતની ઉપલબ્ધિ પ્રત્યેક મનુષ્યના જીવનનો આધ્યાત્મિક અધિકાર છે. સ્વમાં સ્થિર થવા માટે આપણે સ્થૂળ શરીરથી શરૂઆત કરીએ તો કોઈપણ કાર્ય કરવા પાછળનો ઉદ્દેશ્ય, એના પ્રત્યેની જાગૃતિ અનિવાર્ય બની અને આ જાગૃતિ પળેપળે દિનચર્યા, ઋતુચર્યા અને જીવનચર્યામાં પલોટાઈ જવી જોઈએ. સ્વસ્થ શરીર માટે આહાર, શરીરની સ્થિરતા માટે યોગ, વ્યાયામ અને શરીરની અશુદ્ધિઓના (મળના) નિકાલ માટે ક્રિયાઓ આવશ્યક છે. એટલે કે આહાર, વ્યાયામ અને ક્રિયા આ ત્રણની નિયમિતતા જળવાય તો શરીરના પ્રત્યેક કોષો એ અનંત સંભાવનાઓને ખોલવા માટે પરિપક્વ બને છે, તૈયાર થઈ જાય છે.

અત્યારે આપણે સ્થૂળ શરીરની સાધના જ કરીશું. પ્રત્યેક મનુષ્ય આહાર, યોગ, પ્રાણાયામ અને અશુદ્ધિઓના નિકાલને પોતાની સમજણથી અથવા તો માની બેસાડાયેલી પદ્ધતિ પ્રમાણે આચરણ કરે છે અને વર્ષો સુધી યોગ, પ્રાણાયામ કર્યા પછી પણ એ સર્વોત્તમ અનુભૂતિમાં સ્વને પૂર્ણપણે ઓગાળી શકતો નથી. આની પાછળનું કારણ સમજણ વિનાનું અનુકરણ છે, જ્ઞાન વિનાની ક્રિયા છે અને બોધપ્રાપ્તિ વિનાનું આચરણ છે. આમાંથી બહાર આવવા માટે સર્વપ્રથમ મનુષ્યએ એ મૂળમાં રહેલા સ્વ સ્વરૂપને, એ અમૃતને ચાહવાનું, એ પ્રત્યે શ્રદ્ધાવાન થવાનું, એ પ્રત્યે અભિમુખ થવાનું અને અભિમુખ થયા પછી તત્પર રહેવાનું છે.

જીવન આગળ કીધું છે એ પ્રમાણે બહુ સરળ છે. આ શરીરની સાધનામાં પોતાના માટેનો, સ્વ માટેનો દૃષ્ટિકોણ, સ્વ અભિગમમાંથી છૂટવું પડશે. સર્વ

પ્રથમ એની વ્યાપકતા સમજવી પડશે. આપણે સહજ કહીએ છીએ ॥ યદ્ પિંડે તદ્ બ્રહ્માંડે ॥. જે પિંડમાં છે તે બ્રહ્માંડમાં છે તો આ સાધનાનું પહેલું પગથિયું સ્વ પ્રત્યેનો અભિગમ બદલીને સ્વના સ્વીકારનો કરવો રહ્યો. બ્રહ્માંડમાં જેમ સર્વ કાંઈ સ્વીકારણીય છે કાંઈ અસ્વીકારણીય નથી, તેમ આ સિમ્પલ સાદી ફોર્મ્યુલા શરીરની સાધનામાં પણ કેન્દ્રવર્તી (થમ્બ રૂલ) નિયમ તરીકે પ્રવર્તે છે. જ્યારે આ અભિગમ, દૃષ્ટિકોણ બદલાય છે, નોન જજમેન્ટલ સ્થિતિમાં અવાય છે ત્યારે જાત માટેનો જે પ્રેમ હતો એ અચાનક વ્યાપ્ત થઈ જાય છે, વિશાળ થઈ જાય છે અને મનુષ્ય મુક્તિ અનુભવે છે. વિચારોમાંથી મુક્તિ પરમ આનંદની અનુભૂતિનું પ્રથમ કિરણ છે.

આ જ શરીરમાં સમગ્ર બ્રહ્માંડ સમાયેલું છે એ પરિકલ્પના નથી, નક્કર વાસ્તવિકતા છે. જે નિહિત છે, ગર્ભમાં છે, છુપાયેલું છે, આવરણ સહિત છે, ઢંકાયેલું છે એને ઉજાગર કરવું, એને ઉપલબ્ધ થવું, એને ચાહવું, એને પોષવું મનુષ્યના હૃદયમાં વ્યાપકતા અને વિશાળતા અર્પે છે. આનો અર્થ છે આપણે સૌ પ્રથમ આપણી જાતનો સ્વીકાર કરવો. આ સ્વીકાર પછી જે યોગ કર્યો, પ્રાણાયામ કર્યો એ પૂર્ણ ફળીભૂત થાય છે. હવે આપણે ત્રણ વસ્તુ સમજીએ: યોગ, પ્રાણાયામ અને ક્રિયાઓ.

સમજણથી કરેલી ક્રિયાઓ બોધમાં પરિણમે છે અને બોધ સ્થાયીત્વ ધરાવે છે. એટલે આપણે પ્રથમ યોગને સમજીશું. યોગનો સામાન્ય અર્થ જોડાણ છે. સાવ સાદી રીતે સમજાવવામાં આવે તો શરીરમાં એક કોષમાંથી અસંખ્ય કોષો, અસંખ્ય કોષોમાંથી ટિશ્યુ, ટિશ્યુમાંથી મસલ્સ, મસલ્સમાંથી એક અવયવ, અવયવોમાંથી અલગ અલગ પ્રકારની પ્રણાલીઓ (સિસ્ટમ) અને આ અલગ અલગ પ્રકારની પ્રણાલીઓમાંથી શરીરની ઉત્પત્તિ ઘટે છે. આ આખો ઘટનાક્રમ એક કોષમાંથી આખા શરીરની ઉત્પત્તિ સુધીનો પરસ્પર જોડાણથી શક્ય બને છે. એક કોષ બીજા કોષ સાથે જોડાયેલો છે. એક પ્રણાલી દા. ત. શ્વસનતંત્રની પ્રણાલી રુધિરાભિસરણની પ્રણાલી સાથે જોડાયેલી છે. શરીરમાં આ જે જોડાણ છે એ જોડાણનું કેન્દ્રીકરણ એ યોગ છે. યોગ ક્યાંય બહાર નથી, ક્યાંય બહારની ચેતના સાથે બહારની ઊર્જા સાથેનું જોડાણ નથી પણ જે વૈશ્વિક ઊર્જા છે જે આ શરીરમાં ધરબાયેલી છે એ ચેતના સાથેનું, એ ઊર્જા સાથેનું ઐક્ય એ યોગ છે. એટલે કે વૈશ્વિક ઊર્જા અને મનુષ્યની આંતરિક ઊર્જાનું ઐક્ય એ યોગ બને છે. બે કોષો, બે પ્રણાલીઓ એકબીજા સાથે જે સંયોગથી, જે લયબદ્ધતાથી કાર્ય કરે છે એ કાર્યક્ષમતાની પાછળ રહેલાં પરિબળ સાથે લય થઈ જવું એ યોગ છે. શરીરનાં ચોક્કસ પ્રકારનાં સમજણપૂર્વક કરાયેલાં યોગ-આસનોથી

શરીરની સ્થિરતા અને શક્તિકેન્દ્રોનો સ્ફોટ શક્ય બને છે. અધ્યાત્મનો વાંછુક મનુષ્ય યોગના અભ્યાસ વડે સુગમતાથી લક્ષ્યને પહોંચે છે.

પ્રાણાયામ. પ્રાણ જાણ્યો છે ખરો? સમજ્યો છે ખરો? અનુભવ્યો છે ખરો? એ કેવો હોય, એના ગુણધર્મ શું છે એ ખબર છે ખરી? તો એને પૂર્ણ જાણ્યા વિના એના વિષેની ક્રિયાઓ પૂર્ણ ફળ કેવી રીતે આપી શકે? સામાન્ય માણસ શ્વાસોશ્વાસની ક્રિયાને પ્રાણાયામ સમજે છે. આ શ્વાસોશ્વાસની ક્રિયા કેળવાય ત્યારે શરીરનાં શક્તિકેન્દ્રોનો જે સ્ફોટ થાય છે અને શ્વાસમાં ઊર્જાનો સંચાર થાય છે એ પ્રાણ છે. આ પ્રાણને મનુષ્ય પોતાની આધ્યાત્મિક ઉપલબ્ધિ માટે, પોતાના સામર્થ્ય વડે આયામ આપી શકે એ પ્રાણાયામ છે. દાખલા તરીકે જળની અંદર વિદ્યુત સમાયેલું છે એવી રીતે શ્વાસ જ્યારે કેળવાય છે ત્યારે એની અંદર રહેલી ઊર્જા પ્રગટ થાય છે તે પ્રાણ છે. મનુષ્યજીવનની શરૂઆત આ જ શ્વાસથી થાય છે અને શરીરનું મૃત્યુ આ જ શ્વાસને આધીન છે. આ પ્રાણની ઊર્જા જ વિશ્વ ચૈતન્યની ઊર્જા છે. જેને સમજપૂર્વક, બોધપૂર્વક પૂર્ણ સામર્થ્ય સાથે પામવું એ જ પ્રાણાયામનું ધ્યેય હોવું જોઈએ.

નેતિ, ધોતિ, વિરેચન, બસ્તિ આવી ક્રિયાઓ દ્વારા દરરોજનો દરરોજ ઊભો થતો મળ દૂર કરી શકાય છે. આ ક્રિયાઓ વખતે શરીર પ્રત્યેની સભાનતા, જાગૃતિ, શરીરનું બંધારણ અને ક્રિયા પછી પામવામાં આવતો બોધ એ બહુ જરૂરી બને છે. આગળ આપણે સાત ધાતુઓના શોધનની ક્રિયાઓ ક્રમવાર સમજીશું. ધાતુઓની શુદ્ધિ મન શુદ્ધિ તરફ લઈ જાય છે. અહીં આપણે માનસિક અને ચૈતસિક શુદ્ધિઓની ક્રિયાઓને પણ સમજીશું.

ટૂંકમાં ॥ શરીર માધ્યમ્ ખલુ ધર્મ સાધનમ્ ॥ એટલે કે શરીરની કાળજી રાખવાથી, એને સમજવાથી, એને કેળવવાથી ધર્મ-અર્થ-કામ-મોક્ષની પ્રાપ્તિ સહજ બને છે. હું દેહભાવમાં છું તો મૃત્યુ ધર્મ છે અને જો હું મૂળ સ્વરૂપમાં, સ્વમાં સ્થિત છું તો અમરત્વ ધર્મ છે.

❑❑❑

ભવન્સના આજીવન સભ્યોને ખાસ જણાવવાનું કે ભાવવધારાને ધ્યાનમાં રાખતાં સભ્યપદને 20 વર્ષ પૂરતું મર્યાદિત કર્યું છે. એ પ્રમાણે 2000માં આજીવન સભ્ય બનેલા સભ્યોનાં નામ 'નવનીત સમર્પણ'ની યાદીમાંથી રદ ગણવામાં આવશે સિવાય કે સભ્યો ફરી પોતાનું સભ્યપદ ભરે. સભ્યપદ ચાલુ રાખવા ઇચ્છતા સભ્યોએ રૂ. 10,000નો ચેક 'ભારતીય વિદ્યા ભવન'ના નામે જમા કરાવવાનો રહેશે. સાથે આપનો હાલનો સભ્ય ક્રમાંક નોંધવા વિનંતી છે.



સાતમું સ્ટોપ

□ વીનેશ અંતાણી

બસ દર ગુરુવારે સવારે નવ વાગ્યે આવતી. ટેમ્પો ટ્રાવેલર. પંદર સીટની. ઇન્દુભાઈ પોણાનવે ઘેરથી નીકળી બસસ્ટોપ પર પહોંચી જાય. એમનું સ્ટોપ પહેલું હતું. ડ્રાઇવર અને ટૂર સંચાલક સિવાય બસમાં કોઈ ન હોય. ઇન્દુભાઈ આંગળીથી કેપ થોડી ઊંચી કરી 'ગુડ મોર્નિન્ગ' કહે. સંચાલક મદદ કરવા જાય તો ના પાડે. હંમેશાં સૌથી પાછળની છેલ્લી સીટ પર બેસે. બારી પાસે. બે જણની સીટ હતી. બાજુની ખાલી જગ્યા પર થેલો મૂકે. થેલામાં નૅપ્કિન, માખણ લગાવેલી બ્રેડ, વઘારેલા મમરા, બિસ્કિટનું પેકેટ અને પાણીની

બૉટલ હોય. રસ્તામાં કોઈને ભૂખ લાગે તો કામ આવે. ચોમાસામાં છત્રી અને વધારાનું ટી-શર્ટ પણ મૂકતા. એ બીજા વૃદ્ધોની જેમ લાકડી લેતા નહીં. કોઈ પૂછે તો કહેતા: 'શી જરૂર છે? હજી તો અડીખમ છું.'

સિનિયર સિટિઝન્સ માટે કામ કરતી એક સંસ્થાએ વૃદ્ધ સ્ત્રી-પુરુષોને દર અઠવાડિયે આઉટિન્ગમાં લઈ જવાની વ્યવસ્થા કરી હતી. શહેરના અલગ અલગ વિસ્તારમાંથી પંદર-પંદર જણનાં ગ્રુપ પાડ્યાં હતાં. દરેક ગ્રુપ માટે અઠવાડિયાનો એક દિવસ નિયત હતો. ઇન્દુભાઈના વિસ્તારના ગ્રુપનો ગુરુવાર. દર મહિને ફી ભરવાની. શહેરની આજુબાજુ ઘણાં પિકનિક સ્પોટ હતાં. નદીકિનારે, ડેમ પાસે, રિસોર્ટમાં, ટેકરીઓની વચ્ચે મંદિરના પરિસરમાં. ખુલ્લા વાતાવરણમાં આખો દિવસ ફરવા મળતું. જુદાં જુદાં સ્ટોપ પરથી વૃદ્ધો આવતા જાય. બધાની સીટ લગભગ નક્કી હતી. સ્થળ પર પહોંચીને હળવો નાસ્તો, બપોરે લન્ચ, સાડાચારે હાઇ-ટી. સાંજે મોડેથી બધા પોતપોતાને ઘેર.

બીજા પહોંચતાંની સાથે જ થાકી ગયા હોય તેમ બેસી જતા. ઘરની, સંતાનોની, બીમારીની, સિનિયર સિટિઝન્સને પડતી તકલીફોની અને રાજકારણની વાતો શરૂ થતી. મહિલાઓ અલગ બેસી ભજનો ગાતી. ઇન્દુભાઈ એકલા આજુબાજુ ફરે. કુદરતની મજા માણે, ફેફસાંમાં તાજી હવા ભરી લે. સ્માર્ટ ફોનથી ફોટા પાડે.

એમણે ઉંમરને હાવી થવા દીધી ન હતી. આખી જિંદગી શરીરની કાળજી રાખી. નાનપણમાં મર્દાની રમતો રમ્યા હતા. ગામની આજુબાજુના ડુંગરા ખૂંદ્યા છે. દરરોજ ત્રણ કિલોમીટર ચાલે છે. પ્રાણાયામ, યોગાસન, હળવી કસરત કરે. ખાવાપીવાનું સાદું અને માપસર. કપડાં આકર્ષક પહેરે. મહિને એક વાર પાંખા થયેલા વાળ રંગે છે. અગાઉ દેવમણિ રંગી દેતી, હવે જાતે રંગે છે. દાઢી રોજ કરવાની. બત્રીસી વિના ઘરમાં પણ બેસે નહીં. બૂટ ચકચકાટ. સરસ કેપ પહેરીને બહાર નીકળે. એમનો દૃઢ નિર્ધાર હતો: મારી શરતે જ જીવીશ. કોઈનો ઓશિયાળો રહ્યો નથી અને રહીશ નહીં. મૃત્યુ વખતે પણ લઘરવઘર નહીં હોઉં. ચુસ્તીથી જીવ્યો છું, ચુસ્તીથી વિદાય લઈશ. ડાયરીમાં વિચારો ટપકાવતા રહે છે. એમાં લખ્યું છે: 'જીવન ક્યારેય અંત પામતું નથી, માત્ર વચ્ચેથી અટકી જાય છે.'

જાણીતી ફાર્માસ્યુટિકલ કંપનીમાં ઉચ્ચ હોદ્દા પરથી નિવૃત્ત થયા. કંપનીના માલિકો એમને છોડવા તૈયાર ન હતા, પરંતુ એમણે કહી દીધેલું: 'ઇનફ ઇઝ ઇનફ.' નોકરી દરમિયાન જ કમ્પ્યુટર વગેરેનું મહત્ત્વ સમજ્યા હતા. ઘરમાં લેપટોપ વસાવ્યું છે. બધું કામ એના પર કરે છે. બેન્કના ધક્કા નહીં. જોઈએ તે બધું ઓનલાઇન મગાવી લે છે. નવાં પુસ્તકોની વિગતો મેળવી ઓર્ડર આપી

દે. પાર્સલ આવે કે તરત પુસ્તક ખોલી પાનાં સૂંઘે, મોંઘી પેનથી પોતાનું નામ ને તારીખ લખે. બધું રસપૂર્વક વાંચે. પુસ્તકો વિશે ફેસબુક પર અભિપ્રાય લખે. કેટલા 'લાઇક્સ' મળ્યા તે જોઈ લે.

દેવમણિને પણ ઠસ્સાથી રાખી. દર લગ્નદિવસે અચૂક ભેટ આપતા. નિવૃત્ત થયા પછી હીરાનાં એરિંગ લાવ્યા હતા. દેવમણિએ વિરોધ કર્યો તો એના સુંવાળા ગાલે હળવી ટપલી મારી. 'વહુ કોની છે? જલસા કરને!' દેવમણિએ કહ્યું: 'પણ આ ઉંમરે –' ઇન્દુભાઈએ વાક્ય પૂરું કરવા આપ્યું ન હતું. 'આ ઉંમર એટલે કઈ ઉંમર? માણસે છેલ્લા શ્વાસ સુધી યુવાન રહેવું જોઈએ.'

હતી જ વહાલી લાગે એવી. સોના જેવી ચામડી, પાતળી કાયા, લાંબા વાળ. ઇન્દુભાઈના ખભા સુધી આવતી. કોઈ વાર ઊંચા અવાજે બોલી નથી. આખું જીવન પતિને મુગ્ધતાથી જોયો. એકના એક દીકરાને ભણાવ્યો. એને પરદેશ ભણવા જવું હતું તો ઇન્દુભાઈને સમજાવીને રાજી કર્યા. એ ત્યાં જ નોકરીએ લાગ્યો. વર્ષોથી ત્યાં જ રહેતા તામિલ પરિવારની છોકરી દીકરાએ જાતે શોધી. ઇન્દુભાઈના મનમાં પરિચિતની દીકરી હતી. દેવમણિ તે જાણતી હતી, છતાં એણે તામિલ છોકરી માટે સંમતિ આપી. એની સંમતિમાં પતિની સંમતિ હોય જ એમ નક્કી કરી નાખ્યું. દીકરો હવે દેશમાં પાછો નહીં આવે તેની ખાતરી થઈ પછી એના વિશે વાતો કરવાનું ઓછું કરી નાખ્યું હતું. ઇન્દુભાઈની કોઈ વાત કે લાગણી એનાથી અજાણી ન હતી, સિવાય કે એ દીકરા માટે શું વિચારતા હતા. ઇન્દુભાઈ પત્નીનું દુઃખ સમજતા, પણ તે માટે એને જવાબદાર ઠેરવી ન હતી. ક્યારેક જ વાત નીકળે અને દેવમણિ આંસુ સારે ત્યારે કહેતા: 'આખરે સવાલ સુખી થવાનો જ છેને. સારું થયું કે આપણી વચ્ચે બીજું કોઈ નથી. હું છું, તું છે – પછી બીજું શું જોઈએ?'

દેવમણિએ વિદાય લીધી પછી બધી વિધિ પૂરી કરીને દીકરો પાછો જવાનો હતો. એણે પૂછ્યું હતું: 'પપ્પા, હવે?' દીકરા સામે જોયા વિના એમણે કહ્યું હતું: 'આઇ વિલ મેનેજ.' એમણે જીવનશૈલીમાં ખાસ ફરક પડવા દીધો નથી. વધારે ચુસ્ત થયા છે. ઘર ખાસું મોટું છે. કામવાળી કેટલી સફાઈ કરે? ઇન્દુભાઈ જાતે બધું ચકચકિત અને ગોઠવેલું રાખે છે, પછી મનોમન દેવમણિને પૂછે: 'બરાબર છેને? તને ગમે તેવું?' રસોયણ લંચ બનાવી જાય. સવારનો નાસ્તો અને રાતે ખાવાનું જાતે બનાવે છે. ડાયરીમાં લખ્યું છે: 'જેની હાજરીનો ભાર ન હતો એની ગેરહાજરીનો ભાર લાગવા દેવાય નહીં. જે હોય છે તે હોય છે – અને નથી હોતું તે નથી જ હોતું. જીવન નદી છે, એના પ્રવાહમાં જાતે તરવું પડે.'

•

રેવાગૌરીનું સ્ટોપ છેલ્લું હતું. પછી કોઈ આવવાનું ન હોય. બસ સીધી શહેરની બહાર નીકળી જાય. રેવાગૌરી આવે ત્યારે ઇન્દુભાઈની બાજુની જગ્યા ખાલી હોય. એ બસમાં ચઢે તે સાથે જ ઇન્દુભાઈ ઊભા થઈ જાય, હાથ હલાવી આવી જવા જણાવે. બારી પાસે બેસાડે. બૉટલમાંથી પાણી આપે. રેવાગૌરી ઊંચેથી થોડા ઘૂંટ ભરે. એક વાર પાણી સાડી પર ઢોળાયું. ઇન્દુભાઈએ કહ્યું: 'મોઢે માંડીને જ પીઓને, શો ફરક પડે છે.' એ પાણી પી લે પછી ઇન્દુભાઈ થેલો ઉપર રેકમાં મૂકીને બેસે. ક્યાંક પહોંચી આવ્યા હોય તેવી નિરાંત થાય.

'ઊભા રહેવું પડ્યું?

'ના.' રેવાગૌરી સ્મિત કરે. પર્સમાંથી ઓરેન્જ કાઢે, છાલ ઉતારે. ઇન્દુભાઈને આપે, પોતે ખાય. ઇન્દુભાઈને ઓરેન્જની સુગંધ ગમે છે. દેવમણિ છાલ ઉતારતી પછી એનો હાથ સૂંઘતા. રેવાગૌરીની આંગળીઓમાં પણ એ જ સુગંધ રહી જતી હશે. સૂંઘી લેવી જોઈએ.

રેવાગૌરી ઘૂંટણ દાબે.

'દુ:ખે છે?'

'થોડું. સ્ટોપ સુધી ચાલતી આવું તેથી થોડું દુ:ખે. ચાલ્યા કરે. હવે આ ઉંમરે...'

ઇન્દુભાઈ નારાજ થઈ ગયા હતા. 'ઉંમરને સતત યાદ કરવાની શી જરૂર?'

'વૃદ્ધ થયાં છીએ તે સત્ય સ્વીકારવું પડે અને યાદ પણ રાખવું પડેને.'

'દેખીતી ઉંમરની ઉપર પણ એક ઉંમર આવેલી હોય છે. આપણે તે ઉંમરમાં જીવવાનું હોય, શરીરની ઉંમરનો ભાર શા માટે રાખવો?' રેવાગૌરીએ જવાબ આપ્યો ન હતો. એણે ઇન્દુભાઈની વાત સ્વીકારી છે કે કેમ તે જાણી શકાયું ન હતું.

એ ગ્રુપમાં પાછળથી જોડાઈ હતી. પંદર જણની સંખ્યા થઈ ગઈ હતી. નવી વ્યક્તિ ઉમેરી શકાય તેમ ન હતું. એકાદ વર્ષ પહેલાં એક વૃદ્ધ બાથરૂમમાં પડી ગયા, પછી આવી શક્યા નહીં. એક ગુરુવારે બસ નવા સ્ટોપ પર ઊભી રહી. બધાને નવાઈ લાગી. એ સ્ટોપ પરથી કોઈ ચઢતું ન હતું. એક મહિલા અંદર આવી. બધા સામે હાથ જોડ્યા.

'હું રેવાગૌરી.'

બધાએ તાળી પાડી એનું સ્વાગત કર્યું. એ ચાલતી બસે બધાને મળતી મળતી છેલ્લે ઇન્દુભાઈ પાસે આવી હતી. સીટ પર પડેલો થેલો બતાવી બોલી: 'હું અહીં -'

'અફકોર્સ.' એ ઊભા થયા હતા. થેલો રેકમાં મૂક્યો હતો. બારી પાસેની જગ્યા ચીંધી હતી.

'એ તો તમારી જગ્યા છે.'

'આજથી તમારી.'

બંને હસ્યાં હતાં. ઇન્દુભાઈને રેવાગૌરીનું મુક્ત હાસ્ય ગમ્યું હતું, પરંતુ એના નામ પાછળ લાગતું પૂંછડા જેવું 'ગૌરી' ગમ્યું ન હતું. થોડા ગુરુવારના પરિચય પછી કહ્યું: 'વાંધો ન હોય તો

હું તમને રેવા - આઈ મીન, રેવાબેન કહી શકું?'

'રેવા કહેશો તો વધારે ફાવશે.'

'ઓકે. તો હું ઇન્દ્રવદન. ફાવશે?

'દોડશે.'

એ ગ્રુપમાં જોડાઈ તે દિવસે ડેમ પર ગયા હતા. ત્યાંના ગેસ્ટહાઉસના પ્રાંગણમાં નાસ્તો કર્યો. એ બીજા લોકો સાથે વાતો કરતી હતી. બધાની વાત ધ્યાનથી સાંભળતી હતી, પણ પોતે બહુ ઓછું બોલતી હતી. નાસ્તા પછી બધા પોતાના વર્તુળમાં ગોઠવાઈ ગયા. બે વૃદ્ધોએ ચેસ ગોઠવી, ચારેક જણ પાનાં રમવા બેઠા. મહિલાઓ એકબીજામાં સમેટાઈને બેસી ગઈ હતી. ઇન્દુભાઈ ડેમ બાજુ જવા નીકળ્યા. રેવાને શોધવા નજર ફેરવી. દેખાઈ નહીં. પ્રાંગણમાંથી નીકળતા હતા ત્યાં એની પીઠ દેખાઈ. ફુવારા સામે બાંકડા પર બેઠી હતી. એની પાસે ગયા.

'તમે પણ બીજા જેમ બેસી ગયાં? ચાલોને, ફરી આવીએ.'

કોઈના નિમંત્રણની રાહ જોતી હોય તેમ એ તરત ઊભી થઈ હતી.

'હું કોઈ દિવસ બેસી રહેતો નથી. મને ખુલ્લામાં ફરવું ગમે.'

'મને પણ.'

પવન હતો. રેવાના વાળ ઊડતા હતા. ઊભી રહી. વાળ સરખા કર્યા. અંબોડો કસીને બાંધ્યો.

'ખુલ્લી જગ્યાઓની પણ તકલીફ ઓછી નથી!'

ડેમ સામે બાંધેલી રેલિન્ગ પાસે પહોંચ્યાં. ઉપરથી જોશભેર પાણી પડતું હતું. નીચે ફીણ થતાં હતાં. પાણીના અવાજ સિવાય ચારે બાજુ નીરવતા હતી. દૂર હોલો બોલતો હતો. ઇન્દુભાઈએ આડી આંખે રેવાને જોઈ. એ ધ્યાનથી કશુંક સાંભળતી હોય તેમ જોતી હતી. ઇન્દુભાઈ મૌન ઊભા રહ્યા. કદાચ એક શબ્દ પણ એને વિક્ષેપ પાડશે. થોડી વારની સમાધિ પછી એણે ઇન્દુભાઈ સામે જોયું.

'તમે કંઈ કહેવા જતા હતાને?'

એને કેમ ખબર પડી?

'મને ઊંચેથી પડતું પાણી જોવું ગમે. તમને?'

'મને વહેતું પાણી ગમે. બાંધી રાખેલું પાણી જોવું ગમે નહીં. કૂવો, તળાવ - એવું કશું નહીં. ખાબોચિયું તો હું જોઈ જ શકું નહીં.'

'એમ કેમ? પાણી તો આખરે પાણી હોય છે.'

'બંધિયાર પાણી બહુ જલદી સડવા લાગે.'

એ બોલી તેનો કોઈ ગર્ભિત અર્થ હશે? પૂછવાની ઇચ્છા માંડ દબાવી. પહેલો જ દિવસ હતો, છતાં એ અલગ લાગી હતી. એને પણ બહાર નીકળીને બેસી રહેવું ગમતું નથી. મોઢાની ચામડી ખેંચાઈ નથી. હસે છે ત્યારે ખંજન પડે છે. ચામડી દેવમણિ જેવી સુંવાળી નથી,

પણ ચળકાટ છે. સાડી ઢબથી પહેરી છે. એરિંગ સાદાં છે, હીરાનાં પહેરે તો શોભી ઊઠે.

પછી તો દર ગુરુવારે નિયમ થઈ ગયો હતો. સાથે જ રહે. થાકી જાય ત્યાં સુધી ચાલે. ઇન્દુભાઈને લાગ્યું હતું કે કોઈ સાથે હોય તો થાક ઓછો લાગે છે. એ આછું પરફ્યુમ લગાવતી. આખો દિવસ એની સુગંધ પડખે રહે, રાતે એકલા પડે ત્યારે એ સુગંધ વધારે નજીક આવી જાય. દેવમણિએ ઘણી વાર કહ્યું હતું, ખાસ કરીને કોઈ સમારંભમાં જવાનું હોય, છતાં એ પરફ્યુમ લગાવતા નહીં. એક ગુરુવારે દેવમણિના કબાટમાં મૂકેલા પરફ્યુમમાંથી એક લગાવીને બસસ્ટોપ પર ગયા હતા.

પરિચય થયો, પણ ઓળખાણ આગળ વધી ન હતી. એટલું જાણવા મળ્યું કે એ આજ શહેરની એક હાઈ સ્કૂલની શિક્ષિકા તરીકે નિવૃત્ત થઈ હતી. વાંચન અને સંગીત સાંભળવાનો શોખ છે. રસોઈ કરવી ગમે છે. બે બેડરૂમ-હૉલના ફ્લૅટમાં રહે છે. આઠમા માળે.

'તે પહેલાં ટેનામેન્ટમાં રહેતી. મારા ઘરની બાજુમાં એકલાં રહેતાં વૃદ્ધ દંપતીના ઘરમાં ચોરી થઈ. ચોરોએ એમને ગંભીર ઇજા પહોંચાડી. મને મારી સલામતીનો વિચાર આવ્યો હતો. ટેનામેન્ટ વેચી, ફ્લૅટમાં રહેવા આવી ગઈ.'

તો તો એકલી જ રહે છે. વિધવા જેવી લાગતી નથી. સંતાનો? પૂછ્યું નહીં. કદાચ એણે જવાબ આપ્યો ન હોત. એ ઘણી વાર વાતોની વચ્ચે અચાનક બંધ થઈ જાય છે. પાળી બાંધી લેતી. ઇન્દુભાઈએ એવી જ પાળીમાં રહી પોતાની વિગતો આપી હતી. તેમ છતાં એટલી તો ખાતરી થઈ હતી કે એને ઇન્દુભાઈ સાથે ફરવું ગમે છે. ડાયરીમાં લખ્યું: 'સારો સંગાથ યાત્રા સુખદ બનાવે છે.'

•

ઇન્દુભાઈ બપોરની ઊંઘ કરી ચા બનાવતા હતા. ડોરબેલ વાગ્યો. નવાઈ લાગી, અત્યારે કોણ હશે? બારણું ઉઘાડ્યું. આંખો પહોળી થઈ ગઈ. સામે રેવા ઊભી હતી.

'અરે, વાહ! આવો... આવો... મોસ્ટ વેલકમ.'

'ડિસ્ટર્બ તો નથી કર્યાને?'

એ હસ્યા. રેવાનો હાથ પકડવા જતા હતા. ખચકાયા.

'સમયસર આવ્યાં છો, ચા મૂકતો હતો. બેસો.'

એ રસોડામાં સાથે આવી. પ્લેટફૉર્મ પાસે ઊભી રહી. એક નજરમાં આખું રસોડું જોઈ લીધું.

'આટલું ચોખ્ખું રસોડું તો હું પણ નથી રાખતી.'

'મને ચોખ્ખાઈ ગમે છે.'

'પણ આ ઉંમરે-' ઇન્દુભાઈ એને રોકે તે પહેલાં એ હસી પડી. 'મને ખબર છે,

તમે શું કહેશો!'

ચાનું પાણી ઊકળતું હતું.

'હું ટી-બેગ નાખું છું. ઉકાળેલી ચા નથી ભાવતી. દેવમણિને ઉકાળેલી જ જોઈએ, ખાંડ વધારે નાખે.'

'દેવમણિ?'

'મારી પત્ની.'

એણે માથું હલાવ્યું.

'તમારી ચા કેવી બનાવું?'

'તમારા જેવી. ખાંડ સાવ ઓછી.'

ડ્રોઇંગરૂમમાં બેઠાં. રેવા દેવમણિના ફોટા પાસે ગઈ. સુખડનો હાર લટકતો હતો. ઇન્દુભાઈએ નોંધ્યું, ફોટામાં કાચ પાછળ દેખાતી દેવમણિ, કાચ ઉપર રેવાનું પ્રતિબિંબ. એ પાછી આવી. ચાનો કપ ઉપાડ્યો.

'ત્રણ વર્ષ પહેલાં ગઈ. તમે નહીં માનો, તે જમાનામાં પણ અમે ભાગીને લગ્ન કર્યાં હતાં.'

એ હસી. 'એમ?'

'બહુ સમજુ. મને સાચવ્યો. મારી બધી મર્યાદા ચલાવી લીધી.'

'સંતાનો?'

ઇન્દુભાઈએ કપમાંથી ટી-બેગ કાઢી. રેવાનો સાદોસીધો સવાલ કાંટા જેમ ભોંકાયો. દીકરા વિશે દેવમણિ પાસે પણ પ્રગટ કર્યું ન હતું તેવું બધું મનમાં ઊઠ્યું. જવાબ ટાળવાની ઇચ્છા થઈ, પરંતુ રેવા તાકીને જોતી હતી.

'એક દીકરો છે. યુ.એસ.એ.માં રહે છે... સુખી છે.' વાક્ય અધૂરું હતું. એ ઉમેરવા માગતા હતા - ને એના સુખમાં હું ક્યાંય નથી. બોલ્યા નહીં, ગળી ગયા.

રેવા બંનેના કપ રસોડામાં લઈ ગઈ. તપેલી અને કપ સિન્કમાં ધોઈ ઊંધાં વાળ્યાં. ઇન્દુભાઈએ એને રોકી નહીં.

'ઘર નહીં બતાવો?'

'ચાલો.'

બેડરૂમમાં ગયાં. બધું વ્યવસ્થિત હતું. એક પણ સળ વિનાની બેડશીટ. ઊઠતાંની સાથે જ ચાદર સંકેલી નાખવાની ટેવ. દાદરો ચઢીને ઉપર ગયાં. સંખેડાનો સોફાસેટ. પુસ્તકોનો ઘોડો. બે બેડરૂમ.

'બંને રૂમ ખાલી જ રહે છે, ઘણાં વર્ષોથી.'

રેવાએ એમની સામે જોયું. એમનું વાક્ય ખાંચાખૂંચી વગરનું હતું. એ માહિતી જ આપતા હતા. બાલ્કનીનું બારણું ઉઘાડ્યું. શિયાળાના નમતા બપોરનું ઝાંખું પડવા લાગેલું અજવાળું આવ્યું. બાલ્કનીની બંને બાજુ બોગનવેલિયાનાં ફૂલોના ગુચ્છ હવામાં લહેરાતા હતા.

'રહી શકો છો એકલા? તકલીફ નથી પડતી?'

'ના, નથી પડતી. હું બહુ જલદી તટસ્થ થઈ શકું છું. એમ તો દીકરો મને એની પાસે બોલાવે છે, પણ હું મારી પાસેથી ખસવા માગતો નથી.'

હો - હો કરતા હસવા ગયા, પરંતુ રેવા ગંભીર હતી. ઇન્દુભાઈનું હાસ્ય ખસિયાણું પડી ગયું.

'ઘરમાં જાળવી રાખેલી વ્યવસ્થા

જોઈને તમને નથી લાગતું કે મને કોઈની જરૂર નથી? આ મારું વિશ્વ છે, સુખેથી રહું છું. કોઈને આડખીલી થતો નથી અને કોઈને થવા દેતો નથી.'

રેવાનું ધ્યાન ન હતું. એ પુસ્તકો જોતી હતી. થોડાં પુસ્તકોનાં પાનાં ફેરવ્યાં. ફરી જગ્યાએ મૂક્યાં. ચાર-પાંચ પુસ્તકો ઢગલા જેમ પડ્યાં હતાં. તે પણ સરખી રીતે મૂક્યાં. અચાનક પાછળ વળી. ઇન્દુભાઈને મોઢામોઢ ઊભી રહી.

'વિશ તો કરો!'

'કોને?'

'મને. આજે મારો જન્મદિવસ છે.'

ઇન્દુભાઈએ એનો હાથ પકડી લીધો. 'મેની મેની રિટર્ન્સ ઓફ -'

રેવાની આંખો સૂની લાગી.

'એથી તો તમારું ઘર શોધતી આવી ગઈ. સવારથી એકલું લાગતું હતું. દિવસ તો જેમતેમ નીકળી જાય, ભેંકાર સાંજનો ડર લાગતો હતો. હું ઘરમાં એકલી રહેવા માગતી ન હતી.'

'બહુ સારું કર્યું. હવે જવાની ઉતાવળ કરજો નહીં. આપણે સેલિબ્રેટ કરશું.'

'ના, ના... એવું કંઈ કરવાની જરૂર નથી. વિચારતી હતી કે ક્યાં જાઉં. તમે યાદ આવ્યા. આવી ગઈ. થોડી વાર બેસીને જઈશ.'

'જવા દઉં તોને! તમારી મરજીથી આવ્યાં છો, પણ જશો મારી મરજીથી.'

સ્મિત. ખુલ્લું. ખંજનવાળું. વરસાદ પછીના ઉઘાડ જેવું.

'પછી અહીં જ રોકી રાખશો તો?'

'રોકાઈ જજો. ઘર મોટું છે. તે વખતે પણ બે જણ માટે મોટું હતું.'

દાદરો ઊતરતાં હતાં. ઇન્દુભાઈ ઊભા રહ્યા.

'તમે નીચે બેસો, હું હમણાં આવું.'

ઇન્દુભાઈએ ફોનથી કેકનો ઓર્ડર આપ્યો. આગલા દિવસે જ આવેલી નવી નવલકથા ઉપાડી. એના પર લખવા જતા હતા - પ્રિય રેવાને... પણ પેન મૂકી દીધી. પુસ્તક રેપરમાં વીંટ્યું. નીચે આવ્યા.

'આ તમારા માટે... ને સાંભળો, કેક મગાવી છે. આપણે ઘરમાં જ ખાવાનું બનાવશું. કેક કાપશું, ખાશું અને મજા કરશું. આજની સાંજ વ્યર્થ થવા નહીં દઈએ.'

રેવા જવાબ આપી શકી નહીં. કદાચ એના ગાલ થરકયા હતા. આંખમાં ભીનાશ ઊતરી આવી હતી. એ ખુશ થવા માગતી હતી, છતાં જાતને રોકી રાખતી હતી.

'ઓકે?'

'ઓકે... પણ રસોઈ હું બનાવીશ.'

'હું તમને મદદ કરીશ, દેવમણિને પણ કરતો. તમને ખબર નથી, રેવા, તમે આવ્યાં તે મને કેટલું ગમ્યું છે. કેટલા સમય પછી મારા ઘરમાં કોઈક છે.'

એ રાતે દસ વાગ્યે ગઈ. ઇન્દુભાઈ એને ઘર સુધી મૂકવા જવા માગતા હતા, પણ રેવાએ ઘસીને ના પાડી. બસસ્ટોપ

સુધી ચાલતાં ગયાં. રિક્ષામાં બેઠી.

'થેંક્સ.'

'શેને માટે?'

એ બોલી નહીં. ઇન્દુભાઈનો હાથ થપથપાવ્યો. રિક્ષાવાળાને કહ્યું: 'ચલો, ભૈયા.'

હવામાં ઠંડીનો ચમકારો હતો. રેવાને શૉલ આપવાનું યાદ આવ્યું નહીં. એમ તો ઘણું રહી ગયું. રેવાના પરિવાર વિશે વાત ન થઈ. કંઈ નહીં, બીજી વાર વાત.

ચા...લો... એક સાંજ સારી રીતે પસાર થઈ. ધીરેધીરે ચાલતાં ઘરમાં આવ્યા. બારણું બંધ કરવાનું મન થયું નહીં. બારણું બંધ કરશે તે સાથે જ એ -

•

ત્રણ ગુરુવારથી આવી નથી. ઇન્દુભાઈને ચિંતા થતી હતી. બીમાર પડી હશે? બહારગામ પણ ગઈ હોય. એકાએક જવું પડ્યું હોય. બસ રેવાના સ્ટોપ પર થોડી વાર ઊભી રહેતી. એ દેખાતી નહીં. બસ આગળ નીકળી જતી. બીજાએ તો એની ગેરહાજરીની નોંધ પણ લીધી નહીં હોય. ગુરુવારની મજા મરી ગઈ હતી. ઘરમાં પણ સૂનું લાગતું હતું. દેવમણિ લાંબી બીમારીમાં ગઈ હતી. છેલ્લે હૉસ્પિટલમાં એડમિટ કરી હતી. એનું જવું ક્રમશઃ સામે આવ્યું હતું. તે માટે ઇન્દુભાઈ અગાઉથી માનસિક રીતે તૈયાર થઈ ગયા હતા... જ્યારે રેવા તો...

ઇન્દુભાઈ પાસે એના નંબર હતા. ફોન કરીને જાણી શકાય. ન કર્યો. ગયા ગુરુવારે પાછા આવતાં રેવાના સ્ટોપ પર ઊતરી જવાનું વિચાર્યું હતું, પરંતુ બસ ઊભી ન રહી. કોઈ ઉતરનાર જ ન હોય ત્યાં... આડે દિવસે પણ એને ઘેર જઈ શકાય. વિમાસણમાં રહ્યા. કશુંક બરાબર પકડી શકાતું ન હતું. આખો દિવસ બેસી રહેતા. રસોયણ રસોઈનું પૂછતી તો કહેતા: 'તમારે બનાવવું હોય તે બનાવો.' આટલા ઢીલા પડી જાય, અઠવાડિયામાં એક જ દિવસ થોડા કલાક સાથે ફરતી વ્યક્તિ માટે?

વહેલા ઊઠી ગયા. રાતે બરાબર ઊંઘ્યા ન હતા. ગુરુવાર હતો. જવું કે ન જવું? ન જાય અને આજે જ રેવા આવે તો? ઇન્દુભાઈ સાથે ન હોય તો રેવા એકલી કરશે શું? ઊભા થઈ ગયા. ઝડપથી તૈયાર થયા. ખૂણામાંથી લાકડી ઉપાડવા જતા હતા. ભીતરથી અવાજ સંભળાયો, કદાચ દેવમણિનો, કદાચ રેવાનો - તમને શું થયું છે? તમે અને લાકડી? ન લીધી.

મોડું થઈ ગયું હતું. બસ નીકળી ન ગઈ હોય તો સારું. પહોંચ્યા ત્યારે બસ આવી ગઈ હતી. 'સૉરી...' એટલું જ બોલ્યા. બસ ચાલવા લાગી. રેવાનું સ્ટોપ સાતમું હતું. બંધ આંખે ગણતરી કરતા રહ્યા. સાતમું સ્ટોપ આવ્યું ત્યારે પણ આંખ ઉઘાડી નહીં. બસ થોડી વાર ઊભી રહી અને ચાલવા લાગી.

'મારી જગ્યા?'

સફાળા ઊભા થઈ ગયા. સપનું

આવ્યું? ના, સામે રેવા ઊભી હતી. થાકેલી, છતાં આખેઆખી.

'ઓહ! મને એમ કે તમે આજે પણ નહીં આવો.'

એ આછું હસી. બારી પાસે બેઠી. બહાર જોતી રહી. ઓરેન્જ કાઢ્યું, પણ છોલ્યું નહીં.

'ઓરેન્જ નહીં આપો?'

'હેં? હા... હા...'

છોલ્યું. ખાધું. બેસી રહી ચૂપચાપ. આખો રસ્તો.

'તબિયત તો સારી છેને?'

એણે માથું હલાવ્યું. નદીકિનારે રિસોર્ટમાં નાસ્તો કર્યો. એ બીજી સ્ત્રીઓ સાથે બેસી રહી. ઇન્દુભાઈ આંટા મારતા હતા. નજર મળી ત્યારે ઇશારો કર્યો. એ થોડી વાર પછી ઊભી થઈ.

નદી થોડી આઘે હતી. વચ્ચે પથરાળ જગ્યા આવતી હતી.

'ત્યાં બેસીએ?' રેવાએ કહ્યું. એ બાજુ નદી લાંબો વળાંક વળતી હતી. બેઠાં. રેવાએ પગ લંબાવ્યા. બંને ઘૂંટણ દાબવા લાગી. એની પાછળ જ આખી નદી વહેતી હતી. એ જાણે નદીમાં ભળી જતી હતી. ઇન્દુભાઈને લાગ્યું, એ બે નદીના કાંઠે બેઠા છે - એક વહીને દૂર ચાલી ગઈ છે, બીજી આંખ સામે છે.

'શું કર્યું આ દિવસોમાં?' રેવાએ પૂછ્યું.

ઇન્દુભાઈના મનમાં ઘણું ઊઠ્યું. એ બધું રેવાને કારણે જ હતું, છતાં એને એની સાથે સંબંધ ન હતો. નદીનો ખળખળ અવાજ બંને વચ્ચેથી પસાર થતો હતો.

'તમે ક્યારેય રણમાં ગયા છો?'

'રણમાં?'

'જ્યાં બધું સૂકું હોય - વેરાન... ધૂળ ઊડ્યા કરે... અથવા જંગલમાં ગયા છો? ભૂલા પડો તો પાછા વળવાનો માર્ગ મળે નહીં.'

આવી વાતો કેમ કરે છે? અજાણી ગંભીરતા આવી ગઈ હતી. અચાનક ઊભી થઈ.

'આગળ જઈએ?'

આગળ? એ બાજુ રેતીનો લાંબો પટ હતો અને પછી વૃક્ષોની ઝાડી. ઇન્દુભાઈએ હાથ ઝાટકી રેતી ખંખેરી. નદીની સમાંતરે ચાલવા લાગ્યાં.

'હું ત્રીસની થઈ તે પહેલાં બે દીકરા જન્મ્યા અને મારો વર મને છોડીને ચાલ્યો ગયો.' એ કોઈ સંદર્ભ વિના બોલી, 'પછી જીવવું બહુ લાંબું થઈ પડે છે, ઇન્દ્રવદન.'

કદાચ એ કોઈ ખાબોચિયાની વાત કરતી હતી, જેનું પાણી સડી ગયું હશે. થોડાં ડગલાં ચૂપચાપ ચાલ્યાં.

'દીકરા શું કરે છે?'

'એ... એ લોકો... એક દિલ્હીમાં છે, બીજો બેંગલોરમાં. બસ, સુખી છે.' એનો અવાજ સપાટ હતો, રણ જેવો વેરાન અને જંગલમાં ખોવાયેલો.

'તમે?' બહુ જ સીધો અને રહીસહી અપરિચિતતા પણ ઓગાળી નાખે તેવો

સવાલ. રેવા દૂર પેલી ઝાડીઓ તરફ જોતી ઊભી રહી.

'ખબર નહીં. જીવું છું.' સ્મિત કરવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો, વચ્ચે તિરાડો પડી ગઈ હતી. 'તે દિવસે તમે શરીરની ઉંમર સિવાયની ઉંમરની વાત કરી હતીને? હું તો મારું શરીર વૃદ્ધ થાય તે પહેલાં જ બુઢ્ઢી થઈ ગઈ છું.'

મોઢું ફેરવી નાખ્યું. કદાચ કદાચ છુપાઈ જવા માટે. ઇન્દુભાઈ એની આંખમાં સીધું જોવા માગતા હતા. થોડી વારે એણે જ મોઢું ફેરવ્યું. એટલી ક્ષણોમાં એણે ચહેરો સાફ કરી નાખ્યો હતો.

'બસ, એટલું જ?'

'તમે જીવી ગયા હોવ એટલું પૂરતું નથી?'

ઇન્દુભાઈ પાસે જવાબ ન હતો. આપવાનો પણ ન હતો.

'પાછાં જઈએ, બહુ મોડું થઈ જાય તે પહેલાં પહોંચીએ - ત્યાં.' એણે હાથ લંબાવ્યો, પરંતુ ઇન્દુભાઈને એ 'ત્યાં' ક્યાંય દેખાયું નહીં.

પથરાળ જગ્યામાં પહોંચ્યાં. રેવાને ઠેસ વાગી. ઇન્દુભાઈનો ખભો પકડી લીધો. ધીરેથી ખેસવી નાખ્યો.

'રેવા...તમે કશુંક કહેવા માગો છો અને કહેતાં નથી. કંઈ બન્યું છે આ દિવસોમાં?'

'ના, ખાસ કંઈ નહીં. મારા બંને દીકરા આવ્યા હતા.' એણે લાંબો શ્વાસ ખેંચ્યો, કપાળ પર સળ ખેંચાઈ આવ્યા. 'એ લોકો મારો ફ્લૅટ વેચી નાખવા દબાણ કરે છે. એમને પૈસાની જરૂર છે.'

'પછી તમે એ લોકો સાથે -'

એણે માથું ધુણાવ્યું.

'તો?'

'ખબર નહીં.'


એણે ઇન્દુભાઈની આંખમાં સીધું જોયું. ઇન્દુભાઈને લાગ્યું, એ લોકો કશાકની ખૂબ નજીક આવી ગયાં છે. એ બોલવા જતા હતા, પરંતુ રેવા ઝડપથી ચાલતી આગળ નીકળી ગઈ હતી. ઇન્દુભાઈએ એને ઊભી રાખવા બૂમ પાડી. એ ન ઊભી રહી, ન તો પાછળ જોયું.

•

એ છેલ્લી મુલાકાત હતી. ત્યાર પછી રેવા દેખાઈ નથી. એના કોઈ સમાચાર પણ મળ્યા નથી. ઇન્દુભાઈએ એની રાહ જોવાનું બંધ કર્યું છે. હવે થેલો સીટ પરથી ઉપાડી રેકમાં મૂકવો પડતો નથી. સાતમું સ્ટોપ આવે ત્યારે બારીમાંથી બહાર જુએ છે. લૅમ્પપોસ્ટ પાસે કોઈ હોતું નથી. બાજુની લાંબી ગલી ખાલી હોય છે. રેવા એ ગલીમાં જ ક્યાંક રહેતી હતી. કદાચ હવે નહીં રહેતી હોય.

બસ સાતમું સ્ટોપ પસાર કરી જાય પછી ઇન્દુભાઈ હાથમાં ઊભી પકડેલી લાકડી પર માથું ટેકવી લાંબો શ્વાસ લે છે. એ જાણે છે, આ રીતે માથું ટેકવવું વૃદ્ધાવસ્થામાં આવી જતા જોબા જેવું હોય છે.

❑❑❑



મહાત્મા ગાંધી અને રવીન્દ્રસંગીત

☐ સુધીર ચક્રવર્તી ☐ અનુ. નલિની માડગાંવકર

સામાન્ય રીતે અનેકની એવી માન્યતા છે કે મહાત્મા ગાંધી સંગીતના ખૂબ ચાહક નહોતા. તથા સંગીત વિષયક વિશેષ ઉત્સાહી નહોતા.

એક વાર વાતવાતમાં દિલીપકુમાર રાયે એમને પૂછેલું કે ''આપને શું સંગીત ખરેખર ગમે છે?''

એમણે જવાબ આપ્યો, ''અરે, હું તો

સંગીતનો નાનપણથી જ ભક્ત છું. ખાસ કરીને ભજનનો. તોય તમને ખુલાસો કરું કે સંગીતનો હું જ્ઞાતા-વિદ્વાન નથી. એટલે કે સંગીતની ટેક્નિકની નિકટ હું ગયો નથી. એને માટે હું ઉદાસ પણ નથી. સંગીત મારા હૈયાને સ્પર્શતું હોવું જોઈએ બસ, એનાથી વધુ શું જોઈએ?''

આ વાતો પરથી સમજાય છે કે ગાંધીજીને સંગીત પણ ગમતું અને ગીતો સાંભળવાં પણ ગમતાં. ખાસ કરીને એમની પ્રાર્થનાસભાના આરંભ અને અંતમાં રામધૂન અને ભજન અચૂક ગવાતાં. એમના સમગ્ર કાર્યમાં એક પ્રકારની આધ્યાત્મિકતા જોવા મળતી હોવાથી આ ગવાતું ગીત પણ સાધનાનું એક અંગ જ હતું. એવું પણ જોવા મળ્યું કે દેશની સ્વાધીનતા આંદોલન ચળવળમાં અને રાજનૈતિક સત્યાગ્રહમાં ગીતને તેઓ એક અસરકારક અસ્ત્રની જેમ વાપરતા. આના વિશે રવીન્દ્રનાથનાં ગીતોનો એમણે અનેક વાર પ્રયોગ કરેલો. મને આ વાત કરતાં યાદ આવે છે, રવીન્દ્રનાથે એમના 'પ્રાયશ્ચિત્ત' નાટકમાં અને પછીથી 'મુક્તધારા' નાટકમાં આવું જ ઉત્તેજના જગાડનારું એક ગીત લોકનેતાને મુખે મૂકેલું. આ લોકનેતાના પાત્રનું નામ હતું ધનંજય વૈરાગી. માણસમાં આત્મશક્તિ અને નિર્ભયતા જગાડવાનો મુખ્ય પુરુષાર્થ હતો લોકનેતા ધનંજયનો.

''આમિ મારેર સાગર પાડિ દેબો ગો.''

(હું તો અવરોધના સાગરને તરી ગયો છું.)

અને

''આરો આરો પ્રભુ આરો એમનિ કરે આમાર મારો.'' (વધુ મારો પ્રભુ આઘાત મારો.) આ સમૂહગીતો રવીન્દ્રનાથે ધનંજય વૈરાગીને કંઠે ગવડાવેલાં. સામેની વ્યક્તિના આઘાત સહેવા માટે આવું આત્મશક્તિનું જ્ઞાન, હિંસા સામેની આવી અહિંસા - આવી છે ગાંધીવાણી. ગાંધીજીનું જીવનકર્મ. આવું સામ્ય જોતાં કોઈકને વિચાર પણ આવ્યો કે ધનંજયના પાત્રમાં ગાંધીચરિત્રનો સંકેત છે! જોકે આવી વાતનું સમર્થન બહુ ન થયું.

જવા દો એ વાત. ગાંધીજી સાથે રવીન્દ્રસંગીતનો નાતો હતો જ. ખાસ કરીને વૃદ્ધાવસ્થામાં. જ્યારે તેઓ સોદપુર કે કલકત્તામાં આવતા ત્યારે પ્રાર્થનાસભામાં બંગાળી ગીતો સવિશેષ ગવાતાં. ગાંધીજીના સચિવ નિર્મલકુમાર બસુએ 'ગાંધીચરિત' પુસ્તક લખેલું. એમાં એમણે ખાસ ઉલ્લેખ કરેલો કેઃ

(1) શ્રી રામપુરમાં થતી વહેલી સવારની પ્રાર્થનામાં અમે ચાર-પાંચ જણ જ રહેતા. ત્યારે ત્યાં વહેતું સંગીત બંગાળીમાં હતું. અને અમારો મુખ્ય આધાર હતો રવીન્દ્રનાથની ગીતરચનાઓ.

(2) ગાંધીજી સાચા દિલથી ચાહતા કે એમને બંગાળી બનવું છે. રવીન્દ્રનાથનાં ગીતો ગાંધીજીને ગમતાં અને સમજાતાં

પણ ખરાં. જો ક્યાંય ન સમજાય તો એ પૂછી પણ લેતા.

(3) આમ બંગ પ્રદેશમાં રહેતા ત્યારે નિયમિત રૂપે પ્રાર્થનામાં રવીન્દ્રનાથ રચિત ગીતો જ ગવાતાં.

આ બધી વાતોમાં ગાંધીજીની રવીન્દ્ર સંગીતપ્રીતિનો પરિચય જ મળે છે. પણ અહેવાલ લખનારા ખબરપત્રી આ બધી વાતોને વિસ્તારથી લખતા નહીં, જે પ્રાર્થનાસભામાં રવીન્દ્રનાથનાં કયાં કયાં ગીતો ગવાતાં એની યાદી જો આપણી પાસે હોત તો ગાંધીજીના સંગીતપ્રેમનું, રસપ્રેમનું સ્પષ્ટ પ્રમાણ મળત.

રવીન્દ્રનાથનાં ગીતો સાગર કે ગંગાની જેમ પ્રસરેલાં. વિપુલ, વૈવિધ્યપૂર્ણ અને જાણે ગંગા જેવાં જીવનપોષક. વિવિધ સ્તર અને ભાવનાં પણ. આપણી રસતૃષ્ણા પણ વૈવિધ્યસભર. વૈયક્તિક જીવનની અનેકમુખી ઇચ્છા પૂર્ણ કરવા માટે રવીન્દ્રસંગીત એ આપણી રોજની ઉપાસના.

વિશ્વકવિ રવીન્દ્રનાથે જ કહેલું કે, ''સુખમાં-દુઃખમાં, આનંદ-વિષાદમાં બંગાળીઓએ મારાં ગીતો ગાવાં જ પડશે.'' બંગાળી ન હોવા છતાંય ગાંધીજીવનમાં રવીન્દ્રનાથનાં ગીતો અનિવાર્ય હતાં. વિશ્વકવિ રવીન્દ્રનાથનું કયું ગીત ગાંધીજીને ગમતું એની ચર્ચા કરવા કરતાં એમ કહેવું ઉચિત બનશે કે રવીન્દ્રનાથનાં ગીતો ગાંધીજીને પ્રેરણા, સાંત્વના અને આત્મબળ આપનારાં હતાં. ગાંધીજી ખાસ તો રવીન્દ્રનાથ સાથે પણ ગીતોના ભાવની ચર્ચા કરતા. એક પ્રસંગ... 1940ની સાલમાં રવીન્દ્રનાથ સપ્ટેમ્બર મહિનામાં કલિમ્પોંગ ગયેલા. અચાનક એક દિવસ રવીન્દ્રનાથ બેભાન થઈ ગયા. આવી સ્થિતિમાં એમને કલકત્તા લાવવામાં આવ્યા. એક મહિનાની બીમારી પછી એ શાંતિનિકેતન પાછા ફર્યા. પહેલી નવેમ્બરે ગાંધીજીએ રવીન્દ્રનાથને પત્ર લખ્યો. ''You must stay yet a while humanity needs you. I was pleased beyond measure to find that you were better.'' આના ઉત્તરમાં રવીન્દ્રનાથે એમને એક ગીત લખીને મોકલ્યું. એ ગીત મળ્યા પછી 1941માં પહેલી જાન્યુઆરીએ ગાંધીજીએ રવીન્દ્રનાથને લખ્યું, 'Thank God though frail in body your mind vigorous enough for new songs.' પરંતુ પોષ મહિનામાં મોકલેલી ગાંધીજીની આ શુભેચ્છા સફળ ન થઈ. આવો પત્ર લખ્યા પછી શ્રાવણ મહિનામાં રવીન્દ્રનાથે મહાપ્રયાણ કર્યું. ભગ્નદેહથી નવાં નવાં ગીતો લખવાની એમની શક્તિ ક્ષીણ થઈ ગયેલી.

ઈ. સ. 1941માં મહાપ્રયાણ કરનારા વિશ્વકવિ રવીન્દ્રનાથનાં ગીતો ગાંધીજી માટે તો સ્મૃતિપ્રેરક બન્યાં. ઈ. સ. 1948માં આતતાયીની ગોળીથી નિર્વાણ પામતાં પહેલાં ગાંધીજીના જીવનમાં રવીન્દ્રનાથનાં બધાં ગીતોનું જે

પ્રેરણાસ્થાન હતું એમાંથી કેટલાંક ગીતોનો, ઉલ્લેખ અહીં અનિવાર્ય છે. 'જારબેદા' જેલમાં જ્યારે ઉપવાસ પર ઊતરવાથી તેઓ પથારીવશ હતા ત્યારે એમના સહકર્મીઓએ એમને રવીન્દ્રસંગીત સંભળાવી સ્વસ્થ રાખવાનો પ્રયત્ન કરેલો. 'રવીન્દ્રજીવની' - પ્રભાતકુમાર મુખોપાધ્યાયે રચેલી. જેમાંથી એક પ્રસંગ આધારભૂત રીતે મૂકી શકાય. ગાંધીજીના જેલવાસ દરમિયાન એમણે ઉપવાસનાં પારણાં કરેલાં ત્યારે મહાદેવભાઈ દેસાઈએ લખેલું - ''ત્યારે શ્રીમતી કમલા નેહરુ લીંબુનો રસ લાવેલાં. કસ્તુરબાએ જ્યારે પોતાને હાથે ગાંધીજીને આપ્યો ત્યારે મહાદેવભાઈ દેસાઈ ગુરુદેવનું ગીત ગાઈ ઊઠ્યા. ''જીવન જખન શુકાયે જાય કરુણાધારાય એશો.'' (''જીવન જ્યારે સુકાઈ જાય કરુણાધારે આવો.'') 'ગીતાંજલિ'નું આ ગીત મહાત્માજીને ખૂબ વહાલું હતું. આ ગીત મૂળમાં કવિગુરુ રવીન્દ્રનાથના અવાજમાં ગાંધીજીને સંભળાવવામાં આવ્યું.''

ઈ. સ. 1946માં ગાંધીજી જ્યારે નોઆખલીનું હુલ્લડ શાંત કરવા ત્યાં ગયેલા ત્યારે ચારેબાજુ સંશય અને હિંસાનું વાતાવરણ હતું. આવી આકરી હિંસામાં ધ્વંસ કરનાર વ્યક્તિના મનમાં એક પ્રકારની આશા અને શાંતિ પાછી લાવવા માટે ગાંધીજી અને એમના અંતેવાસીઓએ તનતોડ પ્રયત્ન કરેલા. એમની આ સફળતાનું વર્ણન કમલા દાસગુપ્તાના શબ્દોમાં જોઈએ, ''નોઆખલીના માર્ગ પર માણસના મનમાં શક્તિ, નિર્ભયતા અને સાહસ જગાડવાના એમના પ્રયત્નો અથાગ હતા. રસ્તામાં ચાલતાં ચાલતાં તેઓ રવીન્દ્રસંગીત અને રામધૂન ગાતાં.'' આ વાતને આગળ વધારતાં તેઓ કહે છે, ''રવીન્દ્રસંગીત અને રામધૂન ગાતાં ગાતાં અઢી માઈલનો રસ્તો પસાર કરી આવી પહોંચ્યા, વિજયનગર. તે દિવસે વિજયનગર કેમ્પમાં માણસોનો મહેરામણ ઊભરાતો હતો.''

જ્યારે નોઆખલીમાં શાંતિ સ્થાપી ગાંધીજી પણ પાછા ફરી રહ્યા હતા ત્યારનું વર્ણન હૃદયસ્પર્શી છે. કમલા દાસગુપ્તા આગળ જણાવે છે, ''જ્યારે અમારું ગામ છોડી નોઆખલીથી આગળ વધી રહ્યા હતા ત્યારે એમનું દર્શન થતું એક નિઃસંગી માનવ તરીકેનું. એ સમયે એમના હાથ જાણે નિર્ભયતાથી પ્રેમ વહેંચી રહ્યા હતા. એમની દૃષ્ટિ પ્રેમની વિનંતી કરતી હતી. એ જગાડવા માગતા હતા માણસને. માણસ-માણસ વચ્ચેના પ્રેમને. રસ્તાની ધારે ઊભેલા લોકો ગાંધીજીને સલામ નહોતા કરતા. બલકે એમના વંદનનો જવાબ પણ નહોતો વાળતા. મેં ખાસ લોકોને વિનંતી કરી કે તમે પણ સલામ વંદન કરો. કરુણ વેદનાપૂર્ણ દૃષ્ટિએ બાપુજી બોલ્યા, ''એ ભલેને વંદન ન કરે હું તો મારું કર્તવ્ય બજાવીશ. એકલા તો એકલા પણ આગળ વધવાનું

છે. 'એકલા ચલો, એકલા ચલો, એકલા ચલો રે' એમના ચહેરા પર, આંખોમાં ઊતરી આવેલી એકલાપણાની વ્યાકુળ અનુભૂતિ. બધાને ગીત ગાવાનું કહ્યું, બધા ગાતાં ગાતાં આગળ વધતા હતા. એમને આગળ ડગલાં માંડવાનું બળ આપતું હતું. એક જ ગીત,

''જદિ તોર ડાક શુને કેઉ ના આશે તબે એકલા ચલો રે.'' (તારી જો હાક સુણી કોઈ ના આવે તો એકલો જાને રે.)''

કમલા દાસગુપ્તા જેવી જ સ્મરણકથા નિરુપમાદેવીની હતી. એમાંથી એક પ્રસંગ અહીં ટાંકું છુંઃ ''હુલ્લડના કપરા સમયમાં રવીન્દ્રનાથનું બીજું એક ગીત ગાવા ગાંધીજીએ સહુને કહેલું. એ ગીત હતું,

સંકોચેર વિહ્‌વલતા નિજેરઈ અપમાન,
સંકટેર કલ્પના તે હોયોના મ્રિયમાન.
મુક્ત કરો ભય -
આપના માઝે શક્તિ ધરો નિજેરે કરો જય.

(સંકોચ કરી વિહ્‌વલ થાઓ એ તો પોતે કરેલું પોતાનું અપમાન છે. આવા સંકટની કલ્પના કરીને અધમૂઆ ન બનો).

આ ગીત આત્મબોધનું, આત્મજાગૃતિનું છે. માનસિક ત્રાસ અને સંકટોમાંથી રક્ષણ કરનારું છે. આ બધાં ગીતો રવીન્દ્રનાથે ક્યારે લખેલાં!

''જદિ તોર ડાક શુને કેઉ ના આશે.'' (1905)માં લખેલું. ''જીવન જખન શુકાયે જાય'' (1910)માં લખેલું અને ''સંકોચેર વિહ્‌વલતા'' (1929)માં લખેલું. પણ અનેક દિવસો પહેલાં લખાયેલાં આ ગીતો ગાંધીજીએ ચાળીસના દાયકામાં ઉપયોગમાં લીધાં.

આમ ગાંધીજીના જીવનમાં કવિગુરુ રવીન્દ્રનાથનાં કેટલાંક ગીતોએ મહત્ત્વનો ભાગ ભજવેલો, એમાં કોઈ શંકા નથી. ગાંધીજી અને રવીન્દ્રસંગીત આ વિષયનું કોઈ ઊંડું સંશોધન કરે તો જ આ બંને વિશિષ્ટ પ્રતિભાની વિવિધ અભ્યાસદિશા નવી રીતે જોઈ શકાય. ગાંધીજી અને રવીન્દ્ર જીવનના મિલન પ્રસંગોની સ્મૃતિ યાદી તૈયાર થાય તો જ વધુ પુષ્ટિ મળે. આ યાદી રવીન્દ્રસંગીત માટે પણ ઉપયોગી બને. પ્રસ્તુત નિબંધ આવા અભ્યાસીઓને મેળવવાની આશા રાખે છે.

❑❑❑

''હું આવતીકાલની દુનિયામાં ન દારિદ્ર્ય, ન યુદ્ધ, ન ક્રાંતિ, ન રક્તપાત જોઉં છું. એ દુનિયામાં ઈશ્વર પ્રત્યે એટલી વ્યાપક અને ઊંડી આસ્થા હશે કે પહેલાં ક્યારેય નહોતી. વ્યાપક રૂપે જોવા જઈએ તો વિશ્વનું અસ્તિત્વ જ ધર્મ ઉપર નિર્ભર છે. એને નષ્ટ કરવાના બધા પ્રયાસ વિફળ જશે. વિશ્વસંઘટનનું માળખું અહિંસાની ઈંટ ઉપર જ ઊભું થઈ થશે. આંતરરાષ્ટ્રીય બાબતોમાં હિંસાનો સંપૂર્ણ ત્યાગ કરવો પડશે.''

- ગાંધીજી



એક સૂફી સંતને જહાંગીર કુરાનની નકલ આપી રહ્યા છે

ઇસ્ટ ઇન્ડિયા કંપની અને તેણે આચરેલી લૂંટ


☐ યુનુસ ચીતલવાલા

ઇતિહાસની એ સમસ્યા રહી છે જેમાં ચોક્કસ ઘટનાઓ, વ્યક્તિઓ અને સંસ્થાઓનું યોગ્ય મૂલ્યાંકન થતું નથીઃ બ્રિટિશ રાજ 1858 પછી હિન્દુસ્તાનમાં સ્થાપિત થયું એ પહેલાં ઈસ્ટ ઇન્ડિયા કંપની રાજ કરી રહી હતી. એક વિશાળ વૈવિધ્યસભર દેશ પર કોઈ વેપારી કંપનીએ 200 વર્ષો સુધી રાજ્ય કર્યું તે ઇતિહાસમાં અદ્‌ભુત ઘટના ગણાય છે. એક કોર્પોરેટ સંકુલે વેપાર કાર્યથી શરૂઆત કરી અને "કંપની બહાદુર" બની બેઠી તે સંશોધનનો વિષય છે. દિલ્હી સ્થિત સ્કોટિશ ઇતિહાસકાર વિલિયમ ડાલરિમ્પલે લખેલું પુસ્તક "એનાર્કીઃ ઈસ્ટ ઇન્ડિયા કંપની, કોર્પોરેટ વાયોલન્સ, એન્ડ ધી પિલ્લેજ ઓફ એમ્પાયર" એ દિશામાં કરાયેલું વિસ્તૃત સંશોધન છે અને ચર્ચાનો વિષય બન્યો છે. હિન્દુસ્તાન પરનું બ્રિટિશ સંસ્થાનવાદ વરદાનરૂપ હોવાની માન્યતા બ્રિટનમાં આજે પણ આરૂઢ છે. લેખક

રુડ્યાર્ડ કિપલિંગે તો ભારતીયોને અંગ્રેજો પર બોજરૂપ હોવાની વાત કહી હતી. (White man's burden). ડાલરિમ્પલે એ ગેરસમજ દૂર કરવાનો મનનીય પ્રયાસ કર્યો છે.

હિન્દુસ્તાન 14મીથી 17મી સદીમાં ઇંગ્લેન્ડની તુલનાએ અનેકગણું સમૃદ્ધ અને વિકસિત હતું. તે સમયનાં ભારતીય શહેરો યોજનાપૂર્વક બંધાયેલાં હતાં. વિશાળ શહેરોમાં બાગ અને નમૂનારૂપ સ્થાપત્યનું નિર્માણ કરાયેલું. તે સમયે યુરોપથી હિન્દુસ્તાન આવેલા અનેક મુસાફરોએ વિસ્તૃત વર્ણન આપ્યાં છે. વેપારી સૂઝ-બૂઝ ધરાવતા યુરોપી દેશોમાં 15મી સદી પછી પૂર્વના દેશોમાંથી મરી-મસાલા, કાપડ, ગળી વગેરે મેળવવાની હોડ જામેલી.

ડાલરિમ્પલે લખેલું પુસ્તક ''એનાર્કીઃ ઈસ્ટ ઇન્ડિયા કંપની, કોર્પોરેટ વાયોલન્સ, એન્ડ ધી પિલ્લેજ ઓફ એમ્પાયર''



આરંભમાં એ માલ આરબ વચેટિયાઓ પાસેથી ખરીદ કરાતો અને જીબુતીમાં માલની હરાજી થતી. પણ 1499માં વાસ્કો-દા-ગામાના કાલિકટ બંદરે પહોંચ્યા પછી વચેટિયાઓની ભૂમિકા સમાપ્ત થઈ અને યુરોપથી પોર્ટુગીઝ, ડચ, ફ્રેન્ચ અને ઇંગ્લિશ જહાજોએ હિન્દુસ્તાન તરફ સઢ તાણ્યાં. મુઘલ સમયમાં સુરતનું બંદર પશ્ચિમ ભારતનું પ્રમુખ બંદર હતું. પોર્ટુગીઝ ઉપરાંત અંગ્રેજોને પણ ભારત સાથેનો વેપાર કસભર્યો લાગ્યો.

લંડનમાં 1599માં ત્યાંના અંગ્રેજ વેપારીઓએ બોલાવેલી બેઠકમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીના ગઠન કરવા અંગેનો નિર્ણય લેવાયો. તેની દરખાસ્ત તે સમયની બ્રિટિશ સરકારને કરાઈ. બ્રિટનની ક્વીન એલિઝાબેથ પ્રથમને હિન્દુસ્તાન અને ઇંગ્લેન્ડ વચ્ચે વેપારી સંબંધ સ્થપાય તેમાં ઊંડો રસ હતો. પરિણામે 1583માં ભારત આવનારા વેપારીઓમાં સાહસિક પ્રવાસી જોન ન્યુબેરી પણ સામેલ હતા. તેઓ મુઘલ સમ્રાટ શહેનશાહ અકબર માટે એલિઝાબેથનો પત્ર લઈ આવેલા. તેમાં ઈસ્ટ ઇન્ડિયા કંપની જેને એલિઝાબેથે ચાર્ટર આપેલો તેને હિન્દુસ્તાનમાં વેપારી પેઢી સ્થાપવાની મંજૂરી આપવાની વિનંતી કરાઈ હતી. પણ મુઘલ સમ્રાટે કોઈ ખાસ પ્રતિભાવ ન આપતાં વાત ત્યાં જ અટકી ગયેલી. જોન ન્યુબેરી ભારતમાં જ સ્થાયી થઈ લગભગ હિન્દુસ્તાની બની ગયેલો અને તેનું મૃત્યુ પણ આગ્રામાં થયું. તે



સર થોમસ રો

પછી ઇંગ્લેન્ડના રાજા જેમ્સ-1ના સમયમાં કામચલાઉ એલચી વિલિયમ હોકિન્સને શહેનશાહ જહાંગીરના દરબારમાં મોકલાયો. હેક્ટર નામના જહાજમાં સન 1614માં તે સુરતના સ્વામી બંદરે પહોંચ્યો. ત્યાંથી આગ્રામાં જહાંગીરના દરબારમાં હાજર થયો. હિન્દુસ્તાનથી માલ આયાત કરવાની મંજૂરી મેળવવાનો તેનો પ્રમુખ આશય હતો. તે અગાઉ તુર્કીના ઇસ્તમ્બૂલમાં રહેલો અને તુર્કીભાષા બોલી જાણતો. જહાંગીર પણ એ ભાષાથી પરિચિત હતો. પણ હોકિન્સ એક નાવિક હતો અને મુત્સદ્દી તરીકેની તેનામાં કોઈ આવડત નહોતી. આરંભમાં જહાંગીરે તેને મળવાનો સમય આપ્યો પણ સતત વેપારની મંજૂરી આપવાની તેની અણઘડ માગથી તેને કંટાળો આવ્યો અને છેવટે હોકિન્સને વધારે વખત આપવાનું બંધ થયું. ખાલી હાથે ફરેલા હોકિન્સની વાતો પરથી રાજા જેમ્સને સમજાયું કે કોઈ સામાન્ય વ્યક્તિથી એ કામ પાર પાડવું મુશ્કેલ હતું. કોઈ મોટા ગજાની વ્યક્તિની જરૂરિયાત તેને સમજાઈ. પરિણામે સર થોમસ રો જહાંગીરના દરબારમાં રાજા જેમ્સના સત્તાવાર એલચી નિમાયા. રો અત્યંત પ્રભાવશાળી વ્યક્તિ હતા. અગ્રગણ્ય ઉમરાવ હોવા ઉપરાંત તે મેમ્બર ઓફ પાર્લામેન્ટ હતા. તે સાહસિક પ્રવાસી પણ હતા અને એમેઝોનના જંગલમાં 400 કિ.મી. સુધીનો પ્રવાસ કરેલો. તેઓ 1615માં સુરત પહોંચ્યા અને બાદશાહ જહાંગીરને મળવાની મંજૂરી માગી. પણ તેમને તે મળતાં છ મહિના લાગ્યા અને આખરે તે જહાંગીરની અજમેરની યાત્રા દરમિયાન મળી શક્યા. તેઓ સાથે રાજા જેમ્સે મોકલેલી ભેટસોગદોમાં માસ્ટીફ કૂતરા, ઝવેરાત, કાચ અને લાકડાની સુંદર નક્શીકામ કરેલી પેટીઓ, એક ઘોડાની બગી અને અનેક નાનીમોટી સુંદર વસ્તુઓ સામેલ હતી. તે સમયે મુઘલ બાદશાહ વિશ્વમાં સૌથી વધારે સમૃદ્ધ અને શક્તિશાળી ગણાતા. વધુમાં જહાંગીરના હાથ હેઠળ 40 લાખની સેના હતી. એવા શક્તિશાળી સમ્રાટ વિરુદ્ધ ગુસ્તાખી કરવાનું કોને પરવડે? જહાંગીરનો ઠાઠ અને ચકાચોંધ કરનારી જાહોજલાલીથી સર થોમસ રો અત્યંત પ્રભાવિત થયા. તેણે લખ્યું છે કે ''એક અંગત સમારંભમાં બધા ઉમરાવો સુંદર કાલિન પર બેસી શહેનશાહના આવવાની રાહ જોઈ રહ્યા હતા. જ્યારે તેમની પધરામણી થઈ તો તેમને જોઈ મારા અચંબાનો પાર ન રહ્યો. તેમણે પહેરેલા હીરા અને ઝવેરાતથી રાજમહેલ ઝળકી ઊઠ્યો. અસંખ્ય રત્નો

જેવા કે હીરા, નીલમ, પોખરાજથી જાણે તેમનું શરીર ઢંકાયેલું હતું. તેમની હાથની કોણી સુધી કિનખાબ પર રત્નો અને મોતીનું ભરતકામ કરેલું. તેમની આંગળી પર એકએકથી ચડિયાતાં રત્નોજડિત વીંટી જોઈ મારી આંખ ઝંખવાઈ ગઈ. અમુક હીરા-માણેક તો અખરોટના કદના હતા. મને લાગે છે કે સમસ્ત વિશ્વનો ખજાનો અહીં જ એકઠો કરાયો છે.'' શહેનશાહ જહાંગીર માટે રાજા જેમ્સે અત્યંત મૂલ્યવાન કાળા મોતીનાં બ્રૂચ ભેટમાં મોકલેલાં. પણ જહાંગીરની ઝવેરાત પરત્વેની રુચિ જોઈ તે બ્રૂચ ભેટ આપવાં કે નહીં તે નક્કી કરવામાં થોડો સમય લાગ્યો. રખે બાદશાહ તેમને તુચ્છ ગણે અને તેમના કાર્યમાં આડખીલીરૂપ બને તે ભય સાથે આખરે તેણે તે બાદશાહના હાથમાં મૂક્યાં. જહાંગીરે તેને જોઈ કહ્યું ''આ તો ઘણાં સરસ છે.'' રોને એ સાંભળી નિરાંત થઈ.


તે સમયે વિશ્વ વેપારમાં ભારતનો હિસ્સો 25 ટકા જેટલો હતો. તેની સરખામણીમાં ઇંગ્લેન્ડનો માત્ર 3 ટકા હિસ્સો નગણ્ય જ ગણાય. હિન્દુસ્તાનનાં શહેરોની બજારો વિશ્વના અનેક દેશોથી આવેલા માલથી ઊભરાતી. દિલ્હી અને આગ્રાની બજારોમાં ઈરાન, અફઘાનિસ્તાન, મધ્ય એશિયાથી આવતાં ફળોનું ધૂમ વેચાણ થતું. મોટા વેપારીઓ, આડતિયા, બેન્કર કે શરાફો મુખ્યત્વે હિંદુ હતા. મુસ્લિમો કારીગરો, વણકરો હતા અને મુલ્કી કે લશ્કરી સેવામાં જોડાયેલા હતા. હિંદુ બેન્કરોની વગ મુઘલ દરબારમાં ગણનાપાત્ર હતી.

ઈસ્ટ ઇન્ડિયા કંપની જે વસ્તુઓની હિન્દુસ્તાનથી આયાત કરવા માગતી તેમાં મરી-મસાલા, કાપડ, ગળી, ઝવેરાત અને સોલ્ટપીટરનો સમાવેશ થતો. પણ જહાંગીર એ વેપાર અંગે બહુ ઉત્સાહિત ન હતો. પોર્ટુગીઝ અને ડચ વેપારીઓ અંગ્રેજોના આગમન પહેલાંથી જ ભારતમાં વેપારી ક્ષેત્રે સક્રિય હતા અને ધૂમ કમાણી કરી રહ્યા હતા. એક વધુ દેશના સોદાગરો તેમની કોઠીઓ સ્થાપે તે બાબત સાથે તે હકારાત્મક વલણ ન ધરાવતા હોવાથી સર થોમસ રોને આંચકો લાગેલો. પણ રોએ તેના પ્રયત્નો ચાલુ રાખ્યા અને છેવટે તેમના ત્રણ વર્ષના રોકાણ પછી તેમને જહાંગીરે સુરતમાં કોઠી સ્થાપવાનું ફરમાન કાઢી આપ્યું. તેમનું કાર્ય આટોપી લઈ થોમસ રો 1618માં સ્વદેશ પરત ગયા. તેમણે ભારતના લોકો, તેમની જીવનશૈલી, પરંપરા, રાજકીય માહોલ અને વ્યાપારી પરિવેશનો ઊંડો અભ્યાસ કરેલો. તેમણે અંગ્રેજોને મુઘલ બાદશાહો સાથે સાનુકૂળ સંબંધો રાખવા પર ભાર મૂકેલો અને કોઈ પણ રાજકીય રમતથી દૂર રહેવાની સલાહ આપેલી, જે આપણે આગળ જોઈશું તેમ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ અવગણી અને કાયદા વિરુદ્ધનાં અનેક કાર્યો કરેલાં.

સર થોમસ રોના ગયા પછી બીજાં


સો વર્ષો સુધી કંપનીએ મુઘલ રાજકીય અંકુશને માન્ય રાખી તેના વેપારને જ મહત્ત્વ આપ્યું. પણ ઔરંગઝેબના મૃત્યુ પછી તેણે આચરેલી સંકુચિત નીતિઓના કારણે અનેક જગ્યાએ વિદ્રોહ ફાટી નીકળ્યા. મરાઠા, શીખ, જાટ અને મુઘલ ગવર્નરોએ તેમના હેઠળના વિસ્તારો પર કબજો જમાવ્યો અને અંદરોઅંદરની ફાટફૂટને કારણે દેશમાં અંધાધૂંધી કે ANARCHY ફેલાઈ. એક ગામથી બીજા ગામે જવાનું પણ દુષ્કર બની ગયું. આ સંજોગોમાં કંપનીએ તેની કોઠીઓ અને વેપારી સંકુલોની સુરક્ષા માટે હથિયારધારી સૈનિકોની નાની ફોજ ઊભી કરી અને કોઠીઓ ફરતે દીવાલ બાંધી સુરક્ષામાં ઉમેરો કર્યો. અંધાધૂંધી એટલી હદે વધી કે સામાન્ય લોકો માટે જીવવું પણ મુશ્કેલ બની ગયું. પીંઢારા અને ઠગ ટોળકીઓએ લોકોના જાન-માલની સલામતીને લગભગ સમાપ્ત કરી નાખી. પરિણામે લોકો અંગ્રેજોની કોઠીઓમાં આશરો લેવા મજબૂર બન્યા. આરંભમાં કંપનીને લોકોનો ટેકો મળ્યો તેનું પ્રમુખ કારણ પણ આ જ હતું. પણ જેમ જેમ ઈસ્ટ ઇન્ડિયા કંપનીની તાકાત વધતી ગઈ તેમ તેણે વધુ ને વધુ વેપાર અને આવક વધારવા સામ, દામ, દંડ, ભેદની નીતિનો ઉપયોગ કર્યો. એ રીતે હિન્દુસ્તાનમાં ફેલાયેલી અરાજકતાનો સીધો લાભ કંપનીને થયો. કંપની અને દેશના ઇતિહાસમાં એ એક નિર્ણાયક વળાંક હતો. અહીંથી જ કંપની એક વ્યાપારી સંકુલ મટી લશ્કરી તાકાતનું કેન્દ્ર બની ગઈ. દેશી રાજ્યોની ખટપટને કારણે તેને મોકળું મેદાન મળી ગયું. એક રાજ્યને બીજા વિરુદ્ધ લડાવી તેની વિસ્તાર વધારવાની નીતિ સફળ રહી.

કંપનીના વિકાસમાં ગવર્નર લોર્ડ ક્લાઈવનો ફાળો મહત્ત્વનો છે. નાની ઉંમરમાં એક કારકુનરૂપે કારકિર્દીની શરૂઆત કરનાર ક્લાઈવ તેના યોગ્ય સ્થાને પહોંચી ગયો. તે અત્યંત મહત્ત્વાકાંક્ષી અને કાબેલ મુત્સદ્દી હતો. કંપનીને પૈસાની તાતી જરૂરિયાત હોવાથી તેણે બંગાળના નવાબ શિરાજુદ-દવલાને તેના શિકાર બનાવવાનું નક્કી કર્યું. તે સમયે બંગાળ હેઠળ ઓડિસા અને બિહારનો સમાવેશ પણ થતો. મહેસૂલી આવકની દૃષ્ટિએ તે ઉત્તર ભારતમાં પ્રથમ સ્થાને હતું. બંગાળમાં મારવાડી શેઠ જેને 'જગતશેઠ' કહેતા તેની પકડ ત્યાંની અર્થવ્યવસ્થા પર મજબૂત હતી. પણ નવાબ સાથેના તેમના સંબંધો તંગ હતા. નવાબ શિરાજુદ-દવલા


લોર્ડ ક્લાઈવ

તેમની સાથે ટેક્સ વસૂલવા કડક અને પક્ષપાતી વલણ રાખતા. નવાબના અમુક મુસ્લિમ અધિકારીઓ પણ અંદરખાને તેનાથી નારાજ હતા. એટલે નવાબને ઉથલાવવાની તક હાથવગી હતી. ક્લાઈવે નવાબના સેનાપતિ મીરજાફરને ફોડ્યા અને કંપનીના હિત વિરુદ્ધ નવાબે ખોટી કાર્યવાહી કરી હોવાથી યુદ્ધનું એલાન કર્યું. નવાબનું સૈન્ય મોટું હતું છતાં તેની પ્લાસીના યુદ્ધ (1757)માં અપેક્ષિત હાર થઈ. સત્તા પર આરૂઢ થયેલા નવા નવાબ પાસેથી ક્લાઈવે બંગાળ, બિહાર અને ઓડિસાની મહેસૂલી આવક વસૂલવાનો ઇજારો પણ મેળવી લઈ કંપનીની આર્થિક સ્થિતિમાં મોટો સુધાર આણ્યો. સાથે કરોડો રૂપિયા તેણે ઘરભેગા પણ કર્યા. ચોરમાં મોર પડે તે ઉક્તિ તેણે સાચી પાડી. બંગાળ પછી બીજા અનેક વિસ્તારો કંપનીના કબજામાં આવ્યા. કંપનીની લશ્કરી તાકાત વધતી રહી. સાથે બંગાળ (કલકત્તા)ના મારવાડી જગત શેઠોએ કંપનીમાં મોટું મૂડીરોકાણ કર્યું. એટલે કંપનીની આર્થિક મજબૂતાઈમાં જગતશેઠનો ફાળો સવિશેષ હતો. પરિણામ એ આવ્યું કે 1803ની સાલ આવતાં સુધીમાં કંપનીનું લશ્કર 20,000 સૈનિકો ધરાવતું અદ્યતન લશ્કર બન્યું. બાકી રહેલું દિલ્હી પણ 1803માં કંપનીની હકૂમત નીચે આવી ગયું. ફક્ત જામા મસ્જિદ પાસેનો વિસ્તાર મુઘલ બાદશાહ શાહઆલમના કબજા હેઠળ રહ્યો. એટલે કહેવાતું કે ''નિઝામ શાહઆલમ, લાલકિલા દા પાલમ.'' એક અન્ય નોંધનીય બાબત એ છે કે કંપનીના લશ્કરમાં 80 ટકા જેટલા તો ભારતીયો હતા. એટલે કંપનીએ કુશળ સંચાલન કરી ભારતીય નાણાં અને માનવીય સંસાધનનો ઉપયોગ કરી મોટી લૂંટ ચલાવેલી. તેની લૂંટ એટલી તો વિશાળ પાયે હતી કે અંગ્રેજીના શબ્દકોશમાં તેનો ઉમેરો થયો. બંગાળમાં પૈસા મેળવવાની લાલચમાં હજારો એકર ખેતીની જમીન બળજબરીપૂર્વક મેળવી અનાજને બદલે અફીણનું વાવેતર કર્યું. પરિણામે લોકોને છતે અનાજે દુષ્કાળનો સામનો કરવો પડ્યો અને એ દુષ્કાળ કંપની નિર્મિત હતો. વિલિયમ ડાલરિમ્પલે કંપની દ્વારા કરાયેલ લૂંટનો અહેવાલ આપ્યો છે. બ્રિટનમાં આજે પણ લૂંટાયેલ ઝવેરાત, સુંદર કલાકૃતિઓ અને ગાલીચા વગેરે અમુક ઘરોમાં જોવા મળે છે. એ લૂંટ કરવામાં કંપનીએ જે રીતો અપનાવી તેમાં બળજબરી, હત્યા, જુલમ અને કષ્ટ આપનારી પદ્ધતિના ઉપયોગનો સમાવેશ થતો. કંપની ઉપરાંત બ્રિટિશ સરકારની સામેલગીરી પણ ચોંકાવનારી છે. એ રીતે કોર્પોરેટ અને રાજકારણી વચ્ચેની સાઠગાંઠ કેટલી હદે અન્ય લોકો કે દેશો માટે ઘાતક નીવડી શકે તેનું જીવંત ઉદાહરણ ઈસ્ટ ઇન્ડિયા કંપની છે. આજે પણ અમેરિકા સહિતના દેશોમાં એ પ્રકારની ભાગીદારી નિર્ણાયક સાબિત થઈ રહી છે. એ વ્યવસ્થામાં નીચલા સ્તરના લોકોનો ભોગ લેવાય તે સ્વાભાવિક છે.

❑❑❑



સુદામે દીઠી દ્વારામતી!

☐ રતિલાલ બોરીસાગર

(1)

26 જુલાઈ 2017; સવારના નવની આસપાસનો સમય. નાહીને બાથરૂમમાંથી બહાર આવ્યો. નાહીને લોકો માળા હાથમાં લેતા હોય છે, હું નાહીને તરત મોબાઈલ હાથમાં લઉં છું - કોઈના મિસ્ડ્ કોલ નોંધાયા હોય તો જોવા. તે દિવસે મેં જોયું કે એક જ નંબર પરથી બે-ત્રણ મિસ્ડ્ કોલ નોંધાયા હતા. મેં વળતો ફોન જોડ્યો.

'હું રતિલાલ બોરીસાગર, આપનો ફોન...' 'હું ખેતશીભાઈ બોલું છું. મોરારિબાપુ તમને લંડનની રામકથા માટે નિમંત્રણ આપે છે. બાપુ કહે છે કે સ્વાસ્થ્ય સારું હોય તો જરૂર આવો.'

એક અર્વાચીન સુદામાને સોનાની દ્વારામતીના માટેનું રોમાંચક નિમંત્રણ હતું. મેં કહ્યું, 'હું સાંજે અથવા આવતીકાલે મારો નિર્ણય જણાવું તો ચાલે?'

'ચાલે; પણ સમય બહુ ઓછો છે. વીઝા-ટિકિટ વગેરે બધી કાર્યવાહી ટૂંકા સમયમાં કરવાની છે. એટલે બને એટલો જલદી નિર્ણય કરજો.'

થોડાં વરસ પહેલાં આ જ રીતે હરિશ્ચંદ્રભાઈ (હરિશ્ચંદ્ર જોશી)નો ફોન

આવ્યો હતો - 'થાઈલેન્ડમાં બાપુની કથા છે. ઘણા સાહિત્યકારો આવવાના છે. તમને બાપુએ નિમંત્રણ પાઠવ્યું છે. બે દિવસ પછી વીઝા માટે દિલ્હી જવાનું છે. પાસપોર્ટ તૈયાર રાખજો.'

'પણ મારી પાસે પાસપોર્ટ નથી.' મેં ઢીલા અવાજે કહ્યું હતું. બે દિવસમાં પાસપોર્ટ મળે એ શક્ય જ નહોતું. એટલે વિદેશગમનની પહેલી તક ખોઈ હતી. મિત્રો-સ્વજનો મને કેટલાય વખતથી પાસપોર્ટ કઢાવી લેવાનું કહેતા હતા. એ વખતે હું એમને એક જોક કહેતો હતોઃ 'એક માણસને ઘોડાની નાળ જડી. એ માણસે વિચાર્યું, 'હવે ત્રણ નાળ ને એક ઘોડો મળી જાય એટલે આપણું કામ પૂરું.' માણસના આશાવાદના અતિરેકની આ મજાક છે. પણ એ દિવસે મને લાગ્યું કે 'જેને એક નાળ મળે એને કોઈક દિવસ ત્રણ નાળ ને એક ઘોડો મળી પણ જાય!' આ વખતે તો પાસપોર્ટ તૈયાર હતો. મેં એ જ દિવસે બપોર પછી ખેતશીભાઈને ફોન કરીને હા પાડી દીધી.

*

ટિકિટ અને વીઝા માટે બહુ ઓછો સમય હતો; જોકે, લંડનના વીઝા માટે મુંબઈ જવાનું નહોતું - અહીં અમદાવાદમાં જ લંડનનો પરવાનો સુલભ હતો. અલબત્ત, એ માટેના ડોક્યુમેન્ટ્સ લંડનથી રાજકોટ અને રાજકોટથી અહીં આવવાના હતા. રાજકોટથી અમીતભાઈનો મેસેજ આવ્યો. WhatsApp હું નવું નવું વાપરતો થયો હતો. WhatsApp પર માગેલી મારા વિશેની તમામ વિગતો તરત ભરીને ઇ-મેઇલથી ધર્મેશભાઈને મોકલવાની હતી.

મારું ઇ-મેઇલ એડ્રેસ નહોતું ત્યારે બધા આશ્ચર્યથી પૂછતા, 'તમે ઇ-મેઇલ નથી વાપરતા? નવાઈ કહેવાય.' અલ્પપરિચિતોના વિવેચનની ભાષા આવી સૌમ્ય હતી. પણ નિકટના મિત્રો મૈત્રીવિવેચનની પરિભાષા છોડી કડક વિવેચન કરતાઃ 'કયા યુગમાં જીવો છો તમે? નરસિંહ મહેતાના સમકાલીન ગણાવ તમે!' આવી તુલનામાં નરસિંહ મહેતાને થતા અન્યાય તરફ હું મિત્રોનું ધ્યાન દોરતો, પણ એનાથી મિત્રોને વધુ શૂરાતન ચડતુંઃ 'અમે સર્જકતાની દૃષ્ટિએ તારી તુલના નરસિંહ મહેતા સાથે નથી કરતા એટલે નરસિંહ મહેતાને અન્યાય થવાનો પ્રશ્ન જ નથી. માત્ર તું પંદરમી સદીમાં જીવી રહ્યો છે એટલું જ અમારું કહેવું છે.'

આ પછી મેં ઇ-મેઇલ એડ્રેસ તો ધારણ કર્યું. પણ આવી ઇમરજન્સીમાં એ કામનું નહોતું. એટલે 'સર્વ ધર્માન્ પરિત્યજ્ય' મેં મારાં પુસ્તકોના કોમ્પ્યુટીકરણનું કામ કરતા મિત્ર મનીષ (મનીષ પારેખ)નું શરણું શોધ્યું. એના ઇ-મેઇલ એડ્રેસ પર બધું મોકલવાની ધર્મેશભાઈને વિનંતી કરી.

બધું કામ વીજળીવેગે ચાલ્યું. મનીષે બધું કામ ઝડપથી કરી આપ્યું. ફોર્મમાં મારી મિલકતના પુરાવા પણ જોડવાના હતા. મિલકતમાં એક 'સુદામાકુટીર' (અમદાવાદના નારણપુરા વિસ્તારની મારા જ નામવાળી સોસાયટી 'રતિલાલ પાર્ક'નો એફ-67 નંબરનો એક ફ્લેટ) અને નિવૃત્તિ વખતે મળેલી આજે તો સાવ મામૂલી ગણાય એટલા રૂપિયાની ડિપોઝિટની રસીદો હતી! 'સુદામાકુટીર' એ માટે કે આ જન્મજાત સુદામાનો ફ્લેટ શ્રીકૃષ્ણ સરખા અનેક મિત્રોની કૃપાથી થયો હતો! આમ છતાં, આવી મામૂલી મિલકતનાં ડોક્યુમેન્ટ્સ પણ મેં તાતા-બિરલા કે અંબાણી બંધુઓની અદાથી રજૂ કર્યાં.

બધાં ડોક્યુમેન્ટ્સ પહોંચ્યાં એના બીજા જ દિવસે વીઝા માટેની તમામ સામગ્રી મળી ગઈ. ભાઈ મનીષે બધાંનાં પ્રિન્ટઆઉટ્સ કાઢી આપ્યાં. આ પછીના એકાદ દિવસે જ બપોરે ફોન આવ્યો - પણ બપોરે સૂવાના સમયે આવ્યો હશે એટલે મારાથી લઈ શકાયો નહીં. કહે છે ને 'સૂતેલાનું નસીબ સૂતું રહે છે' એવું જ થયું. મેં વળતો ફોન કર્યો ત્યારે લંડન વીઝા માટે નેહાબહેનનો ફોન હતો. એમણે કહ્યું, 'તમારે માટે પહેલી ઓગસ્ટ, મંગળવારની એપોઈન્ટમેન્ટ હતી, પણ તમે મળ્યા નહીં એટલે હવે બીજી તારીખે અગિયાર વાગ્યે બધાં ડોક્યુમેન્ટ્સ લઈ તમારે લંડનની અમદાવાદની વીઝા ઓફિસે જવાનું છે.' મહાકવિ પ્રેમાનંદ વિશે એવું કહેવાય છે કે કવિત્વશક્તિના વરદાન માટે ગુરુએ બોલાવ્યા. ત્યારે એક દિવસ મોડા પડ્યા. ('કવિઓ નિરંકુશ હોય છે' એમ કહેવાય છે. પ્રેમાનંદે કવિ થતાં પહેલાં આ ગુણ સિદ્ધ કર્યો હતો.) એટલે ગુરુએ કહ્યું, 'કાલે આવ્યો હોત તો સંસ્કૃતનો મહાકવિ થાત પણ એક દિવસ મોડો આવ્યો એટલે પ્રાકૃતનો મહાકવિ થઈશ.' હું વીઝાની એપોઈન્ટમેન્ટ લેવામાં એક કલાક મોડો પડ્યો તો મારી એપોઇન્ટમેન્ટ એક દિવસ પાછળ ગઈ. માધવ રામાનુજ ને રઘુવીર ચૌધરીનો આગળના દિવસે વારો આવ્યો.

'પરિમલ ગાર્ડન' ચાર રસ્તા પાસે લંડનની વીઝાઓફિસ આવેલી છે એ મને રઘુવીરભાઈએ દિશાઓનાં નામ સાથે વીગતે સમજાવ્યું હતું, જે હું રાબેતા મુજબ સમજી શક્યો નહોતો. સામે સૂરજ દેખાતો હોય તો જ એ પૂર્વદિશા હોય એટલું ચોક્કસ કહી શકું, ને એના આધારે બીજી દિશાઓ નક્કી કરી શકું પણ એ સિવાય સર્વ દિશાઓ મારા માટે સરખી! રિક્ષાવાળા બંધુ મને પરિમલ ચાર રસ્તા પાસે લઈ ગયા અને પૂછ્યું, 'હવે કઈ બાજુ જવાનું, સાહેબ?'

'મારે લંડન જવાનું છે' મેં કહ્યું.

રિક્ષાવાળા બંધુ રમૂજી હતા. એણે કહ્યું, 'સાહેબ, મારી રિક્ષા લંડન સુધી નથી જતી!'

હું હસી પડ્યો. મેં કહ્યું, 'મારે વીઝા માટે લંડનની વીઝાઓફિસે જવાનું છે. એમ કરો પહેલાં ડાબી બાજુએ લઈ લો.' 'બધી દિશાએથી મને શુભવિચારો પ્રાપ્ત થાઓ' એવો ઋગ્વેદનો મંત્ર યાદ કરી, વારાફરતી ચારેય દિશા અજમાવવાનો મેં નિર્ણય કર્યો.

ડાબી તરફ છેક પાલડીના રસ્તા સુધી પહોંચી ગયો. 'કૌન બનેગા કરોડપતિ'ના સ્પર્ધક મૂંઝાઈને 'ફોન અ ફ્રેન્ડ'ની લાઇફલાઈન ઇસ્તમાલ કરે છે તેમ મેં રાધાની ઉત્કટતાથી માધવ (માધવ રામાનુજ)ને ફોન કર્યો. માધવે પહેલાં મને સમજાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો પછી રિક્ષાવાળાને ફોન આપવા કહ્યું, રિક્ષાવાળા બંધુ તરત સમજી ગયા ને રિક્ષા વીઝાની ઓફિસની પાસે ઊભી રાખી.

દરવાજા પરના સિક્યુરિટી ગાર્ડને મેં વીઝા માટેનો એપોઇન્ટમેન્ટ લેટર બતાવ્યો.

'દસ મિનિટ કે બાદ' - એમણે કહ્યું. ઊભાં-ઊભાં જ પ્રતીક્ષા કરવાની હતી. લંડન સુધી જવા તૈયાર થયેલી વ્યક્તિના પગના મજબૂતપણાની કસોટી કરવાની આ અનૌપચારિક વ્યવસ્થા હશે એમ મેં માન્યું.

પંદરેક મિનિટ પછી પ્રવેશ મળ્યો. કાઉન્ટર પર એક બહેન બેઠાં હતાં. એમને મેં વીઝાનો એપોઈન્ટમેન્ટ લેટર બતાવ્યો. મેં એમની સાથે ગુજરાતીમાં વાત શરૂ કરી હતી એટલે એમણે પણ ગુજરાતીમાં જ વાત કરી, પણ લંડન જઈ રહ્યો છું એટલે ફોર્મ ભરવા જેટલું અંગ્રેજી તો મને આવડતું જ હશે એમ માની ફોર્મ આપ્યું, છતાં, મારા મોઢા પરનો ગભરાટ પારખી જઈ એ ભલી બહેને કહ્યું, 'કંઈ ન સમજાય તો મને પૂછજો -કહેશો તો આખું ફોર્મ પણ ભરી આપીશ.' બાલિકાના સૌજન્યથી હું ગદ્ગદિત થઈ ગયો. મારું કામ જાતે કરવા કરતાં બીજાં પાસે કરાવવામાં મને અદ્ભુત આનંદ આવે છે, પણ હવે જીવનના ઉત્તરાર્ધમાં હું થોડો સુધર્યો છું. એટલે મેં જાતે જ ફોર્મ ભરવા માંડ્યું. એટલામાં બાલિકાએ મને બોલાવ્યો ને પૂછ્યું, 'તમારે ફાસ્ટ ટ્રેકમાં વીઝા જોઈએ છે?' 'ફાસ્ટ' ને 'ટ્રેક' બંને શબ્દોના છૂટાછૂટા અર્થ મને આવડતા હતા, પણ બંને શબ્દો મળીને બનેલા 'સંયુક્ત શબ્દ' - 'ફાસ્ટ ટ્રેક'નો ટેક્નિકલ અર્થ શો થાય એની મને સમજ ન પડી. એટલે મેં પૂછ્યું, 'ફાસ્ટ ટ્રેક' એટલે?

'તમારે અર્જન્ટ વીઝા જોઈએ છે કે પંદર-વીસ દિવસે રુટિન કોર્સમાં વીઝા મળે તો ચાલે?'

લંડન જવા આડે માંડ દસ દિવસ રહ્યા હતા. વીઝા મળે પછી જ ટિકિટની

વ્યવસ્થા થઈ શકે એમ મને કહેવામાં આવ્યું હતું. એટલે મેં કહ્યું, 'અર્જન્ટ- એકદમ અર્જન્ટ!'

'તો તેની પંદર હજાર રૂપિયા ફી ભરી દો.'

પંદર હજાર રૂપિયાની વાત સાંભળી હું એકદમ આકાશમાંથી ધરતી પર આવી ગયો! મારા ખિસ્સામાં માંડ હજાર રૂપિયા હતા. - અને ઘરે પણ એટલી કેશ નહોતી. એટીએમ કાર્ડ પણ મારી પાસે નહોતું. બેન્કમાંથી કેશ લેવા જાઉં તો આજની એપોઈન્ટમેન્ટ કેન્સલ થઈ જાય! હું એકદમ મૂંઝાઈ ગયો. ફરી મેં સન્મિત્ર માધવનું મોબાઇલિક સ્મરણ કર્યું! પહેલાં વીઝા ઓફિસની શોધ માટે માધવને ફોન કર્યો ત્યારે રાધાની ઉત્કટતાથી ફોન કર્યો હતો, પણ અત્યારે દ્રૌપદી આર્દ્રતાથી ફોન કર્યો હતો!

'તમે બધાં ડોક્યુમેન્ટ્સ લાવ્યાં છો ને? હું વીઝા લેવા ગયો ત્યારે ફાઈલ ઘેર ભૂલી ગયો હતો એટલે ફાઈલ લેવા પાછાં જવું પડ્યું હતું!' આવી કટોકટીમાં પણ હું હસી પડ્યો. મને થયુંઃ ભુલકણાપણામાં હું પ્રથમ વર્ગમાં આવું - પણ આપણી ભાષાના એક મોટા કવિ સર્જકતામાં મારાથી આગળ છે એમ ભુલકણાપણામાં પણ મારાથી આગળ છે!

'ડોક્યુમેન્ટ્સમાં ફાસ્ટ ટ્રેક માટેની ફી ભર્યાની પહોંચ છે, જુઓ!' માધવભાઈએ કહ્યું. હું તરત જ પેલી બાલિકાને શરણે ગયો ને કહ્યું, 'આમાં ફાસ્ટ ટ્રેક માટેની ફી ભર્યાની પહોંચ છે!' બાલિકાએ પહોંચ તરત શોધી કાઢી ને કહ્યું, 'Ok!'

ફોર્મ ભરીને, મેં રજૂ કર્યું. એ બારી પર પણ એક ભગિની જ વિરાજમાન હતાં. એમણે જરૂરી નોંધ કરી, બીજી એક બારીએ જવાનો નિર્દેશ કર્યો. એ બારી પર બેઠેલી બહેને મારાં આંગળાંની છાપ લીધી - પાસપોર્ટની છાપ સાથે મેચ કરવા માટે. પણ આંગળાંની છાપ ઊઠી જ નહીં! પણ પેલી બહેને સંનિષ્ઠ પ્રયત્ન કર્યો - આંગળા પર પ્રવાહી લગાડાવ્યું - આખરે આંગળાંની છાપ ઊપસી તો ખરી.

આ પછી મૂળ બારી પર પાછા જવાનો નિર્દેશ મળ્યો. બહેને પૂછ્યું, 'રૂબરૂમાં આવીને વીઝા લઈ જશો કે કુરિયર દ્વારા મેળવવાનું પસંદ કરશો?'

આવા સહેલા લાગતા પ્રશ્નોના ઉત્તર દેવાનું મારા માટે ક્યારેય સહેલું નથી હોતું. એટલે સામાન્ય રીતે હું પ્રશ્નકર્તા પર જ ઉત્તરની જવાબદારી નાખી દઉં છું. મેં કહ્યું, 'તમારી શી સલાહ છે? તમે મને માર્ગદર્શન આપો.'

'કુરિયરથી જલદી મળી જશે, પણ એની ફી 600 રૂપિયા ભરવી પડશે.'

મેં ફી ભરી દીધી, ને ત્રીજે કે ચોથે દિવસે ઘરે બેઠાં વીઝા મળી ગયા.

[આવતા અંકે સમાપ્ત]



દાસમ્મા

ગિરીશ ભટ્ટ

આજે દાસમ્મા હજી આવ્યાં નહોતાં. ઘડિયાળ સાત ને દસનો સમય બતાવતી હતી. સરસ સવાર હતીઃ ખુશનુમા, પીળો તડકો અને મંદ મંદ પવન.

દાસમ્મા સાતને ટકોરે અવશ્ય આવી જતાં. છેલ્લા છ માસનો ક્રમ હતોઃ આવે, અમૃતાના ખંડમાં પ્રવેશે, પૂર્વ તરફની બારી ખોલે, પરદો સંકોરે ને પછી એક મમતાભરી નજર અમૃતા પર પાથરે.

અમૃતા તો જડ સ્થિતિમાં પથારીમાં પડી હોય. પથારી શાની? તેનો અને નીરવનો ડબલ-બેડ હતો.

શાન્તિએ ગરમ પાણીની બાલદી, ટુવાલ, નેપ્કિનો, રૂની પૂણીઓ, સાવરણી... બધું તૈયાર રાખ્યું હોય.

દાસમ્મા અયપ્પાને સ્મરે, અગરબત્તીઓ પ્રગટાવે.

દુર્ગંધને નિવારવા સુગંધ જ પ્રગટાવવી પડેને? અને પછી, એક પછી એક, કાર્યો આટોપવા લાગે. ક્યાં લેશમાત્ર કંટાળો આવતો હતો?

રંજન વિચારતી કે દાસમ્માને ઘરની મરામત કરાવવાની હતી. કેવું હશે ઘર? સાવ જર્જર થઈ ગયું હશે? સાહેબ તો ઉદાર હતા. જે માગશે એ આપી દેશે દાસમ્માને.

આ કામ સરળ ક્યાં હતું? કેટલું હોય? વિષ્ટા, મૂત્ર, પરસેવો, ચીપડાં! દેહ અને વસ્ત્રો ખરડાયેલાં હોય. અને ઓછાડ, ચાદર! પથારી પર તો... પ્લાસ્ટિક પાથર્યું હોય પણ એ તો સાફ કરીને નવું બિછાવવું પડે. એ જડ, અદોદળા દેહને નવાં કપડાં પહેરાવવાં પડે. પાઉડર, એન્ટિસેપ્ટિક દવાઓ એ બધુંય...!

આ યાદ કરતાં તે થાકી જતી જ્યારે દાસમ્માએ તો એ બધું કરવાનું.

પછી એ વસ્ત્રો ધોવે, સૂકવે ને પછી પોતે સ્નાન કરીને એક ભીંત પકડીને માળા ફેરવવા બેસી જાય. ચહેરા પર એવું કશું જ નહીં કે આ ગોવર્ધન તેમણે ઊંચક્યો હતો!

રસોઈ કરે પણ દૃષ્ટિ તો ફરતી જ હોય. તે ત્રણેય સાથે જમે-રંજન, શાન્તિ ને દાસમ્મા.

એ પછી દાસમ્મા અમૃતાને પ્રવાહી આહાર જમાડે, દવા આપે, દેહ પર ઓઢાડે.

નીરવ સર તો જમીને ચાલ્યા ગયા હોય. હા... ડોક્ટર પણ નિયમિત અમૃતાને તપાસવા આવતા હતાઃ તપાસે, સૂચના આપે દાસમ્માને, નીરવને.

જતાં જતાં કહેઃ બી હોપફુલ, માય બોય.

પહેલાં તો જૂની વાતો થતીઃ કેવું થયું? કેવું આઘાતજનક કૃત્ય? સડે છે કારાવાસમાં! પણ એથી શું? એ પાંચ વર્ષે છૂટી જશે પણ આ સ્ત્રીનો છુટકારો ક્યાં નક્કી હતો? રાક્ષસ...!

રંજન આખાબોલી હતી. શાન્તિ થોડી શાન્ત હતીઃ લખ્યું જ હોય છે બધું. ભોગવવું જ પડે. ખરુંને દાસમ્મા?

ને રંજન કહેતીઃ અમૃતાબહેન ના ગયાં હોત તો આ ક્યાં બનવાનું હતું? કેટલાં રૂપાળાં હતાં એ સમયે? અત્યારેય છે. આ રૂપ જ દુશ્મન બન્યું.

આપણે હોય તો એ પુરુષ થૂંકે પણ નહીં. શું કહો છો, દાસમ્મા?

પણ... દાસમ્મા તો આંખો મીંચીને માળા ફેરવતાં હોય.

ને તે બન્ને એક સાથે હસી પડતી.

નીરવને પશ્ચાત્તાપ થતો હતો કે અમૃતાને ના મોકલી હોત તો...!

હા... તેણે જ કહ્યું હતું: ફોન પર: પાસે જ હોસ્પિટલ છે. જઈ આવજેને લીલા મજમુદાર પાસે. દાખલ થઈ છે. વોર્ડ નં. ચાર ને રૂમ નં. ૧૭. ખૂબ રાખ્યું છે આપણું. બોસની પત્ની છે. હવે તો બીજો છે પણ સંબંધ તો રાખવો પડે. ને તે ગઈ હતી, સમય કાઢીને.

મળી પણ હતી એકાદ વાર એ લીલાને. સારી સ્ત્રી હતી. જરા પણ મોટપ નહોતી. પૂછપરછની કેબિનમાં કોઈ નહોતું. પંખો ફરતો હતો. પેપરવેટ નીચેના કાગળો ફડફડ થતા હતા. પ્રહાર પાછળથી થયો હતો. કામુક પુરુષનો પ્રહાર હતો. ક્યાં ચીસ પાડી શકી હતી.'

જડ બનીને પડી ગઈ હતી, ટેબલ-ખુરશીની વચ્ચે. પછી જે થયું હતું એ શરીર સાથે થયું હતું. મન જડ થઈ ગયું હતું.

ફોન લીલાએ જ કર્યો હતો: નીરવ... તરત આવી જા.

હા... અમૃતા આવી છે. તે બેડમાં છે ને હું તેને સંભાળું છું.

એ પુરુષ પકડાઈ ગયો હતો, સ્ટાફ ક્વાર્ટરમાંથી.

શિખાઉ હતો. કોઈ જન્મજાત અપરાધી નહોતો.

ને અમૃતા મૂર્છામાં હતી. નીરવ ભાંગી પડ્યો હતો. લીલા સાંત્વના આપી રહી હતી.

એક પછી એક એક્સપર્ટ ડોક્ટર અમૃતાને તપાસવા આવતા હતા. તેઓ માટે આ એક સ્ટડી કેસ હતો.

હોસ્પિટલે પ્રતિષ્ઠા જાળવવા એક વર્ષ સુધી નિઃશુલ્ક સારવાર, અલાયદો ખંડ આપવાની જાહેરાત કરી હતી. પ્રશંસા થઈ હતી.

જે પુરાવાઓ મળ્યા એને આધારે અપરાધીને પાંચ વર્ષની સજા થઈ હતી.

લોકોની સ્મૃતિ કેટલી અલ્પજીવી હોય? ભુલાઈ ગયું હતું - એ આખું પ્રકરણ.

નીરવની આંખોમાં ઉદાસી હતી : તેણે કેમ મોકલી અમૃતાને - એ બપોરે?

ડોક્ટરો તો તપાસતા હતા. અમૃતાને ને સાંત્વનાઓ મળતી હતી: જુઓ, કદાચ...! બન્યું છે આવું જર્મનીમાં. એ સ્ત્રી હજીય...

એક જ્યોતિષીએ કુંડળી માંડીને કહ્યું હતું કે જાતકને આયુષ્ય યોગ છે. લાંબું જીવશે.

પણ કઈ અવસ્થામાં? પ્રશ્ન થતો નીરવને. એક વરસ તો પૂરું પણ થઈ ગયું.

ને... જડ અમૃતા ઘરે આવી હતી.

(2)

સાતને દસ થઈ હતી. હજી દાસમ્મા આવ્યાં નહોતાં.

નીરવની શાંતિ ડહોળાઈ ગઈ હતી: કેમ નહીં આવ્યાં હોય? માંદાં પડ્યાં હશે?

હવે... કામમાં લાગી જવું જોઈએ.

પાછું ઓફિસે જવાનું હતું. થોડા દિવસ સાફસફાઈ કરી જ હતીને? દાસમ્મા તો પછી...!

હા... દસ દિવસ પછી આવ્યાં હતાં. દુલારી લઈને આવી હતીઃ 'મૈં જાનતી હૂં.'

કહેતી હતી કે તેને કામની જરૂર હતી. દુલારીએ બાંયધરી આપી હતી કે તે આ કામ જરૂર કરશે. ઘરનું છાપરું રિપેર કરાવવાની વાત હતી. એ માટે મોટી રકમની જરૂર હતી.

ને નીરવને તો જરૂર જ હતી. દાસમ્માએ પૂછ્યું હતું કે મેડમ કા કમરા દિખાઓ. કહાં હૈ?

દાસમ્માએ કામ શરૂ કરી દીધું હતું. પ્રથમ અભ્યાસ, અવલોકન ને પછી કાર્યારંભ. રંજન ને શાન્તિ ચકિત થઈને જોતાં હતાં, ને નીરવ... ધડકતે હૃદયે.

છ માસ થયા. સાતને ટકોરે અચૂક આવી જાય. એ જ દિનચર્યા.

દક્ષિણની ભાષાઓની છાંટવાળું ગુજરાતી બોલે, હિન્દી પણ બોલે. અંગ્રેજી શબ્દો પણ આવી જાય. રંજનને હસવું આવે ને શાન્તિ ટપારેઃ 'આમાં હસવાનું શું?'

પછી તો તે બન્ને દાસમ્માની શિષ્યાઓ બની ગઈ હતીઃ 'કેવું કામ કરે છે? છે જરાય સૂગ? આપડે તો...?'

'કેટલું ગનાન છે? થોડા શબ્દો કાને પડી જાય તો પવિત્ર થઈ જઈએ.'

પ્રશ્નો હોય તો પણ દાસમ્મા પાસે પહોંચી જાયઃ દાસમ્મા...

નીરવને એક બાબતની નિરાંત થઈ હતી. પત્ની સચવાતી હતી, સાફસફાઈ થતી હતી.

વળી અતળ ઊંડાણમાં સરી જતો હતોઃ આવું નસીબ હશે? તેને આમ જ જોવાની? કદી નહીં જાગે? કદી નહીં બને પૂર્વવત્? શો અર્થ હતો આવી જિંદગીનો? તે મૂર્છામાં હતી અને નીરવ... મૃત્યુ જેવું જીવી રહ્યો હતો. આશા રાખવી કેટલું મુશ્કેલ હતું?

શું કહેતી હતી લીલા? નીરવ... વોટ એબાઉટ યોર બાયોલોજિકલ નીડ? યુ શુડ નાઉ થિંક અધરવાઈઝ...! તે થથરી જતો હતો.

ઓફિસમાં હવે કોઈ પૃચ્છા નહોતી થતી એ દુર્ઘટના વિશે. એ એક ભુલાઈ ગયેલી ઘટના હતી. પણ તે અમૃતામાંથી બહાર નીકળી શક્યો નહોતો.

(3)

બરાબર સાતને પચીસે દાસમ્મા પ્રવેશ્યાં હતાં. હાથમાં પતરાની નાની બેગ, ખભે બગલથેલો અને મોં ઉદાસ.

એક ભીંતે સામાન મૂક્યો, સંકોચ સાથે પછી નીરવ ભણી જોવાયુંઃ 'સર, હવે હું અહીં રહીશ. એ ઘરે નથી જાવું. છાપરાની મરામતના પૈસા આપી દઈશ. વહુનો કશો દોષ નથી પણ... દીકરી જ...!' તરત અમૃતા યાદ આવી હશે એટલે એ કમરામાં ગયાં. મોંએ

બુકાની બાંધતાં બાંધતાં.

નીરવના શબ્દો - 'ભલે દાસમ્મા, અહીં રહેજો. કશો સંકોચ ના રાખજો. આ કમરો તમારો-' પૂરા કાને પડ્યા પણ નહીં હોય કદાચ.

નીરવને રાહત થઈઃ ચાલો, સારું થયું. અમૃતા સચવાશે. છાપરું મરામત કરાવવાના બધા પૈસા તે આપશે.

રંજન, શાન્તિ પણ રાજી થયાં હતાંઃ દાસમ્મા પાસે ને પાસે. ગમે છે દાસમ્મા. તેમની સાથે વધુ સમય રહેવાશે.

શાન્તિ વિચારતી હતીઃ હવે પ્રશ્નો પૂછી શકાશે. કેટલીક વાતો તો ક્યાં કોઈને પૂછી શકાતી? અરે, વરને પણ નહીં? હવે શાન્તિ...! તેને કારણમાં રસ નહોતો કે શું થયું હશે દાસમ્માને!

પણ રંજનની જિજ્ઞાસાવૃત્તિ તીવ્ર હતી. તે કેટલાંક અનુમાનો બાંધી ચૂકી હતી ને મન ત્યાં જ હતું. એમ પણ થયું હતું કે દાસમ્મા આટલાં જ્ઞાની, પવિત્ર તો પણ તેમનેય પ્રશ્નો તો... ખરા. કોઈ માણસ પીડા વિનાનું ના હોય. રંજને તારણ કાઢ્યું હતું.

વળી મન સળવળ્યું હતુંઃ શું હશે દીકરીનું? ક્યાં તેમણે કશું કહ્યું હતું આ છ માસમાં? વહુ, દીકરી- ક્યાં કશો ઉલ્લેખ કર્યો હતો? બસ, ઘરના છાપરાની મરામતની જ વાત થતી હતી.

પણ દાસમ્માએ જ તે બન્નેને પાસે બોલાવી હતીઃ આવો તમે બન્ને, શું હું ખોટી હતી? આવી છે દીકરી વતનમાંથી. સારું છે સાસરે. ગાડી, સુંદર મકાન, એક નૌકામાં સામાનની યાતાયાત થાય છે. અયપ્પાની દયા છે. નામ પ્રિયંવદા, નમણી છે, સુડોળ છે. એમ લાગે કે હમણાં નૃત્ય કરવા લાગશે. આંખો તેજસ્વી, ચકચકિત. મારી દીકરી છે! પતિ સારો છે. મોટો બિઝનેસ કરે છે. ઘરમાં દીકરીનું જ ચાલે. રંજન-શાન્તિનાં મોં મલકાયાં હતાંઃ 'વાહ! કેટલું સુખ? નૌકા એટલે? ને નામ કેવું વિચિત્ર? પાર્વતી કે પ્રભા શોભે. વહુનું નામ શું હશે? પછી દાસમ્મા વ્યક્ત થયાં, પ્રથમ રોષથીઃ 'તે એમ કહી શકે? મારે તેમની ઇચ્છા મુજબ અનુસરવાનું? મારી કશી ઇચ્છા જ નહીં? બસ, કહી દીધુંઃ શા માટે આવું કામ કરો છો, ગંદકી સાફ કરવાનું? કહ્યું, ચાલો સાથે. પણ એમ જવાય?

કહ્યુંઃ ના જશો ત્યાં. નહીં જવા દઉં. મારી મા આવું... કામ કરે? વિષ્ટા... મૂત્ર... ઓહ! ને તે નીકળી ગયાં એ ઘરમાંથી.

દીકરી આવી હતી, બે દિવસથી. ગાડી, ડ્રાઈવર બધું જ. શરીર સરસ જાળવ્યું છે. યોગા કરે છે, વ્યાયામ કરે છે. પણ તેમને કેમ રોકી શકે? દાસમ્મા... વ્યગ્ર હતાં.

સામાન લઈને ચાલી નીકળ્યાં હતાં.

મોડું થતું હતું. સાત તો ક્યારનાય...! અમૃતા દેખાતી હતી.

છેલ્લા શબ્દો હતાઃ નથી આવવાની હવે. રોષની પરાકાષ્ઠા હતી. માળા હાથમાં સ્થિર હતી. રંજન, શાન્તિને કહ્યું હતુંઃ અયપ્પા, સહુને સદ્મતિ આપે. આવું તો ના કરાયને?

વિચારમાં પડી ગઈ રંજનઃ દીકરીની વાત કાંઈ ખોટી ન હતી. છાપરાની મરામત પણ તે કરાવી આપે એટલી સમૃદ્ધ હતી. ગાડી, બંગલો, નૌકા... કેટલું હતું? દીકરી પાસે જ ચાલ્યા જવું જોઈએ. શા માટે ગૂ-મૂતર...?

પણ ત્યાં અટકી જવાયું હતુંઃ તો પછી અમૃતા મેડમનું કોણ? માંડ મળ્યાં હતાં દાસમ્મા? અરે, આજે મોડું થયું તો પણ... કેટલું થયું હતું?

સાહેબનું વિચારવું પડે. કેવું થયું બેનનું? પેલો તો છૂટી જશે પણ બેનનું શું, સાહેબનું શું?

શાન્તિએ તો એટલું જ કહ્યું હતુંઃ બધું સારું જ થાય છે. અયપ્પા જ સુઝાડતા હશેને દાસમ્માને?

ભલે રહે.

નીરવને પણ એમ થતું હતુંઃ દાસમ્મા આવ્યા પછી કેટલી રાહત અનુભવાતી હતી. લીલાને પણ કહ્યું હતું. વિચારે તો મુશ્કેલીઓ ઓછી નહોતી. તેણે વિચારવાનું જ બંધ કર્યું હતું.

લીલાએ કહી એ શરીર ભૂખઃ નથી વિચારવું. અમૃતા સાથેનો સમયઃ નથી વિચારવું.

દર રવિવારે આવતા ડોક્ટર ઘોષનાં અનુમાનોઃ નથી વિચારવું.

બસ, જીવી લેવું હતું. અમૃતા માટે, તેના માટે. નોકરીનો સમય આ ભૂલવા માટે ઉપકારક હતો. વિચારવાથી પીડા વધે, અપેક્ષા વધે ને પરિણામે વ્યગ્રતા, નિરાશા, અસંતુલન.

એક સાથીએ કહ્યું હતુંઃ નીરવ, ડાયેટિંગ કરે છે કે શું? વેઈટ લોસ કેટલું થયું? જિમમાં જાય છે?

(4)

સાંજે પ્રિયંવદા ઘર શોધતી શોધતી ફ્લેટને બારણે આવી હતી. શો ઠાઠ હતો? તિરુપતિની રેશમી સાડી વિશિષ્ટ રીતે પહેરી હતી. અલંકારો, કપાળમાં બિંદી, કેશમાં ફૂલોની વેણી, પગમાં મોજડી, ઘંઉવર્ણો તેજસ્વી ચહેરો ને મોં પર થોડી વ્યગ્રતા.

રંજન ચકિત થઈ ગઈ હતી.

ઓળખી પણ ગઈ હતીઃ આ તો દાસમ્માની પેલી દીકરી! બંગલા-ગાડીવાળી? સરસ લાગી, તેમણે વર્ણન કર્યું હશે એથી પણ વિશેષ!

કહ્યુંઃ 'આવો... આવો... દાસમ્માને મળવું છેને?' થયું કે માને મનાવવા, લઈ જવા આવી હશે. દીકરી એ જ કરે, કોઈ પણ દીકરી. કેવી દીન બનીને આવી હતી? હજી સાહેબ આવ્યા નહોતા. ગમી ગઈ દીકરી. માની જશે દાસમ્મા. દીકરી સાથે રીસ કેટલી

ટકે? લઈ જશે દાસમ્માને, ગાડીમાં બેસાડીને?

રંજનને ભીતિ જાગીઃ તો નહીં ગમે! ના જાય તો સારું. સાવ એકલાં થઈ જવાશે પછી. અને સાહેબનું શું થાય? બીજાં દાસમ્મા ક્યાં મળવાનાં? આ તો... ઈશ્વર સમાન હતાં. અમૃતાબહેન માટે જ આવ્યાં. કશો ઋણાનુબંધ હશે. ગયા જલમમાં મા હશે અમૃતાબહેનનાં. નહીં તો આવું કામ કોણ કરે?

તે આવો-આવો કહેતી એ પ્રિયંવદાને અમૃતાના ઓરડામાં દોરી ગઈઃ 'આઈએ, દાસમ્મા ઈધર હૈ. આપ દાસમ્મા કી બેટી હૈ?'

દાસમ્મા... અમૃતાના પલંગ સામેના સોફામાં બેસીને કશું વાંચી રહ્યાં હતાં, જરા ખળભળ્યાં.

કમરો સ્વચ્છ હતો, ધૂપસળી જલતી હતી. સવારની દુર્ગંધ તો સાંજે ક્યાંથી હોય? એમાં પ્રિયંવદાની વેણીની સુવાસ ઉમેરાઈ હતી.

દીકરીએ દાસમ્માને પ્રણામ કર્યાં. એ લોકોની વાતો શરૂ થઈ હતી, અજાણી ભાષામાં. ને રંજન સરકી ગઈ હતી, શરબત બનાવવા.

(5)

દાસમ્માએ પુત્રીને પાસે બેસાડીને કહ્યુંઃ આ સામેની સ્ત્રીને જો. છેને બત્રીસ-તેત્રીસની? છેને સુંદર? બે વર્ષ પહેલાં તો સુંદરી હતી. ભરત-નાટ્યમ જાણતી હતી.

અત્યારે ઢગલાની જેમ પડી છે, મૂર્છામાં છે દોઢ વર્ષથી, મૃત્યુ નથી પામી અને આમ પડી છે. કોમામાં છે. નીરવ સર... આના પતિ મૂઢ બનીને જીવે છે.

તને ખબર છે, આ કોણે કર્યું? તારા સગા ભાઈએ. કેટલું અમાનવીય કૃત્ય? બળાત્કાર કર્યો. તને વિશ્વાસ બેસે છે? હા, આ જ સત્ય છે. જેલમાં બંધ છે. શું કહું તને?

હું તેના પાપનું પ્રાયશ્ચિત્ત કરું છું, આ રીતે કરું છું. જાણું છું કે તો પણ બદલો વાળી શકવાની નથી.

સમજ પડી પ્રિયંવદાને. રડી પડી, વળગી પડી. વેણી નીચે પડી ગઈ.

રંજન... શરબતના બે ગ્લાસ લઈને આવી ત્યારે પ્રિયંવદા દાસમ્માની ક્ષમા માગી રહી હતી. ભાવ સમજાયા, ભલે ભાષા અજાણી હતી. તે કહી રહી હતી કે દાસમ્મા અમૃતા મેડમની સેવા કરે.

દાસમ્માની આંખો ભીની હતી અને રંજનની આંખોમાં વિસ્મયભર્યો રાજીપો.

❑❑❑

એક અંતરઆત્માનો અવાજ અન્ય અંતર આત્માના અવાજથી ક્યારેય વિસંગત નથી હોતો પણ કોઈની નૈતિકતા અન્યની નૈતિકતાને બહુ સહેલાઈથી વિસંગત ઠેરવી શકે છે એટલું જ નહીં એનો સંપૂર્ણ નિષેધ પણ કરી શકે છે. **- જ્યોર્જ ગુર્જિયેફ**



કથક નૃત્ય પરંપરાને સમર્પિત ગુજરાતી બેલડીઃ ઇશિરા અને મૌલિક શાહ

☐ સરોજ પોપટ

વાત થોડીક જૂની છે. લગભગ ૧૯૮૮-૮૯ની આસપાસની વાત છે. યુવા પેઢીને સહેલાઈથી ડિપ્રેશનમાં સરી પડીને ડ્રગના રવાડે ચડી જતી જોઈને સિતાર સમ્રાટ પંડિત રવિશંકર ખિન્ન હતા. થોડાક મનોમંથન પછી પંડિતજીએ સુગરકોટેડ ટેબ્લેટની જેમ એક નૃત્યનાટિકા તૈયાર કરીઃ ઘનશ્યામ-અ બ્રોકન બ્રાન્ચ... (ફ્રી અનુવાદમાં કહીએ તો ઘનશ્યામ: એક વિસ્થાપિત શાખા). આ નૃત્ય નાટિકા (બેલે)માં મુખ્ય ભૂમિકા એક ગુજરાતી યુગલ કરી રહ્યું હતું. મંચન થયું ત્યારે બંને નૃત્યકારની સમર્પિતતા અને સહજતા જોઈને પંડિત રવિશંકર જાહેરમાં બોલી ઊઠ્યા હતા- અ સ્ટાર ઈઝ બોર્ન... એક સિતારાનો ઉદય થયો છે. પંડિતજીની એ ભવિષ્યવાણી ગેબી ગણી શકાય. આ બેલડી આજે સંખ્યાબંધ તેજસ્વી શિષ્યોની કેળવણી કરે છે.

તાજેતરમાં આ બેલડીને દેશની પ્રતિષ્ઠિત સાંસ્કૃતિક સંસ્થા સંગીત નાટક એકેડેમીનો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો. 'ઘણાં વરસો બાદ કોઈ શાસ્ત્રીય નૃત્યકારને રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો છે એટલે અમારી છેલ્લાં ૪૦-૪૫ વર્ષની તપશ્ચર્યા ફળી રહી હોય એવું અમને લાગે છે,' આનર્ત નૃત્ય સંસ્થાની સ્થાપક કલાકાર બેલડી ઈશિરા અને મૌલિક શાહ ગૌરવભેર કહે છે. અમદાવાદની આ જોડીએ આખી દુનિયામાં પોતાની નૃત્યકલા પ્રસ્તુત કરી છે અને સ્ટેન્ડિંગ

ઓવેશન મેળવ્યું છે. પતિ-પત્ની બંને કથક શૈલીનાં નૃત્યવિશારદ છે.

ઇશિરાએ બહુ સરળ ભાષામાં કહ્યું કે એક તરફ યુરોપનું પાંચ-સાત હજાર લોકો માણી શકે એવું અલ્ટ્રામોડર્ન સભાગૃહ હોય અને બીજી તરફ સાવ પાંખાં સાધનો ધરાવતું રાજસ્થાનના કોઈ ગ્રામ વિસ્તારનું સખળડખળ થિયેટર હોય, અમે પૂરી તન્મયતાથી રસિકોને રીઝવવામાં કદી પાછી પાની કરતાં નથી. સહેલાઈથી અંજાઈ ન જાય એવો યુરોપિયન દર્શક અને ઝળાંહળાં થતા સ્ટેજને જોઈને મુગ્ધ થઈ જાય એવો દેશી દર્શક બંનેને સરખો આનંદ અનુભવ થાય એવા પ્રયાસો અમે સતત કરીએ છીએ.

ગુજરાતના સમર્થ સાહિત્યકાર તેમ જ કલાપ્રેમી રસિકલાલ છોટાલાલ પરીખની પૌત્રી અને સુબંધુ પરીખની પુત્રી ઇશિરાએ સાવ કુમળી વયે પહેલી વાર કથક નૃત્યનો કાર્યક્રમ જોયો અને એના પ્રેમમાં પડી ગઈ. અંગ્રેજી સાહિત્ય સાથે ગ્રેજ્યુએટ થયેલી ઇશિરા વાતનો ઉપાડ કરતાં કહે છે, 'ઈટ વોઝ માય ફર્સ્ટ લવ. ડાન્સનો કાર્યક્રમ જોયો અને

આ તબક્કે કથક નૃત્ય વિશે થોડી વાત કરવી યોગ્ય રહેશે. આપણે ત્યાં સંગીત નાટક એકેડેમીએ આઠ નૃત્ય શાખાઓને માન્યતા આપી છે. ભરતનાટ્યમ, મણિપુરી, કથક, કથકલી, કુચીપુડી, ઓડિશી, મોહિની અટ્ટમ અને સત્તિરીયા. કથકને પ્રાચીન કાળમાં કુશિલવ કહેતા. છેક મહાભારતમાં કથક નૃત્યનો ઉલ્લેખ મળે છે. મધ્ય કાળમાં મોગલ દરબારમાં એનો વધુ વિકાસ થયો. આધુનિક કથકના પ્રણેતા તરીકે ઉત્તર પ્રદેશના બનારસ ગુરુશિષ્ય પરંપરાના બિન્દાદિન મહારાજનું નામ આદરભેર લેવાય છે. એમના એક પરિવારના એક કથક સમ્રાટ બિરજુ મહારાજ આ શાખાના લેજન્ડ ગણાય છે.

કથક નૃત્યને સરળ ભાષામાં વર્ણવવું હોય તો બિરજુ મહારાજના શબ્દોને ટાંકી શકાય. મહારાજે કહ્યું છે, 'કથક કહે સો કથા કહલાયે.' આ નૃત્ય શૈલીમાં કથા-વાર્તા કેન્દ્રમાં હોય છે. નૃત્ત અર્થાત્ વંદનાથી નૃત્યનો આરંભ થાય. પછી આવે ઠાઠ, જેમાં કલાકાર ચોક્કસ તાલની પહેલી માત્રા (સમ) પર આવીને કલાત્મક મુદ્રા ધારણ કરે. પછીનું પગલું છે આમદ. એમાં તાલબદ્ધ બોલનો પરિચય અપાય છે. ત્યારબાદ દર્શકોનું અભિવાદન. (મુસ્લિમ પરંપરામાં એને સલામી પણ કહે છે.) એ પછી કવિત. પખવાજના બોલ સાથે કાવ્યના ભાવાર્થને નૃત્ય દ્વારા વ્યક્ત કરાય છે. આમ ધીમે ધીમે કથાસહિત નૃત્ય આગળ વધે છે. તબલાના કાયદા કે પરન પણ વચ્ચે વચ્ચે આવે. કલાકારના પગે બાંધેલા નૂપુર દ્વારા વિવિધ તાલોમાં ભાવાભિવ્યક્તિ થતી રહે.

ભીતરથી કંઈ ગુંજ્યું, બસ મારે આ જ કરવું છે. એક તરફ શિક્ષણ અને બીજી તરફ કથકની તાલીમ... બંને પેરેલલ ચાલતાં રહ્યાં. હું મારી રીતે આગળ વધતી રહી. ઘરમાં સાંસ્કૃતિક વાતાવરણ હતું એટલે મને સતત પ્રોત્સાહન પણ મળતું રહ્યું.'

કુદરત સમાન વિચારોવાળા બે જીવોને આસાનીથી ભેગા કરી દે છે. ઇશિરા અમદાવાદમાં કૌમુદિની લાખિયાની કદંબ સંસ્થાની શાગિર્દ હતી. અહીં મુંબઈથી એક યુવાન આવ્યો હતો. એ યુવાન એટલે મૌલિક. 'મારા પરિવારમાં તો કોઈ એવું પ્રખ્યાત નહોતું. મુંબઈમાં અમે વાલકેશ્વર પર રહેતા. પોશ એરિયા કહેવાય. મારા પિતાનો મશીનરીનો બિઝનેસ હતો. સાથોસાથ પિતા સિતાર પણ વગાડતા, પરંતુ એ માત્ર શોખ હતો. સંગીતને સમર્પિત કહેવાય એવું કશું નહોતું. ભણતાં ભણતાં મેં ગાવાનો પ્રયત્ન પણ કરેલો. નિખાલસપણે કહું તો ગાવામાં ફાવ્યો નહીં એટલે નૃત્ય પસંદ કર્યું. બે વર્ષ મણિપુરી નૃત્ય પણ શીખ્યો. દરમિયાન, પિતાને પોતાનો બિઝનેસ અમદાવાદમાં ખસેડવાના સંજોગો ઊભા થયા એટલે અમે અમદાવાદ આવ્યા. અહીં મેં એલ. ડી. ઍન્જિનિયરિંગ કૉલેજમાં એડમિશન પણ લીધું હતું, પરંતુ મારું મન સતત નૃત્યકલા તરફ ખેંચાયા કરતું. કૌમુદિનીબહેનની કદંબ સંસ્થા વિશે સાંભળેલું. એટલે એમાં એડમિશન લીધું.'

તાલીમ પૂર્ણ થતાં ઇશિરા અને મૌલિકે કદંબ સંસ્થામાં અધ્યાપન કાર્ય પણ શરૂ કર્યું. વરસો સુધી કદંબ સાથે સંકળાયેલાં રહ્યાં. અધ્યાપનની સાથોસાથ કદંબના





કાર્યક્રમોમાં સહભાગી થતાં રહ્યાં.

અહીં ઇશિરા અને મૌલિકની પહેલી મુલાકાત થઈ. ધીમે ધીમે પરિચય પરિણયમાં પરિણમ્યો અને બંનેએ લગ્નગ્રંથિથી જોડાવાનો નિર્ણય કર્યો. બે મટીને એક થયાં એ સાથે એક નવોન્મેષ આરંભાયો. ઉત્તર ગુજરાતમાં જ્યાં એક સમયે સરસ્વતી નદી વહેતી હતી એની આસપાસનો પ્રદેશ આનર્ત પ્રદેશ તરીકે પ્રસિદ્ધ હતો. 'આનર્ત એટલે નૃત્યના પરિવેશવાળું' વાતને સાંધી લેતાં ઇશિરાએ કહ્યું. આ દંપતીએ ૧૯૯૫માં મિશનરી ઉત્સાહથી 'આનર્ત' નામે નૃત્ય સંસ્થા સ્થાપી. સાવ નાનકડે પાયેથી શરૂઆત કરી હતી. આજે સંસ્થા કબીરવડ જેવી થઈ ચૂકી છે અને આ બંને કલાકારો રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત થયાં છે.

'એ પહેલાં ૧૯૯૪માં એક શો કર્યો 'નરનારી.' બંને એકમેક વિના અપૂર્ણ છે. બંને એકમેકનાં પૂરક છે. બંને બોલ્યા વિના એકમેકના મનની વાત સમજી જાય છે. આ કાર્યક્રમનું સંગીત મહિયર ઘરાનાના પંડિત વિશ્વમોહન ભટ્ટે આપેલું. જીવનના ચાર તબક્કાને આ નૃત્યમાં વણી લીધા હતા. કોરિયોગ્રાફી અમારી પોતાની હતી. આ શોને જબરદસ્ત કામિયાબી મળી. પછી કદી પાછા વળીને જોયું નથી. એક પછી એક વિચાર અને વાત (કથા)ને લઈને પ્રયોગો કરતાં રહ્યાં. 'કૃષ્ણલીલા' કરી એમાં બાળ કનૈયાના અટકચાળાથી માંડીને વયોવૃદ્ધ ગીતાકાર કૃષ્ણ સુધીની વાતો વણી લીધી હતી. રાણી રૂપમતીની કથા રજૂ કરી. યાદી નથી બનાવવી પણ ઘણી કથાઓ અને ઘણા પ્રયોગો કર્યા. અમને પોતાને પણ મોજ પડવી જોઈએ એ ધ્યાનમાં રાખેલું. આપણને મજા પડે તો જ દર્શકને પણ આનંદ આવે. ભોક્તા વિણ કલા નહીં.'



'કથક નૃત્ય સંપૂર્ણ નૃત્ય છે. ઇટ્સ અ કમ્પ્લીટ ડાન્સ સ્ટાઈલ,' ઈશિરા કહે છે. 'કથાકથન અને ભાવાભિવ્યક્તિ એકમેકનાં પૂરક બની જાય છે. સમગ્ર અંગેઅંગ નૃત્યમાં લીન થઈ જાય છે. શ્રોતાની સાથે એક પ્રકારનો સંવાદ સધાઈ જાય છે, કલાકારની સાથે દર્શક પણ એ પ્રવાહમાં વહી જાય છે. અગાઉ આ નૃત્ય લાંબો સમય રજૂ થતું. આજના સમયને અનુરૂપ હવે નાની નાની પણ દર્શકને જકડી રાખે એવી થીમ અમે પસંદ કરીએ છીએ.'

આ દંપતીની પોતાની એક નીવડેલી ટીમ છે જેમાં દંપતીના પોતાના સિનિયર સ્ટુડન્ટ્સ અને વાદ્યકારો સહભાગી થાય છે. એમ તો મૌલિક પોતે પણ અચ્છો તબલાવાદક છે. 'મેં અમારાં નૃત્યો પૂરતી તબલાંની તાલીમ લીધી છે એમ કહું તો ચાલે. હું તબલાં વગાડું છું અને નૃત્યના બોલની રચના પણ કરું છું. જો કે તબલાવાદનની ડિગ્રી લેવાનો મને મોહ નહોતો. એમાં મેં રસ લીધો નથી. માત્ર અમારા પર્ફોર્મન્સ પૂરતાં તબલાં હું વગાડું છું', મૌલિક કહે છે.

પ્રાચીન અને અર્વાચીન એમ બંને પ્રકારનાં કથાનકો આ બેલડી રજૂ કરે છે. દાખલો આપતાં મૌલિક કહે છે, 'અમારા અનેક પ્રયોગોમાં એક પ્રયોગ એવો હતો જેની સ્ક્રિપ્ટ ઈશિરાએ તૈયાર કરી હતી. ઇટ વોઝ અ વનમેન શો... મહાભારતનાં ત્રણ પાત્રો એમાં રજૂ કર્યાં હતાં. પુત્રપ્રેમમાં અંધ એવા ધૃતરાષ્ટ્ર, ભીષ્મપિતામહ અને દુર્યોધન. ત્રણે પાત્રોને મેં રજૂ કર્યાં હતાં. હવે અમે જુદી રીતે વિચારીએ છીએ. આજની પેઢીને રસ પડે એ રીતે કાર્યક્રમો રજૂ કરવા એમ નક્કી કર્યું. પ્રાચીન કથા ઉપરાંત એને આધુનિક સંદર્ભ આપીને રજૂ કરવાની શૈલી હવે અપનાવી છે.'

નૃત્ય ઉપરાંત તમને બીજો કોઈ શોખ

ખરો? સવાલના જવાબમાં ઇશિરાએ કહ્યું કે અંગ્રેજી સાહિત્ય સાથે હું ગ્રેજ્યુએટ થયેલી એટલે વાંચવાનો જબરો શોખ. વિશ્વ સાહિત્યના ઉત્તમોત્તમ અંશો મેં વાંચ્યા છે, એમાંથી પણ ક્યારેક નૃત્યની થીમના વિષય મળી આવ્યા છે. જો કે છેલ્લા થોડા સમયથી વાંચવાનો સમય ઓછો મળે છે. અગાઉ રોજ ત્રણ-ચાર કલાક વાંચતી. બીજો શોખ દેશ-વિદેશ ફરવાનો છે. નૃત્યના કાર્યક્રમો નિમિત્તે દુનિયાના ઘણા દેશો ફર્યાં છીએ. વિદેશી નૃત્ય શૈલીઓ માણી છે. એમાંથી સારું લાગે એ અપનાવ્યું છે.

આ જ સવાલ મૌલિકને પૂછતાં એણે અણધાર્યો જવાબ આપ્યોઃ 'મને વિવિધ કોસ્ચ્યુમ્સની ડિઝાઈન્સ બનાવવાનો શોખ છે. મને લાગે છે કે અમારા ડાન્સના પ્રોગ્રામ્સના કોસ્ચ્યુમ્સ માટે અમે બહારની કોઈ વ્યક્તિને કામ સોંપ્યું નથી. હું પોતે કોસ્ચ્યુમ્સ ડિઝાઈન કરું છું. અલબત્ત, એમાં પણ ઇશિરા તો સાથે જ હોય છે. હવે અમે કશું બોલ્યા વિના એકબીજાના મનની વાત સમજતાં થઈ ગયાં છીએ. ક્યારે કોના મનમાં શું ચાલતું હશે અને એને શેની જરૂર છે એ એકમેકને કહ્યા વિના સમજી જઈએ છીએ.'

મિશન ગણો તો મિશન અને કામનો આનંદ ગણો તો કામનો આનંદ, ઇશિરા સાવ નાની વયનાં બાળકોને પણ કથક નૃત્યની તાલીમ આપે છે. આ બેલડીના ગ્રુપમાં આઠ-નવ વિદ્યાર્થીઓ એવા છે જે વરસોથી એમની સાથે છે અને એમની રચનાઓના મંચનમાં એમની સાથે હોય છે. ઇશિરા ગુરુકુળની શૈલીએ નૃત્યસંસ્થાનું સંચાલન કરે છે. એમાં લગભગ ચોવીસે કલાક લીન રહે છે.

આ બેલડીને એક પુત્ર છે. એનું નામ સહજાત પાડ્યું છે. આ નામનો અર્થ સમજાવતાં ઇશિરાએ કહ્યું કે બૌદ્ધ ધર્મમાં બાર પ્રત્યયો છે. એમાંનો એક પ્રત્યય સહજાત છે. સાવ સરળ શબ્દોમાં એનો અર્થ જીવન જીવવાની સાથે સાથે એવો થાય છે. અમે પુત્રનું નામ શોધતાં હતાં ત્યારે આ નામ અમને બહુ ગમી ગયું એટલે એ રાખ્યું. સહજાત નાનો હતો ત્યારે સિતારવાદનની તાલીમ લેતો હતો. પછી છૂટી ગયું. અત્યારે દીનદયાળ ઉપાધ્યાય યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે. એને અત્યારે તો નૃત્યમાં બહુ રસ હોય એવું લાગતું નથી. કલ કી કિસ કો ખબર! ઇશિરા કહે છે કે અમે એના પર અમારા વિચારો લાદવા નથી માગતા. એને જે કરવું હોય તે કરે. એનો આનંદ એ અમારો આનંદ.

કથક નૃત્યના ભાવિ અંગે આ દંપતી ખૂબ આશાવાદી છે. ઇશિરા કહે છે કે અમને જે રીતે ઓડિયન્સ બિરદાવે છે એના પરથી તો હું ચોક્કસપણે કહી શકું કે ભારતીય શાસ્ત્રીય નૃત્યોનું અને ખાસ તો કથકનું ભાવિ ઉજ્જ્વળ છે.

❑❑❑



ખબર છે એટલી કે માતની હાકલ પડી છે!

☐ આરાધના ભટ્ટ

નથી જાણ્યું અમારે પંથ શી આફત
ખડી છે,
ખબર છે એટલી કે માતની હાકલ
પડી છે;
જીવે મા માવડી એ કાજ મરવાની ઘડી છે:
ફિકર શી જ્યાં લગી તારી અમો પર
આંખડી છે?

ઓસ્ટ્રેલિયામાં સર્જાયેલા અભૂતપૂર્વ દાવાનળના સંકટ દરમ્યાન ઝવેરચંદ મેઘાણીની આ પંક્તિઓ થોડાક જુદા સંદર્ભોમાં સાર્થક થતી જણાઈ. સોશિયલ મીડિયામાં વહેતાં થયેલાં આ વિકરાળ દાવાનળનાં ચિત્રોએ ભલભલાને હલાવી નાખ્યા અને આખું જગત ઓસ્ટ્રેલિયા માટે પ્રાર્થના કરવામાં જોડાયું. આગની જ્વાળાઓએ લાખો-કરોડો ચોરસ કિલોમીટરનો વિસ્તાર લપેટમાં લીધો. દવની શરૂઆત ન્યુ સાઉથ વેલ્સ રાજ્યથી થઈ અને પછી એના ઉત્તરે અને દક્ષિણે આવેલાં ક્વીન્સલેન્ડ અને વિક્ટોરિયા રાજ્યોને એણે પાશમાં લઈ લીધાં. આ દવ ઓલવવાનું કાર્ય કેટલું ભગીરથ છે એની કલ્પના કરવી, જેણે એની તસવીરો જોઈ હશે એને માટે, મુશ્કેલ નથી. આ દુષ્કર કાર્ય કરનારનાં શૂરવીરતા અને સમર્પણ, સીમા પર

લડતા સશસ્ત્ર જવાનો કે ભારતમાતાની સ્વતંત્રતા ચળવળમાં જાન ન્યોછાવર કરનાર દેશપ્રેમી સત્યાગ્રહીઓ કરતાં સહેજે ઊતરતાં ન આંકી શકાય.

પરાપૂર્વથી વન્ય વિસ્તારોમાં વારંવાર લાગતા દવને પહોંચી વળવા દરેક રાજ્યમાં ખાસ 'બુશ ફાયર બ્રિગેડ' છે, જે જુદાં જુદાં રાજ્યોમાં અલગ અલગ નામોથી ઓળખાય છે. એ પૈકી ન્યુ સાઉથ વેલ્સની 'રુરલ ફાયર સર્વિસ' (આર.એફ.એસ.) અનેક રીતે અનન્ય છે. વિશ્વની આ સૌથી મોટી સ્વયંસેવી સંસ્થા છે, જેમાં 911 પગારદાર અગ્નિશામક દળો છે, તો એની સામે સંસ્થામાં 70,000થી વધુ રજિસ્ટર થયેલાં તાલીમબદ્ધ સ્વયંસેવી દળો છે. આ સ્વયંસેવકો સામાન્ય માધ્યમવર્ગી નોકરિયાતો હોય છે, તો કેટલાક પોતાનો વ્યવસાય કરતા અને રોજી રળી લેતા કામદારો પણ હોય છે. આ દળો કપરી તાલીમ લઈને બુશ ફાયર સીઝન શરૂ થતાંની સાથે 'સ્ટેન્ડ બાય'ની સ્થિતિમાં ‘માતની હાકલ પડે’ એ માટે તૈયાર રહે છે અને જરૂર પડ્યે તેમને ફરજ પર હાજર થવાનો આદેશ આપવામાં આવે છે. એમને માટે આર.એફ.એસ. અથવા સરકાર દ્વારા કોઈ જ વેતન કે વળતરની વ્યવસ્થા નથી, એટલું જ નહીં આ સ્વયંસેવકો અર્થોપાર્જનની પરવા કર્યા વિના દેશના પર્યાવરણને, જાન-માલને અને વન્ય પશુઓને વિનાશમાંથી ઉગારવા જીવન-મૃત્યુની બાજી ખેલે છે અને એમાં ક્યારેક મોતને ભેટવાનો વારો પણ આવે છે. 2019-20ના બુશ ફાયરને માત કરવા મહિનાઓ સુધી દિવસ-રાત હજારો ચોરસ કિલોમીટરમાં તાંડવ કરતી, આકાશને અડતી વિકરાળ જ્વાળાઓ વચ્ચે, પચાસ ડિગ્રી સેલ્સિયસ કે તેથી વધુ તાપમાનમાં ચારે તરફ અંગારાની ઝડી વરસતી હોય એની સામે ઝઝૂમતા આ શૂરવીરોની માનસિક સ્થિતિ કેવી હશે એની કલ્પના કરવી મુશ્કેલ નથી. એક તરફ વ્યવહાર જીવનની સંદિગ્ધતાઓ છે-એમના પરિવારો છે, જેમનાથી દૂર જીવની બાજી લગાવીને કાર્ય કરવાનું છે, નોકરી-વ્યવસાયની આવક અટકી છે, નોકરીદાતા રજાનો પગાર આપશે કે કેમ એ ખબર નથી, કારણ કે એ વિશે રોજગાર-કાયદામાં કોઈ સ્પષ્ટ જોગવાઈ નથી, તેથી આજીવિકાની પરિસ્થિતિ ડામાડોળ છે. બીજી તરફ લોકોના આવાસોને, એ આવાસો સાથે જીવનભરની સ્મૃતિઓને, પશુ-પંખીને, વનરાજીને અને ક્યારેક માનવોને નજર સામે આગમાં સ્વાહા થઈ જતાં જોવાનાં છે. કુદરત આગળ પોતાની અસહાય સ્થિતિનો આ પ્રત્યક્ષ અનુભવ એમના માનસપટ પર જીવનભર અંકિત થઈ જાય એ સ્વાભાવિક છે. આ સંકટ દરમ્યાન ઓસ્ટ્રેલિયાના જનમાનસમાં નેશનલ હીરો બનેલા આર.એફ.



એસ.ના કમિશનર પચાસ વર્ષીય શેઈન ફીટ્ઝસીમન્સે એક મુલાકાતમાં કહ્યું કે તેમની અંગત પીડાએ એમને આ સંકટ સામે લડવા પ્રેર્યા હતા. એમના ૫૩ વર્ષીય પિતાએ વર્ષ ૨૦૦૦માં બુશ ફાયર સામેની લડાઈમાં જાન ગુમાવ્યો ત્યારથી પિતાના પગલે ચાલી શેઈન આ ક્ષેત્રમાં સક્રિય બન્યા.

કુદરત કોઈ સમયપત્રકને આધીન હોઈ શકે? આપણે કેલેન્ડરનાં ચોકઠાંમાં કુદરતની હલચલને ગોઠવવા જઈએ પણ વારંવાર એ આપણને હાથતાળી દઈને કેલેન્ડરનાં ચોકઠાંની બહાર નીકળી જાય અને આપણે એને 'કમોસમી' ઘટના કહીએ અને અચંબાથી જોઈ રહીએ. આવું જ કંઈક 2019માં ઓસ્ટ્રેલિયામાં બન્યું. દક્ષિણ ગોળાર્ધના આ વિશાળ દેશમાં ઉનાળાની શરૂઆત ડિસેમ્બરમાં થાય એટલે એ અહીંની ‘ફાયર સીઝન’ની પણ શરૂઆત ગણાય છે . ડિસેમ્બર બેસે એટલે તંત્ર લોકોને સાબદા કરે, જાહેર માધ્યમોમાં સાવચેતીનાં પગલાંનું પુનરાવર્તન થાય. પણ 2019માં 'ડુંગરીએ દવ લાગ્યો'ની બૂમ પડી છેક સપ્ટેમ્બર મહિનામાં.

અગ્નિશમન માટેનાં અનેક પ્રકારનાં અદ્યતન સાધનોથી આર.એફ.એસ. સુસજ્જ છે. આ સાધનોનો ઉપયોગ કરીને વૈજ્ઞાનિક પદ્ધતિથી દવ ઉપર કાબૂ મેળવવાની કામગીરી થાય છે અને એ માટે અગ્નિશામક દળના બધા જ જવાનો તાલીમબદ્ધ હોય છે.

પરંતુ હમણાંની પ્રચંડ આગે અહીંની આદિપ્રજાની લેન્ડ મેનેજમેન્ટની અને અગ્નિશમનની એમની પરંપરાગત પદ્ધતિઓ તરફ આ ક્ષેત્રના વૈજ્ઞાનિકોનું

ધ્યાન દોર્યું છે. જે પ્રજા આ ખંડને પચાસ હજાર વર્ષથી ઓળખે છે, જે પ્રજાની રગરગમાં આ ધરતીની ઋતુઓની સમજણ છે, જમીનની અને એનાં વનો અને પશુઓની સંભાળ લેવાની અંતરસૂઝ છે અને પ્રકૃતિ સાથેનું આધ્યાત્મિક અનુસંધાન છે એમની પદ્ધતિઓ તરફ પાછા ફરવાથી આવા દાવાનળો ટાળી શકાય અથવા દાવાનળનાં વ્યાપ અને ઉગ્રતા ઓછાં થઈ શકે. એબોરિજિનલ પ્રજા માટે અગ્નિ વિનાશક નહીં, પણ નવોન્મેષ માટેનું એક ઉપયોગી સાધન હતું. 'કોલ્ડ ફાયર' રચીને માનવ-વસ્તીની આસપાસના પરિસરને મનુષ્ય અને પશુઓ માટે વસવા લાયક બનાવવાની કળા એમને એમના પૂર્વજો પાસેથી મળી હતી અને તેથી એમને એ સહજસાધ્ય હતી. પોતાની ધરતીનો ધબકાર ઝીલતી આ પ્રજાને ઇકોલોજીના પાઠ શીખવવા નહોતા પડ્યા. એમની ધરતી સાથેનું એમનું તાદાત્મ્ય એવું હતું કે આવી રહેલા દાવાનળને તે અગાઉથી પામી જતા. ઓસ્ટ્રેલિયાની જુદીજુદી એબોરિજિનલ જાતિઓ દ્વારા અગ્નિના સર્જનાત્મક ઉપયોગ વિશે થયેલા અનેક અભ્યાસો હવે સ્વીકારે છે કે એમને માટે અગ્નિ એ નવસર્જનનું એક શક્તિશાળી સાધન હતું. બીજા શબ્દોમાં કહીએ તો એમણે અગ્નિને નાથ્યો હતો, અગ્નિ એમનો શત્રુ નહીં પણ મિત્ર હતો. અગ્નિનો ઉપયોગ પર્યાવરણનું રક્ષણ કરવા માટે થતો અને એ રીતે એમના જીવન માટે ઉપયોગી આહાર અને અન્ય ચીજવસ્તુઓનું નવનિર્માણ થતું. નદી અથવા પાણીના સ્રોત નજીક વસવું, ત્યાં આસપાસ ઘાસ ઉગાડવું, જેથી પશુઓ ત્યાં ચારો-પાણી માટે આવે જેમનો શિકાર કરી શકાય, વૃક્ષો ઉગાડવાં અથવા ઊગવા દેવાં તો એને આવાસોથી દૂર રાખવાં, ઋતુ બદલાતાં દવ લાગે તે પહેલાં નાનીનાની આગો લગાડી મોટા દાવાનળો થતા રોકવા અને બળેલી જમીનને ફરીથી ઉપયોગમાં લેવા સક્ષમ બનાવવી, આ સમજણ અને કૌવત એમના લોહીમાં વણાયેલાં હતાં. યુરોપીય પ્રજાએ આવીને ખંડ પર કબજો કરતાં જંગલોની આ પરંપરાગત સંભાળ લેવાનું બંધ થયું અને ત્યારથી અહીંની ઇકોલોજીમાં પરિવર્તનો શરૂ થયાં એવું ઓસ્ટ્રેલિયાના વૈજ્ઞાનિકો હવે સ્વીકારે છે.

સ્પષ્ટ છે કે તાજેતરના દાવાનળોએ પરાપૂર્વથી ચાલતી આવેલી વિજ્ઞાન અને સહજ જ્ઞાન અથવા પ્રમાણ નિરપેક્ષ જ્ઞાન વિશેની ચર્ચા સજીવન કરી છે. જ્ઞાનના એ દ્વૈત છતાં અદ્વૈત વિશે સમજણ કેળવવામાં, એ બંનેનો સંતુલિત સમાગમ કરવામાં વિશ્વનું કલ્યાણ છે એવું જ્યારે આપણા વૈજ્ઞાનિકો, શાસકો અને વહીવટકર્તાઓ સ્વીકારી શકશે ત્યારે આવી પ્રાકૃતિક હોનારતોથી થતી હાનિથી માનવજાત બચી શકશે.

❑❑❑



નર્મદાકિનારે

☐ અમૃત બારોટ

પોર્ટરને પૈસા આપવા પડ્યા પણ જનરલ ડબામાં જગ્યા મળી ગઈ ને તેય બારી પાસેની એટલે દિવ્યાને શાંતિ થઈ. આમ તો એક સમયની સ્કૂલની પ્રિન્સિપાલ એટલે આવી રીતે જનરલ ડબામાં બેસવાનું પસંદ ના કરે. એમાં મોભો ના રહે ને ત્યાં કેવા કેવા માણસો હોય! પણ અચાનક નીકળી જવાનો નિર્ણય લીધો એટલે નાછૂટકે કચવાતે મને એ બેઠી. ડબો કંઈ એટલો ખરાબ નહોતો. માણસોની અવરજવર ને ઘોંઘાટ નડે પણ થોડા કલાક ચલાવી લેવાશે. બારી પાસેની સીટનું આશ્વાસન પણ હતું.

એની બાજુમાં બોલી પરથી મારવાડી લાગતું દંપતી બેઠેલું હતું. સ્ત્રીએ લાંબો ઘૂમટો કાઢ્યો હતો ને પુરુષ ક્યારનો સામાન ગોઠવવામાં પડ્યો હતો. સામેની બારીની સીટમાં કથ્થઈ સાડલામાં એક વૃદ્ધ સ્ત્રી બેઠેલી હતી. એને અડીને બારી બાજુ એક આઠ-દસ વર્ષની કન્યા ઊભેલી

હતી. એ બન્નેની બાજુમાં કોઈ મુફલિસ જેવા લાગતા બે માણસો બેઠેલા હતા. ગાડીમાં એટલી ગિરદી નહોતી. મારવાડી આ બાજુના પાટિયા નીચે સામાન ગોઠવીને એક બેગ સામેના પાટિયા નીચે પણ ગોઠવતો હતો. એને થયું, આટલો બધો સામાન લઈને શું કામ નીકળતા હશે લોકો? એની પાસે એક બેગ જ હતી. જોકે અચાનક નીકળવાનું ના થયું હોત તો કદાચ એણે પણ એકાદ બેગ વધારે લીધી હોત પણ થયું જ એવું કે-

સવારથી દિવ્યા ધૂંઆપૂંઆ હતી. આમ તો કાલ રાતથી જ મગજનો પારો ચઢેલો હતો. રાતે સાડાનવે એક કાર્યક્રમમાંથી એ ઘરે આવી ત્યારે ક્રિશ ને ત્વિષાની કેરટેકર બાઈએ કહ્યું, ''સાહેબ ને મેમસાબ પિક્ચરના શોમાં ગયાં છે. ત્યાં બહાર જમવાનાં છે. તમારું જમવાનું ઢાંકી રાખ્યું છે.'' એને ના ગમ્યું પણ બાઈ આગળ એ કંઈ બોલી નહીં. માત્ર એટલું જ પૂછી લીધું, ''ક્રિશ ને ત્વિષા જમ્યાં?'' ''હા, મેમસાબે જમાડી દીધાં છે.'' એણે કિડ્ઝરૂમમાં ડોકિયું કર્યું તો બંને છોકરાં ઊંઘી ગયાં હતાં.

ડાઈનિંગ ટેબલ પર એકલા જમતાં બહુ વિચારો આવ્યા. ઘરનો નિયમ હતો, દિવસના ભાગે ભલે શક્ય ના બને પણ રાતે બધાએ ડાઈનિંગ ટેબલ પર સાથે બેસીને જ જમવાનું. વર્ષોથી આ નિયમ છે. પોતે જ બનાવ્યો છે. આજે એને સહેજ મોડું થયું હતું એ ખરું પણ પિક્ચરમાં જવાની વાત તો થઈ જ નહોતી. ગ્રીષ્મા ના કહે એ સમજ્યા પણ કૃતાર્થનેય ફોન કરવાનું કે વોટ્સએપ કરવાનું ના સૂઝે? પોતાનું લોહી છે તોય-! એણે મૂંગાં મૂંગાં જમી લીધું ને પછી રૂમમાં જઈ એક નોવેલ કાઢી વાંચવાનું શરૂ કર્યું. થોડી વાર કોશિશ કરી પણ વાંચવામાં ચિત્ત ચોંટ્યું નહીં. નોવેલ બાજુ પર મૂકી એ બારી પાસે આવી ઊભી રહી. બારીમાંથી મહાનગરનું આકાશ કાપેલા ટુકડા જેવું દેખાતું હતું એના અડધેથી કપાઈ ગયેલા દામ્પત્યજીવન જેવું જ.

વિમલ સાંભરી આવ્યો. એની સાથે છેક સુધી વ્યવસ્થા બાબતે ચડભડ રહી. એનું બધું વેરણછેરણ રહેતું. પેન, ચશ્માં ગમે ત્યાં પડ્યાં હોય. કપડાં બદલ્યાં હોય તો કાઢેલાં કપડાં સાંજ સુધી બેડ પર પડી રહે. ઘડિયાળ નથી મળતી કે ચેકબુક નથી મળતી એવી રોજની બૂમાબૂમ હોય. ઘણી વાર તો એનો કાંસકો ડાઈનિંગ ટેબલ પર પડ્યો હોય. જમવાના ટેબલ પર કાંસકો! કેવું લાગે? પોતે ટોકે તો, ''ના ગમતું હોય તો ઉઠાવીને મૂકી દે'', એવો જવાબ મળે. પોતે શિસ્ત, વ્યવસ્થાની આગ્રહી છતાં વિમલને એની કાંઈ અસર નહીં. ક્યાંય જવાનું હોય ત્યારે પણ સમયસર ના આવે ને પછી ઉતાવળ કરાવી મૂકે. કંઈક કહીએ તો, ''માણસ છે, યાર, થોડું આઘુંપાછું તો થાય. એમાં આટલી આકળી શું કામ થાય છે?''- હવે, આવા માણસને શું કહેવું?

તે દિવસે બંને વચ્ચે બરાબરની જામી પડી. એની મોટી બેનની દીકરીની સગાઈ હતી. બનેવી મુહૂર્ત-ચોઘડિયામાં બહુ માને. પોતે સમયસર તૈયાર થઈને વિમલની રાહ જોઈ રહી હતી પણ એનો પત્તો જ નહીં. ફોન પણ ના ઉપાડે. કલાક મોડો આવ્યો ને ત્યાં ફંક્શન માટે ગિફ્ટ લાવવાનું કહ્યું હતું એય ભૂલી ગયો. કોઈનોય પિત્તો જાય કે નહીં!? કહ્યું, ''તારામાં કમિટમેન્ટ જેવું કંઈ મળે કે નહીં?'' તો કહે, ''મેડમ, કમિટમેન્ટ માટે જ આવ્યો છું નહીં તો અત્યારે મને મરવાનીય ફુરસદ નથી.'' એનાથી બોલાઈ જવાયું, ''મારાં સગાંમાં જવાનું હોય છે ત્યારે જ ફુરસદ નથી હોતી, કેમ?'' ઘડીક એ લેવાઈ ગયો હોય એમ જોઈ રહ્યો ને પછી કહે, ''તને ખબર હોત કે અત્યારે હું કેવા સ્ટ્રેસમાં... રે'વા દે, ચાલ, રસ્તામાંથી કોઈ ગિફ્ટ લઈને પહોંચીએ નહીં તો મારા સાઢુભાઈને વળી મુહૂર્ત-ચોઘડિયાં વહી જશે.''

એ દિવસે સમજાયું નહોતું પણ અઠવાડિયા પછી વિમલને એટેક આવ્યો ત્યારે એ ડઘાઈ ગઈ. ધંધામાં નુકસાન જાય કે પાસાં અવળાં પડે તો કોઈ પોતાની સહધર્મચારિણીને વાત કરે કે નહીં? અરે, મારું પી.એફ, બેંક-બેલેન્સ છેવટે અલંકારો વેચીનેય હું પડખે ઊભી રે'ત પણ કોઈ વાત જ ના કરે તો! મને શું એના વીમાની રકમમાં રસ હતો? પણ એ બધી વાતોનો કોઈ અર્થ નહોતો. હોસ્પિટલ પહોંચતાં પહેલાં જ તો એ...! તકલીફ પડી હતી પણ એણે બધું સંભાળી લીધું હતું. વિમલના વીમાની રકમ કામ આવી હતી. ખોટ ભરપાઈ કરી દીધી હતી. આર્થિક રીતે તો ગાડું પણ પાટા પર ચડી ગયું પણ-

એક ઝટકો લાગ્યો ને ગાડી સ્ટાર્ટ થઈ. પ્લેટફોર્મ પર મૂકવા આવેલા સ્વજનો, 'આવજો', 'ફરી મળીશું' - એવા ઉદ્‌ગારો સાથે દેખાતા બંધ થયા. સ્વાભાવિક છે પોતાને મૂકવા કોઈ થોડું આવવાનું હતું? પોતે નીકળી જ એવી રીતે હતી કે-

કૃતાર્થનાં લગ્ન કરાવ્યાં ત્યારે હતું કે શિક્ષિત વહુ આવશે તો સારી કંપની મળી રહેશે. દીકરીની જેમ જ રાખીશ એને. પણ બધું આપણું ધાર્યું ક્યાં થતું હોય છે? ગ્રીષ્મા દેખાવડી હતી, હોશિયાર હતી. કૃતાર્થને પસંદ હતી ને કુટુંબ પણ સારું હતું પછી ઝાઝું વિચારવાનું હતું જ નહીં. શરૂઆતના મહિના બધું બરાબર ચાલ્યું પણ પછી, ''હજી ઊઠી નથી ગ્રીષ્મા?'' ''મમ્મી, બાઈ છે, મહારાજ છે, પછી વહેલા ઊઠીને શું કામ છે?'' ''અરે પણ, આપણા સ્વાસ્થ્યનો વિચાર કરવાનો કે નહીં? વહેલા સૂઈ વહેલા ઊઠવું એ આરોગ્ય માટે-'' ''એ બધી વાતો જૂની થઈ, મમ્મી. થિંગ્ઝ હેવ ચેન્જ્ડ, ડોન્ચ્યુ સી?'' શિસ્તની બાબતમાં ચલાવી લેવું

દિવ્યાના સ્વભાવમાં નહોતું. ચડભડ થઈ પણ ઘર છે, કાંઈ હોટેલ થોડી છે? ધાર્યું'તું એવું ઘરનું વાતાવરણ ના રહ્યું. ચડભડ વધતી ગઈ. બાળકોનાં નામકરણ બાબતે ગ્રીષ્માએ જે મનમાની કરી એ હજી એને ચચરે છે. ક્રિશ ને ત્વિષા - કેવાં નામ છે? આપણી સંસ્કૃતિ દેખાય છે એમાં?

કોઈ છીંકણી સૂંઘતું હતું કે શું? એણે ડબામાં નજર ફેરવી. હા, પેલી વૃદ્ધ સ્ત્રીએ છીંકણીવાળા હાથ જ એના સાડલે લૂછ્યા. બહુ ઉડાડી ના હોય તો સારું, નહીં તો આખા ડબામાં હમણાં છીંકાછીંક થઈ જશે. ચાલો, ઊડી હોય એવું લાગતું નથી. પણ પેલી છોકરી એની સ્ટાર્ચવાળી સફેદ સાડી સામે કેમ વારેવારે તાક્યા કરે છે? એણે છોકરીને ધ્યાનથી જોઈ. નવું ફ્રોક પહેર્યું છે ને આંખોમાં કાજલ લગાડ્યું છે. ચોટલા પર જૂની ઢબે રીબન પણ બાંધી છે! પેલી સ્ત્રીએ બાંધી આપી હશે? ના ના, એ તો સાવ અણઘડ લાગે છે પણ છોકરી છે મીઠી. એની ચકળવકળ થતી આંખોમાં જાણે કુતૂહલ ડોકિયું કર્યા કરે છે.

ત્વિષા યાદ આવી ગઈ કે કેમ, એણે છોકરીને ગાલે હળવેથી ટપલી મારીને પૂછ્યું, ''ચોકલેટ ખાવી છે? આપું?'' દિવ્યાએ હાથમાંની પર્સ ખોલી એમાંથી ચોકલેટ કાઢી. છોકરીએ પેલી સ્ત્રી સામે જોયું. બોખા મોંએ હસીને એ સ્ત્રીએ હકારમાં ડોકું ધણાવ્યું એટલે છોકરીએ ચોકલેટ લઈ લીધી ને ખોલીને ખાવા લાગી. વિચારોથી પીછો છોડાવવા દિવ્યાએ એ સ્ત્રી સાથે વાતચીત શરૂ કરી, ''બહારગામ જાઓ છો?'' ''ગોંમ જીએ છીએ, ઓંઈ થોડા દા'ડા હાટુ આયાં'તાં, અવે વળતાં થ્યાં છીએ.''

અચ્છા, એટલે આ લોકો મુંબઈમાં રહેતા નથી, ગામડાના છે. એમાં જ તો આવા-પોતે કોઈ ગામડે કદી ગઈ નથી. રસ્તામાં અલપઝલપ બેચાર કલાક જોયાં હશે કોઈ ગામ. લાવને પૂછું. ''માજી, ગામડાનું જીવન આમ કેવું?'' 'ઓંમ તો એવું જ, શેરની શાયબી નોં મલે, મજૂરી કરવી પડે પણ ઈમ તો ઓંઈયે ઘણાં મનેખ મજૂરી કરતાં જ અશેને?''

''કામ તો અહીંના માણસેય કરવું પડે પણ કામ કામમાં ફેર હોય.''

''હાચી વાત કીધી ભા, જેનું કોંમ જે કરે. ઓંઈ હુંવાળાં કોંમ વ્હોય, ત્યાં ગોંમમાં શાયડાય વાળવા પડે ને ગાલ્લુય હાકવું પડે. ટપકવાળાં ને ટેકટરવાળાંને એવું નોં વ્હોય પણ બધાંનાં એવાં નસીબ થોડાં વ્હોય!''

દિવ્યાને અડધું જ સમજાયું પણ સારું છે ડોશી વાતોડિયાં છે. પોતેય વાતોમાં બધું ભૂલવા મથે છે પણ ગ્રીષ્માએ બપોરે જે શબ્દો ઉચ્ચાર્યા એ–

ખટકે છે, ખૂબ ખટકે છે. પોતે જરાક અમસ્તું એણે પહેરેલાં શોર્ટ્સ વિશે કહ્યું તો ચપચપ ચોંટી પડી, ''તમે મમ્મી,

આવી કીટકીટ કરો એ કેમ ચાલે?'' ''અરે પણ તું ઘરમાં આવા શોર્ટ્સ પહેરીને ફરે તો કે'વું તો પડે જને?''

''આવા એટલે કેવા? એના પરથી તમે મારું કેરેક્ટર નક્કી કરવાનાં છો?''

'મેં એવું કહ્યું? પણ ખાનદાન કુટુંબમાં આ ના શોભે, કહી દીધું તને.''

''તમારા આવા ચોખલિયા વિચારોને લીધે બીજાને કેટલો સ્ટ્રેસ થાય એની ખબર છે તમને? આમાં ને આમાં તો કોઈને એટેક આવી જાય-!''

છેલ્લું વાક્ય ગ્રીષ્મા મનમાં બોલતી હોય એવી રીતે બોલી હતી પણ એને સ્પષ્ટ સંભળાયું હતું. એ સમસમી ગઈ. એટલે શું પોતાને કારણે વિમલને-?

એ વખતે જ એણે મનમાં ગાંઠ વાળી લીધી. નથી રે'વું આવી રીતે. સાંજ સુધીમાં નીકળી જઈશ. કોઈ આશ્રમમાં જઈને રહીશ. હું કંઈ તમારી પર અવલંબિત નથી. પેન્શન આવે છે મારું. એણે બેગ તૈયાર કરી દીધી. યાદ કરીને ચેકબુક પણ લઈ લીધી. ક્રિશ અને ત્વિષાને છોડી જવાનું મન ના થયું પણ મન મક્કમ કરી નીકળી પડી.

માજી કંઈ કહેતાં હતાં. એ વિધવા બન્યાં એની વાત કરતાં હતાં. ''સોરી, મારું ધ્યાન ના રહ્યું. શું કહેતાં'તાં તમે?'' ''હોવ ભા, બધે લોહી-ઉકાળા વ્હોય તે આપડું મન બીજે હેંડી જાય, ઈનું કાંઈ નઈ. તમે ઓંઈ મુંબઈનાં કે અમારી પઠ્ઠમ-?'' ''ના, હું મુંબઈની જ. થોડા દિવસ બહાર ફરવા જાઉં છું. નર્મદાકિનારે.'' ''નબદા તો મા છ, હઉનો વિહોમો. ત્યોં મોંણસનું મન ઠરે.'' ''પણ તમે તમારી વાત કરતાં હતાંને? તમે વિધવા થયાં એની.'' ''અરર ભા, ભગવોંન કોઈનેય રંડાપો નોં આલજો બાપ. મોંયનું દુઃખ તો વિહારેય નોં પડ્યું વ્હોય ન લોક ચૂંટી ખાય તમોને.''

''આ છોકરી તમારે-?''

''મારા રમલાની છ,'' માજીએ છોકરીને પડખામાં લેતાં કહ્યું, ''મજૂરી કરીને, ગોંમનાં ટોણાંટપ્પાં ખઈને મીં રમલાને મોટો કર્યો, પેણાયો, ભગવોંને આ રૂપાળી છાડી આલી'તી પણ આયખું નઈ તે-'' માજીનો અવાજ ગળગળો થઈ ગયો ને આંખોમાં આંસુ આવી ગયાં. દિવ્યાને થયું, પોતાના કરતાં આ ગામડિયણ સ્ત્રીનું દુઃખ અનેક ઘણું વધારે છે. વિમલ ગયો ત્યારે પોતાને તો પ્રિન્સિપાલની નોકરી હતી. કૃતાર્થની કોલેજ પણ પૂરી થવા આવી હતી. પછી એનેય સારી નોકરી મળી ગઈ ને બધું પાટે ચડી ગયું. જ્યારે આ સ્ત્રીનો દીકરો... આયખું નઈં એટલે શું એ પણ-?

ગાડીનો ખટાક ખટ અવાજ ઘણની જેમ કાને અથડાતો હતો. એણે જોયું, માજી આંસુ લૂછીને થોડાં સ્વસ્થ થયાં લાગતાં હતાં. ''તમારા દીકરાને શું થયું'તું માજી?' પ્રશ્ન સાંભળીને થોડી વાર એ ઊંડાં ઊતરી ગયાં હોય એમ શૂન્યમાં તાકી રહ્યાં પછી ઊંડો નિશ્વાસ નાખી બોલ્યાં, ''કોગળિયું ખઈ જ્યું

ભાઈને! દઃખ વધી જ્યું ત્યાં લગણ કોઈને કાંય કૈ'યું નઈ. ખરા બપોરના તાપમાં હેતરમાં કોં કરતો'તો. ચક્કર ખઈને પડ્યો તાણ ખબર પડી. તાલુકાની અસ્પતાલે લેઈ જ્યાં પણ દાગ્તર કે' કે મોડાં પડ્યાં.'' માજીની આંખોમાં ફરી જળજળિયાં ઊભરાઈ આવ્યાં.

દિવ્યાના મનમાં અરેરાટી ઊઠી. થયું, એ સ્ત્રીને એના દુઃખની યાદ અપાવી વધુ દુઃખી શું કામ કરવી? એણે વાત બદલી, ''અહીં મુંબઈમાં ફરવા આવ્યાં હતાં!?'' ''ના રે, ફરવા તો શ્યોંથી આઈએ? આ તો લગન અતાં એટલે- આ છોડીની માનાં.''

ટ્રેનનો એક ધક્કો આવ્યો. દિવ્યા થડકો ખાઈ ગઈ. છોડી-છોકરીની માનાં! એ આગળ પૂછવું કે નહીં એના વિચારે ચઢી પણ કુતૂહલ શમતું નહોતું.

''છોકરીની મા એટલે તો તમારા દીકરાની વહુ, એનાં?''

''હોવં ભા, ઈનાં જ. એ તો ઘણુંય ના પાડતી'તી. કે,' 'મા, તમોનં મૂકીને મું શ્યોંય જવાની નથી.' પણ બાપ મીં રંડાપો વેઠ્યો છ. મારી નજર્યો હોંમે ઈની રાતા રોંયણ જેવી દેઈને હુકઈ જતી શ્યમ દેખી જાય!''

''એટલે તમે... તમે એનાં લગ્ન કરાવી આપ્યાં?''

''મું તો હું કરાવતી'તી! આ ભગવોંને જોગ કરી આલ્યો. મારો ભોંણિયો ઓંઈ મુંબઈમાં રે'છ નં ભણેલો છ. ઈને ભલોંમણ કરી'તી ઇના રૂડા પરતાપે-''

''પણ પછી આ છોકરી-?'' ''ઈનો જ વાંધો પડ્યો'તો. હોંમેનું હગું બધી રીતે હારું અતું પણ છોડીને રાખવાની ઈમની મનશા નઈં તે આઘુંપાછું કરતાં'તાં. વઉ છોડીને મેલીને જવા તય્યાર નઈં. પછ મીં કે'યું, મું અજી જીવું છું. આ છોડી હારું જ ભગવો'ને મને જીવાડી છ. મું રાખે ઈને.'' ''વહુ માની ગઈ?'' ''માનો જીવ ભા, હેને મોંને? મોંડ મોંડ હમજાઈ, કે'યું તું વખત બે વખત આઈને મલી જજે. અમારી ખબર કરતી જજે.'' ''પણ પછી છોકરી મોટી થાય એટલે એને પરણાવવી પડે. ગામડામાં તો છોકરીને સાપનો ભારો ગણે છેને?''

''ના ભા, એવું નથી હોં. મું પેણાયે ઈને. મારે તો એ હાપનો ભારોય નથી કે વેઠની ગોંહડીય નથી. એ તો મારી ઓંખ્યોનો દીવો છે. દીકરો મોટો કર્યો'તો, અવે દીકરીનો અભરખો પૂરો કરું. આ મનખો કશા કોંમમાં આવે એ જ -''વાક્ય અધૂરું મૂકી એ સ્ત્રીએ ફરી પેલી છોકરીને પડખામાં લીધી ને બચીઓથી નવરાવી દીધી. છોકરી પણ દાદીની ગોદમાં સરકી ગઈ.

વાત સાંભળી રહેલી દિવ્યાને અણઘડ લાગતી એ સ્ત્રીની સરખામણીમાં પોતે વામણી લાગી. એ સ્ત્રીના ચહેરા પરની કરચલીઓમાં એક પ્રકારની પ્રવાહિતા હતી. એને થયું, એ ખરેખર અત્યારે નર્મદાકિનારે જ ઊભી છે.

❑❑❑

કવિ કાન્તની ખુરશી

(મારાં ભાવનગરનાં સંસ્મરણો)



☐ પ્રવીણસિંહ ચાવડા

૧૩. નવલભાઈ શાહ અને 'સળગતો પ્રશ્ન'

નોકરીમાં માંડ મહિનો થયો હશે -'અભી આયે, અભી બૈઠે' - ત્યાં પાટનગરથી ફરમાન છૂટ્યું. સચિવાલયથી ડેપ્યુટી સેક્રેટરીનો ફોન. 'દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિર'ની ગ્રાન્ટનો શું પ્રશ્ન છે? સંસ્થાને અન્યાય થઈ રહ્યો છે એવી રજૂઆત માનનીય મંત્રીશ્રી સમક્ષ થઈ છે.

તાત્કાલિક આવો. ફાઈલ સાથે, આવતી કાલે જ.

વિમુબહેન બધેકા સંસ્થાનાં આચાર્ય. એમને એક-બે વાર મળવાનું થયું હતું. વિદ્યાર્થીના ઉત્સાહથી વણનોતર્યો સંસ્થાની મુલાકાતે પણ ગયો હતો. ત્યારે, ગ્રાન્ટ કે અન્ય કોઈ પ્રશ્નનો ઉલ્લેખ થયો હોય એવું યાદ નહોતું.

કે પછી એવું બને કે, વિમુબહેને રજૂઆત કરી હોય પરંતુ તેનાં શૈલી અને સ્વરૂપને કારણે હું સમજી શક્યો ન હોઉં?

સૌમ્ય અને સંસ્કારી મનુષ્યો સાથેના વ્યવહારમાં એક મુશ્કેલી એ કે વિષય જે હોય તે, બોલવાની રીત અને ભાષા મૃદુ જ હોય.

*

જોકે, અહીં વાત અમુક એક સંસ્થાની અને એની ગ્રાન્ટની નથી કરવાની, વાત કરવાની છે નવા સવા અમલદાર તરીકે શિક્ષણમંત્રી સાથેની પ્રથમ મુલાકાતની.

ત્યારે ગુજરાતમાં જનતા પક્ષની સરકાર હતી, મુખ્ય મંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ અને શિક્ષણમંત્રી નવલભાઈ શાહ.

બીજા દિવસે ગાંધીનગર ગયો ત્યારે મને, એક અંગત કારણે નવલભાઈને જોવા અને મળવામાં રસ હતો. ખૂબ

નાનો હતો ત્યારથી એ નામ મને પરિચિત હતું. મારા ઘરમાં પિતાજી તથા મોટા ભાઈ દ્વારા વસાવવામાં આવેલાં વિવિધ વિષયોનાં પુસ્તકો ઠીકઠીક સંખ્યામાં હતાં. આ વિશે મેં અન્યત્ર વિગતવાર લખ્યું છે, તેથી પુનરાવર્તન નથી કરતો. ટૂંકમાં કહું તો, સમજ પડે કે ન પડે, મેં ધીમેધીમે વાંચવાનું શરૂ કર્યું. વય હશે નવ-દસ વર્ષ.

મહાકવિ કાલિદાસની પ્રસાદી, ખેડા સર્વસંગ્રહ, મનોમુકુર, રાજા કુમારપાળના રાસનું રહસ્ય, પથેર દાબિ, શેક્સપિયરની કથાઓ–

દળદાર અને ભારેખમ પુસ્તકોની વચ્ચે ભીંસાઈને બેઠેલી બે પાતળી, પીળાં પૂઠાંવાળી પુસ્તિકાઓ, જેના લેખક હતાઃ શ્રી નવલભાઈ શાહ.

એક પુસ્તિકાનું નામ યાદ છેઃ 'સળગતો પ્રશ્ન!

અંદરના લખાણ સુધી પહોંચવું તો દૂર રહ્યું, હું એ નામ આગળ જ અટવાયા કરતો. મને થાય કે પ્રશ્ન, પછી તે પરીક્ષાનો હોય કે અન્ય કશાકનો, સળગતો કેવી રીતે હોઈ શકે? લાકડું, ઘાસ, વસ્ત્ર કે પુસ્તક (!) સળગે તે સમજાય, પરંતુ પ્રશ્ન-?

તેને સળગાવવા માટે કયું ઇંધણ ઉપયોગમાં લેવાતું હશે?

અને, હોલવવા માટે?

મંત્રીશ્રીને મળવા ગયો ત્યારે નાયકના હાથમાં ફાઈલ હતી અને ભીતર પેલો પ્રશ્ન સળગતો હતો.

*

વર્ષ 1979, ગાંધીનગરમાં સચિવાલયનું નવું મકાન હજી બન્યું નહોતું અને મંત્રીમંડળ તથા જે-તે વિભાગની કચેરીઓ, હાલ જૂના સચિવાલય તરીકે ઓળખાય છે તે સંકુલમાં હતી.

પ્રથમ હું ડેપ્યુટી સેક્રેટરીને મળ્યો. એમની સાથેની પણ પહેલી મુલાકાત. ભાવનગરથી આવો છો? ગુડ. પહેલાં શું કરતા હતા?

વારુ, એ છોડો. ફાઈલનો બરોબર અભ્યાસ કર્યો છેને?

તો ચાલો, મંત્રીશ્રી રાહ જોઈ રહ્યા છે.

મંત્રીશ્રીની ચેમ્બર તરફ જતાં કોરિડોરમાંઃ

'ઈ.એમ.ને આ પહેલાં મળ્યા છો?'

'ઈ.એમ.?'

'એજ્યુકેશન મિનિસ્ટર-'

'ના.'

અરે અરે! રાજ દરબારમાં પેશ થવાનું છે. એની રીતભાતનો કંઈક ખ્યાલ હોવો જોઈએ–

ઊભા રહી ગયા. આખા અભ્યાસક્રમને આવરી લેવા માટે સમય નહોતો, તેથી શિખામણમાં બે ટૂંકાં સૂત્રો આપ્યાંઃ ઓછું બોલવું. પૂછે એનો જ ઉત્તર આપવો.

આ પ્રસંગનું આલેખન મારા વડે કંઈક હળવી શૈલીમાં થયું, તેથી

સ્પષ્ટતા કરવી જોઈએ કે આજે હું એ અધિકારીને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરું છું. નવા સરકારી તંત્રથી અપરિચિત માણસ દ્વારા અજાણતાં કદાચ અવિવેક થઈ જાય, તેમને આવી ચિંતા હશે. અને, મારા કિસ્સામાં તો આવી સલાહ ખૂબ જરૂરી હતી.

ખૂબ મોટી ચેમ્બર, એના સામેના છેડે મંત્રીશ્રી બિરાજમાન હતા. અમે જઈને સામે ઊભા રહ્યા. ડેપ્યુટી સેક્રેટરીએ પરિચય આપ્યો- ડી.ઈ.ઓ. ભાવનગર.

'હા, હા. તમારી જ રાહ જોતો હતો. બેસો. અરે ભાઈ, આ શું પ્રશ્ન છે? આવી સેવાભાવી સંસ્થાઓને અન્યાય થાય તે આપણા માટે સારું નથી.'

નવો નિશાળિયો સજ્જ હતો. છેલ્લાં ત્રણ વર્ષમાં ચૂકવાયેલી ગ્રાન્ટના આંકડા. બાલ અધ્યાપન મંદિરો માટેની ગ્રાન્ટની નીતિ. ફાઈલમાં જોવાની જરૂર નહોતી. બધું મોઢે.

મેં શરૂઆત કરી, હજુ પ્રસ્તાવનાનાં બે વાક્ય પણ પૂરાં થયાં નહોતાં ત્યાં મારું ધ્યાન એક વિસંગતિ તરફ ગયુંઃ વિષય ગંભીર, મારી શૈલી એને શોભે તેવી, પરંતુ સામે પક્ષે તો કંઈક જુદું જ હતું. માનનીય મંત્રીશ્રીના ચહેરા પર સ્મિત વિસ્તરી રહ્યું હતું. આંખોથી શરૂ થઈ હોઠના ખૂણા સુધી પહોંચ્યું હતું.

હાથના ઇશારાથી મારા વાણીપ્રવાહને રોકી દીધો.

'આ બધું તો થશે, પહેલી વાર મળો છો, તમારો પરિચય તો આપો! હોદ્દો નહીં, નામ કહો.'

મેં કહ્યું.

'વાહ! નાની ઉંમરે આટલા ઊંચા હોદ્દા પર પહોંચ્યા છો. ઉત્સાહી છો-'

કોલેજમાં અંગ્રેજી સાહિત્ય ભણાવ્યું હતું એ જાણીને ખુશ થયા. આ તો આનંદની વાત! વહીવટમાં અમારે તમારા જેવા જુવાનિયાઓની ખૂબ જરૂર છે.'

ભૂતકાળ તરફ!

'ભણ્યા ક્યાં? બી.એ. ક્યાંથી કર્યું?'

'વિસનગર કોલેજમાંથી.'

'તમે વિસનગર ભણ્યા, તો બોલો, હું ક્યાં ભણ્યો હોઈશ?'

ખડખડાટ હસતાં પોતે જ ઉત્તર આપી દીધો, 'બનારસ હિંદુ યુનિવર્સિટી!'

એ જમાનામાં ભાલ નળકાંઠાના ખૂણાના ગામડેથી વણિક પિતાએ વિદ્યાપ્રાપ્તિ માટે પુત્રને મુંબઈ કે પૂના નહીં, કાશી મોકલ્યા હતા.

વાતચીતનો લય બંધાયો તે તૂટ્યો નહીં. વિસનગર તો આપણી ગવર્નમેન્ટ કોલેજ. અધ્યાપકોમાં કોણ કોણ હતા?

મેં બે-ત્રણ નામ કહ્યાં - પ્રો. કુલશ્રેષ્ઠ, પ્રો. મચ્છર. વગર પૂછ્યે કોલેજની સમૃદ્ધ લાઈબ્રેરીના ગુણ ગાયા. કોલેજની સ્થાપના કરનાર પહેલા પ્રિન્સિપાલ વી. કે. ગોકાક સાહેબને ભક્તિપૂર્વક યાદ કર્યા.

બહુ સરસ! ચાલો, આનંદ થયો-

છેલ્લે છેલ્લે, કંઈક રહી જતું હતું, ખૂટતું હતું એવું લાગ્યું હશે, તેથી!'

'અરે હા! દક્ષિણામૂર્તિની ગ્રાન્ટ. તમારી વાત હું સમજી ગયો. ગ્રાન્ટની નીતિ અંગે અસંતોષ છે. તે અમારે સરકારી કક્ષાએ વિચારવાનું છે. તમારે કંઈ કરવાનું રહેતું નથી.'

આમ, બેઠક પૂરી થઈ.

બહાર નીકળ્યા ત્યારે મેં જોયું કે ડેપ્યુટી સેક્રેટરીનાં ભવાં ખેંચાયેલાં હતાં. ચહેરા પર નિરાશા હતી, અસંતોષ હતો. મંત્રીશ્રી અને ડિસ્ટ્રિક્ટ ઓફિસર કામની વાત બાજુએ મૂકી આડાઅવળા તડાકા મારવા બેસી ગયા તે એમને, સરકારી ગૌરવને હણનારું લાગ્યું હશે.

એમની શિખામણો મને ઝાંપા સુધી, એટલે કે મંત્રીશ્રીની ચેમ્બરના બારણા સુધી જ કામમાં આવી.

વાંક મારો નહીં, માનનીય મંત્રીશ્રીનો હતો. એમણે પોતાનો પાઠ ભજવ્યો નહીં. મોઢે આવ્યા તે સંવાદો બોલ્યા અને વિષયને જુદી દિશામાં ખેંચી ગયા. અરે, તૈયાર સ્ક્રિપ્ટ, નખશિખ સજાવેલી રમણી જેવી, એને ફાડીને ફેંકી દીધી!

અને મને? મને કેવું લાગ્યું હતું?

મારે પક્ષે એક સ્વયંસંપૂર્ણ, મૌલિક કલાકૃતિ માણ્યાનો આનંદ હતો. પ્રારંભ સાદો, ખાસ ધ્યાન ખેંચે એવો નહીં. પછી, સહજ વિકાસ માનવામાં આવે (અપેક્ષિત) એવું કંઈ નહીં. અણધાર્યાં તત્ત્વોનો પ્રવેશ, ઉડ્ડયન.

ઘાટીલો અંત નહીં.

*

આ પ્રસંગ બન્યો હતો વાસ્તવના સ્તર પર, પાછળથી ધીમેધીમે એની કેટલીક સૂક્ષ્મ છાયાઓ ઊઘડી.

લોખંડના તોતિંગ દરવાજા, હથિયારધારી દરવાનોની ચોકી, વિકરાળ (અથવા વિદૂષક જેવા) ગૌણ દેવતાઓ.

એક પછી એક ચોકી વટાવતા જાઓ, હવા વધુ ને વધુ પાતળી બન્યે જાય, એમાં કંઈક રહસ્યનો પ્રવેશ થાય-

છેલ્લે ગર્ભગૃહ.

પણ આ શું? અહીં જે મૂર્તિ વિરાજમાન છે તે તો સૌમ્ય છે. ચહેરા પર હાસ્ય, નેત્રોમાં કરુણા. દષ્ટિમાત્રથી એ તમારા બધા તાપ હરી લે છે.

કોઈ પણ તંત્રના પિરામિડમાં, ટોચ પર બેઠેલી વ્યક્તિનું સ્વરૂપ આવું હોવું જોઈએ.

*

નવલભાઈ સાથે વધારે પરિચય પંદરેક વર્ષ પછી થયો, 1993-95ના ગાળામાં. ત્યારે તે બુનિયાદી શિક્ષણ બોર્ડના અધ્યક્ષ હતા અને હું હાયર એજ્યુકેશનમાં જોઈન્ટ ડાયરેક્ટર. અમારી ઓફિસો જૂના સચિવાલયમાં પાસપાસે હતી, વળી એ બોર્ડના સેક્રેટરી મુકુંદભાઈ જોશી મારા મિત્ર તેથી નવલભાઈને ઘણી વાર મળવાનું થતું. સરકારે રાજ્યની ગ્રામવિદ્યાપીઠોની કામગીરીના મૂલ્યાંકન માટે એક સમિતિની રચના કરી, તેના અધ્યક્ષ નવલભાઈ હતા. અને સભ્યોમાં

લોકભારતી, સણોસરાના નિયામક કુમુદભાઈ ઠાકર, ડેપ્યુટી સેક્રેટરી અને હું.

રાજ્યની બધી સંસ્થાઓની મુલાકાત લઈ સમિતિએ તેનો અહેવાલ સરકારને આપવાનો હતો. આંતરા અઠવાડિયે સવારી નીકળે - ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર - એમ એક દિશા પકડી ત્રણ-ચાર દિવસ પ્રવાસ કરવાનું થાય. કાંઈક મોટું, ખખડધજ વાહન હતું, જેમાં બધા આરામથી બેસી શકે છતાં જગ્યા ખાલી રહે.

પહેલા પ્રવાસમાં મને લેવા માટે સવારી મારે ઘેર આવી, થેલો અંદર મુકાયો અને હું નવલભાઈની પાસે ગોઠવાયો એવા જ કહે, 'હવે તમને બરાબર ઓળખ્યા!'

'હજુ હું નથી ઓળખી શક્યો.'

'તમારું રહસ્ય પકડાઈ ગયું!'

'કેવું રહસ્ય? સીધોસાદો, ભોળો-'

'તમે તો વૃંદાવનમાં લીલા કરો છો.'

'વૃંદાવન' તે અમારી સોસાયટી, નાકે પાટિયું વાંચી લીધું હશે.

મેં કહ્યું, 'હકીકત છે તેનો નકાર કેવી રીતે થઈ શકે?'

શિવરંજની ચાર રસ્તાથી સેટેલાઈટ રોડ પર જમણી બાજુ વળ્યા, ત્યાં એક રેસ્ટોરન્ટ, ભોગજોગે જેનું નામ 'વૃંદાવન.'

'વાહ ભઈ! તમારે માટે તો ખાસ ભોજનાલય ઊભું કરવામાં આવ્યું છેને કંઈ!'

મેં કહ્યું, 'માણસને ખાવા તો જોઈએને?'

'વૃંદાવનવાસીઓ માટે જમવાનું ફ્રી હશે.'

આવી, બાળક જેવી એમની વાતો. ભાર મંત્રીની ખુરશીમાં બેઠા ત્યારે નહોતો તો હવે ખાલી થયા પછી ક્યાંથી આવે?

*

એટલો બધો સમય સાથે રહ્યા, અનેક હળવા-ગંભીર વિષયોની વાતો કરી, પણ નવલભાઈને એક વાત પૂછવાની રહી ગઈ - સળગતો પ્રશ્ન કયો?

[ક્રમશઃ]



ઘેરબેઠાં 'નવનીત સમર્પણ' મેળવવા ઘેરબેઠાં લવાજમ પણ ભરો

ઓનલાઈન લવાજમ ભરવાની
એકદમ આસાન સેવાનો લાભ લેવા...

જસ્ટ ક્લિક

http://www.bhavans.info/periodical/pay_online.asp

રવાનગી વિભાગ : 23530916-23514466



પ્રફુલ્લચંદ્ર રે (ઈ.સ.૧૮૬૧-૧૯૪૪)

☐ અરવિંદ ગુપ્તા **☐ અનુ.: હેમંત સોલંકી**

આ લેખ વિજ્ઞાન લેખક તેમ જ વિજ્ઞાન પ્રચારક શ્રી અરવિંદ ગુપ્તાના પુસ્તક 'Bright Spark'માં રજૂ થયેલ ભારતીય રસાયણ વિજ્ઞાનના પિતા, ઉદ્યોગ સાહસિક અને ઉમદા શિક્ષક પ્રફુલ્લચંદ્ર રેની લઘુ આત્મકથાનો ભાવાનુવાદ છે. 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર'માં માનનારા પ્રફુલ્લચંદ્ર રેને પછીથી મહાત્મા ગાંધી પણ પોતાના આદર્શ માનતા.

Indian National Science Academy (INSA), નવી દિલ્હીના પ્રાધ્યાપક એમ. વિજયન આ પુસ્તક માટેના પ્રેરણાસ્રોત રહ્યા. તેમ જ ખ્યાતનામ ખગોળ વિજ્ઞાની પ્રા. જયંત નારળીકર સહિત પ્રા. માધવ ગાડગીલ તેમ જ પ્રા. ટી. પદ્મનાભન આ પુસ્તકની સલાહકાર સમિતિના સભ્યો રહ્યા. આ બધાનો સ્પષ્ટ ઉદ્દેશ હતો *"બાળકો માટે ભારતીય વૈજ્ઞાનિકોનો પરિચય થાય એવું તેમનું સંક્ષિપ્તમાં ચરિત્ર આલેખતું, સંપૂર્ણ રીતે સરળ ભાષા તેમ જ સારી એવી સચિત્ર માહિતીઓ ધરાવનાર પુસ્તક પ્રગટ કરવું."*

શ્રી અરવિંદ ગુપ્તાએ આ પુસ્તકમાં ૪૦ જેટલા ભારતીય વૈજ્ઞાનિકો તેમ જ સંશોધકોના જીવનનો લઘુ પરિચય તેમ જ તેઓએ મેળવેલી સિદ્ધિઓ અને તેમનાં યોગદાનોને રજૂ કર્યાં છે. આ કામમાં તેમને સાથ મળ્યો ડૉ. કરેન હેયડોકનો, જેમણે આ પુસ્તકની ડિઝાઈન તૈયાર કરી તેમ જ તેમાં વપરાય તેવાં ચિત્રો પણ આલેખ્યાં. આ પુસ્તક અંગ્રેજી અને હિંદી ભાષામાં એક સાથે પ્રગટ થયું, અને પછી સમયાંતરે ગુજરાતી ભાષા સિવાય ભારતની બીજી પ્રાદેશિક ભાષાઓમાં પણ અનુવાદ પામ્યું, અને જે તે ભાષાની પ્રજાઓ સુધી પહોંચ્યું.

શ્રી. અરવિંદ ગુપ્તાને ૨૦૧૮ના પ્રજાસતાક દિવસે નાગરિક સન્માન ‘પદ્મશ્રી’થી નવાજમાં આવ્યા. આ એવોર્ડ તેમને તેમના "Toy From Trash" પ્રોજેક્ટ માટે તેમ જ તેમણે વિજ્ઞાનના શિક્ષણમાં કરેલ અભૂતપૂર્વ ફાળા માટે એનાયત થયો.

પ્રસ્તુત ભાવાનુવાદિત લેખના માધ્યમથી શ્રી અરવિંદ ગુપ્તા જેવા વિજ્ઞાન પ્રચારકે લખેલ આ પુસ્તકના લેખ વિજ્ઞાનમાં રસ ધરાવતા ગુજરાતી વાચકો સુધી પણ પહોંચે તે માટેનો નમ્ર પ્રયાસ છે.

- શ્રી હેમંત સોલંકી, સિઉલ-સાઉથ કોરિયા, ઈ-મેઈલ : shm8324@gmail.com


"શુદ્ધ ભારતીય પરિધાનમાં સજ્જ આ સરળ વ્યક્તિને જોઈને વિશ્વાસ જ નથી બેસતો કે આ વ્યક્તિ એક મહાન વૈજ્ઞાનિક તેમ જ પ્રાધ્યાપક હોઈ શકે."

- મોહનદાસ કરમચંદ ગાંધી

ઈ. સ. ૧૮૬૦-૧૮૬૯નો દાયકો કેટલાંક સૌથી ઉત્કૃષ્ટ કહી શકાય એવાં ભારતીય વ્યક્તિત્વોના જન્મનો સાક્ષી રહ્યો. રવીન્દ્રનાથ ટાગોર, મોતીલાલ નેહરુ, મદન મોહન માલવીય, મોહનદાસ કરમચંદ ગાંધી, સ્વામી વિવેકાનંદ અને પ્રફુલ્લચંદ્ર રે.

પ્રફુલ્લચંદ્ર રેનો જન્મ ૨ ઓગસ્ટ ઈ. સ. ૧૮૬૧માં ખુલના જિલ્લાના એક ગામમાં થયો જેનો સમાવેશ હાલના બંગલાદેશમાં થાય છે. ગામમાં પ્રારંભિક શાળાકીય શિક્ષણ મેળવ્યા પછી તેમના જ્ઞાની પિતા હરીશચંદ્રે પોતાનાં બાળકોને વધુ સારું શિક્ષણ મળે તે માટે પોતાના કુટુંબને કોલકાતા ખસેડ્યું. યુવાન વયમાં જ પ્રફુલ્લ બ્રહ્મોસમાજના સમાજ સુધારકોથી ખાસ્સા પ્રભાવિત થયા. જેની સ્થાપના ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે કરી હતી તે મેટ્રોપોલિટન કોલેજમાં તેઓ ભણ્યા, પણ ત્યાં જરૂરી સુવિધાઓના અભાવે તેમણે પ્રેસિડેન્સી કોલેજમાં આગળના અભ્યાસ માટે પ્રવેશ લીધો.





તે સમયમાં ફાઈન આર્ટ્સના અભ્યાસક્રમમાં રસાયણવિજ્ઞાન (Chemistry) એક ફરજિયાત વિષય તરીકે ભણાવાતો.

ઈ. સ. ૧૮૮૨માં બધી જ વિષમ પરિસ્થિતિઓમાંથી પસાર થઈ પોતાની પ્રતિભાના બળ ઉપર તેમણે ગિલક્રિસ્ટ શિષ્યવૃત્તિ (Scholarship) જીતી અને વિજ્ઞાનનો આગળ અભ્યાસ કરવા માટે તેમણે એડિનબરા વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો. અહીં પ્રખ્યાત રસાયણવિજ્ઞાની એ. સી. બ્રાઉન તેમના પ્રિય શિક્ષક અને માર્ગદર્શક બન્યા. ઈ. સ. ૧૮૮૭માં તેમણે વિજ્ઞાન શાખામાં ડોક્ટરેટનો અભ્યાસ પૂરો કર્યો. તે પછી તેમણે હોપ પારિતોષિક જીત્યું અને એડિનબરા વિશ્વવિદ્યાલયની કેમિકલ સોસાયટીના તેઓ ઉપાધ્યક્ષ (Vice President) બન્યા. એડિનબરામાં વસવાટ દરમિયાન તેઓ રસાયણવિજ્ઞાનમાં ઊંડો રસ લેતા થઈ ગયા.

ઈ. સ. ૧૮૮૮માં ભારત પરત ફર્યા પછી તેમને કોઈ પણ વિશ્વવિદ્યાલયમાં નોકરી શોધવી ખૂબ જ અઘરી પડી, કારણ કે તે સમયમાં આ નોકરીઓ ગોરા લોકો (એટલે કે અંગ્રેજો) માટે આરક્ષિત રહેતી. પછીથી તેમને પ્રેસિડેન્સી કોલેજમાં નોકરી મળી ગઈ જ્યાં તેમણે ૨૭ વર્ષ સુધી અધ્યાપનનું કામ કર્યું. રે પોતાના વર્ગોમાં વાસ્તવિક નિદર્શનો/પ્રયોગો દ્વારા વિદ્યાર્થીઓનો વિષયમાં રસ કેળવતા, તેના લીધે તેમની ખ્યાતિ એક સર્વોત્તમ શિક્ષક તરીકે પ્રસરવા લાગી. તેમના વિદ્યાર્થીઓમાંના ભવિષ્યના બે નાયકો હતા, મેઘનાદ સાહા અને સત્યેન્દ્રનાથ બોસ. નીલ રતન ઘોષ અને જે. સી. ઘોષ જેવા ઘણા તેજસ્વી વિદ્યાર્થીઓ પણ રે તરફ આકર્ષાયા અને આ રીતે રસાયણવિજ્ઞાનની પ્રથમ ભારતીય શાખાનો જન્મ થયો. ધીમે ધીમે આ શાખાનું યોગદાન અને તેની ખ્યાતિ દૂર સુદૂર પહોંચી અને વિસ્તાર પામી.

રેડિયો તરંગો પરના સંશોધનથી પ્રસિદ્ધ થનાર જગદીશચંદ્ર બોસ કોલેજમાં રેથી ત્રણ વર્ષ આગળ હતા. આ બંને મિત્રો ૨૦મી શતાબ્દીની શરૂઆતમાં ભારતીય વિજ્ઞાનના આગેવાનો હતા.

પોતાના ઇંગ્લેન્ડના વસવાટ દરમિયાન રેએ વિજ્ઞાન અને ઉદ્યોગો વચ્ચેનું સામંજસ્ય જોયું. બ્રિટિશ વસાહતીઓ


(અંગ્રેજો)નો રસ ભારતના સમૃદ્ધ ખનિજ ભંડારને ખાલી કરવામાં જ હતો, અહીં કોઈ ઉદ્યોગોની સ્થાપના કરવામાં તેમને લગીરે રસ ન હતો. આ કામ રેએ હાથ ધર્યું. તેઓ દવાઓ, ખનિજો, અમ્લ અને બીજી અનેક પેદાશો બનાવવા માટેનાં સંશોધન કરવા માટે સમય આપવા લાગ્યા અને તેના માટે જરૂરી આર્થિક મદદનો પણ બંદોબસ્ત કર્યો. તેના પરિણામરૂપે ઈ. સ. ૧૯૦૧માં Bangal Chemical & Pharmaceutical Worksની સ્થાપના થઈ, જે આજે Bangal Chemical & Pharmaceutical Limited (BCPL) તરીકે ઓળખાય છે. પણ આગળ વધતાં ઘણા પડકારો સામે આવ્યા. લીંબુમાંથી સાઈટ્રિક એસિડ મેળવવાનો તેમનો પ્રયત્ન અસફળ રહ્યો. વ્યાવસાયિક ધોરણે સલ્ફ્યુરિક એસિડ બનાવવામાં પણ તેઓ નિષ્ફળ રહ્યા. પણ છેવટે તેઓ ઢોરોનાં હાડકાંમાંથી કોસ્ટિક સોડા બનાવવામાં સફળ રહ્યા. અનેક વાર તેમણે પોલીસ અને તેમના પાડોશીઓને સમજાવવું પડ્યું કે તેઓ



રે ની નીડર મનોવૃત્તિ, મક્કમતા અને જુસ્સાને લીધે એક ઉત્કૃષ્ટ સંસ્થાનો ઉદય થયો, જે આજે Bangal Chemical & Pharmaceutical Limited (BCPL)ના નામે ઓળખાય છે

માનવ હાડકાંઓનો આ પ્રયોગ માટે ઉપયોગ નથી કરતા! છેવટે તેમના આ બધા પ્રયત્નો લેખે લાગ્યા. જેમ જેમ તેમની કંપની BCPL પ્રગતિ સાધવા લાગી, તેમ તેમ તેણે બીજા ઘણા લોકોને ઉદ્યોગધંધાઓ સ્થાપવા માટે પ્રેરિત કર્યા. રેએ ચિનાઈ માટીનાં વાસણો, સાબુ અને ડબ્બાબંધ ફળોના રસનાં કારખાનાંઓની પણ સ્થાપના કરી.

રેનાં સંશોધનોના વિષય વ્યાપક ક્ષેત્રોને આવરી લેતા હતા. શરૂઆતમાં તેમણે ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળના મુદ્દા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. મેન્ડેલીવે રચેલ આવર્ત સારણી/સામયિક કોષ્ટક (Periodic Table)માંનાં ખૂટતાં તત્ત્વોની



શોધ કરતાં કરતાં તેમણે મરક્યુરસ નાઈટ્રેટને શોધી કાઢ્યો. ઘણાં વર્ષો સુધી તેમણે આ ખાર (Salt) અને તેમાંથી નિષ્પન્ન થતા પદાર્થોનો અભ્યાસ કર્યો. તેમણે ૧૦૦થી પણ વધુ સંશોધનપત્રો પ્રગટ કર્યાં.

રે શાળાઓ અને મહાવિદ્યાલયોમાં માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાના પ્રખર હિમાયતી હતા. બાંગ્લા ભાષાના ઉત્કર્ષ માટે તેમણે આપેલા યોગદાનનું સન્માન કરવા માટે તેમને ઈ. સ. ૧૯૩૧-૧૯૩૪ના સમયગાળા માટે બંગ સાહિત્ય પરિષદના પ્રમુખ ચૂંટી કાઢવામાં આવ્યા. રે સાહિત્ય અને ઇતિહાસ વાંચનમાં ઊંડો રસ ધરાવતા. તેઓ અડધો ડઝન જેટલી ભાષાઓમાં પારંગત હતા. એક વાર તેમણે કહ્યું હતું કે ''તેઓ મોટા ભાગે ભૂલથી રસાયણવિજ્ઞાની બની ગયા.''

રે એક પ્રખર વિદ્વાન હતા અને પ્રાચીનકાળમાં ભારતીયોની વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓને લોકો સુધી પહોંચાડવા માટે કૃતનિશ્ચય હતા જેથી કરીને તેમના દેશવાસીઓ પોતાના પૂર્વજોના આ સમૃદ્ધ વારસા માટે ગૌરવ અનુભવે. તેમણે બે ભાગોમાં History of Chemistry in Ancient and Medieval India (પ્રાચીન અને મધ્યકાલીન ભારતમાં રસાયણવિજ્ઞાનનો ઇતિહાસ) નામે ગ્રંથ લખ્યો. તેમણે પોતાની આત્મકથા Life and Experiences of a

Bengali Chemist (એક બંગાળી રસાયણવિજ્ઞાનીનું જીવન અને અનુભવો) નામે લખી. એક ધ્યેયલક્ષી વ્યક્તિ પોતાના સમય અને પ્રતિભાનું નિયોજન કરીને જીવનમાં શું શું મેળવી શકે તેનું રે એક જીવતું જાગતું ઉદાહરણ હતા. ઈ. સ. ૧૯૧૬માં તેઓ પ્રેસિડેન્સી કોલેજમાંથી સેવાનિવૃત્ત થયા. સર આશુતોષ મુખર્જીની વિનંતીને માન આપીને તેમણે પછીના બે દાયકાઓ સુધી કલકત્તા વિશ્વવિદ્યાલય અંતર્ગત શરૂ થયેલા નવા વિજ્ઞાન મહાવિદ્યાલયમાં રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે કામ કર્યું. અહીં તેમણે પોતાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડી સંશોધનો થકી રસાયણવિજ્ઞાનની અનેક શાખાઓમાં મહત્ત્વનું યોગદાન આપ્યું.


રે પરંપરા અને આધુનિકતાનો સુભગ સમન્વય હતા. તેઓ ભારતીય પોશાક પહેરતા અને ભારતના વારસા ઉપર અત્યંત ગૌરવ અનુભવતા. તેઓ મહાત્મા ગાંધી જેવી સરળ અને સાદગીભરી જીવનશૈલીને અનુસરતા. આખુંયે જીવન તેઓએ મહાવિદ્યાલયની ઉપર આવેલા એક ઓરડામાં ગાળ્યું. તેઓ ખુશીથી આ ઓરડામાં ગરીબ વિદ્યાર્થીઓને આશ્રય આપતા તેમ જ તેમની ફી પણ ભરી દેતા. તેમણે અસ્પૃશ્યતા નિવારણ માટે સંઘર્ષ કર્યો અને વિધવા પુનર્વિવાહના હિમાયતી



રહ્યા. દુષ્કાળ અને પૂર જેવી કુદરતી આપદાઓ વખતે રાહત કેન્દ્રોમાં કામ કરવા માટે તેઓ સૌપ્રથમ સ્વયંસેવક તરીકે નામ નોંધાવતા અને કામ કરતા. તેઓ અપરિણીત રહ્યા અને તેમણે પોતાનું સમગ્ર જીવન અભાવગ્રસ્ત લોકોના કલ્યાણ માટે સમર્પિત કરી દીધું. તેમના પ્રિય વિદ્યાર્થીઓએ તેમને 'આચાર્ય' સંબોધન આપી નવાજ્યા.

ઈ. સ. ૧૯૧૯માં તેમને નાઈટહૂડ (Knighthood)ના ખિતાબથી સન્માનિત કરાયા અને ઈ. સ. ૧૯૩૪માં તેઓ London Chemical Societyમાં માનદ અધ્યેતા (Fellow) તરીકે નિયુક્તિ પામ્યા. અનેક વિશ્વવિદ્યાલયો દ્વારા પણ તેમના ઉપર વિવિધ સન્માનોનો વર્ષાવ થયો. ઈ. સ. ૧૯૨૪માં નિર્માણ પામેલી Indian Chemical Societyના તેઓ શરૂઆતના અધ્યક્ષ તરીકે પસંદ કરાયા.

સી. વી. રામને પણ ભૌતિકવિજ્ઞાનના




પ્રાધ્યાપક તરીકે વિજ્ઞાન મહાવિદ્યાલયમાં પ્રફુલ્લચંદ્ર રે સાથે કામ કર્યું. રામનના નોબેલ પુરસ્કાર જીતવાનાં વર્ષો પહેલાં યુવા રામનના કામથી પ્રભાવિત થઈને રામનની પ્રશંસા કરતાં રેએ કહ્યું હતું કે ''જો આ વિજ્ઞાનના મંદિરે ફક્ત એક રામનનું નિર્માણ કરવા સિવાય બીજું કાંઈ પણ ન કર્યું હોત તો પણ તેણે પોતાના સંસ્થાપકોની સંસ્થા તરફની ઉચ્ચ અપેક્ષાઓને પર્યાપ્ત રીતે પૂરી કરેલી ગણાશે.''

પ્રફુલ્લચંદ્ર રેનો દેહવિલય ૧૬ જૂન ઈ. સ. ૧૯૪૪ના રોજ થયો. પોતાના મૃત્યુ સુધીમાં રે પોતાના દેશ અને દેશવાસીઓને પોતાના યુવાકાળની સરખામણીમાં ઘણી પ્રગતિ કરતા જોઈ શક્યા. તેમનાં કેટલાંક સપનાં તેમણે પોતાના જીવનકાળમાં જ સાકાર થતાં જોયાં, પણ તે બધાથી મોટું એવું દેશની આઝાદીનું સપનું પૂરું થતું જોવું તેમના નસીબમાં ન હતું.

પણ તેમણે રસાયણવિજ્ઞાનીઓની એક આખી પેઢીને પ્રોત્સાહિત તેમ જ તાલીમ આપી તૈયાર કરી દીધી. જેમાં તૈયાર થયેલ વૈજ્ઞાનિકોએ સ્વતંત્ર ભારતમાં રસાયણવિજ્ઞાનના ઉત્કર્ષની જવાબદારી પોતાના ખભા ઉપર ઊંચકી લીધી. આ લોકો હંમેશાં તેમના ઋણી રહ્યા અને તેમને 'ભારતીય રસાયણવિજ્ઞાનના પિતા' તરીકે સંબોધતા. સુપ્રસિદ્ધ સામયિક 'નેચર'ના જુલાઈ ઈ. સ. ૧૯૪૪ના અંકમાં રેને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં લખાયું કે ''ભારતે પાછલાં ૫૦ વર્ષમાં વૈજ્ઞાનિક સંશોધનોમાં જે પણ મોટો વિકાસ સાધ્યો તેનું મોટા ભાગનું શ્રેય સર પ્રફુલ્લને જાય છે....''

❑❑❑



કેવી રીતે ના મરવું! - ૧૬

☐ મધુસૂદન કાપડિયા

(2) એન્ટિબાયોટિક્સ

એન્ટિબાયોટિક્સ ચમત્કારિક ડ્રગ્સ છે તે તમે જાણો જ છો. પણ તેની અસર ઓછી ને ઓછી થતી જાય છે અને કેટલાંક એન્ટિબોયોટિક્સ હવે અસરકારક નથી રહ્યાં તે પણ તમે જાણો જ છોને? આનું મુખ્ય કારણ છે માંસ ઉદ્યોગના ઉત્પાદકો ઉત્પાદન વધારવા કે પશુઓના રોગ નિવારવા દર વર્ષે પશુઓને લાખો પાઉંડ એન્ટિબાયોટિક્સ ખવરાવે છે. આ એન્ટિબોયોટિક્સ પશુઓના માંસમાં જોવા મળે છે. આને પરિણામે તમે એન્ટિબાયોટિક્સ ડ્રગ ન લેતા હો તો પણ તેના અંશો તમારામાં પ્રવેશે છે અને ભવિષ્યમાં એન્ટિબાયોટિક્સની અસરકારકતા ઓછી થાય છે. લગભગ દરેક મેડિકલ અને પબ્લિક હેલ્થ સંસ્થાએ પાલક પશુઓનું વજન વધારવા તેમને ટનબંધ એન્ટિબાયોટિક્સ આપવાની સામે વિરોધ ઉઠાવ્યો છે. પણ એગ્રીબિઝનેસ અને ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રીના સંયુક્ત બળ આગળ કોંગ્રેસ નમતું મૂકે છે. એક જ ઉપાય છે તમારા હાથમાં - માંસાહારનો ત્યાગ.

(3) BMI અને બાળપણ ઓબેસિટી

2010માં લોમા લીન્ડા યુનિવર્સિટીની ન્યુટ્રિશન ડિપાર્ટમેન્ટની ચેરપર્સને એક પેપર પ્રકાશિત કર્યું જેમાં એમણે કહ્યું કે બાળપણ ઓબેસિટીનો સામનો કરવાનો અક્સીર ઉપાય છે માંસાહારનો સદંતર ત્યાગ. અનેક પોપ્યુલેશન અભ્યાસી બતાવે છે કે જે લોકો પ્લાન્ટ-બેઝ્ડ ડાયેટ ખાય છે તેઓ માંસાહાર કરતા લોકો કરતાં પાતળા હોય છે. Sabate J, Wien M. Vegetarian diets and childhood obesity prevention. Am J Clin Vutr. 2010, 91 (5): 1525 S- 1529 S.

સામાન્યતઃ શારીરિક વજનનો અભ્યાસ કરવા આપણે BMI (body mass Index) ઉપર આધાર રાખીએ છીએ. BMI એ વજનનું માપ છે જે ઊંચાઈનો પણ એમાં સમાવેશ કરે છે. કોઈ પણ ઓનલાઈન BMI કેલ્ક્યુલેટર તમને તમારું BMI આપશે. BMI 30થી ઉપર હોય તો ઓબીઝ, 25 થી 29.9 હોય તો ઓવરવેઈટ, અને 18.5 અને 24.9 વચ્ચે હોય તો તે "આદર્શ વજન" ગણાય છે.

(4) અલ્ઝાઈમર અને AGES

માંસની ભયંકર ખરાબ અસર અલ્ઝાઈમર ઉપર છે. અલ્ઝાઈમરના દર્દીઓ અને અલ્ઝાઈમરમાં મૃત્યુ પામેલાઓના પોસ્ટમોર્ટમના અભ્યાસના આધારે જણાયું છે કે માંસાહારમાં અલ્ઝાઈમરને ઉત્તેજન આપે તેવા અંશો છે. માંસાહારમાં સરેરાશ પ્રક્રિયા પામેલા બ્રેકફાસ્ટ સિરિયલ કરતાં 20 ગણા AGES (advanced glycation end products જે અલ્ઝાઈમરનો પ્રતિકાર કરતાં 7 તત્ત્વનો નાશ કરે છે) છે અને તાજાં ફળ અને શાકભાજી કરતાં 150 ગણા AGES છે.

(5) Fish Oil Supplements

ફિશ ઓઈલ લેશ માત્ર હાર્ટ એટેકનું પ્રિવેન્શન નથી. આ ભયંકર ભ્રમ છે. અમેરિકન હાર્ટ એસોસિયેશને હાર્ટ ડિસીઝના દર્દીઓને omega-3 fish oil suppleentationની ભલામણ કરી છે ત્યારથી ફિશ ઓઈલ પિલ્સનો બિઝનેસ મલ્ટાઈબિલિયન ડોલરનો વિકસ્યો છે. 'અમેરિકન જર્નલ ઓવ ધ અમેરિકન મેડિકલ એસોસિયેશન'માં ભૂતપૂર્વે થયેલા ઉત્તમ ક્લિનિકલ ટ્રાયલ્સનો રિવ્યુ (meta-analysis) કરવામાં આવ્યો કે જેમાં omega-3 ફેટ્સની આવરદા, અચાનક મૃત્યુ, હાર્ટ એટેક અને સ્ટ્રોક ઉપર થતી અસરનાં મૂલ્યાંકનો કરવામાં આવ્યાં. સંશોધકોનો નિષ્કર્ષ હતો કે ફિશ ઓઈલ સપ્લિમેન્ટ્સનો કોઈ પણ ફાયદો નથી. જેમને હાર્ટ એટેક આવી ગયો હોય અને ફરી ન આવે એના પ્રતિકારમાં પણ આ લેશમાત્ર ઉપયોગી નથી. માઉન્ટ સાઈનાઈના કાર્ડિયોવેસ્ક્યુલર ઇન્સ્ટિટ્યૂટના Lipids and metabolismના ડિરેક્ટરના શબ્દોમાં: "Given this and other

negative meta-analyses, our job (as doctors) should be to stop highly marketed fish oil supplements to all our patients.''

ટૂંકમાં, માંસાહાર કાપી નાખો, કઠોળ આહાર વધારો. bluedot.comના સંશોધને અનેક શતાયુઓનો અભ્યાસ કર્યો હતો. તેમના ડાયેટની આ વિશિષ્ટતા હતી. અમેરિકન મેડિકલ એસોસિયેશનના 'Archives of Internal medicine'ના તંત્રીલેખમાં જણાવ્યું છે તેમ ''Reducing meat consumption has multiple benefits for the world's health.'' વાસ્તવમાં ''There is no safe level of processed meat.'' Arch Intern Med. 2009, 169 (6): 543.

4. ફાઈબર

(1) અમેરિકામાં કબજિયાત એ સૌથી સામાન્ય આંતરડાનો વ્યાધિ છે જેના માટે દર વર્ષે લાખો લોકો ડોક્ટરની મુલાકાત લે છે. કબજિયાતથી માત્ર અકળામણ કે વ્યગ્રતા અનુભવાય છે એમ નહીં પણ એને લીધે બીજી અનેક સમસ્યાઓ ઊભી થાય છે જેવી કે હર્નિયા, વેરીકોઝ વેઈન્સ, હેમોરોઈટ્સ વગેરે. કબજિયાત એ પોષક દ્રવ્યના અભાવ (nutrient deficient disease)નો રોગ ગણાય છે અને એ પોષક દ્રવ્ય છે ફાઈબર. ફાઈબર માત્ર પ્લાન્ટ ફૂડ્સમાંથી જ મળે છે. તેથી જેટલા વધારે પ્લાન્ટ્સ તમે ખાવ તેટલા ઓછા કબજિયાતના ભોગ બનો. માંસાહારી, શાકાહારી અને વેગન લોકોની તુલનાના અભ્યાસમાં પ્રતિપાદિત થયું છે કે જેઓ માત્ર પ્લાન્ટ-આધારિત ડાયેટ ખાય છે તેમની દૈનિક bowel movements ત્રણ ગણી નિયમિત હોય છે. Sanjoaquin MA, Appleby PN, Spencer EA, Key TJ. Nutrition and lifestyle in relation to bowel movements frequency: a corss sectionals study of 206.30 men and women in EPIC-Oxford. Public Health Nutri-2004, 7 (1) : 77-83.

(2) કોલોરેક્ટલ કેન્સર

કોલોરેક્ટલ કેન્સર અમેરિકામાં કેન્સરસંબંધી મરણનું બીજા નંબરનું મહત્ત્વનું કારણ છે. જ્યારે દુનિયાના બીજા દેશોમાં તેનો ઉલ્લેખ સુધ્ધાં જોવા મળતો નથી. પશ્ચિમની સંસ્કૃતિમાં કોલોરેક્ટલ કેન્સર કેમ આટલું બધું પ્રવર્તે છે? તેનો જવાબ મેળવવા સુપ્રતિષ્ઠિત સર્જન ડો. ડેનિસ બરકિટે (Burkitt) યુગાન્ડામાં 24 વર્ષ ગાળ્યાં. યુગાન્ડાની અનેક હોસ્પિટલ જે ડો. બરકિટે વિઝિટ કરી તેમણે કોલોરેક્ટલ કેન્સરનો એક પણ કેસ ક્યારેય જોયો નહોતો. તેમનો નિષ્કર્ષ હતો કે ફાઈબરનો ઉપભોગ આનું મુખ્ય કારણ હતું. યુગાન્ડાની વસતિનું ડાયેટ પ્લાન્ટ ફૂડ્સનું હતું.

(3) કબજિયાત અને મરડાનું જોખમ ફાઈબર ઘટાડે છે તે કદાચ જાણીતું છે પણ તે કોલન અને બ્રેસ્ટ કેન્સર,

ડાયાબિટીસ, હૃદયરોગ, ઓબેસિટી અને અકાળ મૃત્યુના જોખમને પણ ઘટાડે છે. હવે એ પણ જાણવા મળ્યું છે કે ફાઈબર સ્ટ્રોકને પણ નિવારે છે. Therapleton DE, Greenwood DC, Evans CE, et ql. Dietary fiber intake and risk of first stroke: a systematic review and meta-analysis. Stroke - 2013, 44(5): 1360-8.

(4) સ્રોત

ફાઈબરનો મુખ્ય સ્રોત છે ઇસબગુલ. અમેરિકામાં metamusilના રંગીન રૂપમાં પણ એ ઉપલબ્ધ છે. Metamusilની કિંમત ઇસબગુલ કરતાં ચાર ગણી છે. અલબત્ત, ફળો, તેમાંયે ખાસ કરીને એવોકાડો, સફરજન, પેર અને પ્રૂન ફાઈબર માટે ઉમદા સ્રોત છે. શાકભાજી, બીન્સ અને કઠોળ પણ ઘણું ફાઈબર પૂરું પાડે છે.

(5) નેશનલ એકેડેમી ઓવ મેડિસિનની ભલામણ પ્રમાણે પચાસ અને પચાસ વર્ષથી ઓછી ઉંમરના પુરુષો માટે ફાઈબરનું દરરોજનું પ્રમાણ 38 ગ્રામ છે, સ્ત્રીઓ માટે 25 ગ્રામ, 51થી વધારે ઉંમરના પુરુષો માટે 30 ગ્રામ અને સ્ત્રીઓ માટે 21 ગ્રામ. દુર્ભાગ્યે સરેરાશ અમેરિકન દરરોજનું 15 ગ્રામથી પણ ઓછું ફાઈબર ખાય છે.

5. ઇન્ફ્લેમેશન

ઘડપણ અને રોગ માટે ડાયાબિટીસ, હૃદયરોગ, કેન્સર જેવા શબ્દો ગંભીર અને ચિંતાજનક છે. ઘણાં વર્ષોથી સંશોધકોના મનમાં શંકા હતી કે આ બધા સ્વાસ્થ્યના પ્રશ્નોનું કોઈ એક જ પાયાનું કારણ હોવાનો સંભવ છે: low-grade inflamation. તાજેતરમાં બોસ્ટનના કાર્ડિયોલોજિસ્ટોએ 39 દેશોના દસ હજાર લોકો (સરેરાશ ઉંમર 61)ના ક્લિનિકલ ટ્રાયલમાં ટેસ્ટ કરી કે એન્ટિ-ઇન્ફ્લેમેટરી ડ્રગ હૃદયરોગના પ્રમાણને ઘટાડે છે ખરી? તેમના સંશોધનનો નિષ્કર્ષ હતો કે માત્ર હૃદયરોગ જ નહીં પણ તે જ ડ્રગ - canakinumab- લંગ કેન્સરના મરણની સંભાવના 77 ટકા ઘટાડે છે, Gaut અને આર્થરાઈટિસ પણ ઓછા કરે છે.

ઇન્ફ્લેમેશન સારું અને ખરાબ બન્ને છે. તમને ફ્લ્યુ થયો હોય ત્યારે ટેમ્પરેચર વધે, વાઈરસનો પ્રતિકાર કરવા તે એક પ્રકારનું ઇન્ફ્લેમેશન છે. પગની ઘૂંટી મોચવાઈ જાય અને સોજો ચઢી જાય ત્યારે શરીર પ્રતિકારક હિતકારક રસાયણો મોકલી આપે છે આ ઇજાની સારવાર માટે. આ acute inflamationનાં દૃષ્ટાંતો છે, આ કામચલાઉ ઇજા કે બીમારીના પ્રતિકારનાં હિતકારક દૃષ્ટાંતો છે. પણ ક્રોનિક ઇન્ફ્લેમેશન ધીમી ગતિએ વધતું શરીરને સતત તંગ રાખે છે, લાંબે ગાળે શરીરના સ્વસ્થ સેલને હાનિ પહોંચાડે છે અને અનેક ગંભીર રોગોના ઉદ્‌ભવ માટે કારણરૂપ બને છે.

વિવિધ રંગીન ફળશાક તેમાં રહેલાં એન્ટાઈ-ઓક્સિડન્ટ્સને લીધે ઇન્ફ્લેમેશન પ્રતિકારક છે અને પ્રોસેસ્ડ ફૂડ, સુગર અને તળેલા પદાર્થોથી થતી હાનિને ઓછી કરવા માટે પણ મદદરૂપ છે.

અરે હાં, યુનિવર્સિટી ઓવ કેલિફોર્નિયા, સાન ડિયેગોના એક અભ્યાસ પ્રમાણે માત્ર વીસ મિનિટની મધ્યમસરની એક્સરસાઈઝ ઇન્ફ્લેમેશનની શામક છે. Dr. Direnso એ ઉત્તમ સ્વરૂપમાં આ વાત મૂકી છેઃ ''The difference between some one ok and feeling great is exercize.'' AARP Bulletin, Nov. 2019.

6. Heart Rate / Pulse

હાર્ટ રેટ, જે પલ્સ તરીકે પણ ઓળખાય છે, એટલે એક વ્યક્તિના એક મિનિટના કુલ હૃદયના ધબકારા. સામાન્યતઃ ડોક્ટરો હાર્ટ રેટની નોર્મલ રેન્જ એક મિનિટની 60થી સો બીટ્સ ગણે છે. જો કે ડો. ગ્રેગરનું કહેવું છે કે હાર્ટ રેટ 80થી ઉપર હોય તો એલાર્મ બેલ સંભળાવો જોઈએ. જો હૃદયના ધબકારા એક મિનિટના 90થી વધારે હોય તો અચાનક હાર્ટ એટેકનું જોખમ પાંચગણું વધે તેવી પૂરેપૂરી સંભાવના છે. એક્સરસાઈઝ તો એક દેખીતો ઉપાય છે. એક્સરસાઈઝ દરમિયાન તમારું હાર્ટ વધારે ગતિમાન બને જેથી બાકીના સમયમાં હાર્ટ બીટ્સ ધીમા થાય. એક્સરસાઈઝ કરવાનું સતત ચાલુ રાખો તો જ આ લાભ ચાલુ રહે.

બીજો વિકલ્પ છે ડાયેટ-બીન્સ. ત્રણ મહિના સતત એક્સરસાઈઝને બદલે ત્રણ મહિના જો દરરોજના એક કપ બીન્સ, ચીકપીસ કે લેન્ટિલ્સ લો તો તમારો હાર્ટ રેટ 3.4 ઓછો થાય. ડો. ગ્રેગર સારો શ્લેષ કરે છેઃ ''we should consider pulses for our pulse.''

7. વજન ઉતારવાના ડાયેટ

લ્યો, આનાથી વધારે આકર્ષક શીર્ષક બીજું શું હોઈ શકે? વજન ઉતારવાનાં પુસ્તકો લાખોની સંખ્યામાં અને લેખો કરોડોની સંખ્યામાં ઉપલબ્ધ છે. દર વર્ષે શતશઃ/સહસ્રશઃ પ્રકટ થતા જ જાય છે. જાહેરખબરો જુઓ તો મુગ્ધ થઈ જાવ. સાત દિવસમાં પાંચ પાઉન્ડ વજન ઉતારવાની 'ગેરંટી!' કેટકેટલી કંપનીઓ આ બિઝનેસમાં છે, સૌથી જાણીતી Weight watched છે. મારી પાસે ઘણા સારા સમાચાર છે. ડો. ગ્રેગરનું આ વિષયનું પુસ્તક હમણાં જ પ્રકટ થયું છેઃ How Not to Diet. આ ગ્રંથમાં તમારું મનરંજન કરવા માટે ડાયેટ પહેલાં અને ડાયેટ પછીના ફોટોગ્રાફ અને કોણે કેટલું વજન ગુમાવ્યું તેની સફળતાના કથાપ્રસંગો નથી. જ્યારે તમારી પાસે પ્રમાણ/પુરાવો હોય ત્યારે કથાવાર્તાની તમારે જરૂર નથી. મેડિકલ પરિભાષામાં કહેવું હોય તો આ evidencebased ડાયેટ ગ્રંથ છે. પહેલી નજરે એમ લાગે છે એક વાર How not to die વાંચ્યા

પછી How not to dietમાં નવું શું હશે? ના, આ પણ અત્યંત સમૃદ્ધ ગ્રંથ છે, અનેક નવી માહિતીથી સભર. વજન ઉતારવા માટે, વજન યોગ્ય પ્રમાણમાં રાખવા માટે આનાથી વધારે વૈજ્ઞાનિક છતાં સરળ ગ્રંથ મળવા અશક્ય છે. હવે થોડીક નાનીમોટી સૂચનાઓ, ટૂંકી ને ટચ છતાં મૂલ્યવાન.

8. વરસમાં બે વાર ડેન્ટલ ચેકઅપ જરૂરી છે. તેથી બીજા અનેક ગંભીર રોગોની સંભાવના 30થી 50 ટકા ઓછી થાય છે.

9. આટલું જ મહત્ત્વ દૈનિક ફ્લોસિંગનું છે. ફ્લોસિંગથી તમે ન જ ટેવાયા હો તો હવે interdental toothbrush મળે છે જે મહદંશે ફ્લોસિંગનું કામ આપે છે.

10. 'યુરોપિયન હાર્ટ જર્નલ'ના અભ્યાસનો એક અંદાજ છે કે 55 વર્ષની એક સ્ત્રી જે ધૂમ્રપાન ન કરતી હોય પણ જેનું બ્લડપ્રેશર અને કોલેસ્ટ્રોલ ઊંચું હોય અને જેનું ડાયાબિટીસનું ધોરણ A1c છ કે છથી વધુ હોય તો તે 75ની વય સુધી પહોંચશે નહીં.

11. નિયમિત એક્સરસાઈઝના ફાયદાઓ આપણે જોયા છે. પણ સાવ બેઠાડુ જીવનશૈલીમાંથી થોડીક ઓછી બેઠાડુ જીવનશૈલી પણ અકાલ મૃત્યુના જોખમને 16થી 30 ટકા ઓછું કરે છે.

12. આ પાંચ બળતરા ઉપજાવનારા ફૂડ્સ ડાયેટમાંથી કાપી નાખોઃ સુગર, મેંદાનો લોટ, તળેલા ખાદ્ય પદાર્થો, સેચ્યોરેટેડ ફેટ અને સુગરની અવેજીમાં કૃત્રિમ ગળપણનાં દ્રવ્યો.

13. 2017ના એક અભ્યાસે નોંધ્યું છે કે જેઓ દરરોજની કેલરીમાં માત્ર પાંચ ટકા નટ્સ અને સીડ્સનો સમાવેશ કરે છે તેઓ ઘડપણને દોઢ વર્ષ દૂર રાખે છે.

14. માત્ર પા ચમચી લસણનો પાઉડર આર્ટરીના ફંક્શનમાં 50 ટકાનો વધારો કરે છે, કોલેસ્ટ્રોલ 16 પોઈન્ટ નીચું લાવે છે. અને બ્લડપ્રેશર પાંચ પોઈન્ટ અને ડાયસ્ટોલીક પાંચ પોઈન્ટ નીચું લાવે છે.

15. **કઠોળ એક જ એવું ફૂડ છે જે મરણનું જોખમ ઘટાડે છે.** જાપાનીઝ, ઓસ્ટ્રેલિયન, ગ્રીક અને સ્વિડિશ પ્રૌઢ વયના લોકોના એક અભ્યાસે નોંધ્યું છે કે દરરોજના 20 ગ્રામ કઠોળ મરણનું સાત-આઠ ટકા જોખમ ઘટાડે છે.

16. જાપાનીઝ લોકો એને 'forest bathing' કહે છે. વનપ્રદેશમાં વિચરવાથી સ્ટ્રેસ ઘટે છે અને પ્રતિકાર શક્તિ વધે છે. આ માટે વનમાં જવું જરૂરી નથી. સ્થાનિક પાર્કની લટાર પણ મદદરૂપ થઈ શકે.

17. અને છેલ્લે, 'નવનીત સમર્પણ'ના વાચકોને સપ્રેમ ભેટઃ જે લોકો સારું વાંચે છે તેમને જેઓ નથી વાંચતા તેની સરખામણીમાં 23 મહિનાની લાંબી આવરદા મળે છે.

❑❑❑



પ્રવેશદ્વાર

જટાયુ અર્થ સેન્ટર

નારીની સુરક્ષા અને સન્માનને સમર્પિત

☐ રેખા ઉદયન

કેરળમાં ત્રિવેન્દ્રમથી નજીક ચદયમંગલમ્, કોલ્લમના પર્વત પર 'જટાયુ અર્થ સેન્ટર' (Jatayu Earth Centre : Dedicated to women's safety and Honour) આવેલું છે, જ્યાં વિશ્વનું સૌપ્રથમ પક્ષીનું વિશાળ શિલ્પ બનેલું છે. એને જોતાંની સાથે જ અભિભૂત થઈ જવાય!

રામાયણમાં આવતી કથાઓ બાળપણથી આપણે સાંભળતા આવ્યા છીએ. એમાં આવતો જટાયુ-વધનો પ્રસંગ યાદ છે? રાવણ સીતાજીનું છળકપટથી અપહરણ કરીને વાયુમાર્ગે શ્રીલંકા લઈ જતો હોય છે, ત્યારે જટાયુ ગીધ પક્ષી (ગૃધરાજ) સીતાજીના રક્ષણ માટે રાવણ સાથે ઝઝૂમે છે. રાવણ તેની એક પાંખ કાપી નાખે છે, ત્યારે જટાયુ ઘવાઈને નીચે જમીન પર પડી જાય

જટાયુની સ્મૃતિમાં...

આ પર્વત પર થોડી વાર શાંતિથી ઊભા રહો...

આ એ સ્થળ છે જ્યાં સોનાની નગરીનો પરદેશી દુષ્પ્રભાવી (રાવણ) છળકપટથી અમૂલ્ય મોતી સમાન ધરતીપુત્રી (સીતા)નું અપહરણ કરીને વાયુમાર્ગે લઈ જતો હતો ત્યારે જટાયુ પોતાની ચાંચ અને નહોરથી રાવણને પકડીને તેને રોકવાનો પ્રયત્ન કરતાં ઘવાઈને નીચે પડી ગયું હતું!

આ એ સ્થળ છે, જ્યાં દુશ્મનની તલવારથી જટાયુની એક પાંખ કપાઈ ગઈ હતી, ત્યારે એમાંથી વહેતું રુધિર જાણે આત્મસમર્પણ કરનાર પુત્રીનાં વિલાપમાં એક માતાનું આક્રંદ હતું!

આ એ સ્થળ છે જ્યાં એક પાંખ ફફડાવીને નીચે ઊતરતું જટાયુ જાણે આપણા દેશના ગૌરવ કાજે ધ્વજ ફરકાવી રહ્યું હતું!

શું અહીં વહેતો પવન આ જ કથા-ગાન નથી કરી રહ્યો?

શું અહીંની ધરતીનો કણેકણ આ જ વીરગાથા નથી સ્મરી રહ્યો?

આ પર્વત પર નતમસ્તકે ઊભા રહીને તે પક્ષીને યાદ કરીએ જેણે પ્રભુને પુષ્પ ધરાવીએ તે રીતે આત્મસમર્પણ કર્યું છે. અને મૃત્યુ થકી અમરત્વ પ્રાપ્ત કર્યું છે, તેવો ભાવ સાથે અનુભવીએ.

'જટાયુ અર્થ સેન્ટર'ના પ્રવેશદ્વાર પરનું લખાણ
અંગ્રેજી અનુવાદ : કે. જયકુમાર - ગુજરાતી અનુવાદ : રેખા ઉદયન

છે. દરમિયાન ભગવાન રામ સીતાજીને શોધતાં શોધતાં ત્યાં આવી પહોંચે છે. રાવણ સીતાજીને દક્ષિણના માર્ગે લઈ ગયો છે તેવી માહિતી આપ્યા પછી જ તે મૃત્યુ પામે છે. તે જ સ્થળે જટાયુનું આ શિલ્પ બનાવવામાં આવ્યું છે. એની બાજુમાં રામમંદિર છે, જેમાં ભગવાન રામનાં પગલાં હોવાનું મનાય છે.

અહીંના સ્થાનિક લોકોમાં એવી લોકવાયકા છે કે આ અદ્વિતીય શિલ્પ બન્યું તે પહેલાં અહીં જટાયુની નાની મૂર્તિ હતી, અને ઘવાયેલા જટાયુની પાંખોમાંથી ટપકતાં લોહીના રેલા પણ દેખાતા હતા. અંતિમ ક્ષણે જટાયુને પાણી પીવા માટે પાણીનો નાનકડો ઝરો પણ ફૂટી નીકળ્યો હતો.

વિશ્વના અપ્રતિમ 'જટાયુ અર્થ સેન્ટર'ની પરિકલ્પનાને સાકાર કરનાર ફિલ્મકાર અને શિલ્પી શ્રી રાજીવ અંચલ કોલ્લમ પાસે આવેલા ગામના વતની છે. બાળપણથી તેઓ રામાયણના આ પૌરાણિક પાત્રને વીરનાયક તરીકે જુએ

છે. જેણે નારીની સુરક્ષા અને સન્માન માટે આત્મસમર્પણ કર્યું હતું.

આ જ વિષયને પોતાની કલાકૃતિ બનાવનાર રાજીવ અંચલે 'કોલેજ ઓફ ફાઈન આર્ટ્સ, ત્રિવેન્દ્રમ'માં અભ્યાસ કર્યો છે. તેઓ આર્ટ ફિલ્મના નિર્દેશક રહી ચૂક્યા છે. સહાયક દિગ્દર્શક તરીકેની કામગીરી પણ બજાવી છે. પરંતુ એમની લગન છે શિલ્પકલાની.

જટાયુનું શિલ્પ બનાવવાની પ્રેરણા તેમને ક્યાંથી મળી. તેના જવાબમાં તેઓ કહે છે કે દસ-બાર વર્ષ પહેલાં કેરાલા ટુરિઝમ તરફથી એક પ્રોજેક્ટ માટે પ્રતિસ્પર્ધા યોજાઈ હતી. તેમાં તેમણે ભાગ લીધો હતો અને તેને માટે તેમણે જટાયુનું શિલ્પ મોડેલ બનાવ્યું હતું. આ પ્રતિસ્પર્ધામાં તેઓ વિજેતા બન્યા હતા. ત્યાર પછી આ જ શિલ્પને અજોડ રીતે મૂર્તિમંત કરવાનું સ્વપ્ન તેમના દિલો-દિમાગમાં છવાઈ ગયું હતું. પણ કામ મુશ્કેલ હતું, કારણ કે ઘવાયેલા પક્ષીનું જમીન પર નીચે પડવું કષ્ટદાયક બાબત છે. તેની પીડાને, તેની વેદનાને શિલ્પમાં કંડારવી ઘણી કપરી કામગીરી છે. તે માટે તેમણે જુદાં જુદાં મોડેલ બનાવ્યાં અને છેવટે જે મોડેલ તેમણે પસંદ કરીને શિલ્પ બનાવ્યું તે આપણી સમક્ષ છે. જટાયુની કપાયેલી પાંખોની વેદના અને પીડા તેની આંખોમાંથી નીતરતી જોઈ શકાય છે, તે સાચે જ શિલ્પકલાનું કાબિલેદાદ દૃષ્ટાંત છે.



શિલ્પકાર શ્રી રાજીવ અંચલ

આ શિલ્પ સમુદ્ર-સ્તરથી 1000 ફૂટ ઊંચું છે. તેની પહોળાઈ 150 ફૂટ ઊંચાઈ ૭૦ ફૂટ' અને લંબાઈ 200 ફૂટ છે. આ સ્થળનો વિસ્તાર 30,000 ચોરસ ફૂટ છે. જેમાં ચૌદ ટેનિસ કોર્ટ બની શકે! આ શિલ્પ બનાવતાં દસ વર્ષ લાગ્યાં છે. અત્યારે તેને બહારથી જોઈ શકાય છે. તેની ચારે તરફ ફરતાં અદ્ભુત કલાકૃતિનાં દર્શન થાય છે. અત્યારે તેની અંદરનું કામ ચાલી રહ્યું છે. પાંચ મજલાનું આ શિલ્પ લગભગ ફેબ્રુઆરી 20 સુધીમાં પૂરું થવાની આશા હતી.

રાજીવજી કહે છે કે આટલી ઊંચાઈ પર 800 કિલો વજનનો માલ-સામાન ઉપર લાવવા માટે તેમણે મશીન તો વસાવ્યાં, પરંતુ ગામલોકોને રોજી મળે તે માટે તેમણે 1000 જેટલા લોકોને પ્રાથમિક કેળવણી આપી, જેમાં મહત્તમ મહિલાઓ છે.

રાજીવજીએ આ સ્થળ પસંદ કર્યું

તમારું પ્રિય સામયિક

નવનીત સમર્પણ

હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ



તમારાં કોમ્પ્યુટર, લેપટોપ, નોટબુક, ટેબ્લેટ કે અન્ય ગેજેટ ઉપર વાંચો

* * *

હમણાં જ ક્લિક કરો

www.navneetsamarpan.com

અને **માણો**

ઉત્તમ, આનંદદાયક

અર્થસભર વાચનનો રસથાળ

એક વર્ષનું લવાજમ

ડાઉનલોડ - રૂ. 220

રીડિંગ - રૂ. 120

અનુકૂળતાઓઃ

ગમે ત્યાંથી, ગમે ત્યારે, પાનું ફેરવો, એકસાથે પાનાં જુઓ, પાનાનું કદ મોટું કરી વાંચો

ત્યારે તે તદ્દન વેરાન હતું. અહીં માત્ર ઘાસ ઊગતું હતું. અને તેથી વૃક્ષો થતાં નહોતાં. પાણી માત્ર વરસાદનું જ મળતું હતું. તેથી તેમણે લગભગ 15 લાખ લિટર પાણીનો જળસંચય કર્યો. સામાન્ય રીતે પહાડ પર બાંધકામ કરવા માટે વૃક્ષો કાપવામાં આવે છે. પણ રાજીવજીએ અહીં વેરાન જગાએ જંગલમાં મંગલ કરવા માટે લાખો વૃક્ષો વાવી તેને હરિયાળું અને નયનરમ્ય બનાવ્યું છે. તેથી આ સ્થળને 'ઈકોફ્રેન્ડલી ટુરિઝમ'નું સ્થળ પણ કહી શકાય.

આ શિલ્પ બનાવવા માટે તેમણે અહીંની પ્રાકૃતિક ગુફાઓનો પણ ઉપયોગ કર્યો છે. એમાં વપરાયેલા કોંક્રીટની વિશેષતા એવી છે કે સૂર્યના પરિભ્રમણ પ્રમાણે તેનો રંગ બદલાય છે! પ્રકાશમાં રાતો રંગ દેખાય છે. અને વાદળિયા વાતાવરણમાં કે સાંજે રાખોડી રંગ દેખાય છે!

અત્યારે 'જટાયુ અર્થ સેન્ટર'માં અંદરથી કામ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટ પૂરો થશે ત્યારે જટાયુની આંખો સુધી જઈ શકાશે. તેની એક આંખમાંથી સૂર્યોદય અને બીજી આંખમાંથી સૂર્યાસ્ત જોઈ શકાશે!

તદુપરાંત અહીં એક્ટિવિટી સેન્ટર છે. જેમાં ઝિપલિંગ, રેપ્લિંગ, તીરંદાજી, રાઈફલ શૂટિંગ, લોગ-વોકિંગ જેવી અનેક સાહસિક પ્રવૃત્તિઓ થઈ શકે છે. અહીં ત્રેતાયુગ મ્યુઝિયમ અને 35



ઍરિયલ વ્યૂ

લોકો માટેનું થિયેટર છે. જેમાં જટાયુની પૌરાણિક કથા બતાવવામાં આવે છે. વળી અહીં પારંપરિક ચિકિત્સા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. જે આંશિકરૂપે કાર્યરત છે.

તો, આ 'જટાયુ અર્થ સેન્ટર' કઈ રીતે જઈ શકાય? આ સ્થળ સંપૂર્ણપણે સુરક્ષિત છે. સિક્યોરિટીનો સખત બંદોબસ્ત છે. અહીં પગપાળા જવા માટે રૂ. 250/-ની ટિકિટ છે. અને કેબલકારથી જવા માટે રૂ. 450/-ની ટિકિટ છે. જેમાં દસ મિનિટમાં પહોંચી શકાય છે. અહીંની કેબલકાર આંતરરાષ્ટ્રીય સ્તરની છે. જે સ્વિટ્ઝર્લૅન્ડની કેબલકારની સમકક્ષ છે. હેલિપેડથી પણ અહીં ઉતરાણ થઈ શકે છે. તેથી તેને 'હેલિ ટુરિઝમ' પણ કહે છે.

વિશ્વસ્તરની આ સુંદર શિલ્પ કલાકૃતિ 'જટાયુ અર્થ સેન્ટર- નારીની સુરક્ષા અને સન્માનને સમર્પિત' (Jatayu Earth Centre - Dedicated to woman's safety and Honour)નું નજરાણું આપણને ધરનાર શ્રી રાજીવ અંચલને ખૂબ ખૂબ અભિનંદન.

❑❑❑

ગમી ગયેલી વાર્તા

☐ શરીફા વીજળીવાળા

શિશુવસ્ત્ર - યુકિઓ મિશિમા

આ વાર્તાના લેખક યુકિઓ મિશિમા (Yukio Mishima) સત્તર નવલકથા, તેત્રીસ નાટક અને એંશી જેટલી વાર્તાઓના સફળ સર્જક છે. 1947માં છ મહિના માટે તેઓ જાપાનના નાણાપ્રધાન હતા. લેખક બનવાની મથામણમાં એ પ્રધાનપદેથી રાજીનામું આપી દે છે. આ જાપાની સર્જકને વાસ્તવિક વિશ્વ હંમેશાં ભ્રામક લાગ્યું છે અને લેખકે સર્જેલું વિશ્વ એમને વધુ વાસ્તવિક લાગ્યું છે. આજે હું એમની જે વાર્તાની વાત કરવાની છું એનું મૂળ શીર્ષક 'kamikuzu' છે. જેનો અર્થ થાય 'waste paper.' વાર્તાના અંગ્રેજી અનુવાદકે 'swaddling cloths' શીર્ષક આપેલું છે. બાળકના જન્મ પછી તરત જ એને જે વસ્ત્રમાં લપેટવામાં આવે એને 'swaddling cloth' કહેવાય. આપણે ત્યાં તો 'બાળોતિયું' સિવાય બીજો કોઈ શબ્દ પ્રચલિત હોય એવું મારી જાણમાં નથી. એટલે નાછૂટકે મેં જરાક છૂટ લઈને 'શિશુવસ્ત્ર' એવું શીર્ષક આપેલ છે.



વાર્તાની નાયિકા તોશિકો વધુ પડતી લાગણીશીલ અને ડરપોક છે. એનાં લગ્ન જાણીતા, દેખાવડા અભિનેતા સાથે થયાં છે. પૈસા, સુખ-સખવડો આપી શકતા પતિ પાસે સ્વાભાવિકપણે તોશિકો માટે સમય તો ન જ હોય! વાર્તાના આરંભે તોશિકો એના પતિ સાથે એક નાઈટક્લબમાં બેઠી છે. એનો પતિ, એ લોકોના ઘરમાં બનેલા એક 'બનાવ' વિશે બધાને કહી રહ્યો હતો અને બધાનું મનોરંજન કરી રહ્યો હતો. આ સાંભળીને ડઘાઈ ગયેલી તોશિકોને પોતાનો પતિ કોઈ અજાણ્યા માણસ જેવો લાગતો હતો. વાતને વધારી વધારીને એ કહી રહ્યો હતોઃ 'અમારા બાળક માટે હજુ હમણાં જ એક આયા રોજગાર કચેરીમાંથી આવી હતી. એને જોતાંવેંત મેં સૌથી પહેલાં એના પ્રચંડ પેટની નોંધ લીધી હતી. એવું લાગતું હતું જાણે એના

કિમોને હેઠળ ઓશીકું ન ગોઠવ્યું હોય! એ એટલું બધું ખાતી કે અમે બધા એકબાજુ અને એ એકલી એક બાજુ... એ બધું તો ઠીક... પણ બે દિવસ પહેલાં અમારા બાળકના ઓરડામાંથી કોઈ વેદનાથી કણસતું હોય એવા અવાજો સંભળાયા... અમે દોડીને ગયાં તો... એ બાઈ બે હાથે પેટ દબાવીને લાદી પર ઉભડક બેઠી હતી. અમારું બાળક ગળું ફાટી જાય એવા મોટા સાદે રડતું હતું. અને... શું કહું? પણ એ જોવા જેવું દૃશ્ય હતું!' પતિનો એક મિત્ર ટાપસી પૂરે છેઃ 'એમ કહેને કે કોથળામાંથી બિલાડું નીકળ્યું!' 'ખરેખર એવું જ થયું... પછી તો જરાય સમય બરબાદ કર્યા વગર અમારા આલીશાન ગાલીચાને મેં એની હેઠળથી સેરવી લીધો અને એને એક ધાબળો પાથરી આપ્યો. દાક્તર પહોંચે એ પહેલાં તો બાળક જન્મી ચૂક્યું હતું. પણ અમારો ઓરડો કતલખાના જેવો લાગતો હતો...'

પતિ અને એના મિત્રો અટ્ટહાસે છે. પણ આ ઘટનાને એક મનોરંજક બનાવની જેમ રજૂ કરતા પોતાના પતિને જોઈને તોશિકો અવાક થઈ ગઈ હતી. લાદી પર પડેલું, લોહીથી ખરડાયેલા છાપામાં વીંટાળેલું નવજાત બાળક એની આંખ સામેથી ખસતું ન હતું. તોશિકોને લાગતું હતું કે પેલી સ્ત્રીને અપમાનિત કરવા માટે, બાપના નામ વગરના બાળકને ડોક્ટરે જાણી



યુકિઓ મિશિમા

જોઈને સારા કપડાને બદલે છાપાના નકામા ટુકડામાં વીંટાળવાનું કહ્યું હશે. એણે કબાટમાંથી નવું નક્કોર કપડું કાઢીને પછીથી બાળકને એમાં વીંટાળેલું. એણે જોકે એના પતિને આવી કોઈ વાત કરી ન હતી. નકામો એનો પતિ એને વેવલી માને, જોકે એ જાણતી હતી કે પોતે કદી પણ આ દૃશ્ય ભૂલી શકવાની નો'તી. એ દૃશ્યને યાદ કરે ત્યારે એને ભયાનક અપરાધબોધ ઘેરી વળતો.

એનો પતિ, એને એક ટેક્સીમાં બેસાડીને મિત્રો સાથે ગપાટા મારવા રોકાઈ જાય છે. ટેક્સીમાં બેઠેલી તોશિકો વિચારે ચડે છેઃ પેલું બાળક

કદી પણ આદરપાત્ર શહેરીજન નહીં બની શકે. લોહીના ડાઘાવાળું છાપું એની આખી જિંદગીનું પ્રતીક બની જવાનું. ધારો કે આજથી વીસેક વર્ષ પછી મારો દીકરો ભણીગણીને યુવાન થયો હશે ત્યારે નસીબજોગે કોઈ દિવસ જો એને પેલો છોકરો મળી જશે... ધારો કે એ છોકરો મારા દીકરાને ચપ્પુ હુલાવી દે... આ વિચારોએ તોશિકોને ઠંડીગાર બનાવી દીધી. ટેક્સીની પાછલી બેઠકમાં એ ધ્રૂજતી હતી. એણે અચાનક પોતાની જાતને કહ્યું, 'ના, હું એવું નહીં થવા દઉં, જ્યારે વખત આવશે ત્યારે મારા દીકરાની જગ્યા હું લઈશ... આજથી વીસેક વરસ પછી હું 43ની હોઈશ. હું પોતે એ યુવાન પાસે જઈશ અને એને બધું જ કહીશ. કઈ રીતે એને બીજાઓએ છાપામાં વીંટાળેલ તે અને કઈ રીતે મેં એને કપડામાં વીંટાળેલ તે પણ કહીશ.' આવા વિચારોથી એને થોડું સારું લાગ્યું. ગમગીન કરી દેતા વિચારોમાંથી જરાક મુક્તિ મળી. એને ઘરમાં એકલા રહેવાનો ડર લાગતો હતો એટલે એક બગીચા પાસે એ ઊતરી ગઈ. આખો બગીચો ચેરીનાં વૃક્ષોથી છવાયેલ હતો. રાતના લગભગ દસ વાગેલા. ફૂલો જોનારા મોટા ભાગના ઘરે જતા રહેલા. વળી તોશિકોની નજરે પેલું બાળક, લોહીવાળા છાપામાં વીંટાળેલો એનો દેહ તરી વળ્યાં, બગીચામાં ચાલતાં ચાલતાં એ એક બાંકડા પાસે આવી. બાંકડા પર કોઈ લાંબું થઈને સૂતું હતું. સૂનારે છાપાં ઓઢેલાં હતાં. તોશિકો નીચી નમીને પેલા સૂતેલા આકારને તાકી રહી. છાપાં પાથરીને સૂતેલા માણસે ઓઢ્યાં પણ છાપાં જ હતાં. એને જોતાંની સાથે જ તોશિકોને પેલું અભાગી બાળક યાદ આવ્યું. અચાનક જ એને લાગ્યું કે એનો ભય અને એણે વિચારેલ તમામ વાતો નક્કર હકીકત બનીને સામે ઊભાં હતાં. પેલાને જોવા માટે એ વધારે નીચી નમી. છાપાના ખડખડાટથી અચાનક જ એ માણસ હડબડીને ઊઠી ગયો. એક યુવાન સ્ત્રીને આમ એના પર નમેલી જોઈને એ ઊભો થઈ ગયો. એણે તોશિકોના નાજુક કાંડાને મજબૂત હાથે જકડ્યું. નવાઈની વાત એ હતી કે તોશિકોને બીક ન લાગી! એણે છૂટવા માટે કોશિશ પણ ન કરી. ઘડીના છઠ્ઠા ભાગમાં એના મનમાં એક વિચાર ઝબકી ગયો! 'ઓહ! તો વીસ વરસ પસાર થઈ પણ ગયાં!'

વાર્તાને અહીં અટકાવનાર વાર્તાકાર કવિન્યાયનો કોઈ બોધપાઠ આપવા નથી માગતા. એવું હોત તો તોશિકોના પતિને કોઈ સજા મળત. અહીં તો એક અતિશય સંવેદનશીલ સ્ત્રીની માનસિકતાની વાત છે બસ.

❑❑❑



જામનગરના આત્મજ્ઞાની શ્રી સી. આર. વ્યાસ

☐ ડૉ. મધુસૂદન વ્યાસ

દિવસે દિવસે આપણું જીવન વધુ ને વધુ સંકુલ બનતું જાય છે તેમ જ માણસ મળતી સગવડોનો વિનિયોગ પોતાની નિમ્ન કક્ષાની-હીન કક્ષાની મનોવૃત્તિઓને સંતોષવા માટે કરતો થઈ ગયો છે. આ અંગેની કોઈ છોછ કે શરમ તેને નથી. અન્ય ક્ષેત્રોની જેમ ધર્મનું ક્ષેત્ર પણ બાહ્ય-આડંબર, ક્રિયાકાંડો અને વ્યક્તિપરક ભક્તિમાં સરકી ગયું છે. કેટલાક સંપ્રદાયોમાં ધર્માચાર્યો માણસોને ગેરમાર્ગે દોરનારા બની બેઠા છે. ત્યારે 'ભાઈ'નાં આજથી બેત્રણ દાયકા પૂર્વેનાં સાંભળેલાં પ્રવચનો યાદ આવે છે જે સમગ્ર ખારા સમુદ્રમાં મીઠી વીરડી જેવાં હતાં. ઈ. સ. 2007માં તેમનું શરીર શાંત થયેલું પરંતુ એ પૂર્વેનાં ચાલીસેક વર્ષ એમનો સત્સંગ જામનગરમાં દર રવિવારે તેમના ઘેર અવિરત અને અવિશ્રાંતપણે સાંજે દોઢ-બે કલાક ચાલતો.

એમણે આત્માની પ્રાપ્તિ માટે પોતાનો દઢતાભર્યો મહાપુરુષાર્થ કરેલો. તેમનાં પ્રવચનોમાં દેશ-દુનિયાના અધ્યાત્મક્ષેત્રના સાચા સાધકો-ભક્તો અને આત્મસાક્ષાત્કારી વ્યક્તિઓના જીવનપ્રસંગો સંભળાતા કે મહાપુરુષો સાથેના વ્યક્તિગત અનુભવો સામેલ થતા અને અભિવ્યક્તિ પામતા. પ્રથમ દૃષ્ટિએ જોઈએ તો 'ભાઈ'નાં પ્રવચનો કે અભિવ્યક્તિમાં રજનીશ, જે. કૃષ્ણમૂર્તિ, વિનોબા ભાવે, વિમલાતાઈ ઠકાર વગેરેના વિચારોનું સંકલન-આકલન રહેતું પરંતુ ઊંડાણથી જોતાં એ પ્રત્યેક પ્રવચનો સાધકોના પ્રશ્નોના અનુસંધાને અપાયેલું માર્ગદર્શન હતાં. તેઓ સાંસારિક જવાબદારીઓમાંથી ક્યારેય કંટાળ્યા કે ભાગ્યા નથી પરંતુ ટાગોર કહે છે તેમ સંસારનાં બંધનોમાં જ એમણે વ્યક્તિગત મુક્તિના પ્રયાસો કરેલા. તેમનું વ્યક્તિત્વ સાદું-સીધું અને સાધનાનાં બાહ્ય પ્રતીકો, મંત્ર, માળાથી રહિત હતું. તેમ છતાં તેમની ઉપસ્થિતિમાં અમે જબરી મનોશાંતિનો અનુભવ કરતા, કારણ કે એમના વ્યક્તિત્વમાં કોઈ આંતર-બાહ્ય ભેદભાવને સ્થાન ન હતું જેને લીધે સમાજના પ્રત્યેક વર્ગમાંથી લોકો તેમનો સત્સંગલાભ લેવા આવતા. તેઓ પોતે પણ કહેતા, 'અધ્યાત્મની દૃષ્ટિએ કોઈ પણ વ્યક્તિને મારી પાસે લેવાનું હોય તો આવે અને કશુંક મને આપવાનું હોય તો આવે.' આમ સાધકને સાધનાનું માર્ગદર્શન આપનારા તેઓ હતા.

'ભાઈ'ને સમગ્ર ગુજરાતભરના ઋષિઓ, મુનિઓ, સાધકો, જૈન-સાધુ-સાધ્વીઓ અને મુસ્લિમ સંસ્કૃતિના નેતૃત્વ કરનારા અધ્યાત્મિક નેતાઓ પણ ઓળખતા. જામનગરની તમામ મસ્જિદોની મુલાકાત તેમણે મુસ્લિમ સન્મિત્રની મદદથી લીધેલી તેમ જ અન્ય દેવસ્થાનો પણ જોયેલાં. સાચા અધ્યાત્મની સુગંધથી પ્રેરાઈને હંમેશાં તેઓ સાધકોને સંબોધતા ત્યારે તેમની આધ્યાત્મિકતા સૌને સ્પર્શી જતી.

તેઓ પોતાને કોઈના ગુરુ નહોતા માનતા તેમ છતાં પ્રત્યેક ગુરુપૂર્ણિમાએ તેમના ઘરે ઘણા સાધકો પધારતા તેમ જ જીવનમાં કઈ રીતે અધ્યાત્મચેતનાનો સ્પર્શ થાય એ માટે તેઓ મનોમંથન અનુભવી માર્ગદર્શન કરતા. તેઓ ગુરુપદ કે માર્ગદર્શક હોવાનો કોઈ અહં રાખતા નહીં. તેમના સંપર્કમાં આવનાર વ્યક્તિને તેમનો અહં વાગતો નહીં તેમ જ હળવાશનો અનુભવ થતો.

આમ જેને સાચા અધ્યાત્મનું અનુસંધાન છે તેને પોતાની રુચિ અનુસાર અધ્યાત્મનો માર્ગ પકડવાની તેઓ છૂટ આપતા અને પ્રોત્સાહન આપતા. કોઈ મંત્રજાપ કરે, કોઈ કીર્તન કરે, કોઈ મૌનની ઉપાસના કરે કે એવી અધ્યાત્મની ધારામાં સ્નાન કરી સાધના કરવા ઇચ્છે તો તેઓ સહુ કોઈને

પોતાની આંતરરુચિ અનુસાર સાધના પદ્ધતિ પસંદ કરવા માટે ભાર આપતા.

'ભાઈ'ના સત્સંગની બીજી એક વિશેષતા એ હતી કે તેમના કુટુંબીજનો (બે સુપુત્રીઓ, પત્ની અને સુપુત્ર) પણ પ્રત્યેક રવિવારે સાંજે સત્સંગમાં હાજરી આપતાં. આ અંગેનું કોઈ દબાણ કે મનોભારણ કોઈને નહોતું પરંતુ સાહજિક રીતે સહુ હાજર રહેતા.

સામાન્ય રીતે રવિવારે સાંજે છ સવાછ કલાકે સત્સંગની શરૂઆતમાં કોઈ ભજન ગાતું અથવા ભજનની કેસેટ મુકાતી. બાદમાં 'ભાઈ' પોતાની પાસે પડેલી ચિઠ્ઠીઓમાંથી કોઈ એક ચિઠ્ઠી ઉપાડીને પ્રશ્ન વાંચતા અને પછી લંબાણથી (એક-દોઢ કલાક સુધી ચાલે એવો) પ્રત્યુત્તર આપતા. ત્યારે વાતાવરણ ખરેખર ચૈતન્યસભર બની જતું. વ્યક્તિ પોતે સ્ત્રી છે કે પુરુષ એવું પણ સાન-ભાન ખોઈ બેસતી. ત્યારે સતત મૌન છવાયેલું રહેતું. માત્ર 'ભાઈ'ની વાક્ગંગા પ્રવાહિત રહેતી જેમાં સ્નાનશુદ્ધ થઈને સાધકો પોતાની જાતને ભાગ્યશાળી સમજતા. સત્સંગની સમાપ્તિ વખતે કોઈ મંત્રજાપ કે દીવા કે આરતી કે પ્રસાદ ધરાવવાની પ્રથા નહોતી. તેને લીધે પ્રત્યેક સાધકોને સીધું જ આત્માનુસંધાન રહેતું. પ્રત્યેક સાધકની સાધના કોઈ પણ ધારામાં પ્રવાહિત થતી રહે તેવું તેઓ ઇચ્છતા. ભર્તૃહરિની વાણીમાં આવે છે - लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुं अर्हति। અર્થાત્ - લોકશ્રેષ્ઠ મહાપુરુષોના હૃદયની વિશાળતાને તો કોણ જાણી શકે?

ક્યારેક અળવીતરા કે સત્સંગ માટે અસંગત પ્રશ્નો કોઈ પૂછે તો 'ભાઈ' હળવેકથી એ માણસને સમજાવતા કે અહીં અધ્યાત્મયાત્રાના પ્રશ્ન સિવાય કોઈ સાંસારિક પ્રશ્ન પૂછવો નહીં. આમ બધી બાજુથી એ સાધકને આત્માના કેન્દ્રમાં લાવી દેતા.

સામાન્ય રીતે તેઓ સફેદ ઝભ્ભો-લેંઘો પહેરતા તેમ જ ગુરુપૂનમ જેવા ખાસ દિવસોમાં ઝભ્ભાનો રંગ પીળો કે અન્ય રહેતો. પરંતુ બીજો કોઈ ભડકીલો રંગ તેઓ ઉપયોગમાં લેતા નહીં તેમ જ કોઈ વ્યક્તિ પાસેથી કોઈ દિવસ દાન-દક્ષિણા કે કોઈ ચીજ લેતા-સ્વીકારતા ન હતા.

મને વ્યક્તિગત રીતે સાધનામાં આગળ વધવા તેમણે અનેક વખત સૂચન કરેલાં છે તેમ જ છેલ્લી મુલાકાતમાં તમે ''રમણ મહર્ષિનાં પુસ્તકોનું વાંચન શરૂ કરેલ છે તે યોગ્ય છે અને તમારી અધ્યાત્મધારાને ઉપકારક છે'' એવું તેમણે સૂચવી દીધેલું. આમ નિઃસ્વાર્થ ભાવે જ સાચો સાધક બીજાને મદદરૂપે સાધનામાં કશુંક આપી શકે તેવું તેમણે પોતાના આચરણ દ્વારા શિખવાડેલું. ભર્તૃહરિ કહે છે- ''सतां केनोद् दीष्टं विषम असिधारा व्रतं इदं'' અર્થાત્ ''સજ્જનોને આવું તલવારની

ધાર પર ચાલવા જેવું કઠિન વ્રત કોણે શીખવ્યું?'' તે જમાનામાં તેમનાં બધાં જ વક્તવ્યો 'ભાઈ'ના સુપુત્ર કેસેટમાં કંડારતા અને તેને ગોઠવીને રાખતા. આશરે એક હજાર કેસેટ્સ એની થઈ હશે.

આમ મહાપુરુષો પોતાની આત્યંતિક કરુણાથી પ્રેરાઈને સહુ સાધકોને સન્માર્ગે લઈ જવાની મથામણમાં હોય છે તેમ જ આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે જેને ખરેખર જ સાધના કરવી હોય તેમને માટે સાચા જ્ઞાનીઓ નિરપેક્ષભાવે માર્ગદર્શન આપતા હોય છે. એવું અમે 'ભાઈ'ના સંપર્કમાં આવનારા અનેક લોકોની બાબતમાં જોયું છે.

સામાન્ય રીતે મારો કોલેજકાળ એ વર્ષોમાં ચાલતો તેથી પ્રત્યેક જન્મદિને મારા દ્વારા તેમને વંદન કરવા જવાનું થતું. તેઓ પોતાના અનર્ગળ સ્નેહથી મારું સ્વાગત કરતા તેમ જ સત્સંગની દૃષ્ટિએ પ્રભુપ્રાપ્તિ માટેની એક-બે વાતો કે પ્રસંગકથા કહેતા. ઉપરાંત અનિવાર્ય રીતે આતિથ્ય સત્કાર રૂપે ચા-નાસ્તો-ઠંડું પીણું કે ફળ વગેરે આપતા.

લાંબી માંદગી (ફ્રેક્ચરની) મારા જીવનમાં આવેલી ત્યારે ત્રણેક માસના પથારીવાસ પછી ડોક્ટરની સૂચના અનુસાર હવે હળવા-ભળવા સૌને ઘેર જવાની છૂટ છે એવું કહેવામાં આવતાં જ મને સૌ પહેલાં 'ભાઈ'ને ઘેર જવાની ઇચ્છા થઈ. અમે બંને ભાઈઓ તેમને ઘેર ગયા ત્યારે તેમણે અત્યંત સ્નેહથી મને આવકારીને રામકૃષ્ણ પરમહંસના 'કથામૃત'માંથી કશુંક વાંચવા મારા હાથમાં પુસ્તક મૂકેલું. ત્યારે તેમાં એ જ પાનું મને હસ્તગત થયેલું કે જેમાં માંદગી અને સાધકોને લગતું રામકૃષ્ણદેવનું સંબોધન હતું. આ બધું જોઈ-વાંચીને બહુ જ વિસ્મય થયેલું. ત્યારે એનું શમન કરતાં 'ભાઈ' બોલેલા, ''આ જ બાબત સત્સંગની ફોરમ છે.''

સરકારના ઉચ્ચ અધિકારી તરીકે શ્રી સી. આર. વ્યાસજીની નોકરી જુદી જુદી ફેક્ટરીઓમાં વીજજોડાણના ચેકિંગમાં જવાની હોઈ, તેઓએ પોતાની નોકરી અત્યંત વિશુદ્ધભાવે, ભ્રષ્ટાચાર રહિત બનીને નિભાવેલી. આજે આ બધું દંતકથારૂપ ભાસે છે.

માધવપુર નામે પોરબંદર સમીપના ગામમાં રામદુલારે આશ્રમ છે ત્યાં રજનીશના અનુયાયી સ્વામી બ્રહ્મવેદાંતજી રહે છે તેઓ પણ 'ભાઈ'ના સંપર્કમાં આધ્યાત્મિક રીતે આવી ગયેલા. જૂના સાધકો એવું પણ કહેતા કે માધવપુરના એ આશ્રમમાં વર્ષો પૂર્વે 'ભાઈ' સાધકોની શિબિરનું સંચાલન કરવા એકાધિકવાર ગયેલા.

'ભાઈ'એ હજારો સાધક-સાધિકાઓને આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટેની સાધનાધારાનું માર્ગદર્શન કરાવ્યું હશે. એવા દેહાતીત વિરલ આત્મસાક્ષાત્કારીને શતશઃ વંદન.

❑❑❑



પૂ. નાથાભાઈ જોશી, ગોંડલ

કેમ સખી ચીંધવો પવનને-૩૭

☐ અનિલ રમાનાથ જોશી

પન્નાબેનના પર્સમાંથી નાથાભાઈનો ફોટો નીકળી પડ્યો એના આશ્ચર્યમાં હું લગભગ ડૂબી ગયો. અહીં પાછા ભાઈ મારી લાઈફના કેન્દ્રમાં આવી ગયા. મને ફરી ભાઈના શબ્દો યાદ આવી ગયા: "મા તારી સાથે જ છે." અહીં મને

બરાબર સમજાઈ ગયું કે મા ફક્ત ગબ્બરના ગોખથી નથી ઊતરતી પણ દરેક ઘરના દાદરા ઉપરથી ઊતરતી હોય છે. પન્નાબેનમાં મને માના દર્શન થયા. મારા ગોંડલના સંસ્કાર એવા હતા કે દરેક સ્ત્રીમાં મને મા દેખાતી હતી. એ સંસ્કાર વધુ દૃઢ થઈ ગયા. દુનિયાદારીને મારું સવેદન નહીં સમજાય. એ જ બપોરે લંચ ટાઈમે ડો. સરાફ મારા ટેબલ પાસે આવ્યા અને કહ્યું : "તમને એપોઇન્ટ કરવાની મંજૂરી મ્યુનિસિપલ કમિશનર બી. જી. દેશમુખ સાહેબ તરફથી આવી ગઈ છે. તમારી પાસે આ હોદ્દા માટે લાયક અને જરૂરી ડિગ્રી નથી છતાં કમિશનરે તમારી સર્જકતાને પ્રાયોરિટી આપીને તમારી નિમણૂક કરી છે." મારી ખુશી એટલી બધી વધી ગઈ કે હું લગભગ રોવા જેવો થઈ ગયો. પન્નાબેને તરત પેંડા મગાવીને આખી ઓફિસમાં વહેંચ્યા. મુંબઈ મહાનગરપાલિકાએ મારા જીવનને બહુ મોટો વળાંક આપ્યો. મહાનગરપાલિકાની આ નોકરી મને કોન્ટ્રાકટ બેઝ પર મળી હતી પરંતુ દર વર્ષે મારે કોન્ટ્રાક્ટ રિન્યુ કરવાનો હતો. મારા દિમાગમાંથી ભાઈ ખસતા નહોતા. થોડી વાર પછી મેં પન્નાબેનને પૂછ્યું : "તમે ભાઈને કેવી રીતે મળ્યાં?" એ જ ક્ષણે પન્નાબેને આંખમાં આંસુ સાથે દબાતા અવાજે કહ્યું : "મારા પિતાજીને ભાઈને મળવાની બહુ ઇચ્છા હતી પરંતુ હું એમને ગોંડલ લઈ જઈ શકી નહીં. પિતાજી ઘણી વાર મને કહેતા કે "એક વાર મને ગોંડલ લઈ જા." પણ હું મારા સંજોગોથી ઘેરાયેલી હતી. પિતાજી મરણપથારીએ હતા એ વખતે હું હોસ્પિટલમાં ગઈ ત્યારે પિતાજીએ મને બહુ ધીમા અવાજે કહ્યું : "બેટા, હવે ગોંડલ જવાની જરૂર નથી. ભાઈ મને અહીં આવીને જ મળી ગયા છે. પ્રસાદ પણ આપતા ગયા છે. લે પ્રસાદ ખા." આટલું કહીને પિતાજીએ આંખ મીંચી દીધી. મારા દિમાગમાં સન્નાટો છવાઈ ગયો. પન્નાબેન મારા વિષે બહુ જાણતાં નહોતાં. હું એમને પહેલી વાર જ મળતો હતો. મેં બહુ ધીમા અવાજે કહ્યું : "પન્નાબેન, હું ગોંડલથી જ ભાઈના આશીર્વાદ લઈને મુંબઈ આવ્યો છું." આ ક્ષણે કોઈ ન સમજાય એવી અકળ અનુભૂતિમાં હું ડૂબી ગયો.

દિવસો વીતતા ગયા. હું દરરોજ સવારે ભાયખલાથી ગ્રાન્ટ રોડ નોકરીએ જવા લાગ્યો. બીજી બાજુ સંકેત અને રચના મોટાં થઈ રહ્યાં હતાં. નોકરી લાગ્યાના થોડા દિવસમાં તો સંકેત અને રચનાને સ્કૂલમાં મૂકવાની ક્ષણ આવી ગઈ. ભાયખલામાં બધી જ સ્કૂલો અંગ્રેજી માધ્યમની હતી એટલે માતૃભાષાના માધ્યમની સ્કૂલમાં સંકેત, રચના ભણે એવી મારી દૃઢ ઇચ્છા હતી. ભારતીએ ઘરની બધી જવાબદારી સંભાળી લીધી હતી. આખરે મેં અને ભારતીએ નક્કી કર્યું કે સંકેત-રચનાને

ખાર ઉપનગરની પ્યુપીલ્સ ઓન સ્કૂલમાં મૂકવાં. પ્યુપીલ્સ ઓન સ્કૂલની અડોઅડ જ મ્યુનિસિપલ ઓફિસર્સનાં ક્વાર્ટર હતાં. એ ક્વાર્ટરમાં પન્નાબેન રહેતાં હતાં. હવે મારું આખું રૂટિન જ બદલાઈ ગયું. ભાયખલાથી ખારનું અંતર દૂર હતું. સ્કૂલનો ટાઈમ સવારે આઠ વાગ્યાનો હતો. હું વહેલી સવારે સંકેત -રચનાને લઈને મહાલક્ષ્મી સ્ટેશન જતો અને ત્યાંથી લોકલમાં બેસીને ખાર બરાબર આઠ વાગ્યે પહોંચીને મારાં બન્ને સંતાનોને નિશાળમાં પહોંચાડતો. આટલી હાડમારી વેઠવા પાછળ મારી એક જ જીદ હતી કે મારાં સંતાનો ગુજરાતી માધ્યમની નિશાળમાં ભણે. એમને નિશાળે મૂક્યાં પછી મારે સાડાદસે ગ્રાન્ટ રોડ પહોંચવાનું હતું. હું સીધો સ્કૂલને અડોઅડ આવેલા મ્યુનિસિપલ ક્વાર્ટરમાં રહેતાં પન્નાબેનને ઘેર જતો. એ પછી અમે બન્ને ખારથી ગ્રાન્ટ રોડ ઓફિસે જવા સાથે નીકળતાં હતાં. બીજી બાજુ અમારાં સંતાનોને નિશાળેથી પાછાં ભાયખલાને ઘેર લઈ જવા માટે મારી બેટર હાફ ભારતી છેક ભાયખલાથી ખાર આવતી હતી. આ અમારો નિત્યક્રમ ગોઠવાઈ ગયો હતો. અને હું સાંજે સાડાપાંચે ઓફિસેથી છૂટીને સીધો અજિત શેઠની ઓફિસમાં જતો. જાહેરખબરોની કોપી લખતો. અજિતના સંગીતભવન ટ્રસ્ટના સાહિત્યિક કાર્યક્રમોમાં સહભાગી


પન્ના નાયક

બનતો હતો. અજિત શેઠની સાહિત્યિક રુચિ બહુ ઊંચી હતી. સહુ પ્રથમ અજિતે ઓડિયો-વિઝ્યુઅલ સાહિત્યિક કાર્યક્રમો કર્યા હતા. જેમાં સ્ક્રિપ્ટ હું લખતો અને અવાજ હરીશ ભીમાણી આપતા હતા. એ પછી હું મોડી રાતે દસ-અગિયાર વાગ્યે ઘેર પહોંચતો ત્યારે સંકેત-રચના તો સૂઈ ગયાં હોય. એને રમાડવાનો કે ભારતી સાથે સમય ગાળવાનો મને કોઈ ટાઈમ જ નહોતો મળતો. હું થાકીને લોથપોથ સૂઈ જતો અને બીજે દિવસે વહેલી સવારે ઊઠીને ફરી પાછો ખાર જવા નીકળી પડતો હતો. સંતાનો જેમ જેમ મોટાં થતાં જાય એમ મારી આર્થિક જવાબદારી પણ વધવા લાગી. સુરેશ દલાલ જ્યારે કવિસંમેલન યોજે એમાં મારે જવાનું જ હોય. પુરસ્કાર મળે તે બહુ વહાલો લાગતો હતો. સંકેત-રચનાના જન્મ પછી

મેં દારૂ પીવાનું સાવ છોડી દીધું હતું. રમેશ પારેખને મારી બહુ ચિંતા થતી હતી. એક પત્રમાં મને લખ્યું હતું કે "અનિલ, તારું સન્માન કરીને પૈસાની થેલી અપાય એવું આયોજન કરું?" પરંતુ મેં સ્પષ્ટ ના પાડી હતી. જવાબ મેં લખ્યો કે "માએ મને જે સ્થિતિમાં રાખ્યો છે એમાં હું ખુશ છું." એ પછી આગળ જતાં મારા વનપ્રવેશની ઉજવણી કરવાની દરખાસ્ત રમેશે એક પત્ર દ્વારા કરી. એ પત્રના જવાબમાં મેં એ જ વખતે સૂઝેલી બે કાવ્યપંક્તિ રમેશને મોકલી આપી. "ઝાડવું તો પહેલેથી જંગલમાં હોય, કંઈ ગુલમહોરનો વનપ્રવેશ હોય નહીં" આ રીતે મારા દિવસો પસાર થતા હતા. મારી બેટર હાફ ભગવાનના પૂજાપાઠમાં બહુ માને અને મને રિચ્યુઅલ્સમાં બિલકુલ શ્રદ્ધા નહીં. દૃશ્ય બદલાય છે.

રવિવારની સવાર છે. ઉજાગરા અને થાકથી હું પલંગ પર પડ્યો છું. ભારતી પૂજાપાઠ કરી રહી છે. સંકેત-રચનાને આજે ખાર નિશાળે મૂકવા જવાનું નથી એની નિરાંત છે. વાટવાળા પ્રાયમસ પર કૂકરની સીટીઓ વાગે છે. એવામાં મને એકાએક ભગવાન ઉપર ગુસ્સો આવે છે. હું ગુસ્સાથી ભારતીને કહું છું : "આજે તો મારે તારા બધા જ ભગવાનનું પોટલું બાંધીને દરિયામાં ફેંકી દેવું છે. કોઈ વાર ભગવાનને મારી દયા નથી આવતી? રોજ ભાયખલાથી ખારના ધક્કા તારે અને મારે ક્યાં સુધી ખાવાના છે? ભગવાનનું પોટલું બાંધી દે." ભારતીને મારા આ શબ્દોથી ભારે આંચકો લાગ્યો. તે હેબતાઈ ગઈ. એ જ વખતે મારા ઘરના બારણે ટકોરા પડ્યા. મેં બારણું ઉઘાડીને જોયું તો પન્નાબેન અધ્વર્યુ હસતાં હસતાં ઘરમાં પ્રવેશ્યાં અને કહ્યું : "અનિલભાઈ, એક સારા સમાચાર છે કે તમને ખારમાં ઓફિસર્સ ક્વાર્ટરમાં ઘર મળી ગયું છે. સામાન પેક કરો." આ સાંભળીને મારી તો આંખો જ ફાટી ગઈ. ચમત્કાર જેવું લાગ્યું. એ વખતે ભાઈએ કહેલ થોડાક શબ્દો મને યાદ આવી ગયા. ભાઈ કહેતા : "કોઈ વાર મા ઉપર ગુસ્સો પણ કરી શકાય." મારા દિલોદિમાગમાં આનંદની એક લહેરખી આવીને ચાલી ગઈ. પન્નાબેન બેઠાં. સંકેત -રચના માટે એક રમકડું પણ લાવ્યાં હતાં. મેં પન્નાબેનને પૂછ્યું : "આ બધો સામાન ભાયખલાથી ખાર ખસેડવા માટે મારે ટ્રક કરવી પડશે. ક્યારે શિફ્ટ થવાનું છે?" પન્નાબેન કહે : "તમે એની ચિંતા કરો નહીં, જે ઓફિસર ખારનું ઘર ખાલી કરવાનો છે એનો સામાન લેવા ટ્રક તમારા ભાયખલાના ઘરની નીચેથી જ આવવાની છે. એમાં તમારો સામાન ભરી દેજો. બસ આ શુભ સમાચાર આપવા જ હું ખાસ આવી છું." આટલું કહી પન્નાબેન ચાલ્યાં ગયાં. એ ક્ષણે મારી નાની બેન સરોજ લંડનથી ભાયખલા આવી હતી. અમે સાથે મળીને આખી રાત સામાન પેક કર્યો અને બીજે દિવસે ટ્રકમાં બેસીને હું ખાર પહોંચી ગયો. એ ક્ષણે મને થોડી

કાવ્યપંક્તિઓ સૂઝી : "ઘરવખરીમાં હું જ હતી ને લઈને ઊપડ્યું ગાડું, ઘર વગરના ઘરની સામે ઊભો રે ઘરફાડુ." થોડા દિવસમાં જ અમે ખાર શિફ્ટ થઈ ગયાં. સંકેત-રચનાની ગુજરાતી માધ્યમની નિશાળ પ્યુપીલ્સ ઓન હવે નેક્સ્ટ ડોર થઈ ગઈ. પન્નાબેન જે લોબીમાં રહેતાં હતાં એ જ લોબીમાં મને ઘર મળી ગયું. ખાર એ બહુ જ પોશ ઉપનગર ગણાય છે. આ સ્થાનફેરથી મારામાં નવી ઊર્જા છલકાવા લાગી. પન્નાબેન અમારાં શાખપડોશી બન્યાં આ બધું મને તો ચમત્કાર જેવું લાગ્યું પરંતુ ભાઈના શબ્દો મને વારંવાર યાદ આવતા હતા : "અનિલ, મા તારી સાથે જ છે. એની અનુભૂતિ હોય, ચમત્કાર નહીં.'' આટલાં વર્ષોમાં હું ભાઈ પાસે કોઈ દુનિયાદારીનો પ્રશ્ન લઈને ભાઈને મળવા ગોંડલ ગયો નથી. જ્યારે ગોંડલમાં ભાઈને મળું ત્યારે એક જ સવાલ પૂછું : "મને મા ક્યારે રૂબરૂ મળશે?" ભાઈ તરત કહેતા : "મા તો તારી સાથે જ છે. કવિતા તારી નિયતિ છે." મેં ક્યારેય ભાઈ પાસે મારાં અંગત દુઃખસુખનાં રોદણાં રડ્યાં નથી. મારી શોધ માની જ રહી છે. બેઝિકલી હું મને પ્રેમનો ભૂખ્યો ઇન્સાન લાગ્યો છું. ભોળપણ એ મારો સ્વાભાવ છે. એક દિવસ પન્નાબેન ભારતી પાસે આવીને કહે છે : "તમે આયુર્વેદિક વૈદ્ય છો તો બાંદરામાં બરાબર તળાવની સામે જ એક ક્લિનિક છે. એમાં બેસવાનું રાખો તો તમને પણ થોડો આનંદ થશે." ભારતી હવે રોજ સાંજે બાંદરાના ક્લિનિકમાં જવા લાગી. મેં હંમેશાં જોયું છે કે હું જ્યાં જ્યાં રહેવા ગયો ત્યાં હું સતત સાહિત્યકાર -કવિઓથી ઘેરાયેલો જ રહ્યો છું. ભાયખલામાં નારાયણ સૂર્વે, વેણીભાઈ, સૂર્યભાનુ અને નિદા ફાઝલી સાથે વાતવિસમો મને મળી રહેતો હતો અને ખારમાં મારા ઘરની બરાબર સામે જ મરાઠી કવિ વસંત બાપટ રહેતા હતા. થોડાક આગળ ચાલીએ તો હસરત જયપુરીનું ઘર હતું. સાંતાક્રુઝ તો ખારથી બહુ નજીક હતું એટલે ભૃગુરાય અંજારિયા, ચંદ્રકાન્ત શાહ તેમ જ કૃષ્ણવીર દીક્ષિત અવારનવાર મળતા હતા. વિલે પાર્લેથી ધીરુબેન પટેલ પણ અવારનવાર ખાર પન્નાબેનને મળવા આવતાં હતાં. મારા ઘરની થોડેક આઘે સલમા સિદ્દીકીનું ઘર હતું. બીજી બાજુ બાંદરામાં ધર્મવીર ભારતી, વિંદા કરંદીકર અને ગંગાધર ગાડગીળ, રમેશ તેંડુલકર (સચિન તેંડુલકરના પિતાજી) પણ સાહિત્ય સહવાસમાં રહેતા હતા. એક વાર હું ખારની બજારમાં ફરતો હતો ત્યારે એકાએક મને નિદા ફાઝલી મળી ગયો. એ પછી મારે ઘેર આવ્યો અને કહ્યું : "મીર ઔર ગાલિબ કો યહાં કૌન પૂછતા હૈ? સસ્તે ગાને લિખ લિખ કર હમને તો ઘર બનવાયા હૈ." નિદાએ હવે ફિલ્મી ગીતો લખવાનું શરૂ કર્યું હતું. એ દિવસોમાં નિદાનું એક ગીત બહુ લોકપ્રિય થયું હતું : "તું ઇસ તરહા સે મેરી

'નવનીત-સમર્પણ'માં જાહેરખબર

જીવન, સંસ્કાર અને સાહિત્યના સામયિક તરીકે 'નવનીત સમર્પણ' શુભ અને સુંદર વિચારોનો પ્રસાર કરે છે તે આપ સૌ જાણો છો. ભારતીય સંસ્કૃતિનાં શાશ્વત મૂલ્યોના જતન-સંવર્ધન સાથે જીવનના આધુનિક પ્રવાહોનું સન્માન કરતા આ સામયિકમાં જાહેરખબર મોકલી આ ઉમદા કાર્યમાં સહભાગી થઈ શકો છો.

જાહેરખબરના દર આ પ્રમાણે છે:

જાહેરખબરના દર

આખું પાનું (Colour)	રૂ. 9,000/-
આખું પાનું B/W	રૂ. 5,000/-
અડધું પાનું (Colour)	રૂ. 5,000/-
અડધું પાનું B/W	રૂ. 3,000/-
બીજું/ત્રીજું મુખપૃષ્ઠ (4 Colours)	રૂ. 11,000/-
પાછલું મુખપૃષ્ઠ	રૂ. 12,000/-

અન્ય વિગતો :

આખું પાનું

કુલ સાઈઝ 19.5 સે.મી. X 13.5 સે.મી.
પ્રિન્ટ એરિયા 15.5 સે.મી. X 10.5 સે.મી.

અડધું પાનું

આડું પાનું 8.0 સે.મી. X 10.5 સે.મી.
ઊભું પાનું 15.5 સે.મી. X 5 સે.મી.
બ્રોમાઈડ, આર્ટપુલ, આર્ટવર્ક B/W જા.ખ. માટે 4 કલરની (રંગીન જા.ખ. માટે), સી.ડી. છાપકામ: કાગળની જાત ઉપર

ઝિંદગી મેં શામિલ હૈ, જહાં ભી જાઉં તો લગતા હૈ તેરી મહેફિલ હૈ." સૂર્યભાનુ ગુપ્ત પણ છેક માટુંગાથી ખાર મળવા આવતા હતા. ખાર માર્કિટ તરફ તમે થોડા આગળ વધો તો શકીલાબાનુ ભોપાલીનું ઘર આવતું હતું. અમે ખારમાં રહેવા આવ્યાં તો આવ્યાં પણ અમારા ઘરમાં ફર્નિચર બિલકુલ નહોતું. પરંતુ તરત જ વિલે પાર્લેથી સોનલ શુક્લે અને ડો. હિમાંશુએ સંખેડાનું ફર્નિચર મારા ખારના ઘરમાં જાતે આવીને ગોઠવી દીધું. કોણ કહે છે કે મા કોઈનું ધ્યાન રાખતી નથી? બીજો ચમત્કાર એ બન્યો, સાંતાક્રુઝમાં નાથાભાઈ જોશીનાં દીકરી રહેતાં હતાં એટલે કોઈ વાર ભાઈ સાંતાક્રુઝ આવીને રહેતા હતા. અહીં ફરી દૃશ્ય બદલાય છે.

એક દિવસ ખબર પડી કે ભાઈ સાંતાક્રુઝ રહેવા આવ્યા છે. મેં તરત ભારતીને કહ્યું : "ચાલ, ભાઈને મળવા જઈએ." ભારતી સાથે હું ખરા બપોરે ભાઈના દર્શન કરવા ગયો. ભાઈ આરામથી બેઠા હતા. મને જોતાંવેંત જ કહે છે : "કવિતા લખાય છેને?" હું વંદન કરીને ચૂપચાપ બેસી રહ્યો. બીજી ખૂબ વાતો કરી. મારો એક જ સવાલ હોય કે મા ક્યારે રૂબરૂ મળશે? ભાઈ થોડું હસીને તરત કહેતા : "મા તો તારી સાથે જ છે. તારો ધર્મ માત્ર રાહ જોવાનો છે. સબૂરીનો છે." એકાદ કલાક બેઠા પછી અમે ભાઈને વંદન કરીને વિદાય લેવાની રજા માગી, પણ આશ્ચર્ય વચ્ચે ભાઈએ

અમને રોક્યાં. પછી પોતે ઊઠીને બીજા રૂમમાં ગયા. થોડી વાર પછી ભાઈ પોતાના હાથમાં એક જગદંબાનો ફોટો લઈને આવ્યા. મારા હાથમાં એ ફોટો મૂકતાં ભાઈ બોલ્યા : "આ ફોટો તું તારા ઘરમાં રાખજે. મા તારી સાથે છે." અમે માનો ફોટો લઈને બહાર નીકળ્યાં ત્યારે મેં ભારતીને કહ્યું : "આપણી પાસે ઘર ક્યાં છે? મારી નોકરી કોન્ટ્રાક્ટ ઉપર છે. કોન્ટ્રાક્ટ પૂરો થશે કે તરત ઘર ખાલી કરીને આપણે રોડ ઉપર આવી જઈશું." ભાઈએ આપેલો એ જગદંબાનો ફોટો સંભાળીને અમે ગોદરેજના કબાટમાં મૂકી દીધો. હું નોકરી ઉપર રાબેતા મુજબ ચડી ગયો. બીજી બાજુ એવું બન્યું કે મારો કોન્ટ્રાક્ટ ફરી રિન્યુ કરાવવાનો હતો. મને સખત ટેન્શન હતું. રોજ પન્નાબેનને પણ એ જ ટેન્શન રહેતું કે કોન્ટ્રાક્ટ રિન્યુ થશે કે નહીં? મારી ઓફિસ ગ્રાન્ટ રોડમાં અપ્સરા સિનેમા સામે જ હતી. એટલે એક વાર લાભશંકર ઠાકર અને ચિનુ મોદી સાથે શેખાદમ આબુવાલા મારી ઓફિસે ખાસ મળવા આવ્યા. આ બધા મિત્રોને મારી નોકરીની અસ્થિરતા વિષે ખૂબ ચિંતા હતી. ચિનુ મોદી કહે : "અનિલ, તું અમદાવાદ આવી જા. સાહિત્ય પરિષદમાં અધીકરણ લેખક તરીકે જોડાઈ જા." મેં સંમતિ આપીને ચિનુભાઈએ કહ્યું તેમ અરજી લખી આપી. એમના ગયા પછી થોડા દિવસમાં ચિનુભાઈનો જવાબ આવ્યો કે "અનિલ, સાહિત્ય પરિષદમાં અધીકરણ લેખક માટે એમ.એ., પીએચડીની ડિગ્રી જોઈએ જે તારી પાસે નથી એટલે કે તું લાયક નથી." આ પછી સિતાંશુ એક સવારે મારી પાસે મુંબઈ યુનિવર્સિટીનું ફોર્મ લઈને ઓફિસે આવીને કહે : "અનિલ, તું આ ફોર્મ ભરીને એમ.એ. થઈ જા." એક બીજી ઓફર શેખાદમ આબુવાલા લઈને આવ્યા કે ''ગુજરાતમાં માધવસિંહ સોલંકી મુખ્ય પ્રધાન છે. મેં એમને વાત કરી છે. તું માહિતી અધિકારી તરીકે આવી શકે. રહેવા ઘર અને પગાર સારો મળશે." શેખાદમ આબુવાલાની આ ઓફરથી હું થોડો લલચાયો પણ ખરો. મેં મારા વડીલબંધુ જે નગરવિકાસ ખાતામાં ડેપ્યુટી સેક્રેટરી હતા એની સલાહ લીધી તો એમણે મને એક સાચી સલાહ એ આપી, "આ બધી પોસ્ટ પોલિટિકલ હોય છે. માધવસિંહભાઈ હોય ત્યાં સુધી તો ઠીક છે. પણ ભવિષ્યમાં કોઈ બીજો મુખ્ય મંત્રી આવે તો તને નહીં ફાવે." વડીલબંધુની આ સલાહ પછી મેં શેખાદમને એટલું જ કહ્યું: "ડિયર, શેખાદમ, આપ સહુ મિત્રોના પ્રેમથી જ હું જીવતો રહ્યો છું. અત્યારે મારા હાથમાં મહાન અનિશ્ચિતતાની નિશ્ચિંતતા છે એમાં મને રહેવા દે. આ વાક્ય મારું નથી પણ એઝરા પાઉન્ડનું છે. મારી નિયતિ કવિતા અને મુંબઈ છે. મારે અમદાવાદ નથી આવવું." શેખાદમ જતા રહ્યા.

(ક્રમશઃ)



માઈકલ ફેરાડે

લાંબી દૃષ્ટિ, ટૂંકી દૃષ્ટિ

☐ ડૉ. પંકજ જોશી

અઢારમી સદીમાં ઈંગ્લેન્ડમાં એક મોટા વૈજ્ઞાનિક થઈ ગયા. તેમનું નામ હતું માઈકલ ફેરાડે. વિદ્યુત અને ચુંબકત્વના આખાય વિજ્ઞાનની શરૂઆતનો એ સમય હતો. ફેરાડેએ આ વિજ્ઞાનની પ્રગતિમાં ઘણો મોટો ભાગ ભજવ્યો. તેઓ નવી શોધો તો કરતાં પણ સાથે સાથે આ સઘળું વિજ્ઞાન લોકો પાસે લઈ જવાના પ્રયત્નો પણ સતત કરતા. એનું કારણ એ હતું કે એ વખતે ઈંગ્લેન્ડમાં પણ અનેક જાતનાં વહેમો, રૂઢિચુસ્તતા તથા ગેરસમજો ફેલાયેલાં રહેતાં.

આવા એક કાર્યમાં, તેમણે લંડનમાં રોયલ ઇન્સ્ટિટ્યૂટમાં પોતાના ઇલેક્ટ્રિસિટી અને મેગ્નેટિઝમના પ્રયોગોનું એક પ્રદર્શન અને વ્યાખ્યાન યોજ્યાં. તેમના પ્રવચનમાં ઈંગ્લેન્ડના એક પ્રધાન પણ આવેલા. વિદ્યુતના ચમકારા, ચુંબકત્વની

રસપ્રદ અને હેરતભરી વિગતો ફેરાડેએ નવા પ્રયોગો કરીને બતાવી. આ બધું જોઈ એ મિનિસ્ટર બોલ્યા : “આ બધું તો ઠીક, પણ તેનો ઉપયોગ તે વળી શું?” ત્યારે ફેરાડેએ તેનો જવાબ આપ્યો, “માય લોર્ડ, આપ મને એ કહેશો કે નવા જન્મેલા બાળકનો ઉપયોગ શું?”

અલબત્ત, આજે તો આપણે જોઈએ છીએ કે ઇલેક્ટ્રિસિટી અને મેગ્નેટિઝમનું વિજ્ઞાન આપણી રોજબરોજની અને ક્ષણે-ક્ષણની પ્રવૃત્તિઓમાં કેવું સમાયેલું છે. ફેરાડે તેમના જવાબ દ્વારા કહેવા એ માગતા હતા કે કોઈપણ જ્ઞાનની સમજ અને શોધ, કુદરતના નિયમોની સમજણ, એ સર્વ પ્રથમ તો પોતે જ પોતાનામાં ઉપયોગી છે. પછી આ સમજણ પાકી થતાં રોજિંદા વ્યવહારમાં અને જીવનમાં એનો ઉપયોગ તો સહજ સધાય છે અને તે સામાન્ય લોકોને ત્યારે દેખાય, સમજાય છે. જે ઘટના ઈંગ્લેન્ડમાં બનેલી, એ જ વાત ગુજરાતમાં અને આપણા દેશમાં આજે પણ મોટા અંશે લાગુ પડે છે. તાજેતરમાં ૨૦૧૯ના એપ્રિલમાં, નાસા, હાર્ડવર્ડ યુનિવર્સિટી, એમ. આઈ. ટી. વગેરે અમેરિકાની ઉચ્ચ સંસ્થાઓએ બ્લેક હોલની ઇમેજ એટલે કે ઓળો કે પડછાયો, તેની શોધ કરી. દુનિયાભરનાં માધ્યમોએ આ સમાચાર ચમકાવ્યા. હવે વિદ્યાર્થીઓને તો આવાં સઘળાં નવાં નવાં સંશોધન અને ડેવલપમેન્ટમાં ખૂબ જ રસ છે. પણ, જો આપણા સમાજની વાત કરીએ તો, મને અનેક વાર એ પ્રશ્નો પુછાય છે કે અબજો માઈલ દૂર બનતી આવી ઘટનાઓ વિશે આપણે ચિંતા કરવાની શી જરૂર, તેનો શું ઉપયોગ? આવા બધા અને આટલા ખર્ચ કરવાની શી જરૂર છે. વળી અવારનવાર એવો પ્રશ્ન પણ પુછાય છે કે આ તમે બ્રહ્માંડ અને કોસ્મોલોજીની વાતો કર્યા કરો છો, તો એનો શું ફાયદો, એનો શું ઉપયોગ? હું તરત ઉત્સાહ અને ગંભીરતાથી સમજાવવાનું શરૂ તો કરું કે માત્ર આપણાં પાડોશ અને શેરી વિષે જ નહિ પણ વિશ્વ વિષે પણ આપણે વિચારવું જોઈએ અને તે શા માટે. વિશેષ વિગત આપીને સમજાવવાનો પ્રયત્ન તો કરીએ, પરંતુ તેમાં મને કેટલી સફળતા મળે છે તેની ખાતરી નથી!

વળી અનેક વાર એવું પણ બને છે કે પ્રશ્ન પુછાતાં પહેલાં જ પૂછનારે નક્કી કરી લીધું હોય છે કે એ બધાનો કોઈ અર્થ કે ઉપયોગ નથી! ત્યારે મને એ યાદ આવી જાય, જે મારા મિત્ર કવિ શ્રી અનિલ જોશી ઘણી વાર કહેતા હોય છે, "ગુર્જર મંત્ર એક જ છે: ધંધાની વાત કરો!"

ખરેખર તો, આ નવી શોધ દરમિયાન એવાં મોટાં અને અદ્ભુત સોફ્ટવેર, એટલે કે કમ્પ્યુટરની કામ કરવાની ભાષાઓ, આ વિજ્ઞાનીઓએ વિકસાવ્યાં છે કે જેનો ભવિષ્યમાં નાગરિક, સંરક્ષણ, વાહન-વ્યવહાર, અને સઘળાં ઉપયોગી

ક્ષેત્રોમાં મોટો ઉપયોગ થશે. પણ આપણી તકલીફ એ છે કે આવી આગળની વાતો આપણે આજે જોઈ, સમજી શકતા નથી અથવા તે વિચારવાનો સમય કે અભિરુચિ જ નથી.

અહીં મૂળ વાત જે આવે છે તે લાંબી દૃષ્ટિની અને ટૂંકી દૃષ્ટિની છે. આપણી કમનસીબી એ છે કે આપણને ટૂંકું અને નજીકનું તો દેખાય છે, અને જે મળે તે લાભ તરત લઈ લેવા આપણે હંમેશાં આતુર હોઈએ છીએ, પરંતુ, દૂરની દૃષ્ટિ અથવા તો મોટું અને લાંબું વિઝન જેને કહેવાય તે આપણી પાસે ભારે માત્રામાં ખૂટે છે. અલબત્ત, તેનું મૂળ કારણ એ જ કે આપણા દેશમાં આઝાદી પછી કેળવણીના સમગ્ર ક્ષેત્રની ભારે અવદશા થઈ છે. આઝાદી પહેલાં દેશમાં જે મોટી અને ઉત્તમ કેટલીક યુનિવર્સિટીઓ હતી, જેમ કે, મુંબઈ યુનિવર્સિટી, કોલકતા યુનિવર્સિટી, અલાહાબાદ યુનિવર્સિટી વગેરે, તેમની દશા અને દિશા આજે જે બગડ્યાં છે તેની વાત પૂછવા જેવી નથી. તે ક્યાં જઈ રહી છે તે કોઈને ખબર નથી. વાત એ છે કે ઉદ્યોગપતિઓ પૈસા પાછળ અને રાજકારણીઓ સત્તાનાં કાર્યોમાં એટલા વ્યસ્ત છે કે પાયાનું મૂળ શિક્ષણનું કાર્ય કરવા કોઈની પાસે જોઈએ તે સમય નથી. આ પરિસ્થિતિમાં એક જ ઉપાય છે કે કેવળ જાગૃત નાગરિકો ઍક્ટિવ અને કાર્યશીલ થાય અને તો જ આ પરિસ્થિતિમાંથી ઉગારો છે.

ખરેખર તો, આઝાદી પછી આપણી માનસિકતા કેવળ એવી રહી છે કે જ્ઞાન-વિજ્ઞાનનાં પાયાનાં ક્ષેત્રોમાં મૂળ સંશોધન કંઈ કરવું નહિ, અને જરૂર પડે ત્યારે જે જોઈતું હોય તે લેવા બહાર વિદેશોમાં દોડવું. હવે દુનિયાની સાથે રહેવા માટે આવી નવી નવી આવશ્યકતાઓ તો ઊભી થવાની જ છે. ત્યારે પછી હંમેશાં એવું થાય છે કે ખાસ કરીને નવી વૈજ્ઞાનિક શોધોની આપણને દેશમાં જરૂર પડે ત્યારે, વહીવટી અધિકારીઓનાં મંડળો તે મેળવવા અને સોદો કરવા વિદેશયાત્રાએ નીકળી પડે છે. પેલા લોકો તેમને, ધારો કે ૧૦૦ મિલિયન ડોલરનો ભાવ કહે તો તેમાં હોટેલોમાં રહી, દિવસોની ચર્ચાઓ કરી કરી ને ૬૦ મિલિયન કરાવે અને પાછા આવીને પોતે પોતાની સિદ્ધિઓના ગુણ ગાય, કે અમે તો આટલી સસ્તી કિંમતે આ જરૂરી સોફ્ટવેર કે સાધન લઈ આવ્યા. પણ ત્યાં વિદેશમાં બેઠેલા લોકો, એ જાય પછી હસે છે કે ૧૦ મિલિયન ડોલરનો માલ ૬૦ મિલિયનમાં આ ગરીબ, અજ્ઞાન લોકોને વેચ્યો!

આપણા લોકોની ટૂંકી દૃષ્ટિ, અને જે ગુલામીની મનોદશા આજે પણ આપણે પકડીને બેઠા છીએ અને એનો જે સૂર આપણે લંબાવ્યો છે એ માટે તો એટલું જ કહી શકાય કે `વાહ, વાહ, ક્યા બાત હૈ!!' આમાં મૂળ વાત એ

સમજવાની છે કે કોઈ બહારના દેશો તમને ક્યારેય કશું મફત કે ઓછી કિંમતે આપી દેવાના નથી. ખરેખર તો, તમારે પોતે જ મહેનત કરીને, સઘળું સમજીને આવી નવી શોધો અને સંશોધનો પોતાને ત્યાં જ વિકસાવવાં પડશે, આત્મનિર્ભર થવું જ પડશે. જ્યારે જરૂર પડશે ત્યારે બહાર જઈને ખરીદી લઈશું આવી માનસિકતા ચાલશે નહિ.

આ વાત લાંબી દૃષ્ટિ અને ટૂંકી દૃષ્ટિની, તે સમજવા માટે એક ઉદાહરણ લઈએ. જ્યારે આઝાદી આવી ત્યારે ૧૯૪૭માં સરહદ પારથી સિંધ પ્રાંતમાંથી અનેક લોકોએ આપણા દેશમાં સ્થળાંતર કર્યું, જે સિંધીઓ અથવા નિરાશ્રિત તરીકે શરૂઆતમાં ઓળખાતા. તેઓ ભારે ઉદ્યમી, અને તેમનું મોડેલ એવું કે છોકરો હજુ ૮-૧૦ વર્ષનો થાય ત્યાં તો ભરબજારમાં જ્યાં જગ્યા મળે ત્યાં ચણા, મમરાના કોથળા મૂકી અને વેપાર શરૂ કરી દે અને સાંજ પડ્યે વકરો કરી એક સો, બસો રૂપિયા ઘેર લઈને જાય. હવે, આમાં થાય એવું કે તરત આવક અને ફાયદો તો દેખાય પણ પછી ઘણી વાર પરિણામ એ પણ આવે કે ૧૦-૨૦ વર્ષ પછી પણ એ માણસ, આવા નાના ધંધા જ કરતો હોય અને ક્યારેક તો આખી જિંદગી પણ એમાં જ પસાર થઈ જાય. બીજી બાજુ એ ટાટા કે બિરલા જેવા વિઝનરી અથવા દૃષ્ટિવંત લોકો એવું મોટું મોડેલ બનાવે, એક નવી જ દિશામાં નવું કાર્ય અને ઉદ્યોગ શરૂ કરે. હવે તે પહેલાં દસ પંદર વર્ષ સુધી તો ખોટ જ કરતું હોય, કારણ કે તેમાં સતત નવા ઇન્વેસ્ટમેન્ટ અને મૂડીરોકાણની જરૂર પડ્યા કરે. પણ પછી તે એવા મહાકાય અને સુંદર ઉદ્યોગરૂપે બહાર આવે કે જેમાં કરોડોનો નફો થાય અને કરોડો લોકોની મોટી સેવા પણ થાય.

આ જ રીતે જીવનમાં પણ ઘણી વાર આપણે કેવળ ટૂંકી દૃષ્ટિએ જીવ્યે જતા હોઈએ છીએ. જેમ કે, ભણવાનું પૂરું થાય તો નિરાંત એમ પહેલાં માનીએ, પણ પછી જલદી નોકરીની ફિકર. એ મળતાં હવે લગન અને બાળકો. ત્યાં તો તરત તેમનાં ભણતર અને ભવિષ્યની ચિંતા. આમ જ નાની નાની વ્યવસ્થાઓ ગોઠવવામાં જોતજોતામાં દાયકાઓ વીતી જાય છે અને જીવન પૂરું થવાને આરે આવી જાય છે! પણ બીજી બાજુએ, પહેલેથી જ લાંબી દૃષ્ટિથી વિચારીએ, કે જીવનનો શું અર્થ, આપણે છેવટે શું મેળવવું છે વગેરે, તો મોટી અને સાર્થક સિદ્ધિઓ થઈ શકે.

આ વાત થઈ લાંબી દૃષ્ટિની અને ટૂંકી દૃષ્ટિની. આ જ વાતને અંગ્રેજીમાં મોટું 'વિઝન' તેવું કહેવાય છે. એક જગાએ કહ્યું છે કે 'નિશાન ચૂક માફ, નહિ માફ નીચું નિશાન'. આપણે શું કરવું છે તેની પસંદગી તો આપણે જ કરવી પડશે.

❑❑❑



બિલ વિયોલા (જ. 1951)

વિડિયો આર્ટ અને અમેરિકન ફિલસૂફ-કલાકાર બિલ વિયોલા : સામંજસ્ય, સંવાદિતા અને ટેક્નોલૉજીની કેટલીક વાતો

☐ અમૃત ગંગર

ચલચિત્રની કલા કે તેનો વ્યાપ ટેક્નોલૉજીની નીપજ છે. અને ટેક્નોલૉજી વૈજ્ઞાનિકો વિકસાવે છે પણ તેનું ઉત્પાદન ને માર્કેટિંગનું તંત્ર બીજા કોઈના હાથમાં હોય. વળી ચલચિત્ર કે સિનેમાનું ઍસ્થેટિક (સૌન્દર્યશાસ્ત્ર) મહદંશે ટેક્નોલૉજીમાં ઉદ્‌ભવતાં પરિવર્તનોને આધારિત હોય છે અને તેના પ્રભાવો સામાન્ય રીતે સર્જક અને ભાવક ઝીલતા હોય છે એવું સહેજ સાધારણીકરણ કરી શકાય. આજે જ્યારે ત્વરિત ગતિએ પરિવર્તન પામતી ટેક્નોલૉજીએ આપણી મૂવિન્ગ ઇમેજને નીરખવાની ને પામવાની રીત જ બદલી નાખી છે ત્યારે સિનેમાની પરિભાષામાં પણ મોટા પાયે પરિવર્તનો આણીને તેને વ્યાપક કરવાનો સમય આવી ગયો છે એવું લાગે. વર્ષ ૧૯૯૦ના દાયકા પછી જન્મેલી ડિજિટલ યુગની યુવાન પેઢીનો ચલચિત્રનો અનુભવ વેબ સિરીઝ (નૅટફ્લિક્સ, ઍમેઝૉન પ્રાઇમ, હૉટસ્ટાર, વગેરે)નો છે. માતા www (વર્લ્ડ વાઇડ વેબ)એ એ જ નામના

પુત્ર www (વ્હૉટએવર વ્હેનએવર વ્હેરએવર)ને જન્મ આપી દીધો છે અને તેની બહુમુખીતાને લીધે પુત્રનો યુવાન પેઢી પર પ્રભાવ અભૂતપૂર્વ પડ્યો છે. મોબાઈલ ફ઼ોન પર વેબ સિરીઝની સ્ટ્રીમ થતી શૃંખલાત્મક ફ઼િલ્મો જોવાની પ્રવૃત્તિ સહેલી ને સસ્તી પણ થઈ ગઈ છે.

ટેક્નોલૉજી અને ચલચિત્રના આવા ધરમૂળથી પલટાયેલા વાતાવરણમાં યુવાન પેઢીની ઉત્સુકતાને કાયમ રાખીને તેને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં બંધબેસતી કરીને શૈક્ષણિક વ્યાપકતા વધારવા તરફ઼ જ મારો ઇશારો છે. તેને પામવાની પ્રક્રિયા રૂપે મારી પેઢીને ઘરેડમાં બંધિયાર થયેલા અભ્યાસક્રમમાંથી બહાર જઈને એટલે કે આઉટ ઑવ બૉક્સ જઈને વિચારવું પડશે. એ રીતે નવી ને વ્યાપક સંવાદિતાની ભૂમિકા સર્જવી પડશે. એટલે જ ચલચિત્રની વ્યાખ્યા સિનેમા પૂરતી સીમિત ન રાખતાં તેને મૂવિન્ગ ઇમેજની બહોળી પરિભાષામાં આવરી લેવી પડશે. આમ કરવાથી આપણાં વિચાર, નિરીક્ષણ ને સંવાદતંત્રમાં અગાઉથી જ વિસ્તૃત ને વિકસિત થઈ ચૂકેલી વિડિયો આર્ટ આમેજ થઈને આપણાં અવલોકનોને વધારે સમૃદ્ધ બનાવી શકશે. બેઉ માતા અને પુત્રના



રિઝન્સ ફ઼ૉર નોકિન્ગ ઓવર ઍન એમ્પ્ટી હાઉસ, 1982



નાન્ત ટ્રીપ્ટિચ, 1992

wwwને પણ.

આ પરિપ્રેક્ષ્યમાં મૂવિન્ગ ઇમેજની લીલાને અનન્ય રીતે વિલોકતા અમેરિકન અગ્રણી વિડિયો આર્ટિસ્ટ બિલ વિયોલા વિશે થોડી વાતો કરવી રસપ્રદ તેમ જ ઉપયોગી થાય, કારણ કે આપણે ત્યાં સિનેમાના કે માસ મીડિયા /કૉમ્યૂનિકેશન જેવા અભ્યાસક્રમોમાં મુકાયેલા ફિલ્મ-અભ્યાસની ચર્ચામાં વિયોલા જેવા અગત્યના વિડિયો આર્ટિસ્ટના ખાસ ઉલ્લેખો જોવા નથી મળતા. તેથી આપણી યુવાન પેઢી ક્યાંક વંચિત રહી જાય છે એવું મને લાગે છે. તો પ્રસ્તુત છે બિલ વિયોલાના વિડિયો / ઇલેક્ટ્રૉનિક સિન્ગલ ને મલ્ટિપલ ચૅનલ વિડિયો તેમ જ સાઉન્ડ ઇન્સ્ટૉલેશનની કલા અને તેમના વિચારો વિશે થોડુંક.

વર્ષ ૧૯૫૧માં અમેરિકામાં જન્મેલા અને ક્યારે પણ સૅલ્યુલૉઇડ પર ફિલ્મકૃતિ નહીં સર્જનારા વિલિયમ 'બિલ' વિયોલા, તેમની ઝેન, તાઓ અને સૂફી ફિલસૂફીમાં ઊંડે ઊતરેલી વિડિયો આર્ટ દ્વારા આપણા સંક્રાંતિકાળમાં કોઈક નવીન ને આશાભરી શક્યતાઓ તરફ આપણું ધ્યાન દોરતા હોય છે. યોગાનુયોગે મેં આ વાત બે દાયકા અગાઉ મારા *સ્પીકિન્ગ ટ્રી*ના એક લેખમાં કરી હતી તેનું સ્મરણ હમણાં થાય છે. (*ઍપલ ઍન્ડ વિડિયો ઇન એઇડ ઑવ ઑન્ટોલૉજી*, અમૃત ગંગર, *ટાઇમ્સ ઑવ ઇન્ડિયા*, ૩૦ ઓગસ્ટ ૧૯૯૯). વીસ વર્ષમાં તો ખાસ કરીને વિડિયો આર્ટ અને કૉમ્યુનિકેશન ટેક્નોલૉજીએ તરખાટ મચાવી દીધો છે. આવી પરિસ્થિતિમાં ઘણા કલાકારો દિગ્મૂઢ (કન્ફ્યુઝ) થઈ જાય કે ડગમગી જાય પણ તેમની કલા સાધનામાં બિલ વિયોલા બુદ્ધતત્ત્વના સ્થાયીભાવને અકબંધ રાખે છે.

થોડું સરળીકરણ કરીને કહું તો, સામાન્ય રીતે બ્રહ્માંડનાં ગૂઢ રહસ્યો જાણવા માટે કે ક્ષુલ્લક જીવનની રોજબરોજની ઘટનાઓની ઉપસ્થિતિઓ ચકાસવા માટે આપણે કારણ (Why) અને પ્રક્રિયા (How) ના બે બુનિયાદી પ્રશ્નો પૂછતા હોઈએ છીએ. બિલ વિયોલા પણ એ જ કરે છે, કદાચ 'પ્રક્રિયા' પર વધારે ધ્યાન કેન્દ્રિત કરતા. ઇન ફૅક્ટ, વિયોલા


આપણને નવી ટેક્નોલૉજીઓમાં છુપાયેલી વિપુલ ફિલૉસોફિકલ ક્ષમતાથી વાકેફ કરે છે. તેઓ કહે છે, ''કમ્પ્યુટર દ્વારા છબીઓ સર્જવાની યોજનાઓ વિશ્વના સ્ટ્રક્ચર અને ફૅબ્રિકનું અન્વેષણ કરવાની જ પ્રક્રિયા છે. જે વિશ્વની ગતિવિધિઓમાં આપણે સહભાગી થઈએ છીએ.''

પણ હવે જે વાત વિડિયો આર્ટિસ્ટ વિયોલા આપણી સમક્ષ મૂકે છે તે અગત્યની છે. ''વિડિયો કૅમૅરા સાથે થોડો સમય ગાળો અને તમે આપણા કેટલાક પ્રાથમિક મુદ્દાઓ સાથે સામસામા થઈ જશો: જીવન નામની આ ક્ષણિક (ફ્લિટિન્ગ) છબી શું છે? ભૂત થઈ ગયેલી છતાં વર્તમાનમાં જીવંત રહેલી ક્ષણને આપણે શા માટે શૅર કરીએ છીએ? વળી જીવનનાં આવશ્યક તત્ત્વો પરિવર્તિત શા માટે થાય છે?'' વગેરે કદાચ આપણને નવી ટેક્નોલૉજીના આત્મામાં આવો ફિલૉસૉફિકલ પ્રાણ ફૂંકવો પડશે જેથી તેના ધંધાદારી દાંત આપણને ફક્ત ઉપભોક્તા બનાવીને પૂરેપૂરા ચાવી ન જાય. વળી આપણને 'How?' અને 'Why?'ના બન્ને પ્રશ્નોને કોઈ નૂતન વૈજ્ઞાનિક દષ્ટિ સર્જવા માટે એકરૂપ કરવા પડશે. કદાચ આવી એકરૂપતા આપણા સતત સંક્રાંતિ પામતા કાળને વધારે અનુરૂપ થાય. આમ તો સવાલ ટેક્નોલૉજી સાથે સામંજસ્ય અને સંવાદિતા કેળવવાનો જ છે અને રહેશે. કારણ કે બાય ઍન્ડ લાર્જ ટેક્નોલૉજીની ધસમસતાને રોકવા માટે તો આપણે અસમર્થ જ નીવડવાના.

તો? તો, આપણે તેને વૈકલ્પિક રીતે સંવાદિત કરી શકીએ તેવી શક્યતાઓ શોધવી પડશે. વળી અહીં એ પણ



ધ ક્વિન્ટેટ ઑવ ધ એસ્ટોનિસ્ડ, 2000



ધ ડ્રીમર્સ, 2013

નોંધવું જોઈએ કે વિયોલા 'પ્રક્રિયા' (How?)ના પ્રશ્નો સાથે કોઈ પણ ઘટના કે ફિનોમિન ઉદ્ભવવાના કારણ (Why?)ના પ્રશ્નોને પણ અવગણતા નથી. તેમની દલીલ મુજબ, કારણ જાણવાના વ્હાય?ના પ્રશ્નો આપણી નિજી અને આંતરિક ઊર્મિઓ અને ભાવનાઓને તેમના ડૉમેઈનમાં ઊંડે લઈ જવા માટે સહાયરૂપ થઈ શકે. અને તેમાં વિજ્ઞાનની નકરી તર્કસંગતતા (રૅશનાલિઝમ) કદાચ ઢીલી પડી જાય. વિચારવંત કલાકારોને આવા પ્રશ્નો હંમેશાં મૂંઝવતા રહે છે અને એવી નાજુક મૂંઝવણમાંથી કોઈપણ કલાની માતબરી પ્રગટે છે એવું હું વ્યક્તિગત રીતે માનું છું. અને કદાચ એવો ઇશારો એકવીસમી સદીના વિડિયો યુગના 'રૅમ્બ્રાં' ગણાતા બિલ વિયોલા કરતા જણાય! [કલા-ઇતિહાસમાં રૅમ્બ્રાં (હોલૅન્ડના ચિત્રકાર Rembrandt, 1606-1669)નું સ્થાન ઘણું ઊંચું ગણાય છે.]

વીસ વર્ષમાં તો ટેક્નોલૉજીએ આપણા જીવનમાં પણ ઘણી ઊથલપાથલ કરી દીધી છે. આખું વિશ્વ હથેળી પર આવી ગયું છે ને આજે આ લેખના વાચકો બિલ વિયોલાની *રીઝન્સ ફૉર નૉકિન્ગ ઍટ ઍન એમ્પ્ટી હાઉસ, રિફ્લેક્ટિન્ગ પૂલ; નાન્ત ટ્રીપટિચ; ધ ક્વિન્ટેડ ઑવ ધ ઍસ્ટોનિસ્ડ;* અને *ડ્રીમર્સ* જેવી વિશિષ્ટ વિડિયો કૃતિઓ યૂટ્યુબ પર સહેલાઈથી જોઈ શકે છે.

❑❑❑

પ્રિય દીપકભાઈ,

વંદન. પત્ર મળ્યો. આનંદ અને આભાર. સર્જનને વધાવવાના **શ્રી પ્રમોદરાય પારેખ**ના ઉષ્માભર્યા ઉપક્રમ માટે એમના પ્રત્યે આદરભાવ વ્યક્ત કરું છું. 'નવનીત સમર્પણ'ને આવો સદ્ભાવ મળે છે એ સ્વયં સામયિકના ગૌરવમાં વૃદ્ધિ કરે છે. શુભેચ્છાઓ સાથે.

- હિમાંશી શેલત

ડૉ. હર્ષદ પંડિત M.V.Sc. (Medicine)
''ૐ'' 4-કરણપરા, રાજકોટ-360 001. મો. 94282 99637

વિશ્વમાં પ્રથમવાર રોગ પ્રતિકારશક્તિ ખોરાક દ્વારા માત્ર 15 દિવસમાં વધારતી કીટ

કીટ : દેશ-વિદેશ પહોંચેલ કાયાકલ્પ + તુંજ તારો તારણહાર - ભાગ-1, 2, 3 + 20 યુરિન ટેસ્ટ પટ્ટી + ટોનિક ભસ્મ એક માસ માટેની.

જે તમારા શરીરમાં રોગ આવવા દેશે નહીં અને આવ્યો હશે તો દૂર થશે. શરીરની રોગ પ્રતિરોધક ક્ષમતા વધે નહીં ત્યાં સુધી રોગ મટે નહીં, શરીર જ રોગ મટાડે, દવા તો રોગ મટાડવામાં, આડાં આવતાં પરિબળો દૂર કરે

રોગ : (સંધિવા, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ, બી.પી. હૃદયની નળીઓ બ્લોક થવી, પેશાબના રોગો, કેન્સર, એઈડસ વગેરેમાં ફાયદો થશે.)

રૂ. 300/- મોકલી તમારું સરનામું (પીનકોડ સાથે) S.M.S. કરો.

SARLA PANDIT, DENA BANK, CANAL ROAD, BRANCH, RAJKOT. A/C No - 019610002161, IFSC-BKDNO310196.

દેશ-વિદેશમાં નિઃશુલ્ક 300 પ્રવચનો કર્યાં છે તેનો લાભ લો. દરેક જિલ્લામાં તંદુરસ્તીના કાર્યકર્તાને આકર્ષક કિંમતે કીટ આપીશું. આવેલ રકમ રાષ્ટ્રીય કાર્યમાં વપરાશે.

તન, મન, ધનથી
રાષ્ટ્રીય આરોગ્યના ભેખધારી,

ડૉ. હર્ષદ પંડિત, મો. 9428299637

Email: drharshadpandit@gmail.com

वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदोः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।



અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત
પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India

Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866

E-mail : rajavedapatasala@gmail.com
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિદર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઆને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિદર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન. સાદું (સમારાધન)	રૂ ૭૦૦/-	રૂ. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	રૂ. ૨,૫૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
દાળ-ભાત : (૭૫ કિલો)	રૂ. ૧,૬૦૦/-	રૂ. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)

વાલ્મીકિ રામાયણ

ઉત્તરકાંડ, સર્ગ - ૧૧૦

[૩૨૬]



अथ तस्मिन मुहूर्ते तु ब्रह्मा लोकपितामहः ।
सर्वैः परिवृतो देवैर्भूषितैश्च महात्मभिः ।।३।।

आययौ यत्र काकुत्स्थः स्वर्गाय समुपस्थितः ।
विमानशतकोटीभिर्दिव्याभिरभिसंवृतः ।।४।।

તે વખતે સર્વે લોકના પિતામહ બ્રહ્મા, દિવ્ય એવાં સેંકડો કોટિ (કરોડ) વિમાનો લઈને આવેલા, સુંદર રીતે અલંકૃત સૌ દેવો અને મહાત્માઓની સાથે, જ્યાં રામચંદ્ર સ્વર્ગ-ગમન માટે પ્રવૃત્ત થયા હતા તે સ્થળે પધાર્યા.

दिव्यतेजोवृतं व्योम ज्योतिर्भूतमनुत्तमम् ।
स्वयंप्रभैः स्वेतेजोभिः स्वर्गिभिः पुण्यकर्मभिः ।।५।।

પવિત્ર-પુણ્ય કર્મોવાળા અને સ્વયં-પ્રકાશિત એવા દેવોના પોતાના તેજથી આખું આકાશ દિવ્ય તેજથી દેદીપ્યમાન થઈને ખૂબ જ અનુપમ લાગતું હતું.

पुण्या वाता ववुश्चैव गन्धवन्तः सुखप्रदाः ।
पपात पुष्पवृष्टिश्च देवैर्मुक्ता महौघवत् ।।६।।

ત્યારે સુગંધી, સુખદાયક અને પવિત્ર વાયુ વાતો હતો અને (આકાશમાંથી) દેવોએ કરેલી પુષ્પવૃષ્ટિનો જાણે મોટો ધોધ વહેતો હતો.

तस्मिंस्तूर्यशतैः कीर्णे गन्धर्वाप्सरःसंकुले ।
सरयूसलिलं रामः पद्भ्यां समुपचक्रमे ।।७।।

તે સ્થળે સેંકડો ભેરીઓનો નાદ થઈ રહ્યો હતો. ગંધર્વો અને અપ્સરાઓથી તે સ્થાન ભરાઈ ગયું હતું. ત્યારે રામચંદ્ર સરયૂ નદીના જળમાં પોતાનાં બે ચરણ મૂકીને ચાલવા લાગ્યા.

ततः पितामहो वाणीं त्वन्तरिक्षादभाषत ।
आगच्छ विष्णो भद्रं ते दिष्ट्या प्राप्तोऽसि राघव ।।८।।

ત્યારે અન્તરિક્ષમાંથી પિતામહ બોલ્યાઃ- હે વિષ્ણુ! તમારું કલ્યાણ થાય. હે રાઘવ (રામચંદ્ર)! તમે અહીં (સ્વર્ગમાં) (પાછા) આવી રહ્યા છો તે અમારું સદ્‌ભાગ્ય છે.

भ्रातृभिः सह देवाभैः प्रविशस्व स्विकां तनुम् ।
यामिच्छसि महाबाहो तां तनुं प्रविश स्विकाम् ।।९।।

દેવ જેવા (તમારા) ભાઈઓ સાથે તમે શરીર-સહિત (અહીં) પ્રવેશો. હે મહાબાહુ! અથવા તમને જે ગમે તે શરીર ધારણ કરીને તમે (સ્વર્ગમાં) પ્રવેશો.

वैष्णवीं तां महातेजो यद्वाकाशं सनातनम् ।
त्वं हि लोकगतिर्देव न त्वां केचित्प्रजानते ।।१०।।

ऋते मायां विशालाक्षीं तव पूर्वेपरिग्रहाम् ।

તમે તમારા વૈષ્ણવ સ્વરૂપને ધારણ કરો અથવા સનાતન અને મહાતેજસ્વી એવા આકાશરૂપ સ્વરૂપમાં બિરાજમાન થાઓ. હે દેવ! તમે જ સૌ લોકના આશ્રયરૂપ (ગતિ) છો. તમારાં પૂર્વકાલીન પરિગ્રહ-સ્વરૂપ વિશાલ-નયના માયાદેવી સિવાય કોઈ તમને સાચી રીતે જાણી શકતું નથી.

त्वमचिन्त्यं महद्भूतमक्षयं चाजरं तथा ।
यामिच्छसि महातेजस्तां तनुं प्रविश स्वयम् ।।११।।

તમે અચિંત્ય, અજર અને અવિનાશી એવા અમર મહાભૂત છો. હે મહાતેજસ્વી! તમને જે ગમે તે દેહમાં (સ્વરૂપમાં) પ્રવેશો.

पितामहवचः श्रुत्वा विनिश्चित्य महामतिः ।
विवेश वैष्णवं तेजः सशरीरः सहानुजः ।।१२।।

પિતામહનાં વચન સાંભળીને મહાબુદ્ધિમાન રામચંદ્રે યોગ્ય નિશ્ચય કરીને પોતાના ભાઈઓની સાથે શરીર સહિત વૈષ્ણવ તેજ-સ્વરૂપમાં પ્રવેશ કર્યો. (અર્થાત્ વિષ્ણુ-સ્વરૂપ ધારણ કર્યું.)

ततो विष्णुमयं देवं पूजयन्ति स्म देवताः ।
साध्या मरुद्गणाश्चैव सेन्द्राः साग्निपुरोगमाः ।।१८।।

ત્યાર પછી ઇન્દ્ર, અગ્નિ સહિત સૌ દેવો, સાધ્યો અને મરુતો તે વિષ્ણુદેવનું પૂજન કરવા લાગ્યા.

ते च दिव्या ऋषिगणा गन्धर्वाप्सरसश्च याः ।
सुपर्णनागयक्षाश्च दैत्यदानवराक्षसाः ।।१४।।

તે જ પ્રમાણે સૌ ઋષિઓ, દેવો, ગંધર્વો, અપ્સરાઓ, સુપર્ણ, નાગ, યક્ષ, દૈત્ય, દાનવ અને રાક્ષસો પણ વિષ્ણુદેવનું પૂજન કરવા લાગ્યા.

सर्वं पुष्टं समुदितं सुसंपूर्णमनोरथम् ।
साधु साध्विति तैर्देवैस्त्रिदिवं गतकल्मषम् ।।१५।।

(આપના આવવાથી) 'સારું થયું, ભલું થયું.' આપના આગમનથી અહીં સ્વર્ગમાં સૌ પુષ્ટ અને પ્રસન્ન થયા છે. સૌના મનોરથ પૂર્ણ થયા છે અને પાપ નાશ પામ્યાં છે.

अथ विष्णुर्महातेजाः पितामहमुवाच ह ।
एषां लोकं जनौघानां दातुमर्हषि सुव्रत ।।१६।।

ત્યારબાદ મહાતજેસ્વી વિષ્ણુએ પિતામહ બ્રહ્માને કહ્યું:- હે ઉત્તમ વ્રત કરનારા! તમે આ મારી સાથે આવેલા જનસમુદાયને રહેવા માટે કોઈ લોક (સ્થાન) આપો.

इमे हि सर्वे स्नेहान्मामनुयाता यशस्विनः ।
भक्ता हि भजितव्याश्च त्यक्तात्मानश्च मत्कृते ।।१७।।

આ સૌ મારા યશસ્વી ભક્તો મારા પ્રત્યેના સ્નેહના કારણે મારી પાછળ પાછળ આવ્યા છે અને તેમણે પોતાની જાતને સુધ્ધાં વિસારે પાડી છે. તો મારે હવે તેમને ભજવા જોઈએ. (મારે તેમની ઉત્તમ વ્યવસ્થા કરવી જોઈએ.)

तच्छ्रुत्वा विष्णुवचनं ब्रह्मा लोकगुरुः प्रभुः ।
लोकान् संतानकान्नाम यास्यन्तीमे समागताः ।।१८।।

વિષ્ણુ ભગવાનનું કહેવું સાંભળીને સર્વે લોકના ગુરુ ભગવાન બ્રહ્માએ કહ્યું: - અહીં આવેલા સૌ (તમારા ભક્તો) સંતાનક નામના લોકમાં જઈને રહેશે.



[સ્ટાન્ડર્ડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ૫૯, આર્કેડ બિલ્ડિંગ, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, કફ પરેડ, મુંબઈ-૬ના સૌજન્યથી]

અક્ષરની ઓળખાણ

❑ **પ્રજ્ઞા શુક્લ**



રવીન્દ્રસાન્નિધ્યે: સંપાદન અને અનુવાદ: જયંત મેઘાણી, પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-380 001, પૃ. 140, રૂ. 140, પ્રથમ આવૃત્તિ 2018.

વીસમી સદીના ત્રીસ-ચાલીસના દશકોમાં, જ્યારે રવીન્દ્રનાથ બંગાળી સાહિત્યના શિરોમણિ ગણાતા હતા ત્યારે, એમના પછીની ત્રીજી પેઢીએ આવેલા સાહિત્યકાર બુદ્ધદેવ બસુએ એક સમયે રવીન્દ્ર-વિરોધનું આંદોલન જગાવીને તરુણાઈમાં એવી ઉદ્ધતાઈ ભરેલી ઘોષણા કરી હતી કે રવીન્દ્રયુગ આથમી ચૂક્યો છે. લગભગ સિત્તેર વર્ષના રવીન્દ્રનાથે 'શેષેર કવિતા' નામની નવલકથા લખીને 'આધુનિકો'ને બરાબરનો જવાબ આપ્યો અને બુદ્ધદેવના કવિવર માટેના આદર અને અહોભાવ અખંડ રહ્યા હતા. કવિના અવસાન અગાઉ, કવિવરના આમંત્રણથી બુદ્ધદેવ શાંતિનિકેતન જઈને રહ્યા અને પોતાના મહાન પુરોગામીનાં સૌહાર્દ અને સમાગમથી એટલા અભિભૂત થઈ ગયા કે 'સબ પેયેછિર દેશે' પુસ્તક રચાયું.

'રવીન્દ્રસાન્નિધ્યે' પુસ્તકમાં સંપાદક અને અનુવાદક જયંત મેઘાણીએ બુદ્ધદેવના પુસ્તક સાથે ક્ષિતિમોહન સેન, રવીન્દ્રનાથ ઠાકુર, વિક્તોરીઆ ઓકામ્પો અને અરુણા ચક્રવર્તીનાં લખાણોનો પણ સમાવેશ કર્યો છે.

રવીન્દ્ર સાહિત્ય અને કવિના જીવનના વિભિન્ન પ્રસંગોને આલેખતું આ પુસ્તક વાંચવાનો લહાવો સૌએ જરૂર લેવો રહ્યો.

❑

વાતમેળો : ઘનશ્યામ દેસાઈ, સંકલન: ઊર્મિ ઘનશ્યામ દેસાઈ, પ્રકાશક: અશોક પ્રકાશન મંદિર, અમદાવાદ-380001. પૃ. 229, રૂ. 300. પ્રથમ આવૃત્તિ-2018.




લેખનમાં વૈવિધ્ય અને નવીનતાના આગ્રહી ઘનશ્યામ દેસાઈની ટૂંકી વાર્તા વિશેની માન્યતા હતી કે દરેક વાર્તા અગાઉની વાર્તાથી અલગ હોવી જોઈએ, પ્રયોગાત્મક હોવી જોઈએ. એક વાર્તા એક પ્રયોગ જ છે. જિંદગી પણ એક પ્રયોગ છે અને લેખન પણ એક પ્રયોગ છે. બંને પ્રયોગોનું સંયોજન થાય ત્યારે વાર્તા બને. આમ છતાં સર્જક તરીકે જિંદગી અને મૃત્યુને વારંવાર ટચ કરવાનું એમને ગમતું હતું. એમની 'ટોળું' વાર્તા આજે 54 વર્ષ પછી પણ તાજી લાગે છે.

મનુષ્યજીવનના મૂળભૂત પ્રશ્નો અથવા તેના આંતરસંબંધો વિશે જે વિશિષ્ટ પ્રકારની ઘટનાઓ બને છે એ રોજ રોજ બનતી નથી અને એટલે એને વાર્તારૂપે ટકાવવી ઘનશ્યામ દેસાઈને પસંદ હતી.

સમગ્રતયા ઘનશ્યામ દેસાઈની વાર્તાસૃષ્ટિને માણવાની તક આ પુસ્તક આપે છે. આજના નવયુવાન વાર્તાકારોને માટે આ સંચય અભ્યાસ યોગ્ય દિશાસૂચક છે. વારંવાર વાંચવું ગમે એવું પુસ્તક એટલે 'વાતમેળો.'

❑



શાહીનું ટીપું : રમણીક સોમેશ્વર, પ્રકાશકઃ બીજલ પ્રકાશન, ઈલોરા પાર્ક, વડોદરા-390 023. પૃ. 127, રૂ. 130, પ્રથમ આવૃત્તિ-2019.

રમણીક સોમેશ્વરને કવિતા ગમે છે, કારણ કે ભાષાનાં સૂક્ષ્મતમ અનુરણનોને પામવાનું માધ્યમ છે કવિતા. કવિતા શબ્દને શબ્દ ન રહેવા દઈ એની આરપાર આપણને લઈ જાય છે. કવિતા કવિ રમણીક સોમેશ્વરની એકલતાનું ઉપનિષદ છે, એમની અંગત ક્ષણોનો આલોક, એમના મનની ગુમનામ સ્થિતિ અને એમની ચિત્તની ઉન્મિલિત અવસ્થા છે.

રમણીક સોમેશ્વરની છ ભાગમાં સમાવિષ્ટ 92 કવિતાનો સંગ્રહ 'શાહીનું ટીપું' કવિના સતત ચિંતનનો નિચોડ છે. એમની કવિતાઓમાં પરિવાર, પરિવેશ, નિરવધિ નિસર્ગની સાથે ગામ, ઘર, આંગણું, અગાસી અને આકાશની સાથે જીવન અને મૃત્યુ બધાંનો સમાવેશ છે. ભાવકના અંતઃશ્રુતિપટ પર ફરીફરીને ટપાક્ ટપાક્ ટપક્યા કરતાં શાહીનાં ટીપાંની કવિતાઓ વારંવાર વાંચવી ગમે એવી છે.

❑

હિમાલય અને હિમાલય : રમણ સોની, પ્રકાશકઃ ગૂર્જર પ્રકાશન, અમદાવાદ-380 006. પૃ. 160, રૂ. 200, પ્રથમ આવૃત્તિ-2019.



ક્ષણે-ક્ષણે નવું રૂપ ધારણ કરતા નગાધિરાજ હિમાલયની ઉત્તરાખંડ (ચાર ધામ) અને પૂર્વ હિમાલય (ભૂતાન)ની યાત્રાનું અદ્‌ભુત પુસ્તક એટલે 'હિમાલય અને હિમાલય.' રમણ સોનીનું આ પુસ્તક પ્રવાસ કરનારાઓને માટે ઉત્સુકતાપ્રેરક છે, ચિત્રો અને પ્રવાસ-માર્ગ-રેખાઓની સગડ મળે એવું બહુ-સમાવેશી અને મુખ્યત્વે સૌંદર્ય-અનુભવ-કેન્દ્રી પ્રવાસકથન છે.

પુરાણકથાઓના રસપ્રદ સંદર્ભોની સાથે સાથે સર્જકની પોતીકી દૃષ્ટિ, મૂલ્યાંકન અને અર્થઘટન વિશેષ આસ્વાદ્ય છે. નરસિંહ મહેતા, દલપતરામ, ઉમાશંકર જોષી, બાલમુકુન્દ દવે, બાણની પંક્તિઓનાં અવતરણો ચિંતનાર્થે, પ્રકૃતિના સૌંદર્યને વર્ણવવાની સાથે લેખકની મનોદશા વર્ણવવા તો ક્યાંક હાસ્યપ્રેરક રીતે પ્રયોજાયાં છે. ચારધામ યાત્રાનાં અનેક સ્થળોનાં નામકરણ વગેરેની રસપ્રદ વાતોની સાથે અગવડોના વર્ણનમાં ક્યાંય કટુતા નથી પણ હળવો વિનોદ છે.


ભૂતાન યાત્રા પ્રાકૃતિક સૌંદર્યની સાથે પ્રાચીન-મધ્યકાલીન મઠો-મંદિરો-વિહારો અને બૌદ્ધકાલીન શિલ્પો અને સ્થાપત્યોનો આસ્વાદ કરાવે છે.

સમગ્ર પુસ્તકની સાથે આપણે પણ એ અનુભવ માણતા હોઈએ એવું સુંદર પુસ્તક. પ્રવાસના શોખીન દરેક વાચકે જરૂર વાંચવા જેવું પુસ્તક.

❑

રાઈજાઈઃ મિલિન્દ ગઢવી, પ્રકાશકઃ અકિલા ઇન્ડિયા પબ્લિકેશન્સ, રાજકોટ, ગુજરાત. પૃ. 104, રૂ. 225.

પુસ્તકનું શીર્ષક કુતૂહલ મિશ્રિત આશ્ચર્યનો અનુભવ કરાવે છે. 'રાઈજાઈ' જેનો લોકબોલીમાં ઉચ્ચાર 'રાયજાય' પણ છે, એ કાઠિયાવાડી કંઠ્ય-લોકપરંપરાનો બોલચાલનો શબ્દ છે. 'રાઈજાઈ' એટલે અંગત વાતચીત કે અંગત સાથે વાતચીત. શુદ્ધ કાઠિયાવાડીમાં કહેવું હોય તો આ જીવનની ખાટી-મીઠીની આપ-લે છે.



આ કાવ્યસંગ્રહની વિશિષ્ટતા એ છે કે કવિની 51 ગઝલની સાથે સુંદર રેખાચિત્રોની નીચે 51 છૂટા શેર પણ ગ્રંથસ્થ થયા છે. પોતાના પ્રથમ ગઝલસંગ્રહનું શીર્ષક 'રાઈજાઈ' રાખીને કવિ મિલિન્દ ગઢવીએ ગુજરાતી શિષ્ટ સાહિત્ય અને લોકસાહિત્ય વચ્ચે એક ઐતિહાસિક અનુસંધાન રચ્યું છે.

આ પુસ્તક મિલિન્દ ગઢવીના શબ્દોમાં કહીએ તો એક રીતે આ મારી જાત સાથેની રાઈજાઈ છે. મેં મને સામે બેસાડીને કરેલી વાતું છે. કવિ મિલિન્દ કહે છે કે તમારામાં રહેલાં સંવેદનો ક્યાંક ને ક્યાંક મારી કવિતાનાં સંવેદનો સાથે એકાકાર થશે. એમ થાય તો સર્જક અને ભાવક વચ્ચે રામસેતુ સર્જાય.

ગઝલપ્રેમીઓને ગમે એવું પુસ્તક.

આભાર સ્વીકાર

*** ગૂર્જર સાહિત્ય ભવન (રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧) નાં પ્રકાશનો** : *** છાંદોગ્ય ઉપનિષદ** : ડો. મૃદુલા મારફતિયા, પૃ. ૨૮૦, કિં. રૂ. ૩૫૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૭. *** ધબકતું શિલ્પ** : રેખાબા સરવૈયા, પૃ. ૧૧૮, કિં. રૂ. ૧૨૫, પહેલી આવૃત્તિ - ૨૦૧૭. *** મન જંજીર, મન ઝાંઝર** : ભદ્રાયુ વછરાજાની, પૃ. ૧૧૦, કિં. રૂ. ૧૩૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૮. *** અર્વાચીન પ્રશ્નોપનિષદ પૂછે તે પામે** : ભદ્રાયુ વછરાજાની, પૃ. ૧૫૮, કિં. રૂ. ૧૮૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૮. *** બાળઉછેરની મૂંઝવણો નિષ્ણાતોની નજરે** : મુખ્ય સંપાદક : ડો. આરતી મહેતા, પૃ. ૧૩૪, કિં. રૂ. ૧૫૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૭. *** સંતાનનું શિક્ષણ એક સાધના** : ડો. ઊર્મિલા શાહ, પૃ. ૧૯૮, કિં. રૂ. ૧૭૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૭. *** આનંદધારા** : પ્રવીણ ગઢવી, પૃ. ૯૦, કિં. રૂ. ૧૨૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૬. *** એક સુખ નીકળ્યું કવિતાનું** : સંપાદકઃ ડો. હરીશ ઠક્કર, પૃ. 62, કિં. રૂ. 120, પહેલી આવૃત્તિ - 2018. *** રવીન્દ્રચર્યા** : સંપાદકોઃ નિરંજન ભગત, રાજેન્દ્ર પટેલ, શૈલેશ પારેખ, પૃ. 224, કિં. રૂ. 225, પહેલી આવૃત્તિ - 2017. *** મોજમાં રે'વું રે!** : રતિલાલ બોરીસાગર, પૃ. 144, કિં. રૂ. 130, પહેલી આવૃત્તિ - 2017. *** હસ-હસ હસકણાં** : ડો. નલિની ગણાત્રા, પૃ. 76, કિં. રૂ. 120, પહેલી આવૃત્તિ - 2018.

તમારી દૃષ્ટિએ

જાન્યુઆરી 2020ના 17-22 પાના ઉપર 'શબદ' રજૂ કરી સુશ્રી હિમાંશીબહેને મૂઠી ઊંચેરો આંક સર્જી દીધો!

વૃક્ષસમ, પ્રાણીના આત્મધ્વનિ? અર્જુનની જેમ જ શબ્દની આંખ જ વીંધી દીધી! અનન્ય જ! આવા લખાણનો પ્રકાશ ફેલાવવા 'નવનીત સમર્પણ'ના સૌ કોઈને હજારો નમનો ફરી ફરી.

વડોદરા - જ્યોતિભાઈ દેસાઈ

* * *

નવનીતના લેખો જ્ઞાન અને માહિતીના મણિકાંચન સંયોગ સમાન હોય છે. વચ્ચે સ્વ. ઉત્પલ ભાયાણી વિશે બે લેખો આપ્યા એ સારું થયું. એમના આંતરબાહ્ય વ્યક્તિત્વનાં દર્શન થયાં.

ગુજરાત - મધુસૂદન વ્યાસ

* * *

જાન્યુઆરી-2020ના 'નવનીત સમર્પણ'ના અંકમાં ડો શ્રી. સેજલબહેનના 'સ્વાસ્થ્ય અને અનુવાદ' લેખ બદલ બહેનને હૃદયના અભિનંદન. આ અગાઉના તેમના લેખ કરતાં ચિકિત્સાની દૃષ્ટિએ આ લેખ ઉત્તમ છે. અમારા ગ્રુપ દ્વારા આ રીતે ચિકિત્સા કરવામાં આવે છે.

ભગવાન મહર્ષિ ચરકસંહિતામાં શરૂઆતથી જ દીર્ઘજીવનનો સંદેશો આપે છે. તે પણ બલ, વર્ણ, સુખ, આયુવાળું જીવન. એ પણ જીવનના ચારે પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પ્રાપ્ત કરવા માટે.

પંચમહાભૂત વગેરેવાળું ચોવીસ તત્ત્વવાળું શરીર, ઇન્દ્રિયો, સત્ત્વ અને આત્મા શરીરધારી પુરુષના સ્વાસ્થ્ય રક્ષા અને ઉદ્ભવતા વિકારોના ઉપાયો ઉપદેશમાં નિર્દેશ કહે છે.

પરંતુ હાલને તબક્કે આ બધું વિસરાઈ ગયું છે. અભ્યાસમાં હોવા છતાં હાલની ચિકિત્સામાં આ બધું લગભગ આવતું નથી. આયુર્વેદ પદાર્થ વિજ્ઞાનનો અભ્યાસ યોગ્ય રીતે ન કર્યો હોય તો આ બધું સમજવું દુષ્કર છે.'

રાજકોટ - વૈદ્ય શિવલાલ ગોહેલ

* * *

જાન્યુઆરી 2020ના અંકમાં વાર્તા 'કૂંચી' (ધીરેન્દ્ર મહેતા) ખૂબ ખૂબ ગમી. પોતે કૂંચી શોધીને પોતે જ તાળું વાસવાવાળા કેટલા? ''ભારતના ચૂંટણી સુધારક ટી. એન. શેષન'' (અશોક પટેલ) લેખ ગમ્યો.

છેલ્લે, શરીફા વીજળીવાળા, ખૂબ આભારી છું કે ''ગમી ગયેલી વાર્તામાં'' ખૂબ જ સુંદર વાર્તાઓનો ખજાનો ખોલે છે. ''વલોપાત'' (એન્નોન ચેખોવ) અને ''દૂરથી, નજદીકથી'' (થોમસ વોલ્ફ) અદ્ભુત વાર્તાઓ છે.

મુંબઈ - કિરણ ગાંધી

* * *

ડો. સેજલ સંઘવીનો 'સ્વાસ્થ્ય અને અધ્યાત્મ-3, વિચાર્યો. મૂળમાં, 'સ્વ' અને તેનો હેતુ પાર પાડતો સ્વાર્થ, સ્વનું અમૃત જાણનાર સ્વામી 'સ્વ'નાં આરોગ્ય વિશે જાણકારી પ્રાપ્ત કરી. 'સ્વસ્થ' રહેવાય, એ વાત સેજલબહેને સમજાવી. જ્યાં સુધી આપણે જીવીએ છીએ, ત્યાં સુધી જગત સાથેનો આપણો સંબંધ જળવાયેલો રહે છે. માટે જીવન દરમિયાન 'સ્વસ્થ' રહેવું આવશ્યક બની રહે છે.

હરેશ ધોળકિયાએ, લીધેલી ગુણવંત શાહની મુલાકાત ભારે રસપ્રદ રહી. ડો. ગુણવંતભાઈ શાહ એ યુક્ત વિચારક છે. તેથી તેમનું શત્રુ ઉછેર કેન્દ્રના માલિક બનવું સ્વાભાવિક છે. માર્ક્સવાદીઓ કે રૂઢિચુસ્ત ગાંધીવાદીઓને તેમના કેટલાક વિચારો ના ગમતા હોય તો તેમાં નવાઈ જેવું કશું નથી!

'ગાંધી વિચાર' વિશેનો રોહિત શુક્લનો લેખ, વિચાર પ્રેરક રહ્યો. તેમને મારાં અભિનંદન. આ use and throwનું culture. દેશને ક્યાં દોરી જવા માગે છે? તે સમજનું અઘરું થઈ પડ્યું છે. મૂડીવાદ, વસ્તુઓની વિપુલતા, માણસને ગ્રાહક બનાવતી વૃત્તિ અને પ્રવૃત્તિ ચિંતાજનક રહી.

પોરબંદર **- હરજીવન થાનકી**

* * *

'નવનીત સમર્પણ' 2020નો ફેબ્રુઆરીનો અંક દર વખતની જેમ એકી બેઠકે જ વાંચવો અનિવાર્ય બની ગયો. ઉત્તરોત્તર દરેક લેખ ક્રમશ, વાંચતાં જતાં વચ્ચે છોડવાનું મન થતું જ નથી.

આનંદિતા રૈયાણીનો હાસ્યસભર 'મારા ડાયેટિંગના પ્રયોગો' હોય કે પછી રંજના હરીશનો 'ધ બ્લુએસ્ટ આઈ-ટોની મોરિસનની યાદગાર નવલકથા!' 'કિન્નરકી કહાની કૌન જાને' લેખમાં ખૂબ જાણકારી મળી. તેમની આવડતો જાણી દંગ થઈ જવાયું. હંમેશ મુજબ શરીફાબહેનની ગમતી વાર્તા તો રસપ્રદ હોય જ! નેવી ઓફિસરની અંગત જિંદગીનો અહેવાલ પણ વિધેયાત્મક દૃષ્ટિનું સૂચન કરી ગયો.

જીવન, સંસ્કાર અને સાહિત્યનું સામયિક સિદ્ધ થાય છે એ અનુભવસિદ્ધ થતું જાય છે.

- નિરંજના જોશી

* * *

ફેબ્રુઆરી 2020ના અંકમાં સંજયભાઈએ 'ગ્રંથના ગાંધી'નું બિરુદ પામેલા મહેન્દ્રભાઈ મેઘાણી દ્વારા સ્થપાયેલ લોકમિલાપ કે જે છેલ્લાં સિત્તેર વર્ષથી લાખો વાચકોને સત્ત્વપૂર્ણ સાહિત્ય ઓછી કિંમતે પૂરુ પાડી રહ્યું હતું તે 26મી જાન્યુઆરીએ 2020ના રોજ બંધ થયું તેના દુઃખદ સમાચાર આપ્યા. જે વાંચી ખૂબ દુઃખ થયું.

વ્યારા **- પ્રકાશ સી. શાહ**

* * *



ભ વ ન્સ - વૃ ત્ત



ભવન-ચોપાટીમાં યોજાયો કાર્યક્રમ 'શોભિત દેસાઈ - લાઈવ'

સાહિત્ય કલા સંપદા દ્વારા ભારતીય વિદ્યા ભવન કલા કેન્દ્રને સથવારે રવિવારે 26 જાન્યુઆરી 2020ના રોજ ભવન-ચોપાટી ખાતે યોજાયેલા 'જે ક્ષણે લીધા ગઝલના મેં શપથ' (શોભિત દેસાઈ - લાઈવ) કાર્યક્રમ પ્રસંગે શોભિત દેસાઈ સાથે કાર્યક્રમના સંયોજકો કમલેશ મોતા, ઉદયન ઠક્કર, નિરંજન મહેતા.

ગીતાજયંતી ઉજવણીઃ મુંબઈ કેન્દ્ર

ગીતાજયંતીની ઉજવણી 8 ડિસેમ્બર 2019ના ભારતીય વિદ્યા ભવન મુંબઈ કેન્દ્રમાં થઈ હતી. આ પ્રસંગે ભવન સંસ્કૃત વિભાગના વિદ્યાર્થીઓ અને સ્ટાફે ગીતાનું પઠન કર્યું હતું. નવી દિલ્હીના સંસ્કૃત પ્રસાર સંસ્થાના સંસ્કૃત પ્રાધ્યાપક શ્રી સુનીલકુમાર શર્માએ 'ભગવદ્‌ગીતા અને સંસ્કૃત શિક્ષા' પર વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે ગીતાના સંદેશનું મહત્ત્વ, ગીતાના અભ્યાસમાં




સંસ્કૃત શિક્ષણની ખાસ વિશેષતા અને સંસ્કૃત ભાષાનાં અનેક ભાષાકીય પાસાં બતાવ્યાં હતાં.

ભગવદ્‌ગીતામાં વિવિધ શૈક્ષણિક પ્રમાણોનો ઉપદેશ છે. પ્રશ્નોત્તરીની પરંપરા, વિદ્યાર્થીની બૌદ્ધિક ક્ષમતાનો વિકાસ કરવા શિક્ષકનું સામર્થ્ય અને વિદ્યાર્થીનાં અધ્યયન અને અધ્યાપન માટે રસનું નિર્માણ કરવું વગેરે મુદ્દાઓ પર અનુસ્નાતક અને સંશોધન વિભાગના અતિરિક્ત નિદેશક ડૉ. ગિરિશ જાનીએ અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું.

ભવન્સ જ્યોતિષ ભારતી મુંબઈ કેન્દ્ર

ભવન્સ જ્યોતિષ ભારતીએ 22 ડિસેમ્બર 2019ના વાર્ષિક કાર્યક્રમમાં સૂર્યપૂજા અને જન્માક્ષર પ્રમાણે વિવિધ યોગ વિષય પર પ્રખ્યાત જ્યોતિષાચાર્ય ડૉ. પ્રદીપ વી. વ્યાસનું વ્યાખ્યાન આયોજિત કર્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા વૈદિક પ્રાર્થનાથી કાર્યક્રમનો આરંભ થયો. વિભાગના આચાર્ય વી. એમ. સોમપુરાએ સ્વાગત પ્રવચન અને વક્તાને પુષ્પગુચ્છ અને શાલથી સન્માનિત કર્યા. શ્રીમતી અર્ચના ભીડેએ વક્તાનો પરિચય આપ્યો. વિભાગના અધ્યક્ષ અને ટ્રસ્ટી ડૉ. ડી. કે. દફ્તરીએ વક્તાનું સ્વાગત કરતાં શિક્ષકોને વિનંતી કરી કે વિદ્યાર્થીઓને જ્યોતિષવિદ્યા એક વિજ્ઞાનની જેમ ઉત્કટતાપૂર્વક ઉત્સાહથી શીખવે. સંસ્થાની વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા માટે તેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.



ડૉ. પ્રદીપ વ્યાસે વિચારોત્તેજક વક્તવ્યમાં હસ્તરેખા શાસ્ત્ર, કપાલવિદ્યા જન્મકુંડળીના વિવિધ ગ્રહોનો સંયોગ અને કર્મના સિદ્ધાંત સાથે એનો અનુબંધ જેવા વિષય ઉપર પ્રકાશ પાડ્યો હતો. શનિ, રાહુ, કેતુ વગેરે ગ્રહોના યોગ, તન, મન અને ધન ઉપર એની વિવિધ સકારાત્મક અને નકારાત્મક અસરો, તેની અસરમાંથી રાહત મેળવવાના ઉપાયો વિશે વાત કરી હતી.

વિભાગના ઉપાચાર્ય પ્રા. શરદ સી. જોષીએ આભારવિધિ કર્યો. ત્યારબાદ 2019ની વાર્ષિક પરીક્ષાનાં પરિણામો જાહેર થયાં.

મુંબઈ કેન્દ્ર : મુનશી જયંતી



ભારતીય વિદ્યા ભવન મુંબઈ કેન્દ્રે તેના સ્થાપક પ્રમુખ કુલપતિ કનૈયાલાલ મા. મુનશીજીની 132મી જન્મજયંતીની ઉજવણી 30 ડિસેમ્બર 2019ના કરી હતી. આ પ્રસંગે ભવન્સ સંસ્કૃત વિભાગના ડો. વ્યાસપ્રસાદ પાંડે, શ્રીકૃષ્ણકુમાર ઝા અને શિવગોપાલ મિશ્રાએ સ્ટાફ સાથે રુદ્રાધ્યાયી અને શિવ-સ્તોત્રનું પઠન કર્યું હતું. મુંબઈ ધ્યાન કેન્દ્ર, યોગોદા સંત્સંગ સોસાયટી - ભારતના અધ્યક્ષ શ્રી રમેશ ભટ્ટે 'શંકરાચાર્યનાં સ્તોત્ર અને અદ્વૈત વેદાંત' પર વ્યાખ્યાન આપ્યું હતું. અનુસ્નાતક અને સંશોધન વિભાગના સહાયક હિતેશ ત્રિવેદીએ વૈદિક પ્રાર્થના, સ્વાગત પ્રવચન અને કુલપતિ મુનશીજીને શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. અતિરિક્ત નિદેશક ગિરિશ જાનીએ રમેશ ભટ્ટનો પરિચય આપ્યો અને પુષ્પગુચ્છ અર્પણ કર્યો.

દિલ્હી કેન્દ્ર : આંતરરાષ્ટ્રીય શાલેય એવોર્ડ 2019-22


BRITISH COUNCIL

INTERNATIONAL SCHOOL AWARD 2019-22

THIS IS TO CERTIFY THAT

BHARATIYA VIDYA BHAVAN'S MEHTA VIDYALAYA KG MARG

HAS BEEN ACCREDITED FOR

OUTSTANDING DEVELOPMENT OF THE INTERNATIONAL DIMENSION IN THE CURRICULUM


CENTRAL BOARD OF SECONDARY EDUCATION

બ્રિટિશ કાઉન્સિલ દ્વારા માન્ય ભવન્સ મહેતા વિદ્યાલય અભ્યાસક્રમમાં આંતરરાષ્ટ્રીય પરિમાણના ઉત્કૃષ્ટ વિકાસ માટે આંતરરાષ્ટ્રીય શાલેય એવોર્ડ 2019-22 દ્વારા સન્માનિત થઈ છે.

વિદ્યાદાન : ભવન્સ મહેતા વિદ્યાલય દ્વારા વિકસિત પ્રાયોગિક કાર્યક્રમ 'વિદ્યાદાન' CBSE એ સ્વીકાર્યો છે અને ભારતની તમામ શાળાઓમાં તેનો અમલ થશે એ જણાવતો પ્રશંસાપત્ર CBSE તરફથી શાળાને મળ્યો છે.

શ્રદ્ધાંજલિ : શ્રી ચંદ્ર મોહન



ચંડીગઢ કેન્દ્રના ઉપપ્રમુખ શ્રી ચંદ્ર મોહનનું 25 ડિસેમ્બર 2019ના રોજ અવસાન થયું છે.

પદ્મશ્રીથી વિભૂષિત ચંદ્ર મોહનનું આગવું વ્યક્તિત્વ હતું, અભિનવ ઇજનેર અને કોર્પોરેટ ક્ષેત્રના નેતા હતા. તેમણે પંજાબ ટ્રેક્ટર્સની સ્થાપના કરી અને ટ્રેક્ટરના જનક તરીકે ઓળખાતા તેમના પરિવારમાં તેમનાં પત્ની શ્રીમતી પ્રોમિલા ચંદ્રમોહન અને પુત્ર તરુણ છે. શ્રીમતી પ્રોમિલા ચંદ્રમોહન ભવન વિદ્યાલય દ્વારા સ્થાપિત માનસિક રીતે અક્ષમ બાળકોની કાળજી લેતા કેન્દ્ર SOREM સાથે જોડાયેલાં છે.

ભારતીય વિદ્યા ભવન ચંદ્રમોહનની સેવાની હૃદયપૂર્વક કદર કરે છે. તેમના આત્માને પ્રભુ શાંતિ આપે.

નાગપુર કેન્દ્ર : નાટ્યોત્સવ

ભારતીય વિદ્યા ભવન, નાગપુર કેન્દ્રે બાળકોનો નાટ્યોત્સવ બાલ દરબારનું આયોજન કર્યું હતું. નાટ્યોત્સવ ઉપરાંત એમાં પ્રતિયોગિતાનું આયોજન 10થી 14 ડિસેમ્બર 2019ના થયું હતું. નાગપુરની અને આસપાસની અનેક શાળાઓમાંથી 450 જેટલાં વિદ્યાર્થીઓએ 33 નાટકો રજૂ કર્યાં. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન નાગપુરના IPS પોલીસ કમિશનર ડો. ભૂષણ કુમાર ઉપાધ્યાયે કર્યું હતું. ખ્યાતનામ અભિનેત્રી શ્રીમતી પ્રિયંકા ઠાકુરના હસ્તે ઇનામ વિતરણ થયું હતું.

ભવન્સની શાળાઓ અને વિદ્યાર્થીઓએ અનેક ઇનામો જીત્યાં:

પ્રથમ ઇનામ - પટકથા લેખન - ભવન્સ બી.પી. વિદ્યામંદિર - સિવિલ લાઈન્સ

પ્રથમ ઇનામ - શ્રેષ્ઠ અભિનેતા હર્ષિત મહાજન ભવન્સ - બી.પી. વિદ્યામંદિર - શ્રીકૃષ્ણનગર, દ્વિતીય ઇનામ - અભિનય (અભિનેતા) આર્ય ગોન્નાડે, ભવન્સ - બી.પી. વિદ્યામંદિર - અષ્ટી, દ્વિતીય ઇનામ - અભિનય (અભિનેત્રી) શ્રદ્ધા મોગલેવર, ભવન્સ - બી.પી. વિદ્યામંદિર - સિવિલ લાઈન્સ.

વક્તવ્ય આપતાં શ્રીમતી પ્રિયંકા ઠાકુર



આ અંકના લેખકો

સુભાષ ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.
હેમન્ત દવે: રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com
હરીશ મીનાશ્રુ: 'સુમિરન', ૯/એ, સૌરમ્ય બંગલા, વિનુકાકા માર્ગ, બાકરોલ 388315. મો. 9824511961
જયેન્દ્ર શેખડીવાળા: 4, વૈજયન્ત બંગલોઝ, મોટા બજાર, બેંક રોડ, વલ્લભવિદ્યાનગર-388 120.
દિલીપ ઝવેરી: 301/વોલ્ડ્રોફ, હીરાનંદાની એસ્ટેટ પાટલીવાડા, ઘોડબંદર રોડ, થાણા-400 607
ડૉ. ભરત ગોહેલ: 'ભરત', સહજાનંદ નગર, રેલવે સ્ટેશન પાછળ, ગોંડળ, જિ. રાજકોટ. પિન-360311.
દીપકકુમાર મહિડા: જૂના બસ-સ્ટેશન સામે, વડિયા, તા. પાલિતાણા, જી. ભાવનગર. 364270.
અનિલ ચાવડા: સી-303, અર્જુન વિલા, સંસ્કાર હીલની પાછળ, આનંદ પારટુ પ્લોટની બાજુમાં, ન્યુ રાણીપ, અમદાવાદ-382 480.
મહેન્દ્ર જોશી: કે-404 સફલ પરિસર-2, 'સોબો 'સેન્ટર નજીક, સાઉથ બોપલ, અમદાવાદ 380058,
સાહિલ: નિસા, 3/15, દયાનંદ નગર, રાજકોટ-360002. મો. 9428790069
દક્ષા બી. સંઘવી: પ્લોટ નં. 9, સેક્ટર 1/એ, ગાંધીધામ, કચ્છ-370202. મો. 9427014640
ડૉ. સેજલ સંઘવી: 4-એ, મકરંદ, સુરેશ્વરી વીલા, લિન્ક રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-400 091.
વીનેશ અંતાણી: વિલા નં. 2-25, રિચમોંડ વિલાસ, સેકન્ડ ફેસ, સન સિટી, બાંદલાગુદા જાગર, હૈદરાબાદ. 500 086. (મો.) 98255 20660
ડૉ. નલિની માડગાંવકર: 166/બી, 'નબાશ્રુતિ', ત્રીજા માળે, ખેરઘાટ રોડ, હિન્દુ કોલોની, દાદર, મુંબઈ-400 014 મો. 9820468973
યુનુસ ચીતલવાલા: ગુલશને વાકાર, ફૂલવાડી, પો. ધોરાજી, રાજકોટ-360 410.
રતિલાલ બોરીસાગર: એફ/67, રતિલાલ પાર્ક, એસ. આર. રોડ, અમદાવાદ-380 014.
ગિરીશ ભટ્ટ: પ્રશાંતિ નિલયમ, માધવનગર, સુરેન્દ્રનગર, પિન-363001. મો. 9726072323
સરોજ પોપટ: B/22, તક્ષશીલા ટાવર, વસ્ત્રાપુર, અમદાવાદ-380015.
આરાધના ભટ્ટ: aradhanabhatt@yahoo.com.au
અમૃત કે. બારોટ: શાર્દૂલ બિલ્ડીંગ, ફ્લેટ નં. 6, બીજે માળે, અશોક નગર, ક્રોસ રોડ-1, કાંદિવલી (પૂર્વ), મુંબઈ-400 101. મો. 9920653526
પ્રવીણસિંહ ચાવડા: 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015.
હેમંત સોલંકી: જીએસઈએન્ડસી મુંબઈ પ્રાઈવેટ લિ, મેકેનિકલ સ્ટેટિક ડિપાર્ટ. બીજો માળ, ડી-વિંગ, જોલી બોર્ડ ટાવર આય-થિંક ટેક્નો. કેમ્પસ, કાંજુર માર્ગ (ઈસ્ટ), મુંબઈ-42
મધુસૂદન કાપડિયા: email: mgkapadia@yahoo.com
રેખા ઉદયન: 'અસ્માકમ્' 16, મિથિલા સોસાયટી, શ્રેયસ ફાઉન્ડેશન પાસે, આંબાવાડી, અમદાવાદ-380015. મો. 9825025453
ડૉ. મધુસૂદન વ્યાસ: 97, જલદર્શન સોસા, માલપુર માર્ગ, પોસ્ટ-મોડાસા, જિ-અરવલ્લી-383315, મો. 9427693554.
અનિલ જોશી: joshi.r.anil@gmail.com
ડૉ. પંકજ જોશી: ઉપકુલપતિ, ચારુસત યુનિવર્સિટી, નડિયાદ પેટલાદ હાઈવે, ચાંગા, આણંદ-388 421.
અમૃત ગંગર: ઇ-૫૦૪ પંચશીલ ગાર્ડન્સ, મહાવીર નગર, કાંદિવલી પશ્ચિમ, મુંબઇ ૪૦૦ ૦૬૭.
શરીફા વીજળીવાળા: બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009.

"નવનીત સમર્પણ" સામયિકની માલિકી તથા બીજી વિગતોને લગતું ફેબ્રુઆરીની છેલ્લી તારીખ પછીના પ્રથમ અંકમાં પ્રકટ કરવાનું નિવેદનઃ

ફોર્મ ૪ [નિયમ ૮મો]

૧. **પ્રકાશનનું સ્થળ**		મુંબઈ
૨. **પ્રકાશનનો ગાળો**		માસિક
૩. **મુદ્રકનું નામ**		પી. વી. શંકરનકુટ્ટી
	રાષ્ટ્રીયતા	ભારતીય
	સરનામું	ભારતીય વિદ્યા ભવન, કુલપતિ ક. મા. મુનશી માર્ગ, મુંબઈ-૭.
૪. **પ્રકાશકનું નામ**		પી. વી. શંકરનકુટ્ટી
	રાષ્ટ્રીયતા	ભારતીય
	સરનામું	ભારતીય વિદ્યા ભવન, કુલપતિ ક. મા. મુનશી માર્ગ, મુંબઈ-૭.
૫. **સંપાદકનું નામ**		દીપક દોશી
	રાષ્ટ્રીયતા	ભારતીય
	સરનામું	ભારતીય વિદ્યા ભવન, કુલપતિ ક. મા. મુનશી માર્ગ, મુંબઈ-૭.
૬. **વર્તમાનપત્રની માલિકી ધરાવનાર વ્યક્તિઓનાં અને કુલ મૂડીના એક ટકાથી વધુ શેર ધરાવનાર શેરહોલ્ડરો કે ભાગીદારોનાં નામ અને સરનામાં :**		ભારતીય વિદ્યા ભવન, સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ ૨૧ (૧૮૬૦) તથા મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટ (૧૯૫૦) નં. એફ. ૩૫૮ (મુંબઈ) અનુસાર રજિસ્ટર્ડ.

પ્રમુખઃ
શ્રી સુરેન્દ્રલાલ જી. મહેતા

ઉપપ્રમુખઃ
શ્રી બનવારીલાલ પુરોહિત

હું પી. વી. શંકરનકુટ્ટી આ દ્વારા જાહેર કરું છું કે ઉપર અપાયેલી વિગતો મારી જાણ અને સમજ મુજબ બરાબર છે.

પી. વી. શંકરનકુટ્ટી

માર્ચ ૨૦૨૦ — પ્રકાશકની સહી



વોટ્સએપ

☐ સં. શરીફ઼ વીજળીવાળા

આપણા દેશમાં કેટલા લોકો ઇન્કમટેક્સ ભરતા હશે? માંડ 10-15%? પણ જેવો ટેક્સ લેબમાં ફેરફાર થાય એ સાથે 70 થી 80% લોકો કકળાટ કરે બોલો!

☺ ☺ ☺

L.I.C. વાળાઓએ એમનું સૂત્ર 'જિંદગી કે સાથ ભી જિંદગી કે બાદ ભી' બદલીને હવે આવું કરી દેવું જોઈએઃ 'શું લઈને આવ્યા'તા, શું લઈને જવાના?'

☺ ☺ ☺

મગનના દાદા મરી ગયા. એણે તત્કાળ રાજકોટ જાવું જ પડે એમ હતું. એકેય ગાડીમાં રિઝર્વેશન ન મળ્યું. મગને તો વિમાનનાં કાગળિયાં ચોંટ્યાં હોય એવી બેગમાં સામાન ભર્યો ને ચડી ગયો ગાડીમાં. પગ મૂકવાની જગ્યા નો'તી. ગાડી ઊપડી ઈ સાથે મગને કથા શરૂ કરી. 'ધંધાના કામે ચીન ગયો હતો. રાત્યે જ આવ્યો ને આ દાદા ગયા ને...' હજી તો વાત પૂરી કરે ત્યાં તો અર્ધો ડબ્બો આગળના ભાગે ખસી ગયો... 'જે કોરોના!' કરતોક મગન તો નિરાંતે ઘોટાંઈ ગયો ટાંટિયા લંબાવીને તે વેલું આવે રાજકોટ!

☺ ☺ ☺

શિક્ષકે કહ્યુંઃ વાક્ય પૂરું કરો. વહેલા સૂવે તે વહેલાં ઊઠે...

વિદ્યાર્થી : જેની પાસે Wifi અને Wife ન હોય તે...

☺ ☺ ☺

એક સાડી લેવા માટે આખી દુકાન ઉથલાવી નાખતી પત્નીએ તમને પસંદ કર્યા છે અને એ વાત પર તમને જરાય ગર્વ નથી?

☺ ☺ ☺

હાસ્યેન સમાપયેત

''અત્યાર સુધી હું એમ માનતો હતો કે હવા તો મફત મળે છે.''

''હાસ્તો હવા તો મફત જ મળે છેને!''

'ના, મેં વેફરનું પેકેટ ખરીદ્યું એમાં ભારોભાર હવા હતી!''

☺ ☺ ☺

એનઆરઆઈ: ''અમારે ત્યાં વરસાદ પડે તો પાંચ જ મિનિટમાં રસ્તા પરથી પાણી વહી જાય.''

દેશી : ''અહીં વરસાદ પડે તો પાંચ જ મિનિટમાં રસ્તા પાણીમાં વહી જાય.''

☺ ☺ ☺

પપ્પા : ''આખો દિવસ ટીવી જુએ છે એ તારી ક્લાસ ટીચરને કહી દઉં!''

દીકરી : ''આખો દિવસ ક્લાસ ટીચરની વાતો કરો છો! મમ્મીને કહી દઉં!''

☺ ☺ ☺

મમ્મી : ''કેમ પાછો સૂઈ ગયો?''

દીકરો : ''મારા ટીચરે કહ્યું છે કે સપનાં જોતાં શીખો!''

☺ ☺ ☺

પત્ની : ''ડોક્ટર! મારા પતિ ઊંઘમાં બબડાટ કરે છે. એનું મારે શું કરવું?''

ડોક્ટર : ''એ જાગતા હોય ત્યારે એમને બોલવા દો.''

☺ ☺ ☺

સેલ્સમેન : ''આ ટૂથપેસ્ટમાં તુલસી, કપૂર, નીલગિરિ, લવિંગ, વિવિધ વૃક્ષોનાં પાન, ફૂલો, સમિધ, ઘી વગેરે બધું છે.''

ગ્રાહક : ''એનાથી દાતણ કરવાનું છે કે મોઢામાં યજ્ઞ કરવાનો છે?''


Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.


Editor : Deepak Doshi


BHAVAN'S DIGITAL BOOKS


Now available at all Amazon stores across the world





























BHAVAN'S DIGITAL BOOKS

Now available at all Amazon stores across the world

Total Pages 140
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2015-2017 Posted on Mumbai Patrika Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.

www.dostirealty.com

Versatile Living... Varied Lifestyle...



DOSTI VIHAR

Pokhran Road No. 1,
THANE (W)
1½, 2, 2½ & 3 BHK Apartments



DOSTI IMPERIA

Ghodbunder Road,
THANE (W)
2 & 3 BHK Apartments



DOSTI CENTERIO

Old Mumbai-Pune Road (NH-4),
SHIL-JUNCTION THANE
1, 1½, 2 & 2½ BHK Apartments



DOSTI AMBROSIA

Dosti Acres, New Uphill Link Road,
off S. M. Road, **New Wadala.**
Lavish 2 & 3 BHK Apartments

FRIENDS FOR LIFE DOSTI

DOSTI REALTY LTD., Established in 1980 | 5 million+ sq. ft. Developed | 27,500+ residents across Mumbai
3.3 million+ sq. ft. under development in Townships, Retails, Commercial & IT Park

DOSTI REALTY LTD., Lawrence & Mayo House, 1st Floor, 276, Dr. D. N. Road, Fort, Mumbai - 400 001.
Contact: 022-2219 8500